પ્રકરણ ત્રીજું

મેઘદૂત

વિશ્વના વિદ્વાનો અને રસિકોએ એકે અવાજે વખાણેલા આ કાવ્યનો વિષય અને નિરૂપણ બેઉ નવીન પ્રકારનાં છે. સંસ્કૃત અને અન્યભારતીય તથા વિદેશી ભાષાઓના કાંતો તેને અનુકરણનું, કે છેવટે અનેક અનુવાદોનું માન મળ્યું છે. માનવભાવો અને પ્રકૃતિના મનોહારિ સૌન્દર્યને કલાત્મક અને ધ્વનિયુક્ત રીતે નિરૂપવાની કવિની શક્તિ તેમાં વિશેષરૂપે પ્રગટ થઇ છે. તેથી જ અનેક કવિઓ, કલાકારો, વિદ્વાનો, ટીકાકારો અને કાવ્યરસિકોએ તેને ઉમળકાભેર અંજલિ આપી છે. તેને પ્રશંસાનાં પુષ્પો ચઢાવ્યાં છે. તેમાંથી એકાદ જોઇએ.

"અર્ધમાનવી અને અર્ધ દેવકોટીનાં યક્ષ દંપતીને નાયકનાયિકા સ્થાપી આ કાવ્યમાં નથી દેવભૂમિની માત્ર કલ્પના જન્ય કે નથી પૃથ્વી લોકની માત્ર નિત્યપરિચિત ભાવનાઓ અને વિભૂતિઓ મહાકવિએ ખડી કરી, પણ ઉભયનું "रत्नछाया" ગૂંથી શું ગગને એવું રસમય ચિત્ર આલેખેલું છે. કુદરતના સૌન્દર્યના મણિઓને માનવભાવને દોરે પરોવી, નગરો, નદીઓ, પર્વતો – પ્રકૃતિનાં રત્નોને, નહીં ગ્રીષ્મના, નહીં વર્ષાના, ચમત્કારિક રંગોની વિપ્રલંભ શૃંગારને સુવર્ણતાંતે માળા ગૂંઠી હોય એવું આ દેવવર્ણુ ભાવાત્મક

કાવ્ય મહાકવિએ રચ્યું છે. વિલાસના ઝીણવટ અને લાલિત્યના આલોચનહાર કવિરાજે પ્રત્યેક શ્લોકમાં એકેક રસચિત્ર ચીતરેલું છે. જગત્સાહિત્યમાં અક્ષર પ્રબંધ તાજમહેલ તો બાણભટ્ટની કાદંબરી છે, ~~જગત્સાહિત્યમાં~~ પણ મયૂરાસન સરીખડા આ નાનકડા કાવ્યનો મહામૂલો સૌન્દર્યવૈભવ[1] કાંઇ ઓછો નથી. મેઘદૂત એટલે જગત્સાહિત્યનું મયૂરાસન ".

૧૧૦ થી ૧૨૭ શ્લોકના મનાયેલા આ કાવ્યની શ્લોક સંખ્યા વિષે એકમત્ય નથી. જુદી જુદી આવૃત્તિઓ અને જુદા જુદા ટીકાકારોએ જુદી જુદી સંખ્યા સ્વીકારી છે, પણ મોટે ભાગે સદ્ગત એમ. આર. કાલેની આવૃત્તિ સ્વીકાર્ય ગણાય છે. ભારત સરકારની સાહિત્ય અકાદમી તરફથી તાજેતરમાં પ્રગટ થયેલી અને શ્રી સુશીલકુમારડે સંપાદિત આવૃત્તિમાં ૧૧૧ શ્લોકો છે. વલ્લભદેવ અને સ્થિરદેવ જેવા પ્રાપ્ય પ્રાચીનતમ ટીકાકારો તેને ૧૧૦ શ્લોક આસપાસનું ગણે છે, તો ૮મી સદીના જિનદેવે પાર્શ્વાભ્યુદય કાવ્યમાં શ્લોકોમાં મેઘદૂતના શ્લોકોની એક બે પંક્તિને ગૂંથી લીધી છે. તે તેટલા જૂના સમયની તેની વાચનાનો ખ્યાલ આપે છે, તેમ તેના શ્લોકોનો ~~ક~~ ક્રમ કેવો હશે તે જાણવાનું સાધન બને છે. તે પ્રમાણે શ્લોક સંખ્યા ૧૨૦ થાય છે. મલ્લિનાથે પૂર્વમેઘના ૬૬ અને ઉત્તરમેઘના ૫૫ મળી ૧૨૧ શ્લોકોપર ટીકા લખી છે. તેમાં ૫ શ્લોકોને તે પ્રક્ષિપ્ત ગણાવે છે. તે રીતે તે સંખ્યા ૧૧૬ જેટલા સાચા શ્લોકોની બને છે. હાલના ઘણાખરા સંપાદકો અને અનુવાદકો થોડા તફાવત સાથે તે આવૃત્તિને અનુસરે છે. સ્થિર દેવ જેવા જૂના ટીકાકારોએ અને મહાકાવ્ય ગણાવવાનો પ્રબળ પ્રયત્ન

૧: કવિશ્રી ન્હાનાલાલ : મેઘદૂતનું ભાષાંતર : પ્રસ્તાવના

કર્યો છે. અને મહાકાવ્યની વ્યાખ્યાનુસાર બધાં આવશ્યક તેવાં તત્ત્વો એમાં આવી જાય છે, તેમ બતાવવા મંથન કર્યું છે, પણ તે પ્રયત્ન પ્રતીતિકર થતો નથી.[૨] તેને "શૃંગારપ્રધાન ક્રીડાકાવ્ય" પણ કહેવામાં આવ્યું છે. જીવનના એક અંશ – ખંડ – નો જ તે પરિચય આપે છે. તેથી ઉચ્ચપ્રકારનું કાવ્યત્વ અને અનેક અનુકરણોનું માન તેને મળ્યા છતાં, તે અદ્વિતીય રહ્યું છે, એ હકીકત ધ્યાનમાં લેવા છતાં, તેને મહાકાવ્ય ગણી શકાય નહીં. વલ્લભદેવ તેને "કેલિકાવ્ય" કહે છે. તે બરાબર છે.[3] – એ કાવ્યનો ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય અને મહાકાવ્ય એવા વિભાગોની શ્રેણી કલ્પીએ તો તેને ખંડકાવ્ય કહી શકાય. તે ઊર્મિપ્રાણિત ખંડકાવ્ય કે કેલિયા ક્રીડાકાવ્ય છે એમ કહેવું વધારે યોગ્ય લાગે છે. તેનું વસ્તુ વિખ્યાત છે. કુબેરનો એક અનુચર યક્ષ પોતાના કાર્યમાં પ્રમાદ કરે છે. પરિણામે પોતાની પ્રિયતમાનો એક વર્ષનો વિયોગ પામવાનો તેને દુઃસહ શાપ મળે છે. તે "अस्तंगमितमहिमा" થાય છે. આષાઢના પ્રશમ : પ્રથમ: દિવસે પર્વતશૃંગને ભેટી રહેલા ઘેમ મેઘને જુએ છે. તેને પ્રિયાની યાદ આવે છે. તેના જીવનને ટકાવી રાખવાના હેતુથી તે પોતાના કુશળ સમાચાર અને ધૈર્ય રાખવાનો સંદેશ તેને મેઘ સાથે કહાવવા વિચારે છે. રામગિરિથી માલ, આમ્રકૂટ, વિંધ્યપાદે – વિશીર્ણ અને હાથીના અંગપર કરેલી રંગપટાની શોભા પેઠે– શોભતી રેવા, દશાર્ણદેશ, વિદિશા, અવંતી દેશ, ઉજ્જયિની, દશપુર, ચંબલ, બ્રહ્માવર્ત, કુરુક્ષેત્ર, કનખલ, હિમાલય, માનસરોવર

૨: મુનીમની આવૃત્તિ પ્રસ્તાવના પૃ. ૨૭

3: એજ પૃ. ૨૮

અને અલકા – આ તેનો માર્ગ છે. ત્યાં કવિ તે તે પ્રદેશો – સ્થળોના મનોહારિ સૌન્દર્યને માનવના સુકુમાર ભાવોથી અનુપ્રાણિત કરી મૂકે છે. ઉત્તર ભારતના તે ભૂમિ ભાગનું વર્ષાગમે મનોહર બનતું સૌન્દર્ય કવિ ઉપમાપૂર્વક, ધ્વનિયુક્ત રીતે નિરૂપે છે. ઉત્તરમેઘમાં શરૂઆતમાં રાજરાજેશ્વર કુબેરની સમૃદ્ધિ અને અલબેલી અલકા નગરીનું વર્ણન છે. પછી યક્ષ પોતાના નિવાસસ્થાનનું વૈભવ પ્રાણિત વર્ણન કરે છે. પછી પોતાની પ્રિયતમાનું, તે વિરહિણીની થયેલી અવદશાનું, તેના વ્યાપારોનું અને વિનોદોનું માર્મિક, સુકુમાર અને ઊર્મિપ્રાણિત વર્ણન કરે છે. તેમાં માનવભાવની સુકુમારતાને કવિએ કાવ્યવીણાના તારપર અદ્ભુત રીતે ઝંકૃત કરી છે. પછી યક્ષ પોતાની કુશળતાનો, પોતાની વિરહી દશાનો, પોતે જેમ ધીરજ ધરે છે અને શાપના અંતની રાહ જુએ છે તેમ ધીરજ ધારીને જીવન ટકાવી રાખવાનો, સંદેશ કહે છે. છેવટે मा भूदेव क्षणम पिच ते विद्युता विप्रयोग: એ આશીર્વચન સાથે કાવ્યપૂરું થાય છે. આ જગત્સાહિત્યના મયૂરાસન જેવા કાવ્યનો આટલા આછા સંક્ષિપ્તથી ખ્યાલ આપવો મુશ્કેલ છે.

તેની લોકપ્રિયતા પણ તેવી જ છે. છેક ૯–૧૦ મી સદીથી લખાયેલી ટીકાઓ મળે છે, જે પચાસેક થવા જાય છે. તેમાંની મહત્ત્વની કેટલીક આ મુજબ છે.

૧–૨ સ્થિરદેવ, વલ્લભદેવ – નવમી દસમી સદી
૩ સરસ્વતીતીર્થ, ૧૩ મી સદી
૪ ચરિત્ર વર્ધન – ?
૫ દક્ષિણાવર્તનાથ – ૧૪મી
૬ મલ્લિનાથ – એજ
૭ મેઘરાજ વાચક – એજ

૮ લક્ષ્મી નિવાસ – ૧૫મી
૯ જનાર્દન – કે, જનાર્દન વ્યાસ – ૧૫મી
૧૦ સનાતન ગોસ્વામી – ૧૬મી
૧૧ સારોધ્ધારિણી – ૧૬મી
૧૨. ભારત મલ્લિક – ૧૭મી
૧૩ સુમતિ વિજય – ૧૭મી
૧૪ મહિમગણિ – ૧૭ મી
૧૫ રામનાથન કવિકર – ૧૭મી વગેરે[૪]

આ કાવ્યનાં અનુકરણો પણ અનેક થયાં છે. ભારત અને જગતની અનેક ભાષાઓમાં તેના અનુવાદો થયા છે. તે જમાને જમાને આ કાવ્યનું લોકમાસનપર કેવું તો બહુ રહયું છે તેનો નિર્દેશ કરે છે. હજીપણ તેના અનુવાદો થયે જ જાય છે. પ્રાચીન સંસ્કૃતમાં – મેઘદૂત પહેલાં પણ આવા સંદેશવાહકોનું નિરૂપણ કરવાની પ્રણાલી દેખાય છે. :૧: વેદમાં ઇન્દ્રની દૂતી તરીકે સરમા પણિઓ પાસે ગઇ હતી, તેનો સંવાદ મળે છે. :૨: રામાયણમાં હનુમાનજી શ્રીરામના દૂત તરીકે સીતાજીની શોધ કરવા લંકા ગયેલા એ નિરૂપ્યું છે. :૩: મહાભારતના વનપર્વના નળાખ્યાનમાં, હંસ નળના સંદેશવાહક તરીકે ગયાનું નિરૂપણ છે. :૪: કામવિલાસજાતકમાં નાયક એક કાગડાને પોતાનો સંદેશવાહક બનાવે છે, તો કવિએ અહીં મેઘને દૂતતરીકે યોજ્યો છે. આ સામે ટીકા પણ થઇ છે. સાહિત્યાચાર્ય ભામહ "કાવ્યાલંકારમાં" લખે છે अयुक्तिमत्यथा दूता जलभृन्मारुतादयः।

૪: V.K. Paranjpe – A fresh light on the Meghduta of K.P.

तथा भ्रमरहारित चक्रवाक शुकादयः।
अवाचोऽव्यक्तवाचश्च दूरदेश विचारिणः।
कथं दौत्यं प्रपद्येरन्निति युक्त्या न युज्यते।।

પરંતુ

यदि चौत्कंठयात्तत्तदुन्मत्त इव भाषते
तथा भवतु भूम्नेदं सुमेधोभिः प्रयुज्यते ।।

આમાં अयुक्तिमत् કહેવા છતાં નાયક ઉત્કંઠા કે વ્યાકુળતાને કારણે उन्मत्तवत् તેમ કહેતા હોય તો બુદ્ધિશાળીઓએ એવો પ્રયોગ કર્યો છે માટે તે સ્થિતિને તે નિર્વાહ્ય ગણે છે, ત્યાં કાલિદાસના કાવ્યને તેણે ખ્યાલમાં રાખ્યું હોય એમ લાગે છે. કવિને પોતાને પણ આ વાતનો ખ્યાલ નથી, એમ નથી. તેથી જ,

धूमज्योतिः सलिलमरुतां सन्निपातः क्व मेघः
संदेशार्थाः क्व पटुकरणैः प्राणिभिः प्रापणीयाः।
इत्यौत्सुक्यादपरिगणयन् गुह्यकः तं ययाचे
कामार्ता हि प्रकृतिकृपणाः चेतनाचेतनेषु ।।૬।।

એમ કહે છે. આખોયે વખત બોલે છે તો યક્ષ. મેઘનો તો માત્ર શ્રોતા જ બતાવ્યો છે. આશિર્વચન સાથે કાવ્ય પૂરું થાય છે, તેમાં પણ આ ઔચિત્યબુદ્ધિ રહેલી છે. તેથી જ પાછળથી ક્ષેપક તરીકે ઉમેરવામાં આવેલા શ્લોકો યોગ્ય નથી. આ કાવ્યનાં ઘણાં અનુકરણ થયાં છે. કવિઘટકર્પરના "ઘટકર્પર" કાવ્યમાં નાયિકા પ્રભાતના મેઘ સાથે પતિને સંદેશો મોકલે છે. ભવભૂતિના "માલતી માધવ" નાટકમાં પણ કવિ મેઘને

૫: કાવ્યાલંકાર.

૬: મેઘદૂત પૂર્વમેઘ, શ્લોક-૫

માધવના સંદેશવાહક તરીકે પ્રયોજે છે. ૮મી સદીના જૈનકવિ જિનસેને પણ "પાશ્ર્વાભ્યુદય" કાવ્ય રચ્યું છે. તેમાં આ કાવ્યની પંક્તિઓનો ઉપયોગ કર્યો છે. તે મેઘદૂતના શ્ર્લોકોનો ક્રમ અને પાઠ નક્કી કરવામાં સહાયભૂત થાય છે. ૧૨મી સદીના કવિ ધોયીનું "પવનદૂત", રાજિમતી અને નેમિનાથના ચરિત્રનું નિરૂપણ કરે છે, તો વિક્રમનું "નેમિદૂત", ૧૪મી સદીના વ્યંકટેશનું શ્રી રામ લંકામાં સીતાજીપાસે હંસોને સંદેશવાહક તરીકે મોકલે છે, તે "હંસદૂત", ૧૫મા શતકનું મેરુતુંગનું "જૈન મેઘદૂત", ચરિત્ર-સુંદરગણિનું "શીલદૂત", રૂપગોસ્વામીનું રાધાનો સંદેશ શ્રીકૃષ્ણ પાસે લઈજતું "હંસદૂતં", વામન ભટ્ટબાણનું "હંસદૂત", ૧૭મી સદીના "ચંદ્રદૂત", "પવનદૂત", "મેઘદૂત", "સમસ્યાલેખ", "ચેતોદૂત", "ઈંદ્રદૂત", "કીરદૂત", "શુકસંદેશ", "ભૃંગસંદેશ", "ભ્રમરદૂત", "ચાતક સંદેશ", ચકોર સંદેશ", રથાંગ સંદેશ", "કોકિલસંદેશ," "મનોદૂત", "મનોદૂતિકા કાવ્ય", "હૃદયદૂત", "ચેતોદૂત", "ઉદ્ધવસંદેશ", "પદાંકદૂત", "પાંથદૂત", "ભક્તિદૂત", આદિ અનેક કાવ્યો રચાયાં છે. પ્રાંતીય ભાષાઓમાં તેવાં કાવ્યો રચાયાં છે અને રચાયે જાય છે. તે પ્રવૃત્તિ ગુજરાતીમાં પણ એવા મળે છે. પછીના સમયમાં આટલો બધો લોકપ્રિય થનાર આ કાવ્યપ્રકાર તેના જન્મદાતા મહાકવિના/રાષ્ટ્રકવિના અમરયશનો નિર્દેશક છે, અને તેમને અમર કવિ બનાવે છે. મેઘને સંદેશવાહક બનાવવામાં અન્યરીતે પણ કવિની ઔચિત્ય બુદ્ધિ અને મહત્તા પ્રગટ થાય છે. ભારતના આ રાષ્ટ્રકવિએ જનસમાજની નાડ બરાબર પારખી છે. ભારત ગામડાંનો બનેલો અને કૃષિપ્રધાન દેશ છે. તેનું જીવન મુખ્યત્વે મેઘ ઉપર અવલંબે છે. તેથી તેને દૂત બનાવીને કવિએ ભારતના હૃદગત ભાવનાતારને છેડ્યો છે. ગ્રામપ્રદેશમાં મેઘનું

આગમન અપૂર્વ આહ્લાદ પ્રેરે છે. તેના આગમનમાં વિલંબ અસાધારણ ચિંતા અને ઉત્કંઠા પ્રેરે છે.[૭] રામાયણમાં સંદેશ લઇજનાર હનુમાન પણ પવનપુત્ર છે. અને ત્યાં કવિએ તેની મેઘસાથે સરખામણી પણ કરી છે.[૮] ઉદાર, દયાળુ, જીવનપ્રદાન કરનારો, વણ માગ્યે ચાતકોને જલપ્રદાન કરનારો, જળ વહન : અને તેથી સંદેશવહનની પણ: ક્ષમતાવાળો અને વિરહિણીઓના થાકેલા પતિઓને ઉતાવળે ઘેર જવા પ્રેરનાર મેઘ આવા કાવ્યમાં સંદેશવાહક તરીકે પ્રયોજાયો છે, તે તદ્દન ઉચિત છે. કવિને મન પ્રકૃતિ જડ નથી. માનવજીવન સાથે અવિયોજ્ય અને સૂક્ષ્મરીતે જોડાયેલું પરમ ઉપકારક સત્ત્વ છે એ ધ્વનિ કવિના પ્રત્યેક સર્જનમાં સ્પષ્ટ છે. મેઘદૂત અને શાકુંતલમાં તો ખાસ તેમ બને છે. ભારતની સતતવાહી પરંપરાઓનો તેમાં ઉચિત પડઘા છે, અનુસરણ છે. મલ્લિનાથના સમયે પણ એવો ખ્યાલ હતો કે કવિએ હનુમત્સંદેશને ખ્યાલમાં રાખીને આ મેઘદૂત કે મેઘ સંદેશની રચના કરી છે.[૯] અને એક શ્લોકમાં કહે છે, "મારો સંદેશ સાંભળીને જે ઉત્સુકતા અને માનપૂર્વક સીતાએ શ્રી રામનો સંદેશ સાંભળ્યો, તેજ રીતે મારીપત્ની તે સાંભળશે."[૧૦] કવિયક્ષના નિવાસ સ્થાન તરીકે યક્ષ चक्रे जनकतनया स्नानपुण्योदकेषु स्निग्ध छाया तरुषु वसतिं रामगिर्याश्रमेषु।। आपृच्छस्व प्रियसखममुं _------- માં પણ रघुपति पदै/ रंकितं मेखलासु । માં રામાયણને યાદ પણ કરે છે. કવિ મહર્ષિ વાલમીકિને માટે અસાધારણ માન ધરાવે છે અને તેમનાં કાવ્યોથી પરિચિત છે. તેમનુ તેના પર ઋણ પણ છે.

૭: રાષ્ટ્રકવિ કાલિદાસ – ડૉ. ભાવે અને ઉ. જોશી

૮. સુંદરકાંડ સર્ગ–૧

૯. મલ્લિનાથની ટીકા – પ્રસ્તાવના શ્લોક ૧

૧૦: મેઘદૂત ઉત્તરમેઘ, શ્લોક ૩૭ : નિર્ણયસાગર આવૃત્તિ:

૧૧: મેઘદૂત શ્લોક –૧

૧૨: મેઘદૂત શ્લોક –૧૨

૧: શ્રી નવલરામ લક્ષ્મીરામ પંડયા – ૧૮૭૦

મેઘદૂતના ગુજરાતીમાં પણ ઘણા અનુવાદ થયા છે. સમયાનુક્રમે તેનો વિચાર – અભ્યાસ કરતાં પહેલું ભાષાંતર સ્વ. નવલરામ લક્ષ્મીરામ પંડયાનું છે. પ્રસ્તાવનામાં તે જણાવે છે " આ કાવ્ય અગર જોકે નાનું છે તો પણ તેના સરસ ગુણોને લીધે મહાકાવ્ય કહેવાય છે. "સંસ્કૃતમાં એ કાવ્ય મંદાક્રાન્તા છે. વૃત્તમાં જ બધું લખાયેલું છે. એ વૃત્તની તારીફ હોરેસ વિલસન આ પ્રમાણે કરે છે. "એવૃત્તમાં માધુર્ય અને પ્રૌઢિ અલૌકિક રીતે ભરેલાં છે. અને એ બાબતમાં પ્રાચીન કે અર્વાચીન ભાષાનાં સારામાં સારા આખા કાવ્યમાં વપરાયેલા છંદો સાથે સરખાવતાં આ વૃત્ત સરસ માલમ પડશે. "આ બે ગુણ પ્રાકૃત કવિતામાં આણવા એ કામ કંઇ સહેલું નથી. અક્ષર છંદોમાં પ્રૌઢિ આવે છે, ખરી, પણ ગુજરાતીમાં તે ક્લિષ્ટ થઇ જાય છે. એ સૌને જાણીતું છે. અક્ષર છંદમાં બીજો દોષ એ છે કે ગુજરાતીમાં શાસ્ત્રીઓ સિવાય :જેમને ગુજરાતી પદ્યવાંચવાનો જ અભાવ છે: જુના લોકો એથી બિલકુલ અજાણ છે અને નવામાં પણ થોડા જ બરાબર વાંચી શકે છે. દોહરા, ચોપાઇ, છપ્પા, સવૈયા, કવિત અને બીજા એવા વ્રજભાષામાંથી આ રીતે હાલ ગુજરાતીમાં રૂઢ થઇ ગયેલ છંદોમાં અત્યંત સરળતા છે, ત્યારે પ્રૌઢિ નથી. હિન્દુસ્તાની બાનીમાં ફક્કડાઇ છે ખરી. ગુજરાતની દેશી પદ્યરીતિઓમાં કોમળતા બહુ જ છે, પણ તેમાં ગાંભીર્ય ક્વચિત જ આવી શકે છે, અને શાસ્ત્રીય શૈલીથી લખવું તે તો અશક્ય જ છે. આ ગુંચવણ મટાડવાને અમે આ કાવ્યને અનુકૂળજાણી મેઘછંદની રચના કીધી છે. એમાં માધુર્ય અને પ્રૌઢિ બંને ગુણો મનમાનતા આવેલા છે. "તારૂં ગોકુળ જોવાને આવરે, મથુરાના વાસી" "પ્રેમ ચંદાની બલિહારી રે, રસિક જન જોએ" જે રીતે

ગવાય છે તે રીતે જ આ ગવાઈ શકાશે, અને એનું બંધારણ બિલકુલ સરખું જ છે. તેમાં એક ટેક અને ઉપલી બે કડીઓ વારે વારે બેવડાયા કરે છે, એમ આ છંદમાં થતું નથી, કેમકે વાર્ણિક કાવ્યમાં એ શોભે પણ નહીં. અને અર્થમાં હંમેશાં નડ્યા કરે, તેની જગો ઉપર જુદાં ત્રણ ચરણો આવે છે."[13] આમ કહી કવિ તેનું માપ બતાવે છે:

૨ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૧
એ ક કુ ।બે ર ત ।ણો ગ ણ્યું ।રક્ષક્ષ ણ ।રોજ ક ।રે કુકુલ બાગ =૨૦

૨ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૧ ૨ ૨ ૧૨ ૧
જે ગુ ણ ।વં ત સુ। જ ણ ય। તુરર ર સ ।રંગીપ્રે। મી।અથા ગ

૨ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૨
સં ગીત। રૂ પ સ ભુ ણો, =૧૨

૧ ૧ ૨ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૨ ૧ ૧ ૨ ૨
નિજાં પત્ની।પદ્મિની। નાર। નું પા।ળે વ્ર ત। પ્રે મે -૨૬

છે । સહજસુ । ગમરહે । વુંસ। દાપ્રી।તિના । નેમે

ત્રીજા ચોથા ચરણમાં તાલ ત્રીજી માત્રાથી પછી શરૂ થાય છે. જે જમાનામાં કવિએ ભાષાંતર કર્યું, તેમાં કાવ્યાસ્વાદ વિષયક લોકપરિસ્થિતિનું તેમણે દોરેલું ચિત્ર બરાબર છે. તેમનું પોતાનું વલણ પણ ગેય કાવ્યો રચવા તરફ હતું તે હકીકત છે, પણ પણ પાછળના કિલાભાઈ, ભીમરાવ, ન્હાનાલાલ, જની, વિહારી, પૂજાલાલ જેવા કવિઓનાં ભાષાંતરોએ બતાવ્યું છે કે ગેય કે માત્રામેળ છંદ કરતાં મેઘદૂતનો અનુવાદ--સંસ્કૃત કાવ્યનો પણ, સમશ્લોકી કરવામાં કેટલીક મુશ્કેલી હોવા છતાં તે ઉચ્ચકોટિનો બને છે. નવલરામ શરૂઆતમાં મંગલાચરણ કરે છે. ૨ થી ૩।। કડીઓમાં તે યક્ષને શામાટે શાપ થયો તે નિરૂપે છે.

૧૩: પ્રસ્તાવના – નવલગ્રંથાવલિ ભા. ૨ અનુવાદની પ્રસ્તાવના

તે હકીકત મૂળમાં નથી. કોઇ ટીકામાંથી સૂચન લઇને તે નિરૂપ્યું છે. પમો કડી પહેલા શ્લોકનો અર્થ આપેછે. પછી વ્યવસ્થિત રીતે અનુવાદ આગળ ચાલે છે. સામાન્યરીતે અનુવાદ મૂળને અનુસરે છે. પણ ક્યાંક ક્યાંક થોડા ઉમેરા એવા મળે છે, તો ક્યાંક ક્યાંક થોડું છોડી પણ દીધું છે. જેમકે શ્લોક પ,

धूमज्योतिः ધૂમજ્યોતિ જળવાયુથી ઉપન્યું વાદળું તે શીપેર,
વાણી વિદગ્ધ સુપ્રાણી સંગ પણ મોકલવો મુશ્કેલ
સંદેશો લઇ જએ,
એ સંદેશો તજીને એ તો બજી મુતને
નિર્જીવ સજીવ છે સરીખડાં સહેજે મોહિતને.

એમાં રેખાંકિત ભાગ તે ઉમેરો છે, તો મૂળનો प्रकृतिकृपणाः નો અર્થ "સહેજે" માં આછો જ ઉતર્યો છે. "કુશળ ઇંદ્રિયોવાળા પ્રાણીઓથી લઇ જવાતા સંદેશા ક્યાં?" તે બદલે બીજી પંક્તિ કરી છે. इत्यौत्सुक्यात् अपरिगणयन् ० નો અર્થ આવતો નથી. કાલિદાસની પ્રસન્ન ઘુંટેલી ભાષામાં જે ધ્વનિ છે તે અનુવાદમાં ઉતારવામાં નવલરામને મુશ્કેલી પડી છે. બીજા પણ કેટલાક અનુવાદોની એજ દશા છે. "ઔત્સુક્યને કારણે" એ ખંડ ઉડી જતાં કાલિદાસ મેઘને સંદેશવાહક તરીકે મોકલે છે, તે ઔત્સુક્ય વશ હોવાથી સારાસારનું ભાનભૂલી ગયો છે, એમ સૂચવવા માગે છે, તે ધ્વનિ પણ ઉડી ગયો છે.

આઠમો શ્લોક – त्वामारूढं०

સ્વાર પવનપર થઇ તું સંચરિશ ત્યારે પથિકપિયુ નાર,
કેશખસેડી કપાળથી તુંને, વિરહ વિડારણહાર,
ધારી નિરખશે હરખે,
વરસાદની સાથે કોણ ઘર નથી પાછો ફરતો,
રે માત્ર પરાધીન હું સમો કોકજ જન બળતો!

માં प्रत्ययादाश्वसन्त्यः નું "ધારી વિરહ વિફારણહાર" કર્યું છે તે શિથિલ છે. त्वयिसन्नधैः અને उपशैत जायाम् નું "વરસાદની સાથે" અને "કોણ પાછો નથી વળતો" કર્યાં છે. છેલ્લી પંક્તિનું ભાષાંતર પણ નિર્બળ છે. ૧૦મો શ્લોક, નવમો અને નવમો દસમો એમ ક્રમ બદલ્યો છે. (કડી ૧૩અ૧૪;) તેને માટે કોઇકારણ જણાતું નથી. શ્રી એમ. આર. કાલેના સંપાદનમાં જે ક્રમ છે તે વધારે સારો અને સ્વાભાવિક લાગે છે.

પૂર્વમેઘ /૨૩મો શ્લોક

ઝપટજનાર તું મુજ માટે પણ વાટે બહુ અંતરાય,
કુટ્ટ જતાં ફુલ બેહકતાં બહુ પર્વતે પર્વતે થાય
મોરમધુર વાણીએ;
આનંદ આંસુમય આંખથી લલકારે તુજને,
લોભાઇશ ત્યાં તું ભાઇ પણ નહીં ભૂલતો મુજને.

પ્રથમ પંક્તિમાં ઘણો ફેરફાર કર્યો છે. રેખાંકિત પંક્તિ ઉમેરી છે. તે ઉમેરો સુભગ નથી. તે જ રીતે શ્લોક ૨૬માં नीचैराख्यम् નું નીચા "પર્વતપર ઉતરી કર વિશ્રામ" કર્યું છે ત્યાં नीचैः પર્વતનું નામ છે. તેને વિશેષણ બનાવી દીધું છે.

૩૫મો શ્લોક जालोद्‌गीर्णैः નો અનુવાદ બે કડીમાં છે.

અટારિએ અલબેલીઓ, ચડી કોડે સમારે કેશ,
ગોટે ગોટ સુગંધીના ત્યાં જાળિયા માંહી પ્રવેશ
કરીને નિકળી ભભકે;
ઊઠી આવે તવપાસરે, તન પ્રફુલ્લિતકરવા,
ઘેરઘેર જાણે સમર્પે રે, તને ધૂમ નગર ત્યાં. મેઘ
લીલાલ્હેર નિરાળી ધરઘર પંથ પીડા તજ દૂરે
પુષ્પ સુગંધ ભર્યાં ને, પડયાં ત્યાં કોમળ પગલાં છે,
લાલ લલિત વનિતાનાં;

ને નજર કરે છે નેહથી, તને નૃત્ય સુસ્વરનું,
આનંદે ઊંચી અગાશિયે, ઊભેલા મયૂરનું,

જાળીયાઓમાંથી, નીકળતા કેશના સંસ્કાર, માટેના ધૂમ્રથી શરીરે પુષ્ટ થઇને, અને મિત્ર પ્રેમથી ભવનની શિખીએ એ નૃત્યનો ઉપહાર આપ્યો છે. એવો તું તેના પુષ્પોથી સુગંધિત ભવનોમાં સુંદર સ્ત્રીઓના પગના રંગથી અંકિત થયેલી શોભાને જોઇને માર્ગનો થાક દૂર કરજે". બે કડી કરતાં આ મૂળના અર્થને તેના સંક્ષેપ ચોટ અને ધ્વનિને, કરવા પડેલા ઘણા ઉમેરાઓને કારણે નુકશાન થયું છે.

શ્લોક

પછી ઊંચે ભવભુજ તરુવનપર જ લપટાઇ લાલ,
લાલ ચોળ રૂપ જોઇ, ફુલ સરખું, તારું તે સંધ્યાકાળ,
સરસ શોભતું જોઇ,
શિવતાંડવનૃત્ય આરંભશે ગજચર્મજ જાણી,
ભયમુક્ત ભવાની ભાળશે તુજ ભક્તિ વખાણી.

મૂળ ચિત્રાત્મકતા પૂરી ઉતરતી નથી. સ્વ. બ. ક. ઠા. તેને "ઠીક" કહે છે, તે બરાબર છે.

શ્લોક –૧

ભેદ ઉચ્છેદન ખંડિતાનો કરવાનો આ કાળ,
ન રોક રવિને તે પણ રોતી જાણી નલિની પ્રેમાળ,
રે કર કોટી પ્રસારી,
મુખકમળથી દવ રૂપ અશ્રુ રે "હરવાને ધાએ,
અવરોધ તણો અપરાધ તો નહીં નાનો થાયે.

એ ખંડોનો ધ્વનિ પૂરો ઊતરતો નથી.

શ્લોક ૫૭, કડી ૬૧

તલપતું પર મારે છે ટપદઇશરભ હસ્તીની ભ્રાંત,
અંગભંગ થાવાજ રીશે, તું તો ચંચળ જાત,
વાત ગગત શું કરે છે;
કરતડ તડ માર કરશતણો, હસ ખડખડ સામું,
અણ સમજ્યું આરંભે નથી, કોણ પરિભવ પામ્યું?

निष्फलारंभयत्नाः નું છેલ્લી પંક્તિમાં, તથા तुमुलकरकावृष्टि पातावकीर्णान् कुर्वीथाः । નું ભાષાંતર મૂળથી જૂદા પડે છે. અને કૃકકર્ય લાગે છે.

શ્લોક ૬૦;

હોય હિમાચલ ઉપતટ પર જે, જે વિશેષ તે જોઇ,
બલિ નિયમન તત્પરવામનનાં, શામ પાદ સમ હોઇ,
પેસતું કાંચની બારી,
પ્રતિવર્ષ આવે જાય જ્યાંથી હંસની સ્વારી,
જે ભૃગુકુળ દીપક દેવના યશની ખરી બારી.

આ અનુવાદમાં

"तेनोदीचीं दिशमनुसरेः तिर्यगायामशोभी"

પંક્તિ છોડી દીધી છે. તો ચોથી પંક્તિ ઉમેરી છે. 'मृगुपतियशोवर्त्म' ખંડનો વિસ્તાર કર્યો છે. તેથી અનુવાદ સુભગ લાગતો નથી. શ્લોક ૬૨માં मेचकैन्द्रस्निग्धकालमलीक ખંડનો "મૂકી કાળું સેલું" અનુવાદ ખટકે છે. શ્લોક ૬૪માં यन्त्रधारागृहत्वम् નો "પિચકારી" અર્થ પણ અસુભગ છે. ઉત્તરમેઘ શ્લોક – ૮ નેત્રાનીતાઃનો

જ્યાં તુજ સરખો પયોદ, કોઇ પવનથી પામ્યો પ્રવેશ,
બુંદે બગાડી સાતમા માળની, સુંદર છબીઓ બેશ,
ઝટ જાળીઓમાંથી;

સંકોચાઇ ધુમરૂપે બળે બહુ રૂપી પાછો રે

માં મૂળ શ્લોકનો પડઘો નબળો પડ્યો છે. નવલરામમાં પયોદ એકવચને છે અને છબી શબ્દમાં શ્લેષ છે. અધીર અને ભયભીત એ વિશેષણ આકરાં છે. આ સર્વ ભૂલો છે. જેનું કારણ નવલરામે મલ્લિનાથી ધ્વનિ સ્વીકારી લીધો છે તે છે. એ ધ્વનિસ્વીકાર્યો હોય તો બહુવચન ન બેસે, એક વચન જ હોવું જોઇએ, ને શ્લેષ હોવો જોઇએ (બ. ક. ઠા.) શ્રી ઠાકોર અહીં એક પ્રસ્તુત વિધાન કરે છે તે નોંધવા જેવું છે.[૧૪] કાલિદાસમાં નવલરામ કે મલ્લિનાથે જે અર્થધ્વનિ જોયો છે તે નથી. મલ્લિનાથે આગવો અર્થ કર્યો છે. મલ્લિનાથ ટીકાકાર તરીકે મહાન હોય તોયે આપણે સ્વતંત્ર બુદ્ધિથી આ બધાનો વિચાર કરીને નિર્ણય કરવો જોઇએ, એ વાત બરાબર છે. મલ્લિનાથે કાલિદાસને નામે ક્યાંક્યાંક એવા ધ્વનિ આપી દીધા છે, તે મૂળમાં ન હોય અને મલ્લિનાથના જમાનાની રસવૃત્તિનો પડઘો પડ્યો હોય, નવલરામ તેમને અનુસર્યાં છે, પણ મૂળ શ્લોક વિચારતાં ખાત્રી થાય છે કે, સ્વ. ઠાકોરની વાત, અને ચેતવણી પણ, બરાબર છે. મૂળનો અર્થ આમ છે.

"સતત ગતિ વાયુએ તેનાં : હર્મ્યોંની અગાશીની ભૂમિમાં દોરેલાં ચિત્રોને જળકણોથી દુષિત કરીને તારા જેવા મેઘો શંકા સ્પર્શવાથી જાળીઓને માર્ગે ધુમાડાના નીકળવાનું અનુકરણ કરવામાં કુશળ હોઇ, જર્જર થઇને નીકળી જાય છે." આમાં અધીર, સાતમા માળની સુંદર છબીઓ, ભયભીત, બુંદ, જેવા અર્થ મૂળમાં ભાગ્યેજ દેખાય છે. જે ધ્વનિ મલ્લિનાથે કલ્પ્યો છે તે ન કલ્પીએ તોય શ્લોકના સૌન્દર્ય કે રસાસ્વાદને કાંઇ હાનિ થતી નથી.

૧૪: ત્રિભુવન ગૌરીશંકર વ્યાસના મેઘદૂતના અનુવાદની પ્રસ્તાવના.

૧૦મા શ્લોકમાં किन्नरैः નો અર્થ "ગાંધર્વ" કર્યો છે.
"उद्गातृभिः નો સ્વર ઉંચે સુંદર ગાન જે કરતા બહુ મારે"
માં વિસ્તાર છે. પાંચમી પંક્તિ "પણ મનને શ્રવણનો ધ્યાન
છે પ્રિયસહચરી વાતે - "માં પણ મૂળમાં बद्धालापाः સિવાય
બીજો કશો આધાર નથી. विबुधवनितावार मुख्या सहायाः
જેવો મૂલનો ખંડ છોડી દીધો છે.

૧૧મો શ્લોક

ઠામ ઠામ વાટે વેરાણાં, વેણીથી ફુલમંદાર, -
કર્ણથી કમલ કનકનાં, કહિં કહિં શિરથી સેરો અપાર,
મુક્તાફળ મોંઘાંની ', -
ને સ્તન સ્થળ તુટયા હાર: એ સૌ સૂચવે પ્રભાતે,
આ મારગ માનુનીઓ, મઝામાં મ્હાલી રાતે, -માં

नैशो मार्गः सूच्यते" માટે છેલ્લી પંક્તિ કરી છે. તે વધારે પડતુ
છે. "गत्युत्कम्पाद्" અને મૂળની બીજી તથા ત્રીજી પંક્તિઓનો
અર્થ આછો જ ઉતર્યો છે.

શ્લોક ૨૬ उत्सङ्गेवा०

કે ખોળે મેલે ધોતીએ મ્હેલી વીણાઓચાર,
મારે વિશે પદ રચીને પોતે ધારતી મન મોઝાર,
ગાવા ઉંચે સ્વરે તેં;
આંસુપાતે પલળતા તંતુને જેમ તેમ સુધારી,
વારે વારે વિસરતી નિજ ઉઠાવીને આલાપકારી.

मलिनवसने, मद्गोत्राङ्कं, विरचितपदं, मूर्च्छनां, જેવાં પદોનો
રેખાંકિત અનુવાદ શિથિલ છે. "ધોતીએ" શબ્દો તો અનુચિત
જ છે. મૂળના અર્થને "યથાતથ", ઉતારવામાં નવલરામ અસમર્થ રહે
છે.

શ્લોક ૨૨ तन्वीश्यामा० ઉત્તરમેઘનો યક્ષ પત્નીનું વર્ણન કરતો
શ્લોક સુંદર છે. તેને -

ત્યાં નિરખીશતું પદ્મિનીરે સ્ત્રીમણિરૂપ નિધાન,
નાજુકડી જોબન ભરી, જેનાં પાકાં બિંબ સમાન
અધર સરસ શોભે છે,
ઝીણી દંતુડિયો અમિયાળી છે, કળીં કુંદની જાણે,
છે લોચન રમણિક રાંકડાં, ચોંકી હરિણી પ્રમાણે
કટિ પાતળી મુઠ્ઠીમાં માતી, નાભિ કમળ ગંભીર,
પીન પયોધર મદભર પૂરાં, જેને ભારે શરીર
કાંઇક નીચું નમ્યું છે;
ધીરે ધીરે ચરણ ચલાવતી નિતંબને ભારે,
શું વર્ણવું ? વિધિએ પહેલી રે રચી પૂર્ણ પ્રકારે-

બે કડીમાં ઉતાર્યો છે. તેમ કરવામાં ભાષાંતર વધારે બગડ્યુ છે. ઘણું ઉમેરવુ પડ્યુ છે. અને છતાં મૂળનાં સંક્ષેપ કે ચોટ ના ધ્વનિ પામ્યાનો સંતોષ થતો નથી. એ કવિકુલગુરૂની સંક્ષિપ્ત અને ધ્વનિમય વાણી ફિક્કી પડી જાણે અહીં પોતાની ચોટ ખોઇ બેસે છે. મૂળના ૩૯મા શ્લોક मतुर्मित्रं० ને અલંકારિકો એ ધ્વનિયુક્ત કાવ્યના સુંદર ઉદાહરણ રૂપ ગણે છે.

:૧: હે સધવા! તુજ સ્વામીનોરે મિત્ર મન પ્રિય જાણું,
:૨: તેનો સંદેશો મન મધ્યે સંચીને આ સુજાણ,
:૩: તારી સમીપ આવેલો;
:૪: હું મેઘ છું મિત્ર જ મોટો રે વિરહિણી વનિતાનો
:૫: કરી ગર્જન શ્રમિત પ્રવાસીને ચપ ચલાવવાનો,

આમાં "અવિધવે" શબ્દ યક્ષ હજુ જીવંત અને કુશળ છે એમ સૂચવે છે મેઘ તેનો પ્રિયમિત્ર છે માટે વિશ્વાસપાત્ર છે. अम्बुवाहछे માટે સંદેશવહન કરવાની યોગ્યતા પણ તેનામાં છે. મેઘગર્જનાથી થાકેલા પ્રવાસીઓના ટોળાને પ્રિયાની વેણી છોડવા ઉત્સુક બનાવી ઉતાવળ કરાવે છે, તે વિરહિણીઓપર ઉપકાર કરવાની તેની સ્વાભાવિકવૃત્તિ સૂચવે છે. માટે યક્ષપત્નીએ પણ તેનામાં શ્રધ્ધા,

વિશ્વાસ, રાખવાં ઘટે છે એવો ધ્વનિ છે. તે તથા ત્રીજી ચોથી પંક્તિનો અર્થ ચારુરૂપે ઉતર્યાં નથી.

શ્લોક – ૧૪ ज्ञाने सख्या:० નો

તારી સખીનું મન પ્રેમે પૂરણ, મારે વિષે છે જેહ,
જાણી જ આ પરમાણે માનું છું તેની પીડિત દુ:ખી દેહ
પ્રથમ વિયોગે થએલી;
નથી રે નથી હું કરતો કાંઇ નિજ બળની બડાઇ,
કહ્યું તે બધું તુર્ત તને થશે પ્રત્યક્ષ જ ભાઇ!

માંની ચોથી પંક્તિને સ્વ. બ. કા. ઠા. 'નબળી-નઠારી' કહે છે, તે બરાબર લાગે છે. આમાં યક્ષ શ્લાઘા કરે છે, એમ મેઘ નમાની લે માટે ખુલાસો છે. "બળ"ની બડાઇનો આ પ્રસંગ જ નથી.

શ્લોક – ૪૪ श्यामा स्वंगम्०

પ્રિયંગુલતામાં કોમળતા તુજ નિરખું હરખી મન,
ચકિત મૃગલીનાં લોચનિયાંમાં મંજુલ મનમોહન,
તવ અવલોકન ન્યાળું;
તુજ મુખડાકેરો લખલખાટ લખલૂટ ઉઠતો,
શું ચંદ્રના બિંબ વિશે વસ્યો, પ્રિયે પૂંઠે ભટકતો!
તારો કેશ કલાપ કલાપિનાં, પિચ્છગુચ્છમાં સ્હોય
ભ્રુકુટિભ્રમણની ભ્રમણા પડે છે, નાનાં ન્હાનાંલાં હોય
લ્હેરિમાં નાની નદીમાં,
છો અનુપ જાતું અલબેલડી, ચ્હિડવા નહિ ડાહી,
રે હાય! અખંડિત તાહરી નથિ મૂર્તિ જ ક્યાંહી.

પ્રથમ પંક્તિને માટે ત્રણ પંક્તિ કરી છે. બીજા માટે અને ત્રીજા માટે તે પછીની બબ્બે છે, નવમી પંક્તિ વધારાની છે. એથી મૂળનો સંયમિત ધ્વનિ મોળો થઇ જાય છે. "રહીડવા નહીં ડાહી" તો છેક જ ઉમેરો છે. "ક્વચિદ" શબ્દનો અર્થ તેમાં આવતો નથી. આમ કેટલાક નમૂનારૂપ શ્લોકોની સ્થિતિ છે તેમ છતાં એકંદરે આ અનુવાદ ગુજરાતીસાહિત્યમાં પામ્યો છે, તેથી વધારે પ્રસિદ્ધિનો

અધિકારી છે. પૂર્વમેઘની કડી ૨૨ (મૂળ ૧૮), ૨૪ (મૂળ ૨૦) સારી છે. શ્લોક ૫૭ની છેલ્લી પંક્તિનો અનુવાદ 'નઠારો' હોવા છતાં બાકીનો ભાગ સારો છે. ઉત્તરમેઘના શ્લોક ૧, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૩૦, ૪૫, ૪૬, ૫૪, વગેરેના અનુવાદો પણ સારા છે. ગોવર્ધનરામે આ અનુવાદ વિષે આપેલો અભિપ્રાય: "સાક્ષર ઉદ્દેશ તો મેઘદૂતના ભાષાંતરમાં છે. . . . કાલિદાસની રસગીતા સમજ્યા વિના તેનો રસ ગુજરાતીમાં આણવો કઠણ છે. કવિનું ભાષાંતર કરવામાં કવિત્વ જોઇએ છીએ. સંસ્કૃત કપડાં કાઢીનાંખી ગુજરાતી પહેરાવ્યાથી ભાષાંતર થતું નથી, પણ કાલિદાસ પોતે ગુજરાતી હોત અને એમણે પોતે જ મેઘદૂત ગુજરાતીમાં લખ્યું હોત તો કેવું લખત તેનો વિચાર કરી તેવું જ કોઇ સફળ લખે તો જ ભાષાંતરમાં અસલગ્રંથની યોગ્યતા આવે અને એનું જ નામ ભાષાંતર . . . . . ભાષાંતર રૂપાંતર વગેરે સર્વમાં મૂળ લેખોનો આત્મા તો આવવો જ જોઇએ. જુદી વાણીમાં, જુદા દેશમાં, જુદા વ્યવહારમાં અને જુદા રંગો ને પ્રસંગોમાં પડેલું મૂળ બિંબનું પ્રતિબિમ્બ સ્વભાવે એજ હોવું જોઇએ."

નવલરામે અંતે ક્ષેપક ઉમેર્યો છે. ત્યાં મેઘદૂતના યક્ષને અથવા કવિને નવલરામે પણ પોતાના મતનો પ્રારબ્ધવાદી વેદાંતી બનાવી દીધો છે. અને મેઘદૂતના છેલ્લાભાગમાં ઉમેરો કરી લખે છે કે :- અકળકળા અવિનાશીની રે, અકકલથી ન કળાએ

અણધાર્યું આપોપું થાયે, ધાર્યું અધવચ જાય,

જય સચ્ચિદાનંદા !" આવી ભૂલો ન કરવા નવલરામે પોતે જ કેટલેક પ્રસંગે કહેલું છે. આ ભાગ સુધારી શક્યા નથી અને કદાચિત જોવ્યા હોત તો સુધારત પણ ભાષાંતર કારને આવી મુશ્કેલીઓ છે, તે મેઘદૂતના ભાષાંતરમાં પણ પ્રસંગે દેખાય છે, અને મુશ્કેલીઓ દૂર કરવાની મુશ્કેલી ભાષાંતરકારો જ સમજશે, છતાં નવા યોજેલા "મેઘ છંદમાં" લખેલું, બને એટલું સરળ, અસલનો ઉચ્ચ

અને સૂક્ષ્મ રસ જમાવવા સ્પષ્ટ અને યથાશક્તિ પ્રયત્ન કરતું અને ગુજરાતીને અનુકૂળ થતું, મેઘદૂતનું ભાષાંતર મૂળગ્રંથના પરિચિત વાંચનારને મૂળગ્રંથનું ભાન કરાવે છે...કિં.. આ ભાષાંતરનો ઘણોક ભાગ આનંદથી વાંચી જવાય તેવો છે. જેમ જેમ આગળ વધે છે તેમ તેમ કલમ કસાતી સ્પષ્ટ માલમ પડે છે. અને કાલિદાસની છાયા ભાષાંતર પર કંઇક ઘટ્ટ થવા માંડે છે. ભાષાંતરમાં શબ્દાર્થની શુદ્ધતા કરતાં આ છાયાની શુદ્ધતા વધારે ઉપયોગી છે.

આ અભિપ્રાય સાચો છે. મૂળમાં ઉમેરા કરતાં, મૂળમાંથી કંઇક છોડી દેતાં, કે ક્યાંક અર્થવિપર્યય કે અધૂરું ભાષાંતર કરતાં ઉદાહરણો એવાં, તે ભાષાંતરકારના યુગ, ઘડતર, પ્રેમ કે ભાષાવિષયક શિષ્ટતાના ખ્યાલોનો પડઘો પણ પાડે છે. એવાં બીજાં પણ કેટલાંક ઉદાહરણો હશે. તેમ છતાં એકંદરે તે વખતની ગુજરાતી ભાષાના વિકાસ અને અર્થવહનક્ષમતાનો વિચાર કરતાં આ પ્રયત્ન નિષ્ઠાવાન લાગે છે. કેટલાંક સારાં ઉદાહરણોમાં તો તે મૂળની છાયાને સફળ રીતે ઝીલવાની ભાષાંતરકારની શક્તિ બતાવે છે.

ભીમરાવ ભોળાનાથ દિવેટીઆ :૧૮૭૯:

અનુવાદક સંસ્કારી કુટુંબના અને પોતે પણ સંસ્કારી છે. પ્રસ્તાવનામાં તે કહે છે. "તેની કલ્પનાશક્તિ, તર્કવર્ણન તથા મનનો આવેશ ભરેલો મર્મસહિત ઉંડો ભાવ જોઇને સમજીને વાંચનાર આનંદાશ્ચર્ય પામે છે. એમાં મનનું દરદ તથા અંતઃકરણના પ્રેમનો જોસ તેની સાથે એકાગ્ર ધ્યાન તથા અર્થનું પ્રૌઢપણું તથા શૈલીનું સરલ ગંભીર સૌન્દર્ય એવું છે કે તે માણસના મનનું આકર્ષણ કરીને તેને તેમાં નિમગ્ન કરે છે. તેના વિષયતત્ત્વનું અત્યંત ગૌરવ, તેનું

સંબંધ ચિંતન, તથા સ્વભાવથી ઉન્મતપણું એ સર્વ કાવ્યનાં પુસ્તકોમાં તેને ઊંચી પદવીએ મૂકાવે છે."[૧૫] પછી ટૂંકમાં કાવ્યનો વિષય આપ્યો છે. "એ વૃત્ત : મંદાક્રાન્તા: માં એક જાતની મદથી ભરેલી મધુગતિ, તરંગ અને ઉત્સુકપણું એવું છે કે તે મનને સહસા ખેંચે છે. ઘણું લાંબુ પણ નથી અને ઘણું ટૂંકુ પણ નથી. ઘણું ઉતાવળું પણ નથી તેમ ઘણું ધીમું પણ નથી. એના બોલ નદીના અબાધ પ્રવાહની સમાન ચાલ્યા જાય છે. એક પછી એક શબ્દનો ઉપાડ મનહરણ કરતો આવે છે તેથી તેનું નામ મંદાક્રાન્તા પડ્યું છે. તે પૂરું ઘટે છે."

"કોઇકોઇ ઠેકાણે અતિશય શૃંગારને નમ્ર કરવા જેટલો જણાયો છે, તેમ કરેલું છે. એક શ્લોક આ સમયને અયુક્ત જાણી દબાવી દીધો છે.... સંસ્કૃત કાવ્યની ભાષાની તથા તેમાંના વિષયની ઉન્નતિ પ્રમાણે શૈલી રાખવાનો પ્રયત્ન કર્યો છે. પણ તેમ કરીને અર્થનો સંબંધ જેમ બને તેમ કઠણ ન થાય તે વાત ધ્યાનમાં રાખી છે.[૧૬]

આ અનુવાદ સમશ્લોકી અને મંદાક્રાન્તા વૃત્તમાં જ છે અને એકંદરે સારી છાપ પાડે છે. પૂર્વમેઘ કરતાં ઉત્તરમેઘનું ભાષાંતર મૂળને વધારે વફાદાર અને સારું લાગે છે. પૂર્વમેઘમાં ઘણે સ્થળે એક શ્લોકની છ પંક્તિ કરી છે. તો ક્યાંક ક્યાંક તેથી પણ વધારે વિસ્તાર છે. પૂર્વમેઘના પ્રથમ શ્લોકની પહેલી બે પંક્તિ લેખકે પૂર્વના સંબંધનો ખ્યાલ આપવા રચી છે. ૩-૪ પંક્તિઓનું ભાષાંતર સારું છે. "~~રે-તો-ક્યાં-છે~~

"રે તો ક્યાં છે જનકતનયા, સ્નાનથી પુણ્યપાણી,
છાયા લાગી ઘટતરુતણી, રામગિર્યાશ્રમોની.

૧૫: નવલરામની જીવન કથા - પૃ. ૪૪-૪૬
૧૬: પ્રસ્તાવના, પૃ. ૧-૨-૩.

શ્લોક धूमज्योतिः ०

ધૂમજ્યોતિ જળપવનનો, મેઘ સંવાયસે ક્યાં?
સંદેશાઓ ચતુરજનથી, માત્ર જણાય તે ક્યાં?
તે ક્યાં આ ક્યાં ફરક નગણી હોંસથી અભ્યથાયે,
કામે પીડયા ક્યમજ સમજે જીવ નિર્જીવ આ છે

રેખાંકિત ખંડ વધારાનો છે. प्रकृतिः कृपणाः નો અર્થ "ક્યમજ સમજે" માં આછો જ ઊતર્યો છે – પરોક્ષ રીતે, છતાં એકંદરે ભાષાંતર સારું થયું છે.

છઠ્ઠો શ્લોક जातंवंशे०

જાણે જેને જગતસઘળું પુષ્કરાવર્તકોના
અવાભારે કુલિતકુળના મેઘના વંશમાંના!
ઇચ્છા જેવી સ્વરૂપ બદલે ઇન્દ્ર મુખ્યાધિકારી
તારી ભારે કિંમત પ્રિયરે જાણું હું મેઘ તારી.
બંધુ સૌથી જગતજીવિકા! દુર્દશાથી હું દૂર,
તારીપાસે બહુ દિ:(દી) ન થઇ યાચું છું આજ શૂર,
યાંચા કર્મી ગુણિનિ જ સદા જે કદી વ્યર્થ જાય,
તો તે ખોટી મનથી ન ગણું તેજ રૂડી ગણાય.
યાચના કરવી દુરજન તણી સિદ્ધિ જે તેની થાય,
તોએ સારી કદિ ન કરવી ખોટી સત્યે મનાય.

એકથી વધુ કડીમાં અનુવાદ કરવાનો પ્રયત્ન કેવી શિથિલતા અને પ્રસ્તારમાં પરિણમે છે તેનું આ સારું ઉદાહરણ છે. મૂળની ચોટ અને ધ્વનિ શિથિલ બની ગયાં છે. ફેરફારો તે અનુવાદના સ્વારસ્યમાં કાંઇ ઉમેરો કરતા નથી. જ્યાં જ્યાં વિસ્તાર થયો છે, ત્યાં ત્યાં ઓછે વત્તે અંશે આમ બન્યું છે.

૧૪મો શ્લોક अद्रेः शृंगम्०

અદ્રિશૃંગે હરી પવન શું ભય છે એમ ઉંચે
એવા તો તું સુભગ ! ચકિતા મુગ્ધ સિદ્ધાંગનાએ,

આ સ્થાને જ્યાં સરસ નિચુલો, ઉત્તરે ત્યાંથી તલ્પ,
દિઙ્ગનાગોનો વિચરી હરતો સ્થૂલ તે હસ્ત દર્પ.

"તલ્પ" તલપમાર, ઉંચે કૂદ – એ અર્થમાં પ્રયોજ્યો છે. પણ તેનો એક અર્થ "શય્યા" પણ થાય છે. તેથી "અપરિચિત પ્રયુક્ત" દોષ આવે છે.

૧૫મો શ્લોક रत्नच्छाया०

રત્નચ્છાયા સમૂહ સમ આ રાફમાંથી જ જાણે,
એવા એવો ધનુષ કકડો ઈંદ્રનો આમ તાણે;
તે કાળા આ તુજ વપુ વિષે, કાન્તિ એવી જ દેશે,
ફેલાયેલાં મયૂર પિચ્છથી કૃષ્ણજી ગોપવેશે.

પ્રેક્ષ્ય અને विष्णोः ના આ અનુવાદને બાદ કરતાં ભાષાંતર સારૂં છે.

૨૦મો શ્લોક तस्यास्तिक्तैः०

વર્ષે ન્હાના વનગજમદે વાસવાળું થયું જી,
જંબુકુંજ અટકતું જલપ્રાશિ આગે જવું જી,
સારેભારે ઘન પછીતને લેજવાશે ન વાથી,
ખાલી સર્વે પડતું હલકું બોજ તો પૂર્ણતાથી " – સારો અનુવાદ છે. મૂળ ભાવ સરળતાથી ઉતર્યો છે. શ્લોક ૨૬મો – પ્રસ્તાવનામાં બતાવ્યા પ્રમાણે છોડ્યો છે. જોકે તેમાં એવો અમર્યાદ શૃંગાર નથી. તેમજ કવિ કહે છે તેમ અત્ર :એ: યુગમાં એ બિન જરૂરી લાગ્યો હોય તો તેનું કારણ સ્પષ્ટ થતું નથી. ૪૪ મા શ્લોકમાં એવો ઉદ્દામ શૃંગાર છે અને તે માટે કાલિદાસની ટીકાપણ થઈ છે. તેને નમ્ર કરવાનો પ્રયત્ન આવો છે. "મુક્યે કાંઠો દિવસ્તુ જ્યમકે, સેહિ વજ્યું નિતંબ/

એવું કાળું સલિલવસન ગ્રામ્યસમાં લાવિલમ્બ,
એવો થઈને કઠણ જ ઘણું, છે જવું ત્યાંયે પ્યારા,
જે જાણે તે કહિ ત્યમરૂડી, કોણ છોડી જનારા?

આમાં મૂળનો ભાવ ઓછો ઊતર્યો છે, પણ તેમ કરીને અનુવાદકે મૂળના ઉદ્દામત્તાને નમ્ર કરવામાં સફળતા મેળવી છે.

૫૩મો શ્લોક   तस्माद्गच्छेः०

ત્યાંથી જાજે તું કનખલ જ્યાં ઉતરે શૈલરાજે,
જહ્નુ કન્યા સગરતનની, સ્વર્ગનીસર્ણિ સાજે,
ગૌરીવક્ત્ર ભ્રકુટિરચના ને હસી કહાડિ ફેને,
શંભુકેશ ગ્રહણ કરીલે, મોજહસ્તે શશીને,

કૈંક અસ્પષ્ટ હોવાછતાં સારું ભાષાંતર ગણાય.

શ્લોક ૬૩   हित्वातस्मिन्०

કુહાડી નાંખી ભુજગનું કડુ હસ્તથી શંભુ જોડી,
ક્રીડા શૈલે રમતથિ ફરે, આમને તેમ ગૌરી,
ભંગી અંગી જલ થઇ બધું, સંઘરી રાખિ લેને,
સીડી સર્ખો બન મણિ તટારોહણે અગ્ર જેને.

કવિનો પ્રયત્ન સારો હોવાછતાં અનુવાદમાં મૂળનો પૂરો ધ્વનિ પ્રગટતો નથી. રેખાંકિત પદો વધારાનાં છે, તો મૂળનો "જળને સ્થિર કરીને" ભાવ અંદર આવતો નથી. ઉત્તરમેઘના મોટા ભાગના શ્લોકોનો અનુવાદ ચાર પંક્તિમાં કરવાનો પ્રયત્ન કર્યો છે. પૂર્વમેઘ કરતાં એકંદરે તે સારો અને મૂળને વફાદાર બન્યો છે.

શ્લોક ૧   विद्युत्वन्तं०

વિદ્યુત્વાળો, લલિતવનિતા, ઇંદ્રચાપી, સચિત્ર,
ગર્જે રૂડું, ગિતિસમયની, જે મૃદંગો સુમિત્ર,
પાણીવાળો, મણિમય ભૂમિ, ઉચ્ચને અભ્ર પેસે,
હર્મ્યો મોટાં તુજ સમગુણે, જ્યાં ભર્યાં છે વિશેષ.

અહીં ચાર પંક્તિની મર્યાદામાં રહીને મૂળના અર્થને સરળ રીતે ઉતારવાનો પ્રયત્ન સફળ થયો છે.

શ્લોક ૯:

જ્યાં નારીની પ્રિયતમભુજે ઉષ્ણઆલિંગનોની,
અંગગ્લાની સુરજનિતા, જાળિયેદોરિયોની,
ગુંથ્યા જાળે જળ ટપકતા, રાત્રિયે ચંદ્રકાન્ત,
પાગસ્પર્શે ધનતું ન્મડચે ઈંદુના સ્વસ્થ શાંત,

માં હરે છે વાક્ય પૂરૂં થતું નથી. ઉષ્ણ શબ્દમૂળમાં નથી. આલિંગનજેઉષ્ણકે શીત તરીકે ઓળખાવવાનો રિવાજ પણ ભાષામાં નથી. તે ગાઢ કે શિથિલ હોય; "ગાઢ" શબ્દ અહીં છંદમાં પણ ગોઠવાઇ ગયો હોત. બીજું કેટલુંક છોડ્યું પણ છે. - -

શ્લોક ૧૩-૧૪ છોડયા છે. તેમાંનો એક, ૧૩મો यत्रश्यामाનો ઉજ્જયિનીના વર્ણનમાં લીધો છે. તે ત્યાં બંધ બેસતો નથી. અલકાના વર્ણનમાં જ તેનો સંદર્ભ બરાબર છે.

અલકા સ્થિત યક્ષના ધામના વર્ણનના ચિત્રાત્મક અને વૈભવપૂર્ણ વાતાવરણ ખડું કરતા શ્લોકોને ગુજરાતીમાં ઉતારવામાં કવિ ઘણે અંશે સફળ થયા છે. નમૂના તરીકે—

શ્લોક ૧૫ तत्रागारं० થી

ત્યાં ઠેકાણું ધનપતિથકી ઉત્તરે અમારું,
દૂરે દેખે સુરપતિધનુ સારખા તોરણાણું,
જેના બાગે તનય કરિયો, મારિકાન્તાથિરક્ષ્ય
હસ્તે લેયે, ગુચ્છથિ નમતો, બાલમંદાર વૃક્ષ : કડી ૯૮:
એમાં વાપી મરકત શિલા, પાયરિ બાંધી છેને,
છાંકી હેમી કમળ ખિલવે, નાલ વૈદૂર્ય જેને,
જેનાતોયે વસતિ કરતા, હંસ જોઇ તનેને,
શોકે મુક્યા મન નવકરે, માન છે પાસ તેને (૯૯)
રક્તાશોકે ચલ અતિ અને કેસરે અત્રકાન્ત,
પાસે ઉભા કુરબક વીંટયા, માધવી મંડપાન્ત,
પ્હેલો મારી તુલકંતું સખિના, વામપાદાભિલાષી

વાંછે બીજે વદનમદિરા, દોહદેચ્છા નિવાસી. (૧૦૧)
ને તે મધ્યે સ્ફટિક ઉપરે, કાંચની યષ્ટિએક,
મુળબાંધી મણિનવનવા, વાંસજેવાથિ છેક,
તાલેવાંમેં વલયજ રૂડાં, મારિકાન્તે નચાવ્યો
બેસે જે જ્યાં, દિવસનિગમે, મોરલો મેઘ ભાવ્યો. (૧૦૨)

અહીં છંદની આવશ્યકતાનુસાર જોડણી બદલી છે. ક્યાંક મૂળની ચારુતા પૂરી ઉતરતી નથી, તમે છતાં એકંદર ચિત્ર સારીરીતે રજૂ થાય છે.

૨૨મો શ્લોક तन्वीश्यामा०

તન્વી શ્યામા શિખરી દશના પક્વબિંબા ધરોષ્ઠી,
મધ્યે ન્હાની ચકિત હરિણી પ્રેક્ષણા ઉંડીનાભિ,
શ્રોણી ભારે અલસ ગમના કૈંક નમ્રા સ્તનેને,
ધાતાની ત્યાં યુવતિ જનમાં, આદ્યસૃષ્ટિ વસે જે.

આ શ્લોકના અનુવાદમાં કેટલાકોએ વિસ્તાર કર્યો છે, તો કેટલાકનું ભાષાંતર ક્લિષ્ટ થયું છે. અહીં પણ પહેલી બે પંક્તિઓમાં મૂળના મોટાભાગની રચના છે તેમજ રાખી છે, તો ત્રીજી પંક્તિમાં કૈંક પધ્ધતિ બદલી છે. ચોથીમાં ગુજરાતી કરવાનો પ્રયત્નકર્યો છે. મૂળનો ભાવ પ્રાય: ત્યાં ઉતરી આવ્યો છે.

શ્લોક ૩૦ पादनिन्दो:०

પાદે-દુના અમૃત સરખા જાળમાર્ગેથી પેઠે,
પૂર્વપ્રીતે જવું થયું ત્યહાં તેવું પાછું જ દીઠે,
ખેદેયક્ષુ સલિલથિ ભરી પાંપણે ઢાંકિ દેતી,
ધેર્યો દીઠે: ને સ્થલ કમલિની નાઉઘાડી નમીંચી.

તથા શ્લોક ૩૯ भर्तुर्मित्रम्०

ભર્તા મિત્ર પ્રિય હું સધવા જાણને અંબુધારી,
સંદેશો લે હ્રદય મુકિયો, આવિયો પાસત્હારી,
જેવૃંદોને ત્વરિત કરતો માર્ગલિતાં વિસામો,

મંત્રી (ગર્જે) મીઠું છૂટિ બૂટ પ્રિયાકેરી કર્યાં જતામાં.
"શ્રવ્યુરિને" "ગર્જે" કરવાથી આ અનુવાદ વધારે સારો
થઇ શકત. આ બેઉ શ્લોકનું ભાષાંતર સારું છે.

શ્લોક ૪૪ श्यामास्वङ्गं०

અંગે શ્યામા, ચકિત હરિણી પ્રેક્ષણે દષ્ટિ વેશ,
વક્ત્ર શશિ, શિખિતણા પિચ્છ ભારે સુકેશ,
બેતો હુંતો, તનુ નદિતણાં મોજમાં ભ્રુવિલાસ,
નાદી હૂરે, કંઇતું સરખું, ચંડિ સૌ એકમાસ,

રેખાંકિત ખંડ બરાબર નથી. તોયે એકંદરે સારું ભાષાંતર છે.

શ્લોક ૪૯ नत्वात्मानं०

હું પોતાને બહુજ ગણું છું, એક આધાર આત્મા,
તો કલ્યાણી છબિ તું ન જતી, ના ધરે બીક આમાં;
કોને સર્વે સુખમળ્યું, ત્વધુ દુ:ખ એકાન્ત કોને,
ઉંચેનીચે ફરતિજ દશા ચક્રધારા પ્રમાણે.

ત્રીજી પંક્તિમાં પુનરુક્તિ છે. ચક્રઆરાનો બદલે ધારા
કર્યું છે. પહેલી બે પંક્તિનું ભાષાંતર કંઇક વર્ઘું છે અને મૂળના અર્થને
ઓછું વફાદાર છે. આમ આ અનુવાદ, તેની ખામીઓ હોવાછતાં
એક ગણનાપાત્ર અનુવાદ લાગે છે. ઉત્તરમેઘમાં તે પૂર્વમેઘ
કરતાં વધારે સારો બને છે. જમે જેમ કવિ આગળ વધ્યા છે
તેમ તેમ હથોટી જામતી આવી છે એમ દેખાય છે.

બળવંતરાય રામચંદ્ર જુન્નરકર - ૧૮૮૬

"કાવ્યરત્ન પ્રભા" નામક પુસ્તકમાં જેની માતૃભાષા ગુજરાતી નથી એવા વિદ્વાને કરેલો આ અનુવાદ પ્રગટ થયો છે. પ્રસ્તાવનામાં તે નોંધે છે :

"તેથી મને વિચાર થયો કે એ કવિરાજના કાવ્યોનો ચમત્કાર ગુજરાતી ભાષાની કવિતામાં દાખલ કરી સગવડતા પ્રમાણે પ્રસિદ્ધ કરવો. .....શ્રીમન્મહાકવિ કાલિદાસે બનાવેલાં કાવ્યરત્નોની પ્રભા મેં લીધી છે. તેથી આ પુસ્તકને મેં "કાવ્યરત્નપ્રભા" એવું નામ આપ્યું છે.

"આ ભાષાંતર શબ્દે શબ્દ નથી, કેમ કે સંસ્કૃત શિખનારને તે ભાષાની રચના જાણવાને માટે અથવા તે ભાષાનું જ્ઞાન થવામાં મદદગાર તરીકે થવા આ પુસ્તક કર્યું નથી, પણ મૂળ ગ્રંથના ભાવાર્થ ઉપર દોર રાખી તે ગુજરાતી ભાષામાં દેશરૂઢી પ્રમાણે શોભે એવી ગોઠવણીથી આ પુસ્તક કર્યું છે. તેમ કરવામાં કેટલીક જગાએ અર્થમાં મૂળ કરતાં કમજાદે થયું હશે પણ ઘણું કરીને ભાવાર્થ જવા દીધો નથી. અને જ્યાં કમજાદેપણું હશે તે પણ મૂળ ભાવાર્થને મળતાપણું રાખી શોભાવે તેવી રીતે ગોઠવ્યું છે.": પૃ. ૯:

"લાવણી એ માત્રામેળ છંદ છે. પૂર્વાર્ધ ૩૦ માત્રાનો હોઈ ૧૩ અને ૨૧મી માત્રાઓ યતિ હોય છે. ઉત્તરાર્ધ ૨૨ માત્રાનો હોઈ ૧૪ માત્રા એ યતિ હોય છે.

જેમકે

૨ ૨ ૨ ૧૧૧૧ ૧૧૧ ૨૧૧ ૧૧૧ ૧૨ ૨૧૧૨
શ્રીમદ વૈશ્રવણની હજુર, નોકરી ઉપર, હતો એકયક્ષ,

બે ફિકરો રંગી નહીં ફરજ પર લક્ષ.
૨ ૧ ૧૨ ૨ ૨ ૧ ૨ ૧૧૧ ૧૧ ૨૨ : પૃ. ૯:

અનુવાદ જેવો છે. ૭-૮મી કડીમાં પંક્તિ ૩-૪ નો અનુવાદ છે.

શ્લોક ૨   तस्मिन्नद्रौ०   કડી ૯-૧૨

યક્ષ એ ગિરપર રહે, વિરહને, સહે માસ કેટલાંકે,
દુબળો થયો આવી છે મુખપર ઝાંખ   ૯
સ્વર્ણનાંકડાં હસ્તથી વિચારકૃશતાથિ ગળીને પડિયાં,
શુભ અમુલ્ય રત્નો થકી હતાં જે જડિયાં.   ૧૦
આષાઢમાસ એક દિને આવતાં વને એ ગિરી ઉપર,
સાંજે ગજ જેવા જ મેઘ જુએ જ સુંદર.   ૧૧
રવિ કિરણો વડે રતાંનું છવાઇ ખાસ મેઘનીમાંહે
જાણે ગજના પ્રક્રીડા કરે છે ત્યાંહે -   ૧૨

આ પણ રૂપાંતર કહી શકાય તેવું છે. રેખાંકિત અંશો વિશેષે તેવા છે.

प्रंशरिक्त प्रकोष्ठः, वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं

નો અનુવાદ એતાં 'પ્રેક્ષણીય' પદ છોડયું છે.

શ્લોક ૫   धूमज्योतिः०

ધૂમવાયુજળવીજળી ચાર એ મળી નિપજ્યો ઘનતે
જડ સંદેશો લઇ જાય કહો શી રીતે?   ૧૭
એ વિચાર કાંઇ નોય વિરહી જે હોય જનો તેઓને
સરખા જડ ચેતન બેઉ ભેદ નવ જાણે.   ૧૮

રેખાંકિત મુળનો આછો જ પડઘો પાડે છે. તેવું જ સમગ્ર શ્લોક વિષે પણ કહી શકાય. સામાન્ય રીતે આ સ્થિતિ ઓછેવત્તે અંશે બધા અનુવાદને લાગુ પડે છે. અનુવાદમાં કયાંક ઉમેરા છે, તો ક્યાંક કેટલાંક પદો છોડયાં છે, ક્યાંક મુળનો ધ્વનિ પૂરો ઊતરતો નથી, કોઇ સ્થાને મુળનું અર્થગૌરવ ઝંખવાય છે. શ્લોક ૧૦ માં પણ એમ જ છે.

શ્લોક ૧૧. कर्तुं यश्च०

છદ્રવા જેને રૂપવતી કરે વસુમતી ગર્જના તારી,
સુણિ હંસો કરશે માન જવા તૈયારી. ૩૧
બિસનું ભાતું લઇ ખાસ જવા કૈલાસ સુધિ તુજ સાથે,
આવશે અવકાશે થશે ઠીક બધિવાતે. ૩૨
तच्छ्रुत्वा ते श्रवणसुभगं सपत्स्यन्ते ०

ના અર્થ છોડયા છે. બાકીનાનોયે ભાવાર્થ જ આવે છે.

શ્લોક ૧૪ अद्रेः शृङ्गम्०

ઓમાડિ! અદ્રિનું શિખર લઇને સમિર જાયે છે જલદી
તુજ જોઇ ચમકિ બોલશે મુગ્ધ સિદ્ધ સ્ત્રી. ૩૭
આ નેતરના વનથી ઉડી ઝડપથી જજે ઉત્તરમાં
દિગ્ગજનો હરને ગર્વ ~~ભારે~~ તું ક્ષણમાં. ૩૮

રેખાંકિત ૧-૨ ઉમેરા છે. चकितचकितं નો ચમકી અર્થ કરે છે.
રેખાંકિત ૩ स्थानादस्मात्० નો અર્થ કરે છે. ત્રીજી
પંક્તિમાં છંદ શિથિલ છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

રત્નની છાંયના જેવું આમ આ કેવું ઇંદ્રજી કેરૂં
વિવર માથે નીકળ્યું ચાર રૂડેરું. ૩૯
તેહના રંગી તેજમાં ચાર! ખુશનુમા શ્યામતનુ તારી
દીપે જ્યમ પેરે મોરમુગટ મોરારી. ૪૦

આમાં प्रेक्ष्यमेतत्पुरस्तात् છોડયું છે. "વલ્મીકાગ્રાત"
માટે રેખાંકિત અનુવાદ ખોટો છે. બે વખત ચાર શબ્દ વાપરે
છે. ઇંદ્રના ચાપનો ખંડ માટે ~~મત~~ચાપ કરે છે. अतितरं, बर्हेणेव स्फुरितरुचिणा
નો અનુવાદ નબળો છે. શ્લોક ૨૫-૨૬-૨૭ના એવા જ શિથિલ
અને સારવાળી છે.

શ્લોક ૨૮ वक्रः पंथाः

ઉત્તરે જતાંઓ ચાર! ઉજેણચાર, ફેરમાં કદિ છે,
તો પણ ત્યાંનાં મંદિરો નિરખજે શુભ છે. ૬૭

ચમકતાં વીજળી તારિ, નગરની નારિ ચકિત થઇ હોંશે
નિજ વિશાળ આંખ્યૂથી તનૂને જોશે ૬૮
કદિ ન કટાક્ષવિલાસ તણો તું ખાસ યોગ્ય એ લાવો,
તો તેં આ જગમાં વ્યર્થ જન્મગુમાવ્યો. ૬૯

પ્રસ્તારી છે. ચારનો ફરી પ્રયોગ કર્યો છે. રેખાંકિત – ૨ પ્રતીતિકારક પ્રયોગ છે. ૬૭–૨નો અનુવાદ શિથિલ છે. છેલ્લી પંક્તિનો અનુવાદ છૂટા હાથનો અને પ્રસ્તારી છે. શ્લોક ૩૧નો અનુવાદ સંક્ષિપ્ત છે. स्वर्गिणांगांगतानाम् અને कान्तिमल्लखण्डमेकम् ના અનુવાદ છોડયા છે. ૩૩–૩૪ ને ક્ષેપક ગણ્યા છે.

શ્લોક ૩૫ जालोदगीर्णैः

યુવતિઓ બાલમાં તેલ ફુલેલ ધરેલ જાળિમાંહેથી
મારશે મ્હેંક તુજને થશે સુખ એથી. ૭૮
નાચશે કળાયેલ મોર ટોહુના શોર બંધુભાવેથી
કરશે હર્ષ ત્યાં થશે ગમ્મત રહેજેથી. ૮૦
છે અગાસિ જાળી બહાર સુરમ્ય અપાર તહીં મદમાતી
સ્ત્રીના રાતા પગપડયા દીધાથી. ૮૧
છે પડયાં કુસુમ ઓચારાં, ખુશબોદાર જહીં ભભકતાં
ત્યાં ખમી થાક ઉતાર નગરશ્રી જોતાં. ૮૨

મૂળમાં "કેશસંસ્કાર માટેના જાળીને માર્ગેથી નીકળતા ધૂપથી પુષ્ટ થયેલા શરીરવાળો, ભવન શિખીઓએ જેને મિત્રપ્રેમથી નૃત્યનો ઉપહાર ધર્યો છે એવો તું, પુષ્પસુવાસિત અને સુંદર સ્ત્રીઓના પદરાગથી અંકિત તેમનાં ભવનોની શોભાને જોતો માર્ગનો થાક ઉતાર જે. "એ સાથે તુલનામાં અનુવાદક શિથિલ છે. એથી અનુવાદકની પદ્ધતિનો ખ્યાલ પણ આવી

જય છે. શ્લોક ૩૭નું ભાષાંતર શિથિલ છે. તેમાં ઘણું છોડયું છે.

શ્લોક ૩૮ पादन्यासै०

એ સમે નૃત્ય ત્યાં કરે ગુણીકા ધીરે ઝાંઝરો ઝમકે,
ઢાળતાં ચમર શંભુને કંકણો ઝણકે. ૮૮
આ શ્રમ હરવાને કાજ યાર મહારાજ! પ્રેમદાઉપર,
કર શિતળ બિંદુની વૃષ્ટિ ધીમિ અતિસુંદર. ૮૯
કામાં તુજ નેત્રોથકી તુજપર નકી કટાક્ષો કરશે.
જ્યમ ભ્રમર પંકિત ખિલિકમળ નીકળે હરખે ૯૦

રેખાંકિત ખંડો पादन्यासैः, क्वणितरशनाः, ના અનુવાદ છે તે નિર્બળ છે. रत्नच्छायाखचित वलिभिः છોડયું છે. પં. ૩-૪નો અનુવાદ શિથિલ અને પ્રસ્તારી છે. અહીં તો મેઘને જાતે બિંદુવૃષ્ટિ કરવાનું સૂચન છે. ત્યાં વર્ષાનાં નખથી તેઓ સુખદ બિંદુઓ પામીને એમ કહયું છે. છેલ્લો રેખાંકિત ખંડ ઉમેરો છે.

શ્લોક ૪૨ तस्मिन्काले० મૂળ છે. "તે કાળે ખંડિતા નારીઓનાં આંસુ પ્રણીયીઓ શાંત કરતા હોય છે. તું સૂર્યનો માર્ગ જલદી છોડી દેજે. તે પણ કમલિનીના કમળવદન પરથી ઝાકળ રૂપ આંસુને દૂર કરવા પાછો વળેલો હોઇ, તું એ તેના "કર" રોકશે તો તે ઓછો દ્વેષ નહીં કરે" — તે બદલે

યારો આવીને સાથ ન મળતાં વાત થઇ મનભંગ,
ગામે પ્રમદા આંસુડાં થઇ મન ભંગ. ૯૮
તેને મનાવવા કાજ, યાર મહારાજ! સવારે જાય,
નહીં વધારવું અંધારું અસુર બહુ થાયે. ૯૯
નલિનિના કમળ મુખના હિમાશ્રુ ઘણાં કરથી લુવાને,
પરદેશથી આવે રવી ઉતાવળ કરિને. १०००
આડો આવીશ આવાર સૂર્યને યાર! તે ગુસે થાશે

પ્યારિસંગમાં વિઘ્ન સહન કો કરશે. १०१

અનુવાદમાં કેટલા ઉમેરા અને ફેરફાર કરવામાં આવ્યા છે, તેનો આ સુંદર નમૂનો છે. શ્લોક ૪૬-૪૭ માં પણ એજ દશા છે.

શ્લોક ૫૨ हित्वाहालाम्

કૌરવપાંડવ સંગ્રામ થાતાં બળરામ ઉભયપક્ષોમાં,
દેવી તે કોને મદદ મુંઝાઇ મનમાં ૧૨૨
જઇ રહ્યા સરસ્વતિ તીર, સેવ્યું શુભનીર, સેવતું હર્ષે
થઇ શુદ્ધાંતર વર્ણે કૃષ્ણ રેશે ૧૨૪

રેખાંકિત પદો ઉમેરા છે.

શ્લોક ૬૩ हित्वा तस्मिन्॰

કાઢિને ભુજંગકંકણો હસ્તમાજીનો ગ્રહી ઇશ્વરજી,
ક્રીડાર્થે મણિતટ જશે સઘેથાવું જી.
જળ તણો કરી અટકાવ પગથિયાંભાવ થકો થા સર્વે,
તું થઇશ સફળ માબાપ તણાં પગપડવે.

રેખાંકિત પદો મુળનો અર્થ આછો જ આપે છે. ઉત્તરમેઘ શ્લોક

१ – विद्युत्वन्तम्॰

આવશે એ નગરી મારિ અતિ સુખકારિ રમ્ય દેખાતી
અલકાની શોભા ચારૂવર્ણિનથી ક્ષતી ૧૫૭
વીજળી છે તારી પાસ સુંદરી ખાસ તહાં મ્હાલે છે,
છે ઇંદ્ર ધનુષતુ જ તહાંરંગ સોહે છે. ૧૫૮
ગર્જના થાય છે તારિ પડે ત્યાં સારિ મૃદંગે થાય,
ત્હારામાં જળ ત્યહાં મણિ જડ્યા જ અમાપ ૧૫૯
તું ઉંચો છુંમાં પ્રાસાદ ગગનથી વાત કરે એ ભારી,
અલકાના મ્હેલો કરે બરાબરિ તારી. ૧૬૦

કડી ૧૫૭ ઉમેરો છે. स्निग्धगंभीरघोषम्
અને संगीतायप्रहतमुरजा: નો રેખાંકિત અનુવાદ
નબળો છે. "તું છું" વ્યાકરણદુષ્ટ છે. भ्रलिहागा માટે
: રેખાંકિત ૪: છે. અનુવાદ "એવો" જ, મૂળના ધ્વનિ અને
કલ્પનાને હાનિકારક પ્રયોગો પણ એવા મળે છે. જેમ કે
શ્લોક ૪ यस्यायंज्ञा:०

થાય છે મૃદંગ અવાજ મધુર ધનરાજ હર્મ્યમણિવાળાં,
તારા તેજે થઇ ફુલનિ ખુબિખુશનુમા. ૧૬૭
બેસિ ત્યાં યક્ષસ્ત્રિ સાથ ભીડિને પ્યાલા મોજ માણે છે,
કલ્પવૃક્ષના મધની ઝુક ઉડે છે. ૧૬૮
રેખાંકિત પદો એવાં છે.

શ્લોક ૯ यत्रस्त्रीणाम्०

બાથભરી ખુબ પિયુપ્રિયા સુરતની ક્રિયા કામવશ થઇને,
કરતાં થાયે શ્રમ દિલે તેહ હરવાને. ૧૭૫
ગેરહાજરીમાં તારિ માલિકા સારિ ચંદ્રકાંતોની,
હેરે જે શશિકપર્ણે ઝરે જળ એની. ૧૭૬

અહીં પણ રેખાંકિત પદો હાનિકારક છે. મૂળનો અર્થ પણ
ઘણો ઓછો ઉતરે છે. લાલિત્ય પણ નથી. અનુવાદ
અસંતોષકારક છે. तन्तुजालावलम्बा: નો
અર્થ ભાગ્યે જ આવે છે.

શ્લોક ૧૨ वासश्चित्रं०

કાંચળી લપેટાતણી જડી રત્નની ઢાંકવા સ્તનને,
ઘાઘરાપાટ ઓઢણી જરકશી સ્તનને. ૧૮૩
નથી કર્ણફુલનો હાર સ્તને રહેનાર યાર! મોતીના,
તુશિ ઝરમર હીરે જડી જેહમાં ન મણા. ૧૮૪
રત્નમાં જડયાં કંકણો જેહનો ઘણો પડે છે પ્રકાશ,
અણવટ વિંછિયા નેપુરો સ્વર્ણનાં ખાસ. ૧૮૫

ફુલેલ તેલને ફુલ સુગંધિ મૃદુલ બાલમાં ધરવા,
૫ પીવાને ઉંચડું મધ કટાક્ષો કરવા. ૧૮૬
રક્તરંગ પગરંગવા એમ નવનવાં અનુવિધ ભૂષણ,
આપવાને આવે ત્યાં કલ્પતરૂ અનુપમ. ૧૮૭

કડી ૧૮૩ वासश्चित्रं નો અનુવાદ છે. રેખાંકિત ૨-૩-૪ પ્રસ્તાર છે. પોતાના જમાનાનાં વસ્ત્રાભૂષણોનાં નામ અનુવાદકે ગણાવી નાંખ્યાં છે, તે બરાબર નથી. જેમ અલકાવર્ણનનાં શ્લોકોમાં તેમ યક્ષધામના વર્ણનમાં પણ અનુવાદક છોડતા ઉમેરતા ચાલ્યા જાય છે. તે મૂળનું વાસ્તવિક અને વફાદાર ચિત્ર ભાગ્યે જ પૂરૂં પાડે છે.

શ્લોક ૨૨ तन्वीश्यामा० અનુવાદકોની કસોટી કરે તેવો છે. તેનો અનુવાદ પણ શિથિલ અને પ્રસ્તારી થયો છે.

જેણિનાં ગાત્ર કુમળાં ગૌર નિર્મળાં ઘણાં છે ભાઈ!
દંતપાસ દ્રાડમ તણી પ્રભા જ હરાઈ,
પરવાળા જેવા હોઠ નહીં કૈં ખોટ કાઢવા જેવી
નાજુક ગાલે ફિક્કાશ વ્રેહથી આવી,
જેણિના ચંચળનેત્રનું તેજ કારમું જ દેખ્યું જતાં
જઈ રહયાં વને મૃગબધાં અદેખાં થાતાં,
સિંહના જેવી પાતળી કેડ છે ભલી શોભતું છે ઉર
કઠણાઈ પુષ્ટતા વડે સ્તનો છે ભરપૂર,
ગજગતી સમાન જાતી પાશ્રમલયંતી એવી બિજિ પ્રતિમા
સર્જવા જરા સમરથ્થ થયો નહીં બ્રહ્મા.

મૂળ છે." કૃશાંગી, યૌવનમધ્યસ્થિત, અણિયાળા દાંતવાળી, પાકાં બિંબફલજેવા હોઠવાળી, મધ્યમાં કૃશ, ચકિત હરિણી જેવાં નેત્રોવાળી, ઉંડી નાભિવાળી, શ્રોણીભારે ધીમી ચાલતી, સ્તનોને કારણે જરાક નમેલી, એવી સ્ત્રીઓના વિષયમાં બ્રહ્માના સર્જન જેવી તે છે." તેમાં સ્ત્રીવર્ણનો અન્યસ્થળોએ કરાયાં હોય તેમાંથી પણ અનુવાદકે ઘણું ઉમેર્યું છે.

શ્લોક ૩૪ जानेसख्याः०

કેવો છે પ્યારિનો નેહ મુજપર તેહ જાણુ મુજને છે,
માટે વિરહસ્થિતિ તેનિ તને મેં કહિ છે. ૨૪૦
વાયડાઇ કે ગરૂરાઇ રખે ઓભાઇ! ધારતું મારી,
જોતાં નજરે [illegible] થાશે જ ખાતરી તારી. ૨૪૧

રેખાંકિત અસુભગ છે. મૂળનું ઘણું છોડ્યું છે. અનુવાદ નિર્બળ અને અસંતોષકારક છે. શ્લોક ૩૯ના અનુવાદમાં अविघ्ये, विभ्रमाम्बुवाहम्, पथिश्राम्यताम् છોડ્યાં છે. બીજી અને ચોથી પંક્તિઓ પણ, જો કે ચોથીનો અર્થ કંઇક ઊતરે છે ખરો. અનુવાદ નબળો.

શ્લોક ૪૪ श्यामास्वङ्गम्

તુંજ અંગ કુમળિવેલમાં મયુરપિચ્છમાં કેશનો પાશ
જોઉં ચંચળ દૃગ બાલહરિણીની પાસ ૨૫૯
નહિ કલ્લોલોમાં ખાસ સુભૃકુટિવિલાસ જોઉં હું તારા,
તુજ મુખ ચંદ્રમાં જુએ નેત્ર આ મારાં. ૨૬૦
એ રીતે જુવજુવે સ્થળે ગુણતુજમળે પ્યારિ તે જોતાં,
પણ એક જગે સહુ ગુણો નથી દેખાતા. ૨૬૧

મૂળની કલ્પના અને શબ્દની કમનીયતાનો પડઘો અત્યંત આછો પડે છે.

શ્લોક ૪૯ नन्वात्मानम्०

થાય છે અપાર જે દુઃખ પુર્વનું સુખ યાદ તે કરિને
લાંબી આશાએ સહું ધીર તે ધરિને,
તું પણ ડાહી છું મારિ વિવેકી પ્યારિ કહું શું તુજને?
મૃદુભાષિણિ ડાપણવડે સ્મિત દે દિલને
નથી હોતું હમેશાં દુઃખ અને વળિ સુખ મનમાં જાણે,
ચડતી પડતી થાય છે ચક્ર પરમાણે.

પંક્તિ ૧-૨નો બે કડીમાં પ્રસ્તારી અનુવાદ છે તો સુંદર અર્થાન્તરન્યાસ અને તેની પહેલાંની પંક્તિનો અતિ સંક્ષિપ્ત અનુવાદ કર્યો છે.

આમ આ અનુવાદમાં,

અનુવાદ લેખકે કરેલા ઘટાડાવધારાને કારણે રૂપાંતરનું રૂપ ધારણ કરે છે. માતૃભાષા ન હોવા છતાં ગુજરાતીમાં અનુવાદ કરવાનો અનુવાદકનો અભિનિવેશ પ્રશસ્ય છે. માત્રામેળ છંદ પસંદ કર્યો છે. સમશ્લોકીથી થતી થતી અગવડ ટાળી છે, પણ તેથી ફેરફાર ઘણા થયા છે. અનુવાદક માત્ર ભાવાર્થને વળગવાનો દાવો કરે છે. પણ તે પણ ક્યાંક ક્યાંક બદલાઇ જાય છે. ઘણા ઉમેરા મૂળના સૌન્દર્યને હાનિ કરે છે. ગૌરવ પણ અસુભગ પ્રયોગોને કારણે સચવાતું નથી. લીધેલા નમૂના પરથી યે જોડણીને છંદાનુકૂળ કરવાનો પ્રયત્ન કેવોક નીવડ્યો છે તે દેખાઇ આવે છે. આ બધું મૂળના સૌન્દર્ય, લાલિત્ય, ધ્વનિને નુકસાન કરે છે.

તો, છંદ પરનો કાબૂસારો હોવાને કારણે અનુવાદ સરળતાથી વહ્યે જાય છે. કોઇક જ જગ્યાએ ખટકો આવે છે. મૂળ કાવ્યનું ~~સર્જન~~ જ્ઞાન કે પરિચય ન હોય તેને કરેલા ઉમેરા કે ફેરફારો___નો વહેમ પણ જાય તેમ નથી. કાવ્યના વિષયનો તો આથી પણ ખ્યાલ આવે છે, પણ તુલના કરતાં નિરાશાનો અનુભવ થાય છે. એથી આ રૂપાંતર કલ્પ અનુવાદ સામાન્ય જ ગણાય.

(१७०१९८) ८९४ :अ:

"સુદર્શન"ના વર્ષ ૧૦ના અંકમાં પૂર્વમેઘનો એક અનુવાદ "મળેલું" એ શીર્ષક હેઠળ આપવામાં આવ્યો છે. તે સમશ્લોકી છે. સુદર્શનમાં શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદી ઘણી વખત કાવ્યો વગેરે "મળેલું" એ રીતે છાપતા. તેમાં કેટલાંક તો એમનાં પોતાનું કાવ્યો પણ રહેતાં, પણ આ અનુવાદ તેમનો હોય એમ લાગતું નથી. શ્રી હ. હ. ધ્રુવનો અનુવાદ તે આ હોઇ શકે કે કેમ તે પ્રશ્ન છે. અત્યારે તો તે કોઇ અજ્ઞાત અનુવાદકનો છે એમ માનીને ચાલવું તે જ યોગ્ય લાગે છે. માસિકના અંકોમાં છપાયો હોઇ તેને વિષે કોઇ પ્રસ્તાવના કે અન્ય કાંઇ ચર્ચા-વિચારણા પણ દેખાતી નથી.

શ્લોક ૧: कश्चित्कान्ता ०

કોઇ કાંતા વિરહ ગુરુવા, વર્ષના સ્વામી શાપે,
કામે ઢીલો વગર ફિકરે, આથમતે પ્રતાપે,
સીતાસ્નાને જલપુનિત ત્યાં વાસયક્ષે કિધો છે,
ઘાડી છાયા તરુ તણી તહિ રામગિર્યાશ્રમોએ.

શ્લોક ૨: नीत्वामासान् ०

કાઢ્યા ત્યાંહી કંઇક મહિના પર્વતે કામભોગે,
ખાલી કાંડે, કડુ સરિજતાં, હેમ કેરું, વિજોગે,
ત્યાં આષાઢિ ઉજળિ પડવે મેહુલો ટુંક ઝૂક્યો,
દીઠો તેણે ટકર કરતો હાથિયો હોય ઢૂક્યો.

આ બેઉ શ્લોકોના અનુવાદમાં રેખાંકિત ૧. गुरुणा માટે છે. ૨. स्वाधिकारात्प्रमत: માટે છે, ૩. વધારાનું છે. ૪. वामी માટે છે. ૫. प्रथमदिवसे માટે છે. ૬. वप्रक्रीडापरिणतगज प्रेक्षणीयम् માટે છે. ને બધા પર્યાયો નબળા છે. પ્રેક્ષણીય શબ્દનો અર્થ છૂટી ગયો છે. अबला विप्रयुक्त: માટે ~~માટે~~ "વિજોગે" કરે છે. જોડણી છંદાનુસારી છે. તેને કારણે અનુવાદ અસુભગ લાગે છે. ક્યાંક "આષાઢિ" જેવામાં તો તેને હ્રસ્વ કરવાની જરૂર નથી.

છતાં કર્યો છે. હકીકતમાં આ અનુવાદ મૂળની ચારુતા અને અર્થની બધી છટા પ્રગટ કરતો નથી એ તેનું સામાન્ય લક્ષણ આ બે શ્લોકોમાં પણ પ્રગટ થાય છે.

શ્લોક ૩: तस्यस्थित्वा ०

કેમે કેમે દૂત ધનદનો તે અભીલાખ કારી,
પાસે ઉભો ચિતચિતવતો થંભતું આંસુ ધારી;
થાયે હેયુ કંઇ કંઇ બિજું મેઘ નિર્ખી સુખીનું,
આઘે હોયે, હૃદય ભિડવા ચાય તેનું શું કે'વું

મૂળ છે: " તે કૌતુકાધાન મેઘની આગળ મહાપ્રયત્ને ઉભો રહીને રાજરાજેશ્વર કુબેરના તે થંભાવેલાં આંસુ વાળો અનુચરે, લાંબો સમય વિચાર કર્યો. મેઘનાં દર્શન થતાં સુખીઓનાં ચિત્ત પણ અસ્વસ્થ થઇ જાય છે. તો કંઠે ભેટવા ઇચ્છતો પ્રણયી દૂર હોય તો તો કહેવું જ શું?" તુલના કરતાં જ મૂળનો અર્થ કેવો તો આછો આવી શકે છે તે જણાય છે. તે ઉપરાંત જોડણીની અવ્યવસ્થા તો છે જ.

શ્લોક ૫: धूमज्योतिः ०

ધૂણી પાણી હુતિ પવનનો મેહુલો ક્યાં જથોને,
ક્યાં સંદેશા જનસબળથી મોકલાવા કહો એ?
ઉત્કંઠાથી મન નહિ ગણ્યું માગ્યું તે પાસ યક્ષે,
હોયે ક્યાંથી જડ અજડનું કામિને ભાન લક્ષે!

રેખાંકિત એક અસુભગ છે. ૨. संनिपातः માટે છે. ૩. पटुकरणैः માટે નિર્બળ છે. ૪. "યક્ષે તેની યાચના કરી" માટે છે. પંક્તિ ૪નો "કામથી આર્ત માણસો સ્વભાવથી જ ચેતન અને અચેતનમાં કૃપણ હોય છે" નો અર્થ આછો આવે છે. તે પંક્તિ પણ નિર્બળ જ છે.

શ્લોક ૬: मन्दं मन्दं ०

ધીમો ધીમો પવન ફરકે એ તુને સાનુકૂળો!
બોલે ડાબો તુજ મધુરઆ ચાતકો ગર્વફૂલ્યો!

શ્લોક ૨૦. तस्याः तिक्तम् ०

તેનું તીખા વનગજ મદે મ્હેકતું પાણિલેઇ,
જંબૂ કુંજે સ્ખલિતગતિનું ઝાપટું જતું દેઇ,
અંતર્ભારે ઝિલિ ન શકશે મેહુલા વાયું તું નેઃ-
થાયે ખાલી સઘળું હળવું પૂર્ણતા ભાર ઝીલે.

રેખાંકિત ૧. પાણી માટે છે. ૨. तोयमादायगच्छेः માટે ઉંધો અર્થ કરે છે. ૩. तुलयितुमलम् માટે છે. તે બરાબર અર્થ આપતું નથી. ૪. "પૂર્ણતાથી ગૌરવ મળે છે" માટે છે. અનુવાદ નિર્બળ છે.

શ્લોક ૨૧ नीपंदृष्ट्वा ०

પીળું કાળું અરધ ઉગતે કેસરે ભાવી નીપ,
આખી ટોચો શરૂ પ્રખીલતા તીર કેરી સમીપ,
ઝાઝો મીઠો લઇ ધરણી(ણિ:)નો ને અરણ્યે ય વાસ,
રસ્તો તારો જળટપકતા દાખશે કાળિયાર.

રેખાંકિત ૧. કદલી માટે છે. તે "શરૂ"નો છોડ નથી: ૨. જોડણી "ધરણિ" બરાબર નથી. ૩. માં જળ ટપકતા કોનું વિશેષણ છે તે સ્પષ્ટ થતું નથી. તે મેઘનું વિશેષણ છે. ત્યાં મૂળમાં जललवमुचः પદ છે. કાળિયારને લાગુ પાડવાનો ભ્રમ થાય એ રીતે વાપર્યો છે. વળી મૂળમાં ભૃંગ, હરણ અને હાથી એ ત્રણે અર્થો ત્રણ જુદી જુદી પંક્તિમાં કવિ સૂચવે છે. અહીં તે બધો અર્થ ધ્વનિં પણ પ્રગટતો નથી.

શ્લોક ૨૬ - કડી - ૨૮ :બે કડી વચ્ચે વધારાની છે તેમાં કડી ૨૧ માટેનો મૂળ શ્લોક નિર્ણયસાગર પ્રેસની આવૃત્તિમાં આપ્યો નથી. એક ક્ષેપકની છે:.

विश्रान्तः सन् ०

સીંચતો જ નવજળ કણે બાગના જૂઇકેરાં
વીસામો લે ફુલવનનદી કાંઠડે એ ઉભેલાં,
કાન ધાલ્યાં કમળ કુમળયાં સ્વેદગાલેથિ લ્હોતાં,
છાયા આપે ઘડી પરિચયે માલણાનાં મુખોમાં.

રેખાંકિત ૧. यूथिकाजालकानि માટે ખોબળ છે.
૨. "કુમળાં" માટે છે. બેઉ અસુભગ અનુવાદ અલલિત છે.

શ્લોક ૩૧. प्राप्यावन्तीन् ०

ગ્રામે ઘેડીં ઉદયનકથા – જાણ ત્યાં જે અવંતી
પ્રૌઢીજાતું પ્રથમ નગરી શ્રી વિશાલા કહેલી,
થોડાં થાતાં સુચરિત ફળો દેવતા ભૂમિ આવ્યા
બાકી પુણ્યે સ્વરગથિ ઝુલે ખંડ કૈં એક લાવ્યા.

રેખાંકિત ૧. વૃદ્ધજનો માટે છે. ૨. 'कान्तिमत्' ખંડ છોડયો છે. મૂળનો શ્લોક સુંદર છે. તેની શબ્દરચના અત્યંત મધુર છે. તેનો અહીં પડઘો પડતો નથી.

શ્લોક ૩૧ પછીના ત્રણ શ્લોકોને ક્ષેપક ગણ્યા છે. જો કે તેનો અનુવાદ તો કર્યો છે. તે છે हारस्तारां० प्रद्योतस्य० અને यत्रश्यामाः . આમાં કોઇએકને તો કોઇ પહેલા બેઉને ક્ષેપક ગણે છે. ત્રીજો શ્લોક કેટલાકે ઉજ્જયિનીના વર્ણનમાં લીધો છે ખરો, પણ તેનો સંબંધ અહીં બરાબર બેસતો નથી. ઘણા તેને અલકાના વર્ણનમાં ગણે છે અને ત્યાં તે બરાબર ગોઠવાઇ જાય છે. પરંપરા પ્રમાણે ઉજ્જનના યોદ્ધાઓને રાવણસાથે સંબંધ નથી. તે તો અલકાના યોદ્ધાઓને છે, માટે તે ગોઠવણ જ બરોબર લાગે છે. આથી કાલેની આવૃત્તિનો શ્લોક ૩૫ जालोद्गीर्णैः૦ અહીં ૩૩મો કડી બને છે.

વાધ્યો બાંધો કુરલિલપટે જાળીથી વાળ ઓળયે,
બંધુસ્નેહે નૃતનિ ઘરના મોરથી ભેટ પામ્યે,
શોભા જોતો લલિતરમણિ ચર્ણરંગે રસીલા,
મ્હેલે થાકે વિસર પથનો ફુલ મ્હેં ક્યા અહિંના.
રેખાંકિત ૧. उपचितवपुः માટે છે. ૨. जालोद्गीर्णै०
केशसंस्कारधूपैः નો અર્થ બરાબર આવતો નથી. ધૂપ:
માટે લપટ અર્થ તો ખોટો છે. અગ્નિની જ્વાળાને માટે
તે શબ્દ વપરાય છે. અહીં તો ધૂપ જાળીમાંથી બહાર
નીકળે છે. એવું કહેવું છે. પં. ૩નો પૂરો અર્થ આવતો નથી.
પં. ૪નો અન્વય અસ્વસ્થ છે.

શ્લોક ૪૩ (નિર્ણયસાગર) तत्रस्कन्दं ०

ત્યાંહિ સ્કંધે કિધ વસતિને, મેહુલા ફુલવાળો
તું સ્વર્ગંગા જળભિભિનિથી પુષ્પવૃષ્ટે ન્હવાડો!
રક્ષા માટે સુરપતિ તણી સેનની ચન્દ્રચૂડે,
ઢાંકે સૂર્યે શું અગનિમુખે તેજ તે સાંભર્યું છે.
રેખાંકિત ૧. અશુદ્ધ છે. ૨. જોડણી માટે ખરાબ, ભિનિથી
માં તૃતીયાનો અર્થ સ્પષ્ટ થતો નથી. ૩. ક્રિયાપદ
આજ્ઞાર્થમાં છે. "ન્હવાડ" પણ ચાલે. ૪. શંકરે ને માટે છે.
૫. પ્રયોગ અસુભગ છે. ૬. સાંભર્યું, મુક્યુ ના અર્થમાં કૈંક
વધારો સારું થાય.

શ્લોક ૪૪ કડી ૪૫ ज्योतिर्लेखा ०

જેનુ જ્યોતિલકિર રસિયું પીંછું ખર્તું ભવાની,
કાને ધાલે કમળ દળત્યાં પ્રીતિયે બાલુડાની,
શ્વેતાપાંગો હરશશિધરે સ્કંદના મોરને તે,
ગ્હાડે પેસી પછિ નચવજે ગાજવે તું વધેલે.

રેખાંકિત ૧. वसति માટે છે તે એવું જ. લકીર શબ્દ રેખાના અર્થમાં ફારસી-અરબી મૂળનો છે. તે અહીં તો તદ્દન અસુભગ લાગે છે. ૨. "ખરતું" માટે છે. ૩. "કુવલયદલ"માટે છે. કમળ અને કુવલય બે જુદી જ જાતિ છે. ૪. "પુત્રપ્રેમે" માટે અસુભગ પ્રયોગ છે. ૫. મોરનું વિશેષણ છે તેને "ઓ"કારાન્ત કરવાનો હેતુ અગમ્ય છે. – સિવાય કે છંદને કારણે તેમ કર્યું હોય. તોયે તે અસુભગ તો છે જ. પંક્તિ ૪નો અન્વય અસ્વસ્થ છે.

શ્લોક ૫૦ तस्माद् गच्छेः ०

ત્યાંથી જાજે કનખલ જહિં શૈલથી ઉતરેલી,
જહ્નુ કન્યા સગરસુતની સ્વર્ગ સીડી થયેલી,
ગૌરી મ્હોંની ભ્રકુટિરચના જેહસે ખૂબ ફેણે,
ઈંદુ ર્હોંચી કરમિથિ જટા શંભુની ઝાલીએણે.

એકંદરે સારો ગણી શકાય તેવો અનુવાદ છે. જો કે રેખાંકિતમાં "મ્હોં"જોઈએ તે કાંતો ભૂલ છે કાં મુદ્રારાક્ષસનું પરાક્રમ છે.

શ્લોક ૫૬ शब्दायन्ते ०

પુરાઈને મધુર અનિલે વાંસ શબ્દો કરે છે!
ગાયે ગીત ત્રિપુરવિજયી કિન્નરી એકઠી એ!
ત્યાં જો થાશે તુજ સુરકદિ કંદરે શો મૃદંગ!
પૂરું થાશે પશુપતિ તણું ત્યાં બધું સંગીતાંગ!

મૂળ શ્લોક સુંદર છે. શબ્દ રચના પણ સુષમાભરી છે. અહીં પંક્તિ ૩માં અન્વય અને અર્થબેઉ અસ્પષ્ટ અને અવ્યવસ્થિત બને છે. ગર્જનાને "સુર"કહે છે. તે ખોટું છે. "કંદરામાં" માટે "કંદરે"નો પ્રયોગ પણ સમુચિત નથી. ચોથી પંક્તિમાં "સંગીતાર્થ" માટે "સંગીતાંગ" કરે છે અને તેને માટે વિશેષણ અને ક્રિયાપદની જાતિ બદલી છે.

શ્લોક ૫૯ उत्पश्यामि ०

તાજા ખાડા ગજટકરથી એ પડતાં ય ધોળો,
જાઉ તેની નિકટ તુજ તો શામળો કાજળો શો।
શોભા થાશે અનિમિષ દગે પ્હાડની નીર્ખવાથી
ખાંધે રાખ્યા ધરી હળધરે ખેસ સે શામળાશી.

~~ટિપ્પણ~~ રેખાંકિત ૧. "હાથીના તાજા વહેરેલા દંતુશળ જેવા શ્વેતરંગના :પર્વત:" એ અર્થમાટે છે. "ટકર"નો અથ વિચિત્ર કર્યો છે. તે અપરિચિત પણ છે. રેખાંકિત ૨માં છંદમાં ભૂલ છે. ૩, ૪, ૫, મા "ઓ"કારાન્ત નિરર્થક - અસુભગ પણ છે. ૬માં શબ્દને મચડ્યો છે. ૭-૮માં "વાસસી" માટે "ખેસ" કરે છે તે ય નિર્બળ છે. ૯માં "શ્યામ" માટે "સામળા" કરે છે તે શુધ્ધ ન ગણાય.

શ્લોક ૬૦ કડિ ૬૧ हित्वा तस्मिन् ०

ક્રીડાશૈલે સરપનું કડું કાઢી દે હાથ હાથે,
પોતે ચાલે પગથિ તણિજો પાર્વતી શંભુસાથે,
તું થંભાવી જળ ભિતરમાં ટૂકટૂકો બની રે,
સીડી ભાવે મણિતટજવા આગળે સંચરી રે।

અહી પંક્તિ૧. ૨. માં "શંભુ ભુજગનું વલય તજીને પાર્વતીને પોતાનો હાથ પકડવામાટે ધરે છે" તે અર્થ સ્પષ્ટ થતો નથી. રેખાંકિત પગથિમાં "રૂપ"ને માટે છે. મૂળનું લાલિત્ય આછું જ ઉતરે છે. આમ નમૂના રૂપે થોડાક શ્લોકો જોતાં પણ અનુવાદની કક્ષાનો ખ્યાલ આવે છે. પર્યાય પસંદગીએ પણ અનુવાદકને ઠીક ઠીક તાવ્યા છે. કડી ૪માં શ્રાવણ માટે શ્રાવણો, અને પંક્તિ ૪મા "મકલઇ"નો પ્રયોગ - જેને માટે મૂળ છે प्रीत: તે નિર્બળ છે. કડી ૬માં "કુળપ્રગટ્યો", कामरूपं માટે મોજી, ધનદ માટે ધનવન, "ધોળીધારે હરશિરતણી બાગમાં જ્યાં હવેલી"

જ્યાંના હમ્ર્યો ભગવાન શંકરના મસ્તક પરની ચન્દ્રિકાથી હમેશાં ધોવાય – રંગાય છે" માટે બરાબર નથી. શુષ્ક છે. पराधीनवृत्तिः માટે "પારકે હાથ હાથે", श्रोत्रपेयम् માટે "કાન માંડી", ~~श्रोत्रपेयम्~~ विलयन ~~वृत्तिः~~ માટે "ટુક", "આ" માટે "તે", परिहरन् માટે ફેહરતો" વ્યતિકર માટે "મળીગઇ", आपत्यस्यते માટે "લહેશે" – જેનો અર્થ સમજવું" પણ થાય, કૃષિ માટે કૃષિ, જનપદવધૂ માટે "ખેડુરાણી" માલ માટે 'માળ', ઝડપી માટે 'ઝડપ,' આસાર માટે 'ઝાપટું, ~~ઉપ~~ ઉપપ્લવ માટે 'દવઅનળ,' સ્નિગ્ધવેણીના જેવા રંગના – માટે 'ભીનીલટ સમ,' પર્વત માટે 'ડુંગરા,' ભોગવી માટે 'ભોગવ્યા,' વિશીર્ણારિવામ્ – બે શબ્દોને જુદી જુદી પંક્તિઓમાં મૂકે છે અને વચ્ચે ઘણાંક પદ આવે છે એવી ક્લિષ્ટ અને અસ્વસ્થ અન્વય રચના, कथमपि માટે 'દુઃખે દુઃખે,' મોરના ટહુકા માટે "ટેહુ", बलिभुजाम् માટે 'પંખિડાથી,' ઉત્તર દિશા માટે ઉત્તરા દિશ, ઉજ્જયિની માટે "ઉજ્જણી", અગાશી માટે 'મથાળાં,' "ફાંસુ ફૂલ્યો", જેવા અસ્પષ્ટ અર્થવાળા શબ્દો, मदसलम् માટે મદથી ગળ્યું" જેવો પ્રયોગ, चाटूकार માટે 'પ્રાર્થના વા ક્યરાગી,' [illegible] માટે "ભુકિ" :ભૂક્કીઃ ફક્ત માટે 'ફકત,' શ્યામ માટે સામળા, સુધી માટે સુધિ, ઉધિ, કટાક્ષો કરશે' માટે "અદા", 'કરશે' માટે 'કર્શે,' ત્યાંહી માટે ત્હાંહિ, મોતીઓનો હાર માટે 'મોતિકંઠો,' દશપુરની સ્ત્રીઓનો માટે 'દશપુરનિતાં,' પૂઠે માટે પુઠે, ઓળખશે માટે ઉરખશે, જેવા સંખ્યાબંધ પ્રયોગો એનો પૂરાવો છે.

આમ આ અનુવાદમાં

: ૧: જોડણી છંદાનુસારી કરી છે તેને પરિણામે અનેક શબ્દોની જોડણી વિચિત્ર બની ગઇ છે. તેમાં હ્રસ્વ અને દીર્ઘ

ઇ અને ઉની અવ્યવસ્થા તો છે જ, પણ તે ઉપરાંત શબ્દોના રૂપમાં પણ તોડફોડ કરી છે. વરસીને બદલે 'વર્સી' જેવા પ્રયોગો કરે છે. એ મૂળ જોડણી રાખીને લીધેલી છૂટ બતાવતાં ચિહ્નો કર્યાં હોત તો આટલું ખટકત નહિ.

: ૨: અન્વય ઘણી ~~અ~~ જગાએ અસરળ છે. બે સાથે જતા શબ્દો વચ્ચે કોઇવાર ઘણા શબ્દો આવી જાય છે.

: ૩: પર્યાયપસંદગી પણ ઘણે સ્થળે સુભગ નથી.

: ૪: શબ્દ, અર્થ, અલંકાર અને વર્ણ તથા સ્વરની મૂળની સુષમાયુક્ત રચનાનો પડઘો ઘણો જ આછો પડ્યો છે. તેથી મૂળના લાલિત્યને પણ ભારે હાનિ પહોંચી છે. તેથી અનુવાદ અસંતોષકારક રહે છે. કોઇક શ્લોકનો અનુવાદ સારો થયો હોય તોયે તે અપવાદરૂપ છે.

શ્રી મ. ગ. પંડિત

પ્રકાશક ખંભાત પુસ્તક પ્રસારક મંડળી: ૧૮૯૬:

મેઘદૂતના ગુજરાતીમાં બે અનુવાદ ગદ્યમાં થયા છે, તેમાં એક આ છે. અને બીજો શ્રી મહાશંકર લલ્લુભાઇ ભટ્ટ સોખડાવાળાનો છે. આ અનુવાદક સંસ્કૃતના સારા અભ્યાસી ~~લાગે~~ છે. અર્પણ, પ્રસ્તાવના અને અનુવાદની ભાષા પણ સંસ્કૃત મય છે. અર્પણ કર્યું છે શ્રીકૃષ્ણ પરમાત્માને.

પ્રયોજનમાં લેખક જણાવે છે "કવિ કુલભુષણ કાલિદાસનો અવિચળ કીર્તિને કારણરૂપ તેમના અનેક વિશ્વવિખ્યાત ગ્રંથોમાં મેઘદૂતની મોહનીથી કોણ સુહૃદ્ સજ્જન અજ્ઞાન છે. સંસ્કૃત સજ્જનોના રસિક હૃદયમાં વસી અવર્ણનીય આનંદ આપનાર મેઘદૂત કાવ્યે દેશીવિદેશી વિદ્વાનોમાં ચિત્તને અનેક ભાષામાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દર્શન દેતાં દૃષ્ટાઓને દંગ કર્યા છે. તો પછી એ અદ્વિતીય ચિત્તકર્શક કૃતિ મ્હારા જેવાને મોહમાં મત્ત કરે તેમાં શું આશ્ચર્ય? એ મોહાધિનતાજ મ્હારા હાથે આ ભાષાંતરનું લઘુ પુસ્તક પ્રગટ થવામાં કારણભુત છે.[૧૮]

પોતે જે શૈલી પ્રયોજે છે તેને વિશે લખે છે. " આ કાવ્યમાં આરંભથી તે અંતસુધીમાં રસીક સંબોધની વાણી છે. તેમજ કાવ્ય પણ વિવિધ શ્લેષાર્થથી ભરપૂર છે. કાળીદાસ કવિના કાવ્યાદિ ઉપર પ્રસિદ્ધ વિદ્વાન શ્રી મલ્લિનાથે સંસ્કૃતમાં ટીકા : સ્પષ્ટિકરણ: કરી છે. તે ટીકાને આધારે જ મેં પણ આ ગુજરાતી ભાષાંતર રૂપ ટીકા કરી છે. તેમાં પ્રસંગોપાત મૂળ કાવ્યના જ સંસ્કૃત શબ્દોને જેવાને તેવા લાવવાની જરૂર પડી છે. તેથી વાંચનારને

૧૮: પ્રયોજન પૃ. ૪-૬

વિવિધ વિચાર આવવા સ્વાભાવિક છે. તેવા શબ્દોના ઉપયોગ કરવાથી મારા ઉપર ભલે કોઇ સરળ શબ્દોના અજ્ઞાનનો દોષ મૂકે, પરંતુ મારો તો એજ આશય છે કે ભલતી ભાષાના ભળતા શબ્દોનો ઉપયોગ કરી કાવ્યનું રહસ્ય બતાવતાં ઉલ્ટું બગાડવાજેવું થતું હોવાથી તેજ શબ્દોનો ઉપયોગ કરી પ્રચારમાં આણવા તેમજ કવિના કેટલાક આક્ષેપો મૂળમાં ન હોવાછતાં અર્થની :સુગમતાને: સરળતાને સારૂ : : આવા ચિન્હમાં તે લખ્યા છે. એટલું જ નહીં પણ ક્વચિત પ્રસંગે મૂળ અર્થનો લાભ સમજાવતાં સહજ ફેરફાર થયો હોય તો હંસક્ષીર ન્યાયે દૃષ્ટાએ દરગુજર કરવા જેવા છે.[19]" પછી કાવ્યનો વિષયસાર આપ્યો છે. ક્ષેપક ગણાયો હોય તેવા શ્લોકો છોડી દીધા છે. કવિના જન્મકાળના નિર્ણય વિષે વિચાર કરતાં તો કવિ વિષયક કિંવદન્તીનો ઉલ્લેખ કરે છે.[20] કવિ વિક્રમાદિત્યના દરબારમાં થઇ ગયા ~~વિક્રમ~~ વિક્રમ કયો તે વિષે વિચારતાં કહે છે કે તે શકકર્તા વિક્રમ નહીં, કેમકે તેના સમયમાં વિદ્વાનોને આટલું બધું ઉત્તેજન મળતું નહીં. શંકર પાંડુરંગ પંડિત અને ભાઉદાજીના મતોનો ઉલ્લેખ કરી તે ઇ. છઠ્ઠા સૈકાને કવિનો સમય માનવાનું વલણ ધરાવે છે.

કેટલાક નમૂના શ્લોક-૧ "कश्चित्कान्ता" સ્વકાર્યમાં ગફલત થવાથી, પોતાની સ્ત્રીના વિયોગથી દુસ્તાર એક વર્ષના પોતાના અધિપતિ કુબેરના શ્રાપ વડે નષ્ટ થયેલા સામર્થ્યવાળો કોઇ યક્ષ સીતાના સ્નાનથી પવિત્ર જલ તેમ છાયાપ્રધાન વૃક્ષો વાળા રામગિરિ આશ્રમમાં પોતાનું રહેઠાણ કરતો હતો."

૧૯: પ્રયોજન પૃ. ૪ અને ૬

૨૦ :

અધોરેખિત શબ્દોની જોડણીમાં ભુલ છે. તે વખતે ગુજરાતી જોડણીનું કોઇ નિશ્ચિત ધોરણ ન હતું. ભાષા શાસ્ત્રની દૃષ્ટિએ ભાષાનો વિચાર પ્રારંભિક દશામાં હતો. જોડણી વિષે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તતા હતા. મધ્યકાલિન સાહિત્યની હસ્તપ્રતોમાં પણ એજ દશા દેખાય છે. છતાં શ્રી સોખડાવાળાના અનુવાદ કરતાં આ બાબતમાં આ અનુવાદ ચડિયાતો દેખાય છે. શ્લોક ૨ तस्मिन्नद्रौ०

"તે ચિત્રકુટ પર્વતમાં સ્ત્રી વિયોગી સુવર્ણમલયના પડીજવાથી સુન્ય પોંચાવાળો તે કામી આઠ મ્હીનાગાળી અષાડ સુદ ૧ને દિવસે શિખરે બેટેલો – ખોદવાની રમતમાં વાંકા દંતપ્રહાર કરનાર મદોન્મત્ત હાથીની માફક જેવાલાયક "મેઘ" ને જોતો હતો." આમાં જોડણીની દૃષ્ટિએ ભુલો ઘણી છે. રચના પણ કંઇક કિલષ્ટ થઇ છે. શ્લોક ૩ तस्यस्थित्वा०

"તે કુબેરનો અનુચર યક્ષ પોતાના અભીલાશને ઉત્પન્ન થવાના કારણવાલા તે મેઘના સાંમે ઘણા પ્રયત્ને ઉભો રહી ઘણીવાર સુધી વિચાર્યું કે મેઘ :વર્ષાઋતુ:નું દર્શન થએ છતે :સ્ત્ર્યાદિ કુટુંબમાં રહેલ: સુખી માણસનું ચિત્ત વિકારવાળું થાય છે. :તો પછી: હંમેશાં કંઠમાં બહાંજી રહેવાની ઇચ્છાવાળો પુરૂષ દૂરદેશ રહે તે શું કહેવું? :વિરહીને એથી બીજું શું દુ:ખ ?:" રેખાંકિત સ્થળોએ જોડણીની ભુલો છે. ઉપરાંત કૌંસમાં શબ્દો મુકીને અર્થને સ્પષ્ટ કરવાની અનુવાદકની પદ્ધતિનો તે નમૂનો છે. બે શ્લોક વચ્ચેનો સંબંધ બતાવવાની જરૂર લાગી હોય ત્યાં વચ્ચે "અવતરણીકા " પણ આપે છે, જેમ કે આ શ્લોક પછી જ "અવતરણીકા – હવે સાવધાન કર્ણ વગેરેવાળો શું કહે છે તે કવિ કહે છે". શ્લોક ૧૪

અર્થ – વાયુ ચિત્રકૂટ પર્વતનું શિખર લેઇને જાય છે કે શું એવી શંકાએ ઉંચામુખવાળી દેવલોકની યુવા સ્ત્રીઓએ આશ્ચર્યકારક જેમ હોય તેમ દીઠેલા આશ્ચર્યવાળો તું લીલાનેતરવાળા આ સ્થાનથી આકાશમાર્ગે દિગ હસ્તિની જાડી સૂંઢયોવાળા વિસ્તારને નહીં ગણે તો ઉત્તરમુખ થઇ આકાશ માર્ગે ચાલ્યો જા." :અહીં મલ્લિનાથ બીજો અર્થ પણ કરે છે: "કાળીદાસ પંડિતનો સહાધ્યાઇ રસિક નિચુલ નામનો મહાકવિ પરાપાદિત કાળીદાસ પ્રબંધ દુષણનો પરીહર્તાવાળા આ સ્થાનથી નિર્દોષપણાથી ઉંચે મોઢે સારસ્વત માર્ગે કાળીદાસના પ્રતિપક્ષી દિઙ્ગનાગાચાર્યના હસ્તદુષણોને છોડી દેતો :નહીં ગણતો: પર્વત બરોબર તેનું પ્રધાનપણું પવન લઇને જાય છે કે શું? એ હેતુથી સારસ્વત સિદ્ધમહાકવિની અંગનાઓએ દીઠેલા ઉત્સાહ વાળોઉચ્ચ વધ"।।૧૪।। અહીં મૂળનો અર્થ રજૂ કરવાનો પ્રયત્ન શિથિલ છે. ઉપરાંત મલ્લિનાથે જે રૂપકાત્મક+ સૂચન કર્યું છે તેનો ઉલ્લેખ કરતા અનુવાદક ગુંચવાય છે. વાક્યોનો અન્વય ઢંગધડા વગરનો થઇ ગયો છે. આ શ્લોકમાં શ્લેષ છે, એમ માન્યા પણ તેનો રસાસ્વાદ સરળઅર્થથીએ માણી શકાય છે. કાલિદાસને શ્લેષ કરવાની ટેવ નથી. તેથી તે માનવો તે બરાબર નથી. શ્લોક ૧૫

"આ રાફડાથી :મ્હોટાટેકરાંથી: પદ્મરાગમણીનારંગ જેવો એવાલાયક ઉગતા ઈન્દ્રના ધનુષના કકડાથી સ્ફુરિત કાંતિવાળા મોરના પીછાંથી ભગવાન કૃષ્ણનું જેમ, તેમ ત્હારું શ્યામ શરીર ઘણી શોભાવાળું થશે.

ઉત્તરાર્ધમાં વાક્યરચના કિલષ્ટ છે. શ્લોક ૨૦ तस्याः तिक्तैः

"હે વાંતવૃષ્ટિમેઘ, વનગજેના તિખા રસવાળા મદોથી સુગંધી અને લતાગ્રહો :આ અટકાવ: વડે ધીમા

વેગવાળું તે રેવાનું પાણી પીને તું જજે, એટલે મધ્યે બળ :સાર: વાળા તને આકાશવાયુ તેમજ શરીરસ્થળ વાયુ તોલવાને શક્તિમાન નહીં થાય. કારણ સાર :બળ: શુન્ય સર્વકોઇ લઘુ થાય છે. પરંતુ સારવત્તા ગુરૂપણામાટે છે." આમાં કુંજ प्रतिहतरयम् નો અર્થ ખોટો કર્યો છે. શ્લોક ૩૫ पादन्यासैः
"ત્યાં સંધ્યાકાળે ચાલવાથી ખડખડતા કંદોરાવાળી વિલાસપૂર્વક હલાવેલા રત્નોના પ્રતિબિંબવાળા ચમરના દાંડાઓથી :યે: થાકેલા હાથવાળી વેશ્યાઓ તારાથી નખક્ષતને સુખકાર વર્ષાદના પ્રથમ છાંટા પામીને તારે વિષે ભ્રમરપંક્તિરૂપ લાંબા નેત્રોના કટાક્ષ નાંખશે."

રેખાંકિત શબ્દ ખટકે તેવો છે. બાકી ભાષાંતર એકંદરે મૂળનો ભાવ ઝીલવા સમર્થ બન્યું છે. શ્લોક ૩૯ तस्मिन् काले०
"પ્રાત:કાલે પ્રિયતમોથી ખંડિત નાયિકાઓના નયન જળને ત્હારે શાંતિ આપવી, તેટલા માટે તું સૂર્યનો રસ્તો જલ્દી છોડી દે. તે સૂર્યપણ પોતાની સ્ત્રી નલીનીના કમળરૂપ વદન ઉપરથી હીમરૂપ આંસુ લ્હોવાને આવ્યો છે. :તે: તું ત્હેના કિરણોને રોકનાર થઇશ તો તે ઘણા જ દ્વેષવાળો થશે". અર્થ કંઇક અસ્પષ્ટ છે પણ એકંદરે મૂળને વફાદાર છે.
શ્લોક हित्वा तस्मिन् ० "ને કૈલાસ નામના ક્રિડાપર્વતમાં :પાર્વતીને બીક લાગે માટે: સર્પનું કડું કાઢી નાખીને મહાદેવજીએ :ઝાલવા: આપેલા હાથવાળી પાર્વતી જે :કદા: પોતાના પગવતે ચાલે તો શંતાઇ રહેલ અંતર જલના પ્રવાહવાળો વર્ણની રચનાથી બનેલ શરીરવાળો આગળ ચાલતો તું મણી તટપર ચડવા માટે સોપાન રૂપ થજે."

રેખાંકિત શબ્દો અશુદ્ધ છે. એકજ વાક્યમાં ભાષાંતર કરવાજવાનો પ્રયત્ન કરવા જતાં અન્વય અને સરળતા દુષિત ~~બન્યા~~ અને અસ્પષ્ટ બન્યાં છે. ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तं ० "જે અલકાનગરીમાં સુંદર સ્ત્રીઓવાળા ચિત્રયુક્ત સંગીતનાદ મહિવાગતા મૃદંગવાળા, મણીમય પૃથ્વીના, આકાશને અડકતા મહેલો વીજળી : સ્ત્રી: ઈંદ્રધનુષ : ચીત્ર: સાંભળવા લાયક ગંભીરનાદના અંતર્ગત જળવાળાને ઉંચાતે-તને તે તે વિશેષો વડે તુલના કરવાને માટે પ્રર્યાપ્ત છે." અનુવાદ નિર્બળ છે. અન્વય બરાબર નથી. શ્લોક ૬ नेत्रानीता:

"દોરીને લઈજનાર સતત ગતિવાળા પવને તે નગરીના સાત માળની હવેલીઓની અગાસીમાં પોચાડેલા તારા જેવા જ : બીજા: મેઘો : મહેલના: ચિત્રામણને જળના છાંટાવડે દોષ પેદાકરીને તત્કાળ ડરતા હોય તેમ ધુમાડાની પેઠે ઝાળ માર્ગે નીકળવામાં કુશળ ટપકતાં છતાં જાળીયાંને રસ્તે નીકળી જાય છે." અહીં પણ અનુવાદ સરળ નથી. ભાષાની અશુદ્ધિ પણ છે.

શ્લોક ૧૪ वापी चास्मिन्० "જે વાવ્યના કાંઠામાં સુંદર ઇન્દ્ર નીલમણીમય શિખરવાળો, કનક કદલીઓના વિહાવાથી જોવા લાયક ક્રીડાશૈલ છે. હે મિત્ર પડખાઓમાં સ્ફુરીત વીજળીઓવાળાને તનેજ જોઇને મારી સ્ત્રીને વાહલો તે કારણથી આનંદચિત્તવડે તેજ ક્રિડાશૈલને હું સંભાળું છું." શ્લોક ૧૫ "તે ક્રિડા શૈલમાં કુંર્બકુ પુષ્પના વૃક્ષરૂપ વાડવાળો માધવી મંડપની પાસે - નવાંકુરવાળો રાતો અશોક અને મનોહર કેસરવૃક્ષ છે. તે એક : પહેલો: : અશોક: ફળવાના કારણથી મારી સાથે જ પ્રિયાના વામ પાદનો અભિલાષી છે, અને બીજો કેસર પણ તેજ કારણથી મારી સાથે પ્રિયાના મુખની મદિરાને ઇચ્છે છે."

શ્લોક ૧૬ : અનુવાદક પ્રમાણે: तन्मध्येच०
મારી કાંતાએ શબ્દાયમાન કંકણવડે સુંદર તાળીથી નચાવેલ તમારો મીત્રમયૂર સાયંકાળે જે થાંભલામાં બેસે છે તે થાંભલો વૃક્ષની મધ્યે કુમળા વાંસના પ્રકાશે જેવા : નીલા: મરકત શિલાઓથી મૂળમાં બાંધેલો : તથા: સ્ફટીક મણીમય ટુંભીવાળો ધરનો સુવર્ણ સ્થંભ છે." આ શ્લોકોના અનુવાદમાં મૂળનું અનુસરણ છે. પણ ભાષા – જોડણીની અશુદ્ધિ છે. મૂળના ભાવને સમજવાની શક્તિ પણ દેખાય છે. અનુવાદકે કાલેની આવૃત્તિમાંના ૩–૪, ૧૨, ૧૩ શ્લોકોને ક્ષેપક ગણી છોડી દીધા છે.

શ્લોક ૧૯ : અનુવાદક પ્રમાણે: "तन्वी श्यामा०
કૃષાંગી, જુવાન તીણાદાંતવાળી, પક્વબિંબાધરોષ્ઠી, કૃષોદર ચપળ હરિણીના જેવા મુજબ દૃષ્ટીવાળી – ઉંડી દુંટીવાળી, નિતંબના ભારથી મંદગામિની બે સ્તનના ભારથી જરાનમેલી, યુવાન સ્ત્રીઓમાં બ્રહ્માનું પ્રથમ સૃષ્ટીરૂપ: એ મારી સ્ત્રી: તે ધરમાં છે."

મૂળના જ શબ્દો મોટે ભાગે મુકવાથી ક્લિષ્ટતા આવી છે. વિરામ ચિન્હોનો ઉપયોગ ન કરવાને કારણે અર્થ સમજવામાં સરળતા આવતી નથી. શ્લોક ૩૦ पादानिन्दो:०
"જાળીઓને રસ્તે થઇને પેઠેલા અમૃતમય ચંદ્રના કિરણોને પૂર્વના સ્નેહ વડે સન્મુખ જેમ ગયું તેમ પાછું આવેલું ચક્ષુ ખેદવડે આંસુથી ભારે થયેલ પાંપણ વડે ઢાંકેલી તેથીજ દૂર દિવસોમાં જેમ મેઘાવરણથી સ્થળકમલીની નહીં પ્રફુલ્લિતને નહી પ્રસુપ્ત તેમ રહેલી ને તું જોજે એ પૂર્વ શ્લોકની સાથે સંબંધ છે" શબ્દાર્થ બરાબર હોવાછતાં સરળતા ન હોવાને કારણે અને જોડણીની અશુદ્ધિથી ક્લિષ્ટતા આવે છે. શ્લોક ૪૪ श्यामा स्वङ्गं०

"પ્રિયંગુલતામાં તારી અંગલતા :તથા: ચંચળ હરણોના એવામાં તારો દૃષ્ટિપાત :તથાપૂર્ણ: ચંદ્રમાં તારી મુખકાન્તિ :તથા: મોરના પીંછામાં તારા વાળ :અને: નદીના તરંગોમાં તારો ભ્રૂવિલાસ જોઉં છું પણ હાય! હે ચંડિ કોઇ વખતે કોઇપણ વસ્તુમાં તારી બરોબર નથી."

મૂળનો ધ્વનિ ક્યાંક આછો ઉતર્યો છે. प्रतनुष्ठ० આદિનો નથી ઉતર્યો - અન્વય પણ પુરો સરળનથી. શ્લોક ૪૯ नन्वात्मानं०.

":શાપ પુરો થયે હું આ પ્રમાણે કરીશ એમ: ઝાણી ગણત્રી કરતો હું મારા આત્માને ધારણ કરું છું. તેથી હે સુભગા - તું પણ અત્યંત બીહીશ ના :શાથી કે: કોને પોતાના સ્વામીથી અત્યંત સુખ વા અત્યંત દુ:ખ પ્રાપ્ત થયું છે? :પરંતુ માણસની: દશાવસ્થા :રથના: પૈડાના આરાની માફક નીચે ઉંચે ફર્યા જ કરે છે." રેખાંકિત ઉમેરા કર્યા છે. ક્ષેપકનો श्रुत्वा वार्ताम् શ્લોક અનુવાદ માટે સ્વીકાર્યો છે. આ અનુવાદનો સમગ્રરીતે વિચાર કરતાં આ બાબતો ધ્યાન ખેંચે છે.

:૧: ભાષા સંસ્કૃતમય છે. કેંક ક્લિષ્ટ પણ છે. તેથી સરળતા ઓછી છે.

:૨: જોડણી બાબત કોઇ નિશ્ચિત ધોરણ નથી. વિરામ ચિહ્નોનો ઉપયોગ આવશ્યકતાનુસાર કેટલેક સ્થળે છે અને કેટલેક સ્થળે નથી. તેથી અર્થ સમજવામાં મુશ્કેલી ઊભી થાય છે.

:૩: મૂળને તેના તેજ શબ્દોમાં રજૂ કરવાનો આગ્રહ રાખવાને લીધે સંસ્કૃતમયતા વધારે છે. મુખ્યત્વે અનુવાદક મૂળના અર્થને વફાદારી પૂર્વક રજૂ કરે છે. કોઇ કોઇ સ્થળે ઉમેરા પણ છે. ક્યાંક અર્થ સમજવામાં ઠોકર પણ ખાઇ જાય છે.

મહાશંકર લલ્લુભાઇ ભટ્ટ :સોખડાવાળા: ૧૮૯૬

આ અનુવાદ ગદ્યમાં છે. પ્રસ્તાવનામાં અનુવાદક કાલિદાસની મહત્તાવાળો ભાગ ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિકના શાકુંતલના અનુવાદની પ્રસ્તાવનામાંથી ઉતારે છે. મેઘદૂતના કથાનકનો સાર આપ્યો છે. મેઘદૂત માટે પોતાને કેવું આકર્ષણ છે તે પણ વિગતે નોંધે છે.[૨૧] કેવા સંજોગોમાં એ અનુવાદ પોતે કર્યો તે જણાવે છે.

શ્લોક ૧:

"દેવયોનિમાં જન્મવાળો કોઇએક યક્ષ કુબેરના ક્રોધને પાત્ર થવાથી પોતાની સ્ત્રીનાથી એક વર્ષ દૂર રહેવારૂપ શ્રાપ પામ્યો હતો. તેથી તે યક્ષ પોતાની પરમપ્રિય સ્ત્રીનાથી દૂર એક પર્વત ઉપર કે જે પર્વત એક વખત રામાવતારમાં સીતા અને લક્ષમણ સહ રામનું નિવાસસ્થાન બન્યો હતો તે ચિત્રકૂટ નામના પર્વતપર તે યક્ષ પોતાની પ્રિયાના વિયોગથી પીડા ભોગવવા છતાં આઠ માસ દુ:ખમાં જ ગાળ્યા. તે પછી અષાડ સુદી ૧ને દિવસે પોતાની સ્ત્રીના વિયોગ દુ:ખથી કૃશ્ય દુર્બળ થયેલા તે યક્ષે મદોન્મત હાથીના જેવા તે ચિત્રકૂટ પર્વતને ભેટતો મેઘ જોયો." :પૃ. ૨: અહીં जनकतनया स्नानपुण्योदकेषु અને स्निग्ध:० નો અર્થ આવતો નથી. તો શરૂઆતમાં વિસ્તાર કર્યો છે. બીજા શ્લોકનો અર્થપણ ઓછો જ ઉતર્યો છે. ત્રીજા શ્લોકની પ્રથમ પંક્તિ

ધનગગન ધરતૂીનાં ધુમે તુજ શું શકે વાદે ચડયાં,
ચિત્ર ધનુષ્ય ભૂમણિ જડિતથી ગર્ભજળ ફીકાં પડયાં,
ગરજે મધુર તું ધીર નાદે ત્યાં મૃદંગ બજે ઘણી,
તુજ સંગ અબળા ત્યાં ભલી, શોભા લલિત વનિતા તણી.

રેખાંકિત -૧ तुलयितुमलं॰ નો અનુવાદ - શિથિલ છે. બીજું વધારાનું છે. આ શ્લોકના અનુવાદમાં ઘણાક અનુવાદકો મૂંઝાયા છે. કોઈએ બે કડી કરી છે તો કોઈએ એક કડી કરી છે. પણ સંસ્કૃત ભાષાની સંક્ષેપમાં અન્વયને સરળરીતે રજૂ કરવાની શક્તિ ગુજરાતીમાં ન હોવાથી એક કડીના અનુવાદે અનુવાદકોની કસોટી કરી છે. તે ધ્યાનમાં લેતાં આ પ્રયત્ન સારો જ છે.

શ્લોક ૮ नेत्रानीताः॰

જ્યાં પવન વેગે જલદ તુજ સમ ચડી માળેસાતમે,
સુંદર છબી બુંદબગાડી વળી પાછા તે સમે,
સંકોચ પામી ધૂમ્રપેરે જાળિયેથી નીસરે,
જાણે બન્યાં ભયભીત એવું કામ અવિનયનું કરે.

રેખાંકિત શબ્દમાં મલ્લિનાથની અસર છે. ભાષાંતર સારું છે.

શ્લોક ૯ यत्र स्त्रीणां॰

જ્યાં અર્ધરાત્રે સ્વચ્છગગને પ્રકાશે નિરમળ શશી,
તે કિરણ યોગે જાળગુંથ્યાં ચંદ્રકાન્ત થકી ધસી,
જળભરી સાતાકરે નીરીખેદ અંગે તણો હરી
પ્રિયતમે જેને સુરતસમયે ભુજ ભીડી ઢીલી કરી.

અનુવાદમાં રેખાંકિત વિસ્તાર કર્યો છે તે મુલાનુ સારી નથી. કડી ૧૪ થી ૧૮ માં યક્ષના ~~ધન~~ ધામનું વૈભવપૂર્ણ અને સ્વભાવોક્તિયુક્ત વર્ણનનો અનુવાદ છે.

તાં ધામધનપતિના થકી ઉત્તર દિશે ઘેર માહરૂં,
દૂરે થકી તોરણ કળકતું ઈંદ્ર આપ સમું ખરૂં,
પાસે પ્રિયાએ પુત્રવત્ મંદાર છોડ ઉછેરિયો,
જે હાથ પોંચે એમ લુમખે કુસુમનેજ લળી રહયો. ૧૪
અહિં વાવ મરકત પગથિયાંની માંહી હેમ કમળ ખીલ્યાં
છે નાળ જેના ચમકતા વૈદૂર્ય મણિના શામળા;
અને જળે નિશ્ચિંત થઇ હંસો રહયાં વાસો વસી,
પાસે જ માનસપણ જવા ઇચ્છા ન ચોમાસે કશી, ૧૫
કુરબકે વીંટયા માધવી મંડપ સમીપે છે અહીં,
પલ્લવે લાલ અશોક નમતો મનોહર કેસર વળી;
ઇચ્છે પ્રથમ ડાબો ચરણ મુજબ પઠે તુજ ભાભી તણો,
દોહદતણે બ્હાને, અવર વાં છે વદન મદિરા ઘણો. ૧૭
મધ્યે ફટિક પાયા ઉપર છે વાસયષ્ટી સુવર્ણનો,
મૂળે જડયાં મણિ લીલરંગી વાંસતુલ્ય સુવર્ણનો;
તેપર સખા તુજ નીલકંઠ, વસે નિરાંતે સાંજના,
નચવે પ્રિયા કરતાલ લઇ, ઝણકારથી કંકણતણા. ૧૮

આ શ્લોકોમાં મૂળનોભાવ સારીરીતે ઉતર્યો છે. અનુવાદકની સારામાં સારી અનુવાદકલાના નમૂના તરીકે આ શ્લોકો મૂકી શકાય. જોકે અહીંપણ ક્યાંક ક્યાંક મૂળનો ધ્વનિ ઓછો ઉતરે છે. છતાં જે ભવ્યચિત્ર મૂળમાં છે તેની ઘણી નજીક આ પંક્તિઓ પહોંચે છે.

શ્લોક ૨૨ तन्वी श्यामा०

નાજુક યુવતિ, કટિ પાતળી, ગંભીરનાભી, અધર વળી, છે,
છે પક્વ બિંબ સમાન, હરિણી ચકિત સરખી આંખથી,
તીણાંદશન, ભારે જઘન ને મંદ ગતિ કુચ ભારથી,
ઝુકી કંઇ સ્ત્રી એજશું, ઉપરની પ્રથમ કરતારથી.

નથી એટલે તેની ધીરગંભીર ગતિ અને શબ્દસંગીતનો લાભ તેને ઓછો મળ્યો છે. બદલામાં હરિગીતની તાલયુક્ત ગતિ સરળપણે વહી જાય છે. તેમ છતાં અનુવાદ સ્થળે સ્થળે સારો થયો છે. અનુવાદકને મૂળના સૂક્ષ્મ ભાવો ઉતારવામાં કે વર્ણનપ્રધાન સંકુલ શ્લોકોનો ધ્વનિ પકડવામાં બહુધા સફળતા મળી છે. એટલે અંશે આ અનુવાદ ધ્યાન આપવા યોગ્ય બન્યો છે. જોડણી ઘણે સ્થળે મૂળના બદલે છંદની આવશ્યકતાનુસાર બદલી છે. ઉપર નોંધ્યું છે, તેમ "હ" અને "ય" યુક્ત વર્ણોની લેખન પધ્ધતિ વિશિષ્ટ પ્રકારની છે.

કવિ શિવલાલ ધનેશ્વર – ૧૮૯૮

પુર્વમેધનો અનુવાદ પૃથ્વી છંદમાં અને ઉત્તરમેધનો અનુવાદ સ્ત્રગ્ધરામાં કર્યો છે. પ્રસ્તાવનામાં, ૧૯મી સદીના ઉત્તરાર્ધના બીજી કક્ષાના કવિઓમાં સારું સ્થાન ધરાવનાર આ કવિ પ્રસ્તાવનામાં નોંધે છે. "આ સર્વમાન્ય લઘુકાવ્યમાં સ્વકીયા નાયિકા અને અનુકુળ નાયક છે. તેમજ વર્ણનમાં અપ્રતિમ પ્રેમનું જે યથાસ્થિતચિત્ર, અને તે પણ વિપ્રલંભ શૃંગારની પીંછી વડે ચીતરાયેલું, હોવાથી કવિશ્રેષ્ઠ કાલિદાસ કાવ્યરસિક સ્ત્રીપુરૂષોનાં તથા સહજ રસિક સ્ત્રીપુરૂષોનાં મનની કોમળ લાગણીઓ પર ઉંચા પ્રકારની અસર કરે છે, અને આનંદના કોઇતેવાજ રમણિક પ્રદેશમાં વાચકવૃંદના મનને ભ્રમણ કરાવે છે." પૃથ્વી છંદનો આવો બહોળો ઉપયોગ કદાચ તેણેજ કર્યો છે. ગુજરાતમાં તેમના પહેલાં યે તેનો ઉપયોગ થતો હતો, પણ આપ્રકારે તો ઓછો જ થયો છે. કવિનું છંદનું

જ્ઞાન તો બરાબર છે. પણ છંદને અનુકૂળ બનાવવા હ્સ્વદીર્ઘની છૂટ ઘણા મોટા પ્રમાણમાં લીધી છે. કાલિદાસની ધ્વનિયુક્ત સંક્ષિપ્ત અને "ગાગરમાં સાગર ભરવાનું" નિશાન તાકતી અને તેમાં સફળતા પામતી કવિતાનો ઘણે સ્થળે તેના અનુવાદકોને એકથી વધુ કડીમાં અનુવાદ કરવાની ફરજ પાડે છે. આ કવિએ પણ પૂર્વમેઘમાં ~~અનુવાદ કરવાની~~ સામાન્ય રીતે એક શ્લોકનો અનુવાદ છપંક્તિમાં કર્યો છે. ક્યાંક બે કડીપણ કરી છે. ત્યાં ઉમેરા કરવા પડ્યા છે. અને શિથિલતા આવી છે.

શ્લોક ૧ कश्चित्कान्ता०

પ્રમત્ત બની યક્ષકો દીધું ન લક્ષ કામે યદા,
દીધો અતિ અઘોર શાપ ધનદે સરોષે તદા,
થયો પદ વિભ્રષ્ટને સ્ત્રીથી વિયોગી તે શાપથી,
વિયોગ દિન વર્ષ એક સુધી કાઢવા ક્લેશથી,
કર્યું સ્વસ્થ રામગિરિ પર સ્વચ્છ શૃંગો પરી,
વહે પુનિત પાથ નિર્ઝર સીતાસનાને કરી.

"कान्ता विरहगुरुणा" स्निग्ध छाया तरुषु वसति" જેવાં પદ સમૂહોનો અર્થ ઉતરતો નથી. અઘોર શાપ જેવો પ્રયોગ કરવો પડ્યો છે. "સનાને" તો આજે ગુજરાતીમાં વિશિષ્ટ સંકીર્ણ અર્થમાં વપરાતો શબ્દ હોઇ તેનો પ્રયોગ અહીં રુચિભંગ કરે છે. "પાણી"ના અર્થમાં "પાથ" શબ્દનો પ્રયોગ "અપરિચિત પ્રયુક્ત દોષ" છે. ૩-૪ પંક્તિઓનો અર્થ આછો જ ઉતરી શક્યો છે.

શ્લોક ૫ धूमज्योति:०

ક્યહાં ઘન અનિલ ધુમ જળબીજ રાશી વડો,
ક્યહાં લઇજવા ચતુરજન યોગ્ય સંદેશડો,
કર્યો નહિ વિચાર તે વિરહ ગ્રસ્ત યક્ષે કશો,
કરી ઘનની યાચના સમીપ તેની જેને ધર્યો.

વિયોગી વિષયાંધને હૃદય ચેતના ચેતનું,
મળે ન લક્ષજ્ઞાન ભાન મન વ્યાકુળું જે તણું,

માં પ્રથમ પંક્તિમાં મેઘનાં ઘટકતત્ત્વોનો ક્રમ બદલ્યો છે. पटुकरणैः प्राणिभिः નું ચતુરજન, "इत्यौत्सुक्याद् अपरिगणयन् નો અનુવાદ શિથિલ અને પ્રસ્તારી છે. અધોરેખિત શબ્દો વધારાના છે. ૪થી પંક્તિનો અનુવાદ પણ "એવો જ" છે. શ્લોક ૬ઠ્ઠાનો અનુવાદ કડી ૮થી૯ સુધી પણ એવો જ છે.

"વિયોગિ હું કુબેરના અધિક કોપથી છું વડો,
પ્રિયાભુજની પાસ જા તું લઇ મેઘ સંદેશડો"

પણ યોગ્ય અનુવાદ નથી. શ્લોક ૭ના धौतहर्म्या નો અનુવાદ "પવિત્રઘર" કર્યો છે. ૯મા શ્લોકને ૧૦મી જગાએ અને ૧૦માને નવમો મૂક્યો છે, ત્યાં પણ પ્રસ્તાર છે. શ્લોક ૧૨માં आपृच्छस्व प्रियसखममुं ० નો "ભરીભુજનું ભેટિને પછીઃ છિઃ વિદાય થા સદ્‌ગુણી" શિથિલ અનુવાદ છે.

શ્લોક ૧૪ अद्रेः शृंगं०

અહો પવન શૈલશૃંગ હરણાર્થ કેવો મચે?
~~થતી-ચકિત-પામી-વિસ્મય-ઉરે-વિલોકી-ત~~
થતી ચકિત જોતી સિદ્ધતણી સુંદરીઓ ઉંચે
વળી અધિક પામી વિસ્મય ઉરે વિલોકી તને
નિહાળતી વિશેષ એ તુજતણા ઉદ્યોગને – માં મૂળના

મુગ્ધ૦ શબ્દનો અર્થ આવતો નથી. પંક્તિ ૩-૪નો અર્થ છોડી જ દીધો છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

સુરેશ ધનુખંડ આ નિરખ કોંડીયારાગ્રમાં
રૂડી રતન જ્યોત મિશ્રિત સામો દિસે રંગમાં
મુકુંદ શિર મોરમુકુટથી જેમ વૃંદાવને

દીપે ત્યમ હરિપીશ હે જલદ તુલ્ય તું તેમને

રેખાંકિત અનુવાદ "વલ્મીક"ને માટે કર્યો છે. છેલ્લી પંક્તિમાં પુનરુક્તિ છે. " श्यामं वपुरतितरां कान्तिमापत्स्यते ते " નો ધ્વનિ ભાગ્યે જ આવે છે.

શ્લોક ૧૯ स्थित्वा तस्मिन् ૦ નો બે કડીમાં

ગિરિશિખર કુંજ ભિલ્લણીથી ભોગવાયેલ જે,
મુહૂર્ત લગી મેઘ ત્યાં નિરખવા તું વિશ્રામ જે,
પછી ત્વરિત તાહરી ગતિ ઝડીથી ઝાઝી થઇ,
જજે ઘન ઉલ્લંઘી આમ્રકૂટ માર્ગ તે થકી
થયો વિષમ પ્હાણથી તલપ્રદેશ વિંધ્યાદ્રિનો,
ત્યહાં નરમદા પ્રવાહ બહુ ઠાઠ પામી વિનો
નહોય કરિ કાય શું? વિવિધ રંગવાળી વડી
વિલોકિશ તું એવી મેકલસુતા અતિશે રૂડી

અનુવાદની વિશેષતા અને મર્યાદા, પ્રસ્તારને કારણે આવતી શિથિલતા, આદિ આ અનુવાદની લાક્ષણિકતાઓ અહીં બરાબર દેખાય છે. શ્લોક ૨૧માં "કંદળી" નો "કદળી" કર્યો છે. ૨૦માના અનુવાદમાં ૩-૪ પંક્તિમાં શિથિલતા છે. "ધાવ ડંકે દઇ" તો ઉમેરો જ છે.

શ્લોક ૨૭ विश्रान्तः सन् ૦ માં પણ

વિરામ લઇ ત્યાં નવીન જલબિંદુએ સીંચતો,
અરણ્ય નદી-તીર બાગની જુઇ કળીઓ તું તો,
શ્રુતિકમળ મ્લાનગાલ પર ઘર્મને ભુસતાં,
ફુલો વિણતી એવી નાર બહુના મુખોને મળતાં
થશે જરૂર સોબતી ગતિ કરી ધીમી અદ્દભુત,
દઇ શીતળ છોય આગળ તું વાધજે જી સુત!

કાલેની આવૃત્તિના શ્લોક ૩૩-૩૪ ક્ષેપક ગણીને છોડી દીધા છે. શ્લોક ૫૨માં "सगरतनय स्वर्ग सोपान प्रवृत्तिम्" માં "સાગર" અનુવાદ કર્યો છે તે શબ્દનો રૂઢ અર્થ જ હવે વપરાય છે એટલે આ યૌગિક અર્થમાં તે ન વાપર્યો હોત તો વધારે સારું હતું. છતાં કવિ સ્થળે સ્થળે સારો અનુવાદ પણ કરી શક્યા છે.

શ્લોક ૩૫ जीलोद्गीर्णैः०

ગવાક્ષ થકી નીકળેલ ધુપ કેશ સંસ્કારનો
થયેલ ઘન તેથી તું જરૂર પુષ્ટ પડે ઘણો
વધી ઘરમયૂર મળી સર્વ બંધુતાની પ્રીતે
તને દીધેલ ભેટ નૃત્યરૂપ નમ્રતાની રીતે
સુવાસિત ફૂલોથી નારી પદરંગથી અંકિત
નિહાળી પુરહર્મ્ય તે શ્રમ તું ટાળજે સુરીત

અધોરેખિત શબ્દો ઉમેરા છે. છતાં એકંદરે અનુવાદ સારો થયો છે.

શ્લોક ૩૭ अप्यन्यस्मिन्० નો અને તે પછીના શ્લોકના સારા છે.

ધ્વનિ કરતી નાચવાથી કટિમેખલા જેમની
લીલા થકી સકંપને કરવિભૂષણોનામણી
તણી અધિક કાંતિએ સુભગ ડાંડિના ચામરે
અતિશ્રમિત હસ્ત એવી ગણિકા બહુ ત્યાં ફરે,
નવક્ષતની મધ્ય પામી તુજ બિંદુઓ તે ધણી,
કટાક્ષ અલિપંક્તિ તુલ્ય મુકશે જ તારા ભણી.

શિથિલતા છતાં અનુવાદ ગણનાપાત્ર છે. "કટાક્ષ મૂકશે" પ્રયોગ ખટકે તેવો છે. શ્લોક ૩૯, ૪૦, ૪૨, ના અનુવાદ પ્રમાણમાં સારા છે. શ્લોક ૪૬

સુરેન્દ્રબલ રક્ષવા અનલને મુખે શંકરે,
મૂકેલ અતિતેજ સૂર્યસ્કંદ તેથી જ જન્મ્યા ખરે,
વસે સતત તારકારી તહિં તેમને ભાવથી,
કરી તું જ નિજ આતમાનો, ઘન પુષ્પમેઘાકૃતિ,
થયેલ અતિ આર્દ્ર જે સુમન વ્યોમ ગંગા તણે,
કરાવ અભિષેક તેતણી સુવૃષ્ટિએ તે પળે.

ઉમેરા છતાં અનુવાદ ઠીક છે. પદમાં શ્લોકનું સારું છે. કવિ જેમ જેમ અનુવાદમાં આગળ વધતા ગયા છે તેમ તેમ તેમની હથોટી જામતી ગઇ છે, એમ લાગે છે. ચોકસાઇ વધે છે, પ્રસ્તાર અને ઉમેરા ઓછા થતા જાય છે. પૂર્વમેઘ કરતાં ઉત્તરમેઘનું ભાષાંતર સારું છે. મોટેભાગે એક શ્લોકનો એક કડીમાં અર્થ છે. તેમછતાં સ્થળે સ્થળે દોઢ કે બે કડીમાં અનુવાદ કરેલો પણ દેખાય છે. શ્લોક દરમાનું ~~विद्युत्वन्तं~~ उत्पश्यामि०

થતાં તું ગિરિશૃંગ પ્રાપ્ત ઘનવર્ણ ધારાજસો
તદા અચળ તેહ ગૌર ઔર ગજ દંતના ખંડશો
નીલાંબર ધરી ખભા ઉપર ન હોય ઉભા હલી!
થશે અધિક દર્શનીય લહિ એવી શોભા ભલી.

ભાષાંતર ~~વિજ-જેવી~~ સારું છે. ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तं०

તારામાં વિજ જેવી, વિલસતિ ચપળા, નારીઓ તેમ જેમાં,
તું ગાજે તેમ તેમાં, ધિમિધિમિ મુરજ, વાગતી સંગીતાર્થે;
તારામાં જેમ વારિ, મણિમય ભૂમિકા, તેમતેમાં લીલાર્થે,
તું આકાશે રહેલો, તમઉંચ શિખરો, અભ્રચુંબિત જેનાં -
એવા મ્હેલો રૂડા છે, તુજ સમતુલના, પામવા પૂર્ણ જ્યાંના,

સારો અનુવાદ છે. કડી 3 પંક્તિ 3માં ~~અ-ગમ્ય~~ એવો શબ્દ યતિભંગ છે. શ્લોક ૯ ~~अप्रस्त्रीणां~~० अध्यस्त्रीणां

સ્ત્રીના મધ્યભાગે પતિની ભુજલતાથી દૃઢાલિંગનાળી,
એવી પુરંગનાઓ સુરત સમરથી પ્રાપ્ત છે ગ્લાનિવાળી,
પહેરેલાં કંઠમાં તે પરશશિકિરણો સ્પર્શનાં ચંદ્રકાન્ત,
ગ્લાનિસૌની મટાડે શીતળ જળશ્રુતિ સવ સ્નેહેસુભ્રાંત.

ત્રીજી પંક્તિમાં મૂળનો અર્થ કાંતો અનુવાદક સમજ્યા નથી કાંતો બદલ્યો છે. છેલ્લો ઉમેરો છે. तन्तुजालावलम्बा: નો અર્થ "પલંગપરના તંતુઓએ લટકતા" થાય त्वत्संरोधापगमविषदै: નો અર્થ ઠીક છે. કંઇક છોડ્યું પણ છે. પછી ક્રમમાં અવ્યવસ્થા છે. ૧૨મા શ્લોકને ૧૪ પછી મુક્યો છે. ૧૩મો છોડ્યો છે. યક્ષના ધામનું વર્ણન કરતા શ્લોકો ૧૬ થી ૧૯ના ભાષાંતરમાં:

એ બે વૃક્ષોની મધ્યે સ્ફટિક મણિ તણા સ્થંભમાં હેમદંડ
બાંધેલો મૂળમાંથી મરકતથી જ્યહાં આવી બેસે શિખંડ,
સાયંકાળે સદા ત્યાં મમ પ્રિયદયિતાતેહ તારા સખાને,
તાલે એને ન આવે સુવરણવલયા તા થેઇથેઇ તાને.

રેખાંકિત ૧૯ને બદલે છે. છેલ્લે ઉમેરો છે. બાકી ભાષાંતર સારું. બીજી પંક્તિના "કુમળાવાંસના જેવી" રંગ છટાવાળા મણિઓથી બાંધેલી વાસયષ્ટિ"નો અર્થ આવતો નથી. ૨૫મા શ્લોકના અનુવાદમાં "દિવસો પસાર કરતી" એ અર્થમાં "દિનકટી કરતી" પ્રયોગ સુભગ નથી. શ્લોક ૨૨

મારી પ્રાણપ્રિયા ત્યાં કૃશતની સુકટિવાળી શ્યામા સુહાગી,
ને હેતી રીચ્છનેત્રે, નિરખવું નમણું, જેવી ભીરૂ હરિણી,
જેની ગંભીર નાભી ઉદર ઉપર છે ત્રીવળી રેખ ઝીણી,
ચાલે ધીમે ધીમેથી કટિતવ લચકે ભાર નિતંબનાથી,
થોડી આગે નમેલી સ્તન ઉભયતણા ભારથી જે વિભાતી
સૃષ્ટાની આદ્યસૃષ્ટિ સુરમણિતિલકા મોહની રૂપ માયા
એવી મારી પ્રિયાને નિરખિશ ઘનહે વીજદૃષ્ટિ સહાયા:

રેખાંકિત ભાગ બધા ઉમેરા છે તે મૂળના ધ્વનિનો આનંદ ઉડાવી દે છે. બીજા કવિઓએ સુંદર સ્ત્રીઓનાં જે વર્ણન કરેલાં છે. તેને આધારે આ ઉમેરા છે. કાલિદાસ એક અત્યંત કુશળ ચિત્રકાળ અને ધ્વનિકાર છે. પીંછીના લસરકાથી ચિત્ર દોરતા કુશળ ચિત્રકારની પેઠે તે થોડા શબ્દોથી જ સુંદર વસ્તુ કે ધ્વનિ ચિત્ર દોરે છે. તેના અનુવાદમાં આવા ઉમેરા જે ધ્વનિત અને અનુકત છતાં સૂચિત હોય તેની વિશેષતાને ~~અનુક~~ નુકસાન પહોંચાડે છે. શ્લોક ૨૭નું ભાષાંતર પણ અતિપ્રસ્તારી છે.

શ્લોક ૩૦મો पद्मानिन्दो०

આવેલા ગોખમાંથી શિત અમૃતસમાં ચંદ્રકીર્ણો ભણીતે,
નાંખે દૃષ્ટી વિચારી સુખકર સમજી પૂર્વની જેમ પ્રીતે,
પાછી ખેંચે સખે કે, દુઃખદ સમજીને દૃષ્ટિને સત્વત્યાંથી,
સ્વામી વિજોગણીતે પળ ઘડી સુખની હોય કે મેઘ ક્યાંથી.
ના સૂવે કે નજાગે દૃગ નયન જળે ~~કાંઈક~~ હોઈ કે દુઃખ મૂળે,
મેઘાચ્છાદિત દિને જ્યમ કમલણી તે ના બીડાયે ન ખુલે.

પ્રસ્તારી હોવા છતાં એકંદરે સારું છે.

શ્લોક ૪૪ श्यामास्वङ्गम्०

જેવાયે ચારુતાજે તુજ તનની રૂડી તે પ્રિયંગુલતામાં;
તારા દૃષ્ટિ નિપાતે ચકિત હરિણીના ક્યાણું હું દેખવામાં;
તારી જે મુખશોભા અમૃત નિધિવિષે કાંક જેતાં જણાયે,
તારા કેશોની શોભા મયૂર પિંછવિષે ન્યાળતાં નિરખાએ,
અલ્પાંબુની નદીની ભિરણું લહરિમાં ભ્રૂકટાક્ષો હું તારાં
ના પામે સામ્યતા કો તદપિ તુજ જેવા રૂપ આગે બિચારાં.

અનુવાદ પ્રસ્તારી અને તેથી શિથિલ છે. છેલ્લી પંક્તિનો અર્થ બરાબર થયો નથી. "ક્યાંય હે ચંડિ! એક વસ્તુમાં તારું સાદૃશ્ય નથી." એ મૂળ અર્થ છે. શ્લોક ૪૯ तन्वङ्गात्मानं०

હાવાં જે છે થવાનું સુખ નિરવધિ આ શાપનો અંત આવી,
એવું ચિત્તે વિચારી અવિમમરસિકે પ્રાણ રાખું ટકાવી,
ના નિત્યે દુ:ખ કોને, નહિ સુખજનને સર્વદા વિશ્વમાંહે,
છે ચક્રન્યાય જેવો ક્રમ સુખદુ:ખનો મારી પ્રેમી પ્રિયા હે.

પ્રથમપંક્તિનો અર્થ એમાં આવતો નથી. કલ્યાણિને "અવિમમ રસિકે" બનાવી દીધી છે. બીજી પંક્તિનો મોટો ભાગ છોડયો છે. ૩-૪ પંક્તિનો અનુવાદ પણ નબળો ગણાય. શ્લોક ૫૧ના અનુવાદમાં ત્રીજી પંક્તિમાં છંદ ભુલ છે. ૪થી પંક્તિમાં "શોક્ય લાળ્યો" જેવો ગ્રામ્ય અનુવાદ છે. મૂળમાં "दृष्टः स्वप्ने कितव रमयन् कामपि त्वं मयेति" નો અર્થ બદલાઇ ગયો છે. ગુણ રૌા-દર્યસો ઉમેરો છે. આમ સ્થળે સ્થળે પ્રસ્તાર, ઉમેરા, કોઇકોઇ સ્થળે અર્થ વિપર્યય, છંદમાં ગુરુલઘુ સ્થાનોને અનુકૂળ થવા જોડણી સાથે લીધેલી છૂટ કરેલાં નિશાનો - જે તે જમાનાં સામાન્યરીતે ઘણા કવિઓ તેવી છૂટ લેતા અને કરતા - એ બધાં આ અનુવાદને સામાન્ય બનાવે છે. છતાં સ્થળે સ્થળે કવિનો છંદપરનો કાબૂ અને કેટલાક શ્લોકોમાં સારા અનુવાદપણ જોવા મળે છે.

- : ૧૯૦૮ : -

ભાષાંતર કારનો દાવો આવો છે: "આ સમશ્લોકી ગુજરાતી ભાષાંતરમાં બનતા સુધી મૂળમાંના કોઇ શબ્દને મૂકી દેવામાં કે વધારે પડતો ઉમેરવામાં આવ્યો નથી અને તેથી અભ્યાસીને અવિશેષ ઉપયોગી થવા સંભવ છે. "શરૂઆતમાં મંગળાચરણ છે. શ્લોક ૪ 'प्रत्यासन्ने०' ની ૪થી પંક્તિનું

બોલ્યો પ્રીતિ પ્રમુખ વચનો શોભતાં સ્વાગતે જે
માં મૂળનો અર્થ બરાબર ઉતરતો નથી. શ્લોક ૫માં सन्निपात:
નો અર્થ "માંડવો" કર્યો છે. બીજી પંક્તિનું "ને સંદેશા
ચતુરજનથી પ્હોંચવા યોગ્યતે ક્યાં?" એમ કર્યું છે. प्रापणीया:
નો એ અનુવાદ છે. पटुकरणैः નું "ચતુરજન" બરાબર
લાગતું નથી. કુશળજન વધારે સારું થઇ શકત. શ્લોક ૯

પ્રેરેવાયુ અનુકૂળ તને જોઇતા મંદમંદ,
બોલે છે આ મદથી મધુરું ચાતકે ડાબીપાસ,
ગર્ભાધાને સુખપરિચયે સેવશે નક્કી વ્યોમે,
હારો રૂપે થઇ બગલીઓ નેત્રને પ્રિય તુંને ॰

"क्षणपरिचयात्"નું સુખપરિચયે બરાબર નથી.

શ્લોક ૧૫ रत्नच्छाया॰

સંમુખે આ વિવિધમણિની ઝાંય શા રમ્ય રંગે,
વલ્મીકિને તટ પ્રગટતા ઇંદ્રના ચાપ ખંડે
કાંતિભારે બહુ જ ધરશે, શ્યામળું અંગ તારું,
કાંતિવાળાં મયૂર પીંછડે કૃષ્ણ ગોપાળ કેરું.

અધોરેખિત પદોનો અનુવાદ બરાબર થયો નથી. શ્લોક ૧૬
त्वय्यायत्तम् ॰ ની પંક્તિ બીજીનું ભાષાંતર કર્યું છે. તેમાં
"ગોરીઓ ગામડિયાં" બરાબર નથી. શ્લોક ૨૯
स्थित्वा तस्मिन्॰ ૪થી પંક્તિનું ....
ખડકે નર્મદા વિંધ્યપાદા,

જેજે જાણે ચીતરી ગજને, અંગ શૃંગાર રેખા,

પણ શિથિલ છે. ત્યાં "વિંધ્ય પાદે" મૂકી શકાયું હોત. અને
તો તે નર્મદાનું વિશેષણ બને છે, તે ન બન્યું હોત.

શ્લોક ૨૦ तस्या स्तिक्तैः० માં तुलयितुम् અલમ્‌નું "કંપાવી શકશે"
"પણ એવું જ છે.

શ્લોક ૨૧ नीपं दृष्ट्वा०

એતાં રાતાં નીલ અધફૂટયાં કેસરે કૈંક લાલ,
ખાતાં ખીલી પ્રથમ કળીની કંદલી ખૉડકાંઠે
સુગંધોએ ભૂમિની સુંઘતા મીઠી ભારે વનોમાં
સારંગો ત્યાં, તુજ સૂચવશે માર્ગવારીસીંચતા.

રેખાંકિત ભાગનો અનુવાદ "એવોજ " છે. ત્રીજી પંક્તિનો અર્થ પણ અસ્પષ્ટ છે. શ્લોક ૨૫માં વેત્રવતીનું "વેત્રવાહિની" કર્યું છે. શ્લોક ૨૮માં लोचनैः वंचितोऽसि નું "જાણે મિથ્યા જીવન/તુજ" "એવું" ભાષાંતર છે.

શ્લોક ૩૧ प्राप्यावन्तीन् ०

વૃધ્ધો જાણે ઉદયનકથા ત્યાં પહોંચી અવન્તી
જા ઉજ્જેની પુરી ભરીપુરી લક્ષ્મીથી પૂર્વ કહેલી,
રહેતાં ઓછાં સુકૃત ફળ, શું ભુવસ્યાં સ્વર્ગીઓને
શેષ પુણ્યે ઉજળુંઉતર્યું સ્વર્ગનું એક સ્થાને

રેખાંકિત અનુવાદ શિથિલ છે. શ્લોક ૩૨ दीर्घीकुर्वन्०

મીઠા ચોખ્ખા સ્વરમદ ભર્યા સારસોના પ્રસારી,
જ્યાં ખીલેલાં કમળની રજે સ્પર્શથી ગ્રહી સુંગધી,
શિપ્રાવાયુ સુરતશ્રમને, નારીઓના મટાડે,
~~પ્રિય~~ સ્પર્શે શીળા કુશળ રીઝવ્યે કાન્ત પેઠે પ્રભાતે.

તથા શ્લોક ૩૩ हारांस्तारां० : જે ક્ષેપક પણ ગણાય છે:

કોટિમોતી છીપ મણિગુંથ્યાં મોતીના શુધ્ધ હારો,
તે જે સ્ફુયાં નવતૃણસમા શ્યામ ગારૂડ રત્નો,
ફેલાયેલા વિદ્રુમમણિના ખંડ જેવી બજારે,
એતાં બાકી સલિલનિધિતો, પાણીવાળાં જ લાગે.

રેખાંકિત પદોનો અર્થ મૂળથી કંઇક જુદો પડે છે. છતાં બેઉ શ્લોકોનો અનુવાદ સારો છે. શ્લોક ૩૬ भर्तुकण्ठ० પંક્તિ ૧નો અનુવાદ "જા જેવાતો ગણથી પ્રણયે નીલકંઠી પ્રભાએ" બરાબર નથી. શ્લોક ૪૦ गच्छन्तीनां० માં सूचिभेद्यम्० નો અનુવાદ "સો ભોંકાતે" પણ "તેવો" જ છે.

શ્લોક ૪૩ तत्रस्कन्दं०

ત્યાં સ્વામીને સતત વસતા પુષ્પના મેઘરૂપે,
સ્વર્ગંગાના જળથી ભીંજવી પુષ્પધારે ન્હવાડૂરે,
રક્ષામાટે અમરપતિના સૈન્યની અગ્નિમુખે,
મૂકેલું જે રવિથી અધિકું, શંભુએ તેજ તે છે.

અને શ્લોક ૪૭ पुत्रप्रीत्या०

પુત્ર પ્રેમે પીંછ ચળકતું, ચંદ્રજ્યોતિનું જેનાં
પ્હેરે કર્ણે કમળદળને, સાથ ગૌરી ખરેલું,
ચંદ્રિકાથી શિવની ધવલે નેત્ર જે સ્કંદનો તે,
ગુફા ગાજે મયૂર નચવે ત્યાં વધી ગર્જનાએ.

બેઉ સારા છે. પણ શ્લોક ૫૨માં रैवतीलोचनाङ्का० નું "પ્રિયા નયન વળગી" મૂલાનુ સારી નથી.

શ્લોક ૫૩ तस्माद् गच्छे:

ત્યાંથી જાજે કનખલકને ઉતરી જાહનવી જ્યાં,
હિમાદ્રિથી સગુંસુતની સ્વર્ગની સીડી ગંગા,
ગૌરીમુખે ભ્રકુટી ચડતાં, ફીણ હાસ્યે હસીને,
ઊર્મિહસ્તે અડતી શશિને શંભુના કેશ ઝાલે.

માં "ઊતરે", "જેવી", કર્યું હોતતો અનુવાદ વધારે સારો થાત. શ્લોક ૫૫ आसीनानां- પંક્તિ ૧લીમાં "ભૃંગો બેઠયે" છે તે "બેઠે" જોઇએ. કદાચ છાપવાની ભુલ પણ હોય.

શ્લોક ૫૯ शब्दायन्ते०

વેણું વાગે મધુર પવને ઉભરાયેલ પોલા
મીઠે સુરે ત્રિપુર નયને કિન્નરી ગાય છે ત્યાં,
થાયે ગુફા ગજવી ધ્વનિ એ તુજ મૃદંગ જેવો,
ત્યાં શ્રીશંભુનો પુરણ બને શે સાજ સંગીતનો શો?

એમાં "વાંસ" અધ્યાહાર રહે છે. "રંધ્ર"નું પોલા કરવું પડયું છે. પ્રશ્નાર્થ શા માટે?

શ્લોક ૬૦ प्रालेयाद्रेः०

હિમાદ્રિને તટ વિવિધને તેહ લીલા લહીને,
શ્યામે ત્યાંથી બલિદબવતા વિષ્ણુના પાય જેવો,
શોભી વાંકોવળી વિચરજે ઉત્તરે ક્રૌંચ રંધ્રે,
હંસોચાલે જ્યહીં ભૃગુપતિ કીર્તિનો બારી જે છે.

અનુક્રમે विशेषान्, बलिनियमन અને वर्त्म નો અનુવાદ છે. તે બરાબર થયો નથી. તેવું જ हंसद्वारं० નું પણ.

શ્લોક ૬૩ हित्वा तस्मिन्०

ત્યાં કાઢીને ભુજગવલયો શંભુએ હાથ દેતાં
ક્રીડાશૈલે કદિક વિચરે ગૌરી એ પાય ચાલ્યાં,
તો થંભાવી જળધનરૂપે ગોઠવી રેખ ધારે,
અગ્રે આવી સીડીનું ચડવા ત્યાં બને રત્ન ધારે.

"ચાલ્યાં"નું "ચાલી" વધારે સારું થાત. વિશેષણ તરીકે તે બરાબર લાગતું નથી.

ઉત્તરમેઘ ૧ विद्युत्वन्तं०

તારે તોલે વિવિધ વિષયે પૂર્ણ છે જ્યાં મહેલો,
વિદ્યુત્‌રંગોધનુષ તુજ, ત્યાં સુંદરી રમ્ય ચિત્રો,
ગાજ્યું ઘેરું ગર્ભિતુજ, ત્યાં ગાન મૃદંગ ગાજે,
ઉંચે વારિ ઉંચ મણિમયી ભૂમિ ત્યાં આભ ચુંબે.

અનુવાદ એકંદરે સારો છે. છતાં બબ્બે વિશેષણોના અન્વય ભેગો કરેલો હોવાથી પ્રસાદ ગુણ સચવાતો નથી.

શ્લોક ૨ हस्ते लीला०

હાથે ક્રીડા કમળ કળીઓ, કુંદની ગુંથી કેશે,
શોભાધારી રજથી મુખડે ગૌરીશી લોધ્ર પુષ્પે
અંબોડામાં કુરબક નવાં ચારૂ શિરીષ કાને
ને સેંથે છે તુજથી ખીલતાં જ્યાં કદંબો સ્ત્રીઓને"-

સારું છે.

શ્લોક ૯ यत्रस्त्रीणां०

અર્ધરાત્રે તુજ પટ ખસ્યે નિર્મળાં ચંદ્રકિર્ણે,
કુંદ- તંતુ બળે લટકી રહીને વારિબિંદુ સ્ત્રવંતે,
ભુજ બાથે શિથિલ કરતાં પત્નીને પ્રિયકાંતે,
અંગગ્લાની સુરતથી થતી જ્યાં મટે ચંદ્રકાન્તે"

એકંદરે સારું છે, જો કે ત્રીજી પંક્તિ બરાબર નથી.

શ્લોક ૧૧ गत्युत्कंपाद्०

વેરાયેલાં ગતિથી હલતાં વેણી મંદાર પુષ્પે,
જ્યાં કર્ણોથી કનક કમળો ને પડયાં પત્ર ખંડે,
મોતીસેરે સ્તનઉપરથી સૂત્ર તૂટેલ હારે,
નિશામાર્ગો સુરજ ઉગતાં કામિની ના કળાયે" -

સુંદર છે. અલકા અને યક્ષધામના વર્ણનના શ્લોકોનો અનુવાદ સારો થયો છે.

શ્લોક ૧૮ तन्मध्ये च०

એ બે વચ્ચે સ્ફટિક ફલકે, હેમનો સ્તંભ છે જ્યાં,
વેદી બાંધી લીલમથી, લીલા વાંસના ભાસ જેવી,
બેસે છે ત્યાં વલય રણકે તાળીથી નાચનારો,
સાંજે મારી રમણી નચવે, મોર પ્યારો ત્હમારો.

શ્લોક ૨૧ तन्वी श्यामा०

દંતો કોટિસહિત, અધરો લાલ શ્યામા કૃશાંગી,
કેડે કૃશા, ચકિત મૃગીશી દૃષ્ટિ, ગંભીર નાભી,
કુચોથી કૈં નમતી, ગતિએ મંદ નિતમ્બ ભારે,
જાણે પ્હેલી ઘડી યુવતી શું વિધિએ, ત્યાં વસે જે.

માં મૂળનો ધ્વનિ પૂરો ઊતરતો નથી. રેખાંકિત પદો છંદ કે ~~વર્ણનની~~ વર્ણની દૃષ્ટિએ યોગ્ય નથી. 'શિખરિ દશના, પક્વબિંબાધરોષ્ઠી'નો અર્થ બરાબર ઊતર્યો નથી. શ્લોક ૨૨ "परिमितकथां" નું "સુન્કાર જેવી"અને શ્લોક ૨૭માં "એમ વિનોદથી ના" ખંડો બરાબર નથી. શ્લોક ૨૯ पादानिन्दो: ०

સુધાંશોમાં કિરણ શશીનાં આવતાં જાળી માર્ગે
દૃષ્ટિ જૂની પ્રીતથી જતી ત્યાં તેમ પાછી વળે તે,
ખેદે ભારે નયન સલિલે, પાંપણો ઢાંકી દેતી
દિને મેઘે કમલિનીશી/ના વિકસેલી ન બીડી.

રેખાંકિત પદો મૂળનો પૂરો અર્થ બતાવતાં નથી. તે સિવાય અનુવાદ સારો છે.

શ્લોક ૩૮ भर्तुर्मित्रम्०

સોહાગિણી પ્રિય પ્રણયી હું સ્વામીનો મેઘ માને
ત્યાં સંદેશે હૃદય ધરીને ત્યાંથી આવ્યો તું પાસે,
પંથે થાક્યા પથિક, વનિતાવેણી છોડયેથી રાજી
તેઓને હું અધિર કરતો, સ્નિગ્ધ ગંભીર ગાજી.

રેખાંકિત ભાગનો તરજુમો બરાબર નથી. પંક્તિ ત્રીજી મૂળથી જુદી પડે છે. "विद्धिम्" નું માને, भर्तुर्मित्रं प्रियं० નું "પ્રિય પ્રણયી હું સ્વામીનો" अम्बुवाह " નું "મેઘ" ~~અબલા~~ अवला वेणि मोक्षोत्सुकानि" નું રેખાંકિત કર્યું છે. તે મૂળનો આછો જ પડઘો છે.

શ્લોક ૪૩ श्यामास्वंगं०

દૃષ્ટિનેત્રે ચકિત મૃગીનાં, અંગ પ્રિયંગુ વેલે,
ચંદ્રે કાન્તિ મુખની અલકે મોરના પિચ્છ ગુચ્છે
જોઉં છું હું નદીની ઝીણી લ્હેરમાં ભ્રૂવિલાસો,
હા! હા! ચંડિ તુજ ન તુલના ક્યાંય હો એકમાં તો.

અધોરેખિત પદો અધૂરો અર્થ આપે છે. सादृश्यम् નો અનુવાદ તુલના કરવો પડ્યો છે. શ્લોક ૪૮ नान्वात्मानं०

વિચારીને બહુ જ રહું છું પ્રાણધારી હું પંડે,
તો કલ્યાણિ તું પણ ન થજે ગાભરી સાવ ત્યાંહે,
ચલ્લુ કોને સુખમણી ટક્યું કે ટક્યું દુઃખ ધારા,
નીચે ઉંચે ફરી રહી દશા, ચક્રના જેમ આરા.

રેખાંકિત ભાગ અને ત્રીજી પંક્તિનો અર્થ બરાબર ઉતર્યો નથી. "ચલ્લુ" શબ્દ તો રોજબરોજની બોલીના પ્રયોગનો હોઇ અહીં અનુચિત છે.

શ્લોક ૫૦ : કાળે પરઃ "શયને....પુરા" નું અસલ શયને માં "અસલ" શબ્દ યોગ્ય નથી. જૂના વખતમાં કે પહેલાંના અર્થમાં તે વપરાય છે. પણ ખાસ જાણીતો નથી. આમ વિચારતાં એકંદરે ભાષાંતર સારું છે. સ્થળે સ્થલે કાંઇક ખામી રહી ગઇ છે. ઔચિત્યની કક્ષા સર્વત્ર સરખી જળવાઇ રહેતી નથી. ઘણે સ્થળે મૂળનો અર્થ સંતોષકારક રીતે ઉતર્યો નથી. ક્યાંક કર્ણપટુ પ્રયોગો પણ છે. થોડો વધારે પ્રયત્ન કરીને તે ટાળી શકાયા હોત. જોડણી રાખી છે. તો બરાબર, પણ ક્યાંક ક્યાંક તે ગણના માપમાં બંધ બેસતી નથી. ૧૯૦૮માં થયેલું આ ભાષાંતર તે સમય સુધીમાં થયેલા ભાષાંતરોમાં સારું સ્થાન ધરાવે છે.

કિલાભાઇ ઘનશ્યામ :૧૯૧૩:

અનુવાદક સંસ્કૃતના શોખીન અને વ્યુત્પન્ન અભ્યાસી હતા. અભ્યાસ કાળથી જ તેમને સંસ્કૃતનો વિશેષ અભ્યાસ કરવાની લગની લાગી હતી. તેમનું ભાષાંતર ગુજરાતી ભાષાંતરોમાં સૌથી વધારે લોકપ્રિય અને ઉચ્ચ કક્ષાનું છે. પ્રસ્તાવનામાં ઘણી બાબતો ધ્યાન ખેંચે છે. લેખક નમ્રતા બતાવે છે. પણ તેમની વિદ્વત્તા ઢાંકી રહેતી નથી. કાલિદાસના સમયની ચર્ચા કરતાં તે મહાપદ્મનંદ, ચંદ્રગુપ્ત મૌર્ય, અશોક અને પુષ્યમિત્રના સમયની સ્થિતિનો વિગતે વિચાર કરી કવિ કાલિદાસ માલવિકાગ્નિમિત્ર નાટકમાં ઉલ્લેખે છે, તે કવિ ભાસ કોના વખતમાં થઇ ગયા તેનો, તેમજ ભાસ અને કાલિદાસના પરસ્પર સંબંધનો વિચાર કરે છે. દિ. બ. કેશવલાલ હ. ધ્રુવના કાલિદાસ વિષયક મતનો ઉલ્લેખ કરી કવિને ઇ.પૂ. પ્રથમ સદીમાં મૂકવાનું વલણ બતાવે છે. તે કહે છે:

कालिदास वचः कुत्र वृयाख्यातारो वयं कुच।

तदिदं मदंदीपेन राजवेश्मप्रकाशनम् ।। ~~संख्या — नम्र~~ ૨૨

આ નમ્રતા તેમને વધારે શોભાવે છે. શરૂઆતમાં તે મેઘદૂતના શ્લોકો એક સાથે આપે છે. :પૂર્વમેઘના ૬૩ અને ઉત્તરમેઘના ૫૨: અનુવાદ મંદાક્રાન્તામાં છે. શ્લોક નવમાને દસમો અને દસમાને નવમો ગણ્યો છે. શ્લોક ૨૨, ૩૩, ૩૪ ને ક્ષેપક ગણાવ્યા છે. ઉત્તરમેઘમાંથી શ્લોક ૩, ૪, ૧૩ છોડયા છે. ૧૪ના શ્લોકને ૧૦મો અને ૧૨મા શ્લોકને ૧૧મો ગણ્યો છે. અનુવાદમાં કેટલાંક સુંદર ચિત્રો અને વિસ્તૃત નોંધો મૂકી છે. તેમાં કાલિદાસના

૨૨: ૧૯૨૩ ની આવૃત્તિ પ્રસ્તાવના, પૃ. ૧૩૬

અને અન્ય ઘણાં પુસ્તકોમાંથી સંબંધ ઉતારા આપ્યા છે તેથી ભાષાંતર સમૃદ્ધ બન્યું છે. અને લેખકની વિદ્વત્તાનો ખ્યાલ આવે છે.

શ્લોક: ૨ तस्मिन्नद्रौ०

તેઅદ્રિમાં જ્યમ ત્યમ કરી કામી યક્ષ નિવાસ,
વ્હાલીકેરો વિરહ સહીને, ગાળિયા કૈંક માસ,
અંગે ઝાઝો કૃશ થઇજતાં કષ્ટથી શોચી શોધાએલી,
સોના કેરું સરિ ગયું કડું, દૂબળા હાથમાંથી,
વપ્રક્રીડા કરિ ગિરિતણા શૃંગ ઉથામવાને,
નીચું માથું કરિ, નમિ ઉભો હોય ના હસ્તિ જાણે,
ઘેરાયેલો નિકટ જઇને, શિખરે પર્વતોનાં,
દીઠો એણે રમણીય નવો મેઘ આષાઢ થાતાં.

બે કડીમાં અનુવાદ કરવા જતાં મૂળના સંક્ષેપ અને ધ્વનિને હાનિ પહોંચી છે. રેખાંકિત ભાગો પ્રાયઃ ઉમેરા છે. તો ક્યાંક મૂળનો શિથિલ અર્થ રજૂ કરે છે. ૩-૪ પંક્તિનો પ્રસ્તાર પંક્તિ મથી હ્યાં કર્યો છે. તેનું જ પાઠાંતર તેમણે આપ્યું છે. પણ તે ક્લિષ્ટ થઇ જાય છે, માટે બે કડીમાં કર્યું છે, એમ કહ્યું છે:

સોસે સોનાવલય સરતાં શૂન્ય હાથે વિયોગે,
તે કામીએ, કંઇક મહિના ગાળતાં પર્વતેતે,
દંતાઘાતે ગિરિ ઉથમતા હસ્તિ શો, શૃંગલાગ્યો,
આષાઢાના પ્રથમ દિવસે મેઘ દીઠો રૂપાળો.

આ પાઠાંતર વધારે સારું લાગે છે. શ્લોક ૩નો અનુવાદ પણ બે કડીમાં કર્યો છે. (તેમણે આપેલાં પાઠાંતર કૌંસમાં મૂક્યાં છે.)

તેને દેખી, કુતુહલ થતાં, નેત્રથી માંડી લક્ષ,
બેળે બેળે ક્ષણ રહિ ઉભો, યક્ષ તેની સમક્ષ,
થંભાવીને વિરહદુઃખનાં આંસુઓ ઝાઝીવાર,
લાગ્યો ઉંડા કંઇક કરવા ચિત્તમાંહે વિચાર,
પ્રેમી સાથે સુખથી વસતા હોય તેવા જનોની,
થાયે સ્હેજે ચલિતમનની વૃત્તિઓ મેઘ દેખી,
તો શું કહેવું પ્રણયી જનનું વાલ્લી જેની વિયોગે,
જુદી થાતાં તલસિરહિ છે, કંઠને ભેટવાને.
(તો શું કે'વું પ્રણયિજનનું વાલીથી દૂર છે જે,
જે ઇચ્છે છે વિરહિણી તણા કંઠને ભેટવાને)
(તો શું કે'વું વિરહિજનનું પ્રેમીથી દૂર જે છે
ને ઇચ્છે છે પ્રિયજન તણા કંઠને ભેટવાને)
આમાં કેટલાક બિન જરૂરી અંશો ઉમેરવા પડયા છે. મૂળ-
કરતાં પાઠાંતર કંઇક વધારે સારું છે. શ્લોક ૫ धूमज्योति:
ધુમજ્યોતિ જળપવનના મેઘ ક્યાં આ બનેલા,
ક્યાં સંદેશા સમજણભર્યાં પ્રાણિથી લેજવાના,
એવું કાંઇ ન લહિ અધીરો યાચતો યક્ષ એને,
કામી નિશ્ચે જડ સજીવમાં ભેદ ના કૈં પ્રમાણે.
(કામે પીડયા સમજી ન શકે જીવ નિર્જીવ આ છે)
રેખાંકિત ભાગો અનુવાદ તરીકે મૂળનો ધ્વનિ બરાબર રજૂ
કરી શકતા નથી. શ્લોક ૧૦ मन्दं मन्दं०
ધીરે ધીરે અનુકૂળ થતો વાયુ પ્રેર્યે તને આ
ડાબે પાસે હરખી ઉચરે ચાતકો શબ્દ મીઠા,
પંક્તિરૂપે થઇ બગલીઓ આવી આકાશ માર્ગે,
(પંક્તિ રૂપે થઇ બગલીઓ સેવશે આડી આવી)
ગર્ભાધાનોત્સવ પરિચયે સેવશે તારી પાસે.
એકંદરે ભાષાંતર સારું છે. नुदति ०   નું પ્રેર્યે કરેલું છે તે

અનુચિત છે. ત્રીજી પંક્તિનો અનુવાદ નિર્બળ છે.

શ્લોક ૧૪ अद्रेः शृंगं०

અદ્રિકેરું શિખર પવને શું ઉડે એમ ધારી,
એવાતા તું ચકિત બનતી મુગ્ધ સિધ્ધાંગનાથી,
ઉડી વ્યોમે સરસનિચુલ સ્થાનથી ઉત્તરે આ,
દિઙ્ગનાગોના સ્થુળ કરતણો ગર્વ ઉતારતો જા.

અહીં મૂળમાં પવન ગિરિશિખરને હરે છે એમ છે. અહીં રચના બદલાઇને "શિખર' કર્તા બને છે. परिहरन् - ઉતારતો કર્યું છે. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

જુદાં જુદાં કિરણ મણિનાં હોય સંમિશ્રતેવું,
પેલું શૃંગે દિસતું અડધું આપ આ ઇંદ્રકેરું,
તેથી તારું શરીર રૂડું આ શામળું શોભી રે'શે,
ધારી આવ્યા મયૂર પિંછને કૃષ્ણ શું ઓપવેશે.

वल्मीकाग्रात् અને खण्डर्ना અર્થ બરાબર થયા નથી. શ્લોક ૨૧માં "કદલી" નો અર્થ કેળ કર્યો છે. પણ તે એક પ્રકારનો છોડ છે. શ્લોક ૩૩-૩૪ ને ક્ષેપક ગણ્યા છે, છતાં તેનો અનુવાદ તો આપ્યો જ છે. શ્લોક ૩૫ जालोद् गीर्णैः તથા શ્લોક ૩૮ના અનુવાદ બબ્બે કડીમાં છે. શ્લોક ૩૮; દેખાયે છે. →

→ત્રિવલી ઉદરે જેની રત્ન પ્રભાથી,
એવાં તે જે ઝળહળી રહયાં ચામરો હાથઝાલી,
લીલાથી ત્યાં ચમરી શિવને ઢોળતાં હાથ થાકે,
નૃત્યે જેના પગ ઠમકતાં, મેખલા ઝીણી વાગે
પાયે દૂખે ઘસઇ નખિયાં અંગુઠે તાલ આપી,
તેને જ્યારે નવજલ કણે મેઘ! તું દેશ શાન્તિ,
ત્યારે તારાં ભણિ મુખકરી ત્યાંની વારાંગનાઓ,

એશ નાખો મધુકરતણી શ્રેણી જેવાં કટાક્ષો.
માં પ્રસ્તાર છે. કેટલાક ઉમેરા પણ કરવા પડ્યા છે.
શ્લોકમાં ૪૧ "વલભો"નો અર્થ ઝરૂખો કર્યો છે. શ્લોક ૪૬
तत्रस्कंदम्०
ત્યાંતું પુષ્પોરૂપ બની જઇ વ્યોમ ગંગાપ્રવાહે,
ભીનાં પુષ્પો વરસી, વસતા સ્કંદને પૂજીને,
રક્ષા માટે ધર્યું શિવજીએ ઇન્દ્ર સેનાના અહ,
અગ્નિ કેરા મુખ મહિં મહાસૂર્યથી ઉગ્રતેજ.
અને શ્લોક ૪૭ ज्योतिर्लेखा०
જ્યોતિર્લેખા થકી ચળકતું પિચ્છ જેનું ભવાની,
પુત્રપ્રેમે કુવલય તજી રાખતાં કાન પેરી,
નેત્રો જેનાં ધવલ શિવના ચંદ્રથી તે મયૂર,
ગાજી રેતી ગિરિકુહરમાં ગર્જનાથી નચાવ.- સુંદર છે.
શ્લોક ૫૩ तस्माद् गच्छे०
જાજે ત્યાંથી કનખલ જહાં શૈલરાજેથી આવી,
વ્હે છે ગંગા સગરસુતના સ્વર્ગના માર્ગ જેવી,
કાઢે જાણે હસિફિણવડે ગૌરીની, ભ્રૂચડેલી,
વીંચીહસ્તે ધરિશશિકલા, શંભુના કેશ ઝાલી.
स्वर्गसोपानपंक्तिम् - -"સ્વર્ગના માર્ગ જેવી" કર્યું છે.
બાકી અનુવાદ સારો છે.
શ્લોક ૬૩ हित्वा तस्मिन्०
કાઢ્યાં કેડે ભુજગવલયો, શંભુનો હાથ ઝાલી,
ક્રીડાશૈલે કદિ વિચરતાં હોય ત્યાં ગૌરી ચાલી,
તો અભ્રોને જળનવ ગળે તેમનું ગોઠવીને,
થાજે અગ્રે મણિ તટ જવા સારું, સોપાન રૂપે.
માં મૂળનો ખૂબી સરસ રીતે ઉતરી આવી છે.

શ્લોક ૬૬ तस्योत्सङ्गे બે કડીમાં છે.

જો એને પિયુસમ ગણી, બેઠી ઉત્સંગ આવી,
ગંગારૂપી સરિસરિ જતું, ઉજળું વસ્ત્ર ધારી,
જાણી લેશે નગરી અલકા, યક્ષની એ અમારી,
તારી દૃષ્ટે સહજ પડતાં, મેઘ, તું કામચારી,
ઉંચા ઉંચા ભવન શિખરે, એ પુરી મેઘકાળે,
વારિબિન્દુ થકી નિગળતાં અભ્ર નાં વૃંદ ધારે,
તે શું જાણે પ્રિયતમતણા આવીને અંકમાંહે,
મોતી સેરો ગુંથિ અલકમાં, કામિની બેઠી હોયે.

પ્રસ્તાર છે. પણ મૂળને અવિરોધી છે. તેથી મૂળ સાથે સરખાવીએ તો જ ધ્યાનમાં આવે છે. અર્થ સરળ રીતે પ્રગટ થાય છે.

ઉત્તર મેઘ શ્લોક ૧ विद्युत्वन्तं०

તું વિદ્યુત્વાન્, લલિતાવનિતા વૃંદથી એ ભરેલા,
તારે જેવું સુરધનુ, રૂડાં ચિત્ર ત્યહાં ચિતરેલાં,
તારી જેવી ગંભીર મધુરી થાય છે ગર્જનાઓ,
સંગીતોમાં ધિરિધિરિ રૂડી વાગતી ત્યાં મૃદંગો,
છે આ તારી (વિષદ) જળથી વાદળીઓ ભરેલી, વિરોધ
તેવી ત્યાં છે મણિમય ભૂમિ, નિર્મળા કાચ જેવી,
તું છે ઉંચો શિખર થકીએ, આભને થોભ દેતા,
એવા તારી સરસઇ કરે, તેમ છે મ્હેલ ત્યાંના.

બે કડી છે. રેખાંકિત ઉમેરા મૂળના વિરોધી નથી પણ મૂળનો ધ્વનિ પ્રસ્તારથી કંઇક હાનિ થાય છે.

શ્લોક બીજો કિલાભાઇએ આપ્યો છે. તે ઉજ્જનના વર્ણનમાં કોઇકોઇ આપે છે. પણ તેને સંબંધ તો અલકા સાથે જ છે. કાલે તેને ૧૩મા શ્લોક તરીકે આપે છે તે બરાબર છે. यत्रश्यामा:०

છે. ઉત્તર મેઘના ભાષાંતરમાં બે કડી પ્રમાણમાં ઓછી કરવી પડી છે. ભાષાંતર પણ સરળ અને પ્રવાહી છે. થોડા નમૂના :

શ્લોક ૧૦

દેખાવાથી કિરણ શશીનાં મેઘવેરાઇ જતાં,
ધીમે ધીમે જલ ટપકતાં, ગુંથિયા તંતુઓમાં,
ટાળે છે જ્યાં શ્રમ સુરતનો, રાત્રિએ ચંદ્રકાંતો,
આલિંગતાં દૃઢ પિયુવડે હાંફતી નારીઓનો.

સારો અનુવાદ છે.

શ્લોક ૧૨ गत्युत्कंपाद्०

ચાલી જતાં અલકથી ખર્યાં કૈંક મંદાર પુષ્પો,
સોનાકેરાં કમળથી વળી, કાનનાં કર્ણ પત્રો,
મોતી સેરે સ્તનપર ઝુકી, તૂટતાં સૂત્ર હારો,
રાત્રી રસ્તો દિવસ ઉગતાં, કામિનીનો કળાવે.

સુંદર ભાષાંતર છે. શ્લોક ૧૬ तस्मिन्वापी०

ત્યાં છેવાડી મરકતતણી, શોભતાં શ્યામ ઘાટે,
જેનાં ડોલે ખિલિ કનકનાં, પદ્મ વૈદૂર્ય નાળે,
હંસોએના જલપર સદા, હર્ષપામી વસે છે,
વર્ષામાંયે <u>નથી ઉડી જતા</u>, માન છે પાસ તોયે.

રેખાંકિત ખંડમાં અર્થ કંઇક બદલાયો છે.

શ્લોક ૧૯ :

કુંભી માંહિ નિલમણિ જડી, લીલુડા વાંસ જેવા,
સોના સ્થંભે સ્ફટિકનું ઘડી, મૂક્યું છે <u>પાંજરું</u> જ્યાં,
વાલી કેરા વલયરણકે, તાલથી નાચી નાચી,
બેસે છે જે, દિવસ વિગમે, મિત્રતારો કલાપી -

"વાસયષ્ટિ"નો રેખાંકિત અનુવાદ બરાબર નથી.

શ્લોક ૨૨   तन्वी श्यामा०

શ્યામાવેશે નહિ નિચિ ઉંચી ફુટડાં ગાત્રવાળી,
ધાટેન્હાની, હરિણી સરખાં નેત્રવાળી રૂપાળી,
હારેહારે દશન કણિઓ રત્ન જેવી જણાતી,
શોભે ઝીણી કળિ અધરની બિંબશી રાતીરાતી,
નાભિ ઊંડી ઉદર વિલસે પાતળી કેડ જેની,
ભારે ઉંચા સ્તનથી કટિમાં સેજ નીચી નમેલી,
શ્રોણી ભારે મલપતી રૂડી, ચાલતી ધીમી ચાલે,
નારીરૂપે પ્રથમ વિધિએ હોય નિર્મેલી જાણે.

અનુવાદ સરળ છે. પણ બે કડી કરવાથી રેખાંકિત જેવા ભાગો ઉમેરવા પડયા છે. શ્લોક ૪૫ श्यामास्वङ्गं०

કાન્તિ તારા મુખની શશિમાં એમ શ્યામા લતામાં,
દૃષ્ટિ બીતી હરિણી નયને, કેશ બર્હિકળામાં
તારા ઝીણા નદી લહરીમાં ભ્રૂવિલાસો નિહાળું,
એકે સ્થાને જડતું નથી હા! ચંડિ સાદૃશ્ય તારું.

એકંદરે સારો અનુવાદ છે. રેખાંકિત ભાગમાં થોડો ફેરફાર છે, છતાં; કિલાભાઇ કૃત અનુવાદ મોટેભાગે સરળ, પ્રવાહી, મુલાનુસારી તથા પ્રાસાદિક છે. મુળના ધ્વનિની વધારેમાં વધારે નજીક જતા અનુવાદોમાંનો એક છે. તેને યોગ્ય જ લોકપ્રિયતા મળી છે. તેની સાથે સરખાવી શકાય તેવો અનુવાદ માત્ર કવિવર ન્હાનાલાલનો છે. તે બેમાં કોણ ચઢે તે કહેવું મુશ્કેલ છે. જો કે ન્હાનાલાલે ક્યાંય એક શ્લોકનો અનુવાદ બે કડીમાં કર્યો નથી. તેમની શબ્દ, વર્ણની છટા અને મૂળની સમજ ઉંચા પ્રકારના છે. તેમણે છંદના માપમાં બે લઘુનો એક ગુરૂ ગણવાની છૂટ લીધી છે. તે છતાં તે અનુવાદ આનાં કરતાં કૈંક ઉચ્ચ પ્રકારનો લાગે છે. શ્રી બની, વિહારી, ભટ્ટ વગેરેના તો આ બે અનુવાદોની

સાથે પણ મૂકી શકાય નહીં.

શ્રી બુલાખીરામ રણછોડભાઇ પંડયા - ૧૯૬૪

મેઘદૂતનો આ અનુવાદ છેક ૧૯૧૬-૧૭માં થયો છે. પ્રસ્તાવનામાં અનુવાદક લખે છે: " હું સંસ્કૃત ભાષા ભણ્યો નથી. મારા મિત્ર સ્વ. ગૌરજાશંકર દેવશંકર ભટ્ટ :બી. એ.: ભટ્ટમાસ્તર સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા. . . . . તેમના હૃદયમાં મારી કવિત્વશક્તિ વિષે આદર ઉદ્ભવ્યો અને તેમને લાગ્યું કે આ શક્તિને વિકસાવવામાં આવે તો સારા સંસ્કાર પડે અને સારી કવિતાઓ લખી શકે. તેથી મહાકવિ કાલિદાસ અને બીજા કવિઓ અને વિદ્વાનોનાં કાવ્યો મને દરરોજ સંભળાવતા. તેમણે સમજાવેલા કેટલાક શ્લોકોનો અનુવાદ કરીને હું તેમને બતાવતો." આ રીતે મેઘદૂતનો અનુવાદ થયો છે, તે તેમને મળેલા પ્રોત્સાહનથી :પૃ. ૧૦: નાણાંકીય સગવડના અભાવે તે વર્ષો સુધી પડી રહ્યા પછી છપાયો છે. આ અનુવાદ મહાકવિ કાલિદાસને તેમણે આપેલી અંજલિ સમાન છે. પ્રા. રામકૃષ્ણ તુલજારામ વ્યાસ તેમને અંજલિ આપતાં જણાવે છે "શ્રીયુત પંડયાની શૈલી કાલિદાસની શૈલી પ્રમાણે જ સ્વાભાવિકતા વાળી અને પ્રાસાદિકતાથી યુક્ત છે. ક્યાંય પણ નકામો શબ્દાડંબર કે અલંકારથી પ્રવૃત્તિ જણાતી નથી. જળના ઉન્મુક્ત અને રમણીય પ્રવાહની માફક કાવ્યધારા ગંભીર પણે વહ્યે જાય છે. બીજું, શબ્દરચનાની પૃષ્ઠભુમિમાં કાવ્યનો આત્મરસ રહેલો હોય છે. ભાવોનું એક સંકુલ છતાં વિશિષ્ટ ગાંભીર્ય રહેલું

હોય છે. તેને અભિવ્યક્ત કરવામાં શ્રીયુત પંડયા સફળ બન્યા છે. સમગ્રપણે જોતાં શ્રીયુત પંડયાનું ભાષાંતર સફળ બન્યું છે.[૨૩] શ્રી વિનોદ અધ્વર્યુ લખે છે: ક્યારેક આવા અનુવાદકે પુરોગામી અનુવાદકોના કાર્યમાં રહી ગયેલા ક્ષતિઓ પ્રત્યેના અસંતોષનો ઉદ્ગાર હોય છે. તો ક્યારેક અનુવાદ એ અનુવાદકનો કૃતિના આસ્વાદના આનંદનો ઉદ્ગાર અને કૃતિ અને કર્તાને ધરેલા અંજલિરૂપ હોય છે. ...... દલપત રીતિથી પોષાયેલી તેમની કવિતાએ અદ્યાપિપર્યંત એ સરળ અને લોકભોગ્ય શૈલીનીપરંપરાને આજની કવિતાની બદલાયેલી વિભાવનાના જમાનામાં પણ જાળવી રાખી છે. મેઘદૂત દેખીતી રીતે સરળ મધુકૃતિ છે.[૨૪] કિન્તુ તેનો અનુવાદ કરવો કપરું કાર્ય છે, કારણકે મેઘદૂતનું કાવ્યસૌન્દર્ય જેટલું તેમાં રજૂ થયેલી મનોહર ચિત્રાવલીઓમાં છે તેટલું જ તેમાંથી ઊઠતા ભાવવ્યંજનાઓ તથા તેની પદાવલી અને વર્ણનોમાં પણ વસેલું છે. વ્યાપક પ્રદેશ પર પથરાયેલી વૈવિધ્યપૂર્ણ પ્રાકૃતિક ભૂમિકાપર રજૂ થતી માનવની લીલાનું આ ભાવભરપૂર કાવ્ય તેના વર્ણસંગીતથી વિખૂટું પડતાં અડધું સૌન્દર્ય ગુમાવી બેસે છે. છતાં સંસ્કૃતની સાથે ગાઢ સંબંધ ધરાવતી ગુજરાતી ભાષામાં તેને ઉતારવાના જે બધા પ્રયત્નો થયા છે તેમાં ક્યારેક મૂળની નજીક રહેવાના તો ક્યારેક તેનું શક્ય તેટલું ગુજરાતીકરણ કરવાના મનોરથ વરતાય છે. આ અનુવાદકને જેમ અનભ્યાસની મર્યાદા છે તેમ અનભ્યાસનો લાભ પણ છે. તેમની વાણી નિરાડંબર અને

૨૩: પૃ. ૨-૩

૨૪: પૃ. ૬-૭

સ્વાભાવિક રહી શકી છે તે આજ કારણે.

શ્લોક ૧ कश्चित्कान्ता०

કો સ્થાનેથી ચલિત વળી જે વ્યગ્ર વ્હાલી વિયોગે,
કીર્તિ જેની ક્ષીણ થઇ દીસે વર્ષના સ્વામીશાપે,
એવા યક્ષે પુનિત જળ છે જનકીસ્નાનથી જ્યાં,
કીધો વાસો વિપુલ તરૂના રામગિર્યાશ્રમોમાં.

રેખાંકિત ૧ स्वाधिकारात् प्रमत्तः માટે છે.
૨: कान्ताविरहगुरुणा માટે, ૩: अस्तंगमितमहिमा
માટે છે. ૪: वर्षभोग्येण માટે છે. છેલ્લું स्निग्धछायातरुषु
માટે છે. અનુવાદ સરળ છે, પણ મૂળનો ધ્વનિ કૈંક બદલાય છે.
અને આછો ઊતરે છે.

શ્લોક ૨ नीत्वामासान्०

વીતાવ્યા ત્યાં કંઇક મહિના કામી વિયોગીયક્ષે,
ને સોનાનું કડું સરી જતાં દીસતો ખાલી હસ્તે,
આષાઢીના પ્રથમ દિવસે શૃંગ ભેઠ્યો ચહેલો,
વપ્રક્રીડા નિમિત નમતા હસ્તિ શો મેઘ જોયો.

રેખાંકિત ૧ भ्रंशरिक्तप्रकोष्ठः માટે છે: ૨: आषाढस्य
માટે. તે નબળા છે. प्रेक्षणीयम् શબ્દ છૂટી ગયો છે.
તેમ છતાં અનુવાદ ઠીક ઠીક સારો છે.

શ્લોક ૩માં कौतुकाधानहेतोः માટે કૌતુકોનું શમન
કરવા, हृद्यैः માટે સ્તબ્ધથઇને, सुखिनोऽ માટે
સ્ત્રીસંયોગી જનની ચળતી વૃત્તિઓ કરે છે. મૂળધ્વનિ અને
લાલિત્ય પૂરાં ઊતરતાં નથી. અનુવાદ નબળો છે. શ્લોક ૪માં
नभसि માટે વર્ષા, અને પ્રસન્ન થઇને – પ્રીતિયુક્તવચને
તેનું સ્વાગત કર્યું " માટે

"પ્રેમ પ્રીતિ ભરિત વચને સ્વાગતં વાણી ભાખી" કર્યું છે.

શ્લોક ૫-૪નું

"કામાતુરો નવકળી શકે જીવ કે નિર્જીવોને"માં प्रकृतिकृपणाः નો ધ્વનિ અધ્યાહાર જ રહે છે. શ્લોક ૭માં धौतहर्म्या માટે ધામ ધોળ્યાં કરે છે. શ્લોક ૮માં अेकपत्नीम् માટે શીલશાળી, अविहतगतिः માટે સરળગતિ, अंगनानां માટે કાન્તાઓના, અને प्रायशो માટે "સોવસા" કરે છે. તેટલે અંશે તે શ્લોકોના અનુવાદ નિર્બળ છે. શ્લોક ૧૦માં उपेक्षेत માટે "વિસારે" પણ એવું જ. नयनसुमगं છોડ્યું છે. શ્લોક ૧૦માં कर्तुंयच्च प्रभवति માટે "થાયે", અને કૈલાસ માટે હરગિરિયો જ્યાં છે.

શ્લોક ૧૨-૧૩ના અનુવાદ સારા છે. श्रोत्रपेयम् માટે "શ્રવણમધુરો" પર્યાય યોજે છે. શ્લોક ૧૪માં हरति માટે ઉછાળે, सरसनिचुलान् માટે "લીલુડા નિચુલ", અને स्थूलहस्तावलेपान् માટે "વિપુલ કરતો ગર્વ" કરે છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

આ સ્હામેનું મણિકિરણના દિવ્યસંયોગ જેવું,
શૃંગે છાયું ધનુષ અડધું ઇંદ્રકેરું સુહાતું,
તેથી જેવા મયૂરપિંછથી કૃષ્ણ ગોપાલવેશે,
શોભેત્હેવું તુજ તન અરે શામળું શોભી રેશે,

રેખાંકિત ૧ વધારાનું છે. ૨. प्रभवति માટે છે. ૩. માટે વિષ્ણુ/વધારે મૂલાનુસારી શબ્દ છે. મૂળનું લાલિત્ય ઓછું ઉતારવા છતાં અનુવાદ સરળ પ્રાસાદિકતાને કારણે સારો લાગે છે.

શ્લોક ૧૬માં त्वय्यायत्तम् માટે "તુજવડે" કર્યું છે. मात्र શબ્દનો અર્થ આવતો નથી. શ્લોક ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨ના

અનુવાદ સારા છે. શ્લોક ૨૦માં प्रतिहतरयम् માટે "ટિચાતું" ગ્રાહ્ય છે. શ્લોક ૨૩માં કૈંક શુષ્કતા છે. શ્લોક ૨૪માં आकुलग्रामचैत्याः માટે "ખળભળ કરે" પણ એવું જ

શ્લોક ૨૫ तेषांदिक्षु०

તે દેશે છે જગવિદિત જે રાજ્યધાની વિદિશા,
ત્યાં જતાં માં સકળ મળશે વૈભવો કામીઓના,
પીજે ગર્જી તટનિકટનું પાણી નેત્રાવતીનું,
જે ભ્રૂભંગી વદનસરખું ચંચળોર્મિ મધુરૂં.

રેખાંકિતશ માટે મૂળ છે: ત્યાં જઈને જલ્દી કામુક્તાનું વધુ ફળ પામીને ગર્જનાથી સુભગ અને સ્વાદિષ્ટ નેત્રાવતીનું પાણી પીજે" અનુવાદ ઠીકજ.

શ્લોક ૨૬માં સ્પર્શેને બદલે"સ્પર્શે"કરેલ છે.

શ્લોક ૨૭માં क्षणपरिचितः માટે 'ક્ષણ વિરમજે', અને ૨૮માં सौधोत्सङ्ग માટે "ગચ્છિથો' પણ નિર્બળ અનુવાદો છે. लोचनैर्वञ्चितोऽसि માટે "તું ઠગાશે ખરે ત્યાં" પણ એવું જ છે. શ્લોક ૨૯-૩૩ના અનુવાદો સારા છે.

શ્લોક ૩૩ हारांस्तारान्०

કોટી શંખો છીપ/વળી રૂડા હાર મધ્યે મણિના,
ને તેજસ્વી મરકતમણિ લીલુડા ઘાસવર્ણા,
એતાં હારે તહીં રચી દીધા ખંડ વિદ્રુમ કેરા,
જાણે બાકી જળ રહ્યું હશે માત્ર રત્નાકરોમાં.

પ્રથમ પંક્તિ કૈંક નિર્બળ છતાં સારો અનુવાદ છે.

શ્લોક ૩૬ भर्तुः कण्ठ०

એશે ભાવે ગણ/ગણી તુને સ્વામી કંઠસ્વરૂપે,
જ્યે વિશ્વેશ્વર/હરમહાકાળ જ્યાંહી વસે છે,
ગંધાવંતા જળ વિહરતી નારીના અંગ લેપે,
ને મ્હેકંતા કુવલય રજે, વાયુથી બાગ ડોલે,

રેખાંકિત – ૧ धन्वि– માટે છે. પંક્તિ ૨માં ચંડીવિ૨
ત્રિભુવનગુરુના પવિત્ર ધામે જજે" નો આખો જ પડઘો પડે
છે. ૩. છંદમાટે ગંધવતીને બદલે કરવું પડયું છે તે નિર્બળ છે.
શ્લોક ૪૬ तत्रस्कन्द॰

નિત્યે રે છે ષટવદન જ્યાં ત્યાં તું બનો પુષ્પરૂપે,
વર્ષી દેજે કુસુમ ભીંજવ્યાં વ્યોમગંગાજળે જે,
શંભુએ જે સુરપતિતણા સૈન્યને રક્ષવાને,
અગ્નિમુખે રવિથી અધિકું સંગ્રહયું તેજ તે છે.

પં. ૧–૨ નિર્બળ છે. ૩–૪ સારો અનુવાદ છે. स्कन्द॰ માટે
ષટવદન અને संभृतं માટે સંગ્રહયું કરવું પડયું છે.
શ્લોક ૪૭ ज्योतिर्लेखा॰

પીચ્છું જેનું ધરણી પડિયું શોભિતું તેજ ચક્રે,
પુત્રપ્રેમે કુવલયસમું કર્ણમાં ગૌરી ધારે,
સેનાનીના હરશશિપ્રભા શ્વેતપાંગી શિખીને,
અદ્રિગુહા ધ્વનિ ગરવું ગર્જીને નૃત્યલેજે,

રેખાંકિત–૧ पावकेः માટે છે. ૨માં છંદને કારણે શ્વેતાપાંગ
માટે એમ કરવું પડયું છે. ૩. ત્યાં નૃત્ય લેવાનો નહીં,
નૃત્યકરાવવાનો ભાવ છે. પંક્તિ ૪માં છંદ પણ બરાબર નથી.
શ્લોક ૪૮ થી ૫૫ના અનુવાદો સારા છે.
શ્લોક ૫૬ तं चेद्वायौ॰

વા વાવાથી સરલ સરલ તરના "ડાળનાં" ઘર્ષણેથી
જે ત્યાં લાગે ચમરી ગુચ્છને બાળનારો દવાગ્નિ,
છાજે નયને શમન કરવો સૈંકડો વૃષ્ટિધારે,
થાને મોટા ઘન સફળ જે દુખિનાં દુઃખ ટાળે.

રેખાંકિત ૧માં છંદોભંગ અને ભૂલ છે. ૨. માં પુચ્છ જોઈએ.
૫૭ ૩. सहस्त्रैः માટે છે. તે બધું નિર્બળ છે.

શ્લોક ૬૩ हित्वा तस्मिन्०

કાઠી શિરો કડુ સરપનું હસ્તે ટેકો દીધેલાં,
ક્રીડાશૈલે ગવરીચરણે ચાલતાં હોય તો ત્યાં,
સ્થંભાવીને જળપગથિમાં રૂપ કાયા બનાવી,
સીડી રૂપે મણિતટ જતાં તું થશે અગ્રગામી.

રેખાંકિત ૧ ભુલ છે. ૨. भुजगवलयम् માટે છે. અનુવાદ સારો છે.

ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तम्० નો ૨ કડીમાં

ત્હારામાં છે વીજળી, વનિતાયૂથ ત્યાં વિજળીશાં,
ત્હારે જેવું સુરધનુષ છે, ચિત્રવિચિત્ર છે ત્યાં,
જેવી રીતે મધુર ગરવી ગર્જના તું કરે છે,
ત્હેવા થાયે મૃદુમુરજના ઘોષ ત્યાં સંગીતાર્થે.
ત્હારી મધ્યે અતુલ જળનાં જે રીતે વાદળાં છે,
તેવી ત્યાંની ભુમી જળમયાં રત્ન તેજે દીપે છે.
છે તું ઉંચો ઘન, ત્યમ દીસે એહ આભે અડેલાં,
ત્હારી સાથે સમતુલથવા યોગ્ય છે મ્હેલ ત્યાંના.

રેખાંકિત પદોમાં વિસ્તાર કરવો પડયો છે. મૂળની લાઘવજન્ય ચોટ આવતી નથી, પણ તુલના કર્યા સિવાય વાંચવામાં આવે તો સરળ પ્રાસાદિક પ્રવાહિતાની દૃષ્ટિએ સુંદર છાપ પાડે છે. જેમ જેમ અનુવાદક અનુવાદ કરતા ગયા છે તેમ તેમ તે સારો થતો ગયો છે. અલકા અને યક્ષધામના વર્ણનનાં મનોહર અને ચિત્રાત્મક શ્લોકોનો, અનુવાદકના અભ્યાસની કક્ષા જોતાં ખરેખર સારો અનુવાદ થયો છે. શ્લોક ૧૪માં રાવણનો નિર્દેશ કર્યો છે. તે જોતાં પાઠ નિર્ણય પણ ઠીક વિવેકપૂર્વક કર્યો છે.

શ્લોક ૧૬ वापीचास्मिन्०
ને ત્યાં વાપી મરકત શિલા બધ્ધ સોપાનની છે,
ખીલ્યાં તેમાં કનકકમળો, દંડવૈદૂર્યના જે,
રે'તાં હંસો તહિં જળવિષે પૂર્ણઆનંદ લાવી,
વર્ષામાંહે પણ નથી જતા માન પાસે તથાપિ,
રેખાંકિત ૧ सोपानमार्गा માટે છે. ૨. "વાળા" ના અર્થમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ, ૩. व्यपगतशुचः નો અર્થ જુદા ફેરવીને કર્યો છે. છતાં અનુવાદ સારો છે.
શ્લોક ૧૭, ૧૮નોયે સારો છે.
શ્લોક ૧૯ तस्मन्मध्ये च०
તેની મધ્યે સ્ફટિક હેમની વાસયષ્ટી,
બાંધી મૂળે નિલમણિ થકી લીલુડાં વાંસ રંગી.
મ્હારી સ્ત્રીએ સ્વરિતવલયે જે નચાવેલતાલે,
સાયંકાળે સુહૃદતુજનો મોર આવી બિરાજે.
રેખાંકિત ૧ ભૂલ છે. ૨. अनतिप्रौढवंशप्रकाशैः માટે નિર્બળ છે. ૩. कान्ता માટે છે. ૪. सिञ्जा वलयसुभगैः માટે છે. અનુવાદ સામાન્ય છે.
શ્લોક ૨૨ तन्वी श्यामा०
હોષ્ઠો રાતા મૃદુલ સુવતી શોભિતી દંતપંક્તિ,
ઊંડી નાભીવાળી, કૃશકટી લોલનેત્રે મૃગીશી,
શ્રોણીભારે ધીમી ગતિવતી સ્હેજ વાંકી સ્તનેથી
ત્યાં સ્ત્રીઓમાં પ્રથમ વિધિએ એ રચી હોય એવી.
રેખાંકિત અનુક્રમે पक्वबिम्बाधरोष्ठी, तन्वी श्यामा, शिखरिदशना, चकित हरिणी प्रेक्षणे અને नम्रा માટે છે. તે નબળો અનુવાદ છે.

શ્લોક ૨૯ अधिक्षामां०

સૂતી આધોકૃશ વિરહની સેજમાં એક પાસે,
પ્રાચિમૂળે પ્રગટ શશિની શેષ રેખા સમીતે,
મ્હારી સાથે ક્ષણસમનિશા ભોગવેલી વિહારે,
તેને લાંબી ગણી વિરહના ઉષ્ણ આંસુઓથી ગાળે.

રેખાંકિત -૧માં જોડણીની ભુલ છે. છંદને કારણે તેમ કરવાની જરૂર નથી. બાકી અનુવાદ સારો છે. શ્લોક ૩૦-થી ૩૨ના સારા છે. શ્લોક ૩૩માં "આઇ" ભુલ છે. શ્લોક ૩૪ થી ૩૭ના પણ સારા છે.

શ્લોક ૩૯ भर्तुर्मित्रम् ०

સ્નેહી વ્હાલો તુજ પતિ તણો મેઘ હું હે સુભાગી,
સંદેશાને ધરી હૃદયમાં આવીયો પાસ ત્હારી,
વેગે જવા શ્રમિતયુથને પ્રેરતો પંથીઓના,
પ્રૌઢા મીઠા ધ્વનિથી અબળાવેણીમોક્ષાતુરોનાં,

રેખાંકિત ૧-૨ માં જોડણી ખોટી છે. ૩. લાંબોસમાસ છે. છતાં અનુવાદ સારો છે.

શ્લોક ૪૪ श्यामास्वंगं

~~લોલદૃષ્ટિ~~ લોલદૃષ્ટી હરિણી નયને, અંગ પ્રિયંગુવેલે,
ચંદ્રે છાયામુખની, અલકો કેકી કેરા કલાપે,
ભ્રૂ વિલાસો વિરલ નદીના હું તરંગે નિહાળું
ચંડિ એકે સ્થળ નવ મળે હાય સાદૃશ્ય ત્હારું.

રેખાંકિત સ્થળોએ મૂળમાં અનુસ્વાર નથી તે છાપ ભુલો છે. અહીં સુચવ્યું છે તેમ હોય તો અનુવાદ વધારે સારો થાય. આમે ય તે સુંદર છે. શ્લોક ૫૩માં બે કડીને કારણે શિથિલતા છે. શ્લોક ૫૪નો સુંદર છે.

પર્યાય પસંદગીની તકલીફ તો આ અનુવાદકને પણ રહી છે. શ્લોક ૩૭–૨માં नयनविषयं भावहृत्येतिमानुः માટે "દિનકર નમે ત્યાં સુધી" નિર્બળ છે. શ્લોક ૩૮માં क्वणित માટે ધ્વનિ, वेश्याः માટે 'નટનિયો,' ૩૯માં प्रतिनवजपा માટે 'જતી,' કરે છે. તે ભૂલ છે. જોકે બધા શ્લોકોની નીચે ગદ્યમાં પણ અનુવાદ આવ્યો છે. ત્યાં "જાસુદનું ફૂલ" કહે છે તે બરાબર છે. પણ તે "જતીકુસુમ = જાસુદ" એમ છે તે ખોટું ન ગણાય. ઇચ્છા માટે આશ અને ઉદ્વેગમાટે ચિંતા પણ એવા જ. શ્લોક ૪૦માં दृष्यालोके માટે દૃષ્ટિ રુંધાઇ જતી' કરે છે. दर्शयोर्वीम् માટે "માર્ગ દેજે બતાવી". શ્લોક ૪૧માં भवनवलभौ માટે "ભવનમજલે" અને मन्दायन्ते માટે 'ખોટી થતાં' પ્રયોગ પણ અસુભગ – અસંતોષકર છે. શ્લોક ૪૨મા खण्डितानां માટે 'રોષવાળી' અને अनल्प માટે 'પૂર્ણ' કરે છે તે યે એવા જ છે. શ્લોક ૪૩–૪નો અનુવાદ નબળો છે. શ્લોક ૪૮–૩માં યતિભંગ છે. "ગ્રામ"ની જોડણી ખોટી છે. શ્લોક ૫૭–૩માં નસાડીને બદલે अवकीर्णाः માટે "વિખેરી" વધારે સારું થાત. શ્લોક ૫૯માં જોડણીની ઘણી કચાશ રહી ગઇ છે. હોંસે માટે 'હાંસે,' ધ્વનિ માટે 'ધ્વની' પૂર્વ માટે 'પુરૂ,' તણુ વગેરે. શ્લોક ૬૨માં મૂળ છે मचकैवाससीव તેને બદલે 'ખભે કાળો ખેસ ધારી ઊભા' છે માં દ્વિવચનને બદલે એક વચન કર્યું છે. શ્લોક ૬૪માં કંકણો માટે "કંકોણો" અને श्रवणपुरुषैः માટે "કર્ણભેદી" કરે છે. ઉત્તરમેઘ શ્લોક ૧૨માં षट्पङ्क्त्यम् चापम् માટે 'ધનુઅલિરૂપ' અને चरणकमलन्यासयोग्यम् માટે લેખે+ 'લેપવાપાય પદમ" નબળા અનુવાદ છે. શ્લોક ૧૪માં चन्द्रहासव्रणाङ्कैः માટે 'ચંદ્રહાસાંકિ ઘાને'માં શબ્દોનો ક્રમ સમાસમાં બદલાય છે. તે બરાબર નથી. ૧૫ મા वधितैः માટે 'પોસ્યું' પણ

એવું જ. શ્લોક ૨૧માં ~~स्मरसि~~कल्मेतनुताम् માટે 'બાળહસ્તરૂપે,' અને 'ગિરિયે' પ્રયોગો નબળા છે. શ્લોક ૨૩માં जानीयाः માટે 'ગણજે,' गुरुषु-गुरुषुदिवसेषु માટે 'ભારે દિવસ,' શ્લોક ૨૪માં शूननेत्रम् માટે 'નેત્રો સુજેલું,' अशिशिरतया માટે તપતો, हस्तन्यस्तम् માટે 'હસ્તે ટેક્યું,' શ્લોક ૨૫માં स्मरसि માટે 'સ્મરું છું?' ૨૬માં મુક્ત, सारयित्वा कथंचित् માટે 'મહાપ્રયત્ને લુછીને,' स्वयमपिकृताम् માટે 'સ્વયંકૃત જે,' : છંદ પણ તુટે છે: શ્લોક ૨૭માં स्थापितस्यावधेर्वा માટે 'નીમી સિમાના,' શ્લોક ૨૮માં सव्यापाराम् માટે 'કામકાજે,' अवनिशयनाम् માટે 'ભૂમી સૂતી,' જેવા પ્રયોગો તે અંગે અસંતોષ જન્માવે છે.

૧૯૧૬-૧૭માં થયેલો આ અનુવાદ મેઘદૂતના સારા અનુવાદોમાંનો એક છે. સંસ્કૃતના અભ્યાસી ન હોવાછતાં મિત્રપાસેથી સાંભળી સમજીને જે અભિનિવેશપૂર્વક આ અનુવાદ કર્યો છે, તે તેમને માટે આદર જન્માવે છે. છંદ બેચાર સ્થળો બાદ કરતાં અનવદ્ય છે. છંદ. શૈલી સરળ, પ્રવાહી, શિષ્ટ અને મધુર છે. મૂળનો મર્મ તે સમજ્યા છે. Full import of words નો ઉપયોગ કરનાર મહાકવિ કાલિદાસની આ રમણીય કૃતિને ગુજરાતીમાં ઉતારવામાં તેમને ઠીક ઠીક સફળતા મળી છે. તેમ છતાં સ્થાને સ્થાને પર્યાયો ખટકે છે. ક્યાંક અતિસાદા, ગ્રામ્ય પણ લાગે છે. આંખની તકલીફને કારણે પ્રૂફ સુધારવામાં કેટલીક ભૂલો રહી ગઇ છે. તે ૮૮ વર્ષની પાકટ વયે પણ પોતે જ પ્રૂફ સુધાર્યાં છે, તેને કારણે છે. ક્યાંક છંદાનુસારી જોડણી કરવા જતાં તેમ બન્યું છે. છતાં મોટા ભાગના શ્લોકોનો અનુવાદ સારો થયો છે. તે એક નોંધપાત્રસિદ્ધિ ગણાય.

કવિવર ન્હાનાલાલ – ૧૯૧૭

૧૯૧૭માં "વીસમી સદી" માં/ અંકમાં આ અનુવાદ છપાવો શરૂ થયો. ત્યાં માત્ર પૂર્વમેઘનો અનુવાદ જોવા મળે છે. બાકી તો પછી પૂરો કરેલો છે. ત્યાં કેટલાંક સુંદર ચિત્રો પણ છે. પ્રસ્તાવનામાં કવિ લખે છે "ગંભીર વિષાદપૂર્ણ છતાં સ્મરણ પ્રિય અને ચિંતન સુંદર કાવ્યના સ્થાયી ભાવને અનુકૂળ કાવ્યના છંદને અવચિત્ય સર્વમાન્ય હોઇ ભાષાંતરનો પ્રયત્ન એ છંદમાં છે. પણ જેમ નાત્યોનાં બંધન ઢીલાં પડે છે તેમ છંદનાં બંધનો પણ શિથિલ થયાં હોવાથી મ્હારાં કેટલાંક મૂળ કાવ્યમાં છે તેમ – આ ભાષાંતરમાંયે યતિવિરામ અને ગેયતાનાં કાલતાલ સાચવીને ગણમાપની વાડોને આદર ઓછો દીધો છે. અને એ કારણે ગણશુધ્ધિના કો આગ્રહી આ ભાષાંતરના છંદને મંદાક્રાન્તા ને બદલે આ-મંદાક્રાન્તાને નામે ઓળખવા ઇચ્છે તો પણ વાંધો નથી. બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ કે છંદનું છંદત્વ કસ્તુરીના કસ્તુરીત્વની પેઠે વેશમાં નથી, ગુણમાં છે. અને આ ભાષાતંરમાં મૂળનો કાવ્ય પ્રવાહ છે તેટલો તો ભાષાંતરના છંદોમાંયે મૂળનો છંદપ્રવાહ વહે છે જ." [૨૫] છતાંયે નિરપેક્ષ દૃષ્ટિએ આ છૂટ કઠે તેવી જ છે. બીજા બધા ગુણોનો વિચાર કરતાં કાલિદાસની ઉક્તિ,

एको हि दोषो गुणसंनिपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः

એ ન્યાયે તેને નિર્વાહ્ય ગણીએ તો ભલે.

પ્રસ્તાવનામાં કવિશ્રી કવિત્વમય વાણીમાં કાવ્યવિષયક ચર્ચા કરે છે. તેની મોહિની, હનુમત્સંદેશને કારણે કવિને પ્રેરણા મળી હોવાનો સંભવ, કાલિદાસના યશસ્વી દેશકાળ,

---

૨૫: પ્રસ્તાવના પૃ. ૯

અને કવિતાનો સુંદર ભાષામાં પરિચય આપ્યો છે. કવિકુલગુરુની રસસમૃધ્ધ કવિતાને અંજલી આપી છે. Notes – પાદટીપ ઓછી અને આછી છે. પ્રત્યેક શ્લોકના ભાષાંતરને અંતે તે શ્લોકવિષે ક્યાંક કોઇ શબ્દ કે વાક્યખંડનો અર્થ વિશદ કરવા કે સમજાવવામાટે તે આપી છે.

શ્લોક ૪ प्रत्यासन्ने० માં "प्रत्यासन्ने० નો અર્થ "ધંનનભયચડયે" એમ કર્યો છે. नमस् ના આકાશ અને શ્રાવણ માસ બે અર્થ થાય છે. તે ઉપરાંત પ્રશમ – પ્રથમ એવા બે પાઠપણ બીજા શ્લોકના છે. "પ્રશમ" પાઠ જ સંદર્ભે વિચારતાં વધારે યોગ્ય લાગે છે. બબ્બે હજાર વર્ષપૂર્વે ભારતમાં ઋતુઓ એકમાસ વહેલી શરૂ થાય એ રીતે ઋતુચક્ર પ્રવર્તે છે.[૨૬] आषाढस्य प्रथम दिवसे એ રીતે વાચના સ્વીકારતાં" प्रत्यासन्ने नभसि "શ્રાવણમાસ નજીક આવ્યો" તે વાતનો મેળ મળતો નથી. તેથી કવિશ્રી તેમજ બીજા ભાષાંતરકારોને "આકાશ" અર્થ લેવો પડ્યો છે.

શ્લોક ૫ धूमज्योति:०

ધુમ જ્યોતિ જળ પવનનું માળખું મેઘ કહયાં તે,
કપરાં સંદેશા નિપુણ ધૃતિના લોકથી લઇ જવાતા,
ઉત્સુકતાથી કંઇ ન લહીતે યાચતો યક્ષ એને,
કામાતુરો જીવ અજીવના ભેદભૂલે સ્વભાવે.

संनिपात: નું માળખું કરવું પડયું છે. છેલ્લી પંક્તિ ગુજરાતીમાં સુંદર રીતે ઉતરી છે.

૨૬: Shri V.K. Paranjape A fresh light on the Megh. of Kalidasa.

શ્લોક ૯ मन्दं मन्दं०

ધીરાધીરા અનુકૂળ ત્હને જોઇતા વાય વાયુ,
ડાબે પાસે મધુર વદતા ચાતકો આ સગર્વ,
ગર્ભાધાન ઘડી સ્મરવતા નેત્રવ્હાલા ત્હને તો,
હારે હારો મળી બગલીની સેવશે વ્યોમ સાથે,

नुदति, ચાતક:, क्षणपरिचयाद् ના અર્થ બરાબર ઉતર્યા નથી. चातकः નું બહુવચન કરવું પડ્યું છે. नयनसुभगम् નું નેત્રવ્હાલા ત્હને તો" કાલેમાં આ શ્લોક ૧૦મો છે.

શ્લોક ૧૧ कर्तुमच्च०

ને પૃથ્વીને ફળવતી કરે છત્રી પુષ્પો ખીલીને,
ગર્જન ત્હારું શ્રવણગમતું સુણી માને ઉડન્તા,
બાંધી ભાતાં કમળ ડુખનાં છેક કૈલાસ સુધી,
સાથી ત્હારા નભ મહિં થશે રાજહંસો રૂપાળા,

બીજી પંક્તિમાં ગણમાપ પ્રમાણે શૈથિલ્ય છે. बिसकिसलय નું કમળડુંખ કર્યું છે. બાકી ભાષાંતર સારું છે.

શ્લોક ૧૩ मार्गम् तावत् ० માં श्रोष्यसि श्रोत्र पेयम् નો અનુવાદ "કાને ઝીલ્યા શો" "અવોજ" છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

રત્નચ્છાયા ગુંથી શું ગગને સન્મુખે રમ્યએવો,
આ વલ્મીકના તટથી પ્રગટે ઈંદ્રનો ચાપખંડ,
તેથી કાન્તિ અતિશ ધરશે, શામળી દેહતારી,
જાણે ઝળકે મયૂર પિંછડે ગોપવેશે શું વિષ્ણુ.

અને શ્લોક ૧૯ स्थित्वा तस्मिन्०

થોભી ત્યહાંતો વનયુવતીએ માણીકુંજે ઘડીક,
પાણી વર્ષી વધી ઝડપથી પંથ કાપી પછીનો,
વિંધ્યાપાદે વિષમ છીપરે, નર્મદા છિન્ન ભિન્ન,
જોજે, જાણે ગજ શરીરમાં, માંડો શોભાનો વેલો.

सुंदर छे.

શ્લોક ૨૬ नीचैराख्यं॰ માં "વામનગિરિ" શ્લોક ૨૭માં "पुष्प लावी" નો અર્થ "માલણો" અને શ્લોક ૨૮માં लोचनै वंचितोऽसि નો "તોજીવ્યું વ્યર્થ ત્હારું" અર્થકર્યો છે.

શ્લોક ૩૩ हारांस्तारा॰

દુર્વાવર્ણાં કિરણ સ્ફુરતાં લીલમો લોહ્ય, ચોક્ખા,
મોતીહારો મણિઢળકતા, શંખ છીપો કરોડો,
પરવાળાં એ સહુથી દીપતાં, ભાળી ત્યહ્યાંના બજારો,
ધારેકોકે "જલઉદધિમાં" નીર શું માત્ર બાકી",

અધોરેખિત ખંડમાં પુનરુક્તિ છે. બાકી અનુવાદ સરસ છે. કેટલાકે આને ક્ષેપક ગણ્યો છે, પણ કવિશ્રીએ તેનો અનુવાદ કર્યો છે. શ્લોક ૩૫, ૩૬, ૩૭, ૩૮ના અનુવાદો પણ સારા છે. શ્લોક ૪૦માં विक्लवा: નો "બહાવરી" તથા શ્લોક ૪૧ માં "वलभी" નો "પાંખ" અર્થ કર્યો છે. તે કવિશ્રીની સૂઝ બતાવે છે.

શ્લોક ૫૩ तस्माद् गच्छेः॰ નું ભાષાંતર

ત્હાંથી જાજે કનખલ કને જાહ્નવી ઊતરે જ્યાં,
હિમાળેથી, સગરસુતની, સ્વર્ગ સ્હીડી સરીખી,
ગૌરી મુખડે પડી ભ્રૂકુટિ શું, ફીણ હાસે ઉવેખી,
ઝીલી ઊર્મિ કરથી શશીને શંભુના કેશ ઝાલે.

સુંદર છે. શ્લોક ૬૩ हित्वा तस्मिन्॰

ને સર્પોનાં વલય તજીને શંભુદીધહાથ ઝાલી,
તે ક્રીડાને શિખર વિહરે, ગૌરી જો પાય ચાલી,
તો થંભાવી જળપૂર રચી, ભાંગી રેખાનું રૂપ,
ચ્હડવા આગે જઇ પગથિયાં, માંડજે રત્ન ઘાટે,

પણ સરસ અનુવાદ છે.

ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तम्॰

~~ત્હારે~~

ત્હારેવીજ, ત્ય્હાં લલિતલલના, ઇન્દ્રધનુ, ચિત્ર છે ત્યહાં,
ત્હારે ગર્જન ધીરગંભીર, ત્યહાં ગીતગાન્યાં મૃદંગ,
હૈયે પાણી, મણિમયભૂમિ, ઉચ્ચ એ અભ્રચુંબે,
ત્યહાંના મહેલો વિભુતિવિવિધે ત્હારી તુલ્યેજ પૂરા,
એકજ કડીમાં છતાં સુંદર બનેલું આ ભાષાંતર ગુજરાતી ભાષાની શક્યતા અને કવિશ્રીની શક્તિ અને સૂઝનો ઉત્સાહપ્રેરક ખ્યાલ આપે છે.

શ્લોક ૯ यत्रस्त्रीणां०

તુજ ઘેરાવો ફીટી ઝગમગી ચંદ્ર જ્યોતે ઝગંતા,
તંતુજાળે લટકી શિકરો છાંટતાં, ચંદ્રકાન્તો,
ત્યહાં મધરાતે સુરત જન્મ્યા અંગના થાક ટાળે,
પ્રીતમ કેરે દૃઢભુજ ભીડી હાંફતી સુંદરીના.

તથા શ્લોક ૧૧ गत्युत्कम्पाद्०

ગતિ ડોલનથી અલકથી ખર્યાં, પુષ્પ મંદારનાં તે,
સોના કમલો, શ્રવણથી પડયાં, પાંખડી ખંડ વેલી,
વૃક્ષ: સ્થલના તૂટી વિખરિયા હાર મોતી સરીના,
તે સુચવે ત્યહાં પથ રવિ ઉગ્યે રાત્રિના કામિનીના.

બેઉના અનુવાદ સુંદર છે. અલકાવર્ણનના તથા યક્ષના ધામના વર્ણનના વૈભવયુક્ત અને ચિત્રાત્મક શ્લોકોનો કવિશ્રીએ કરેલો અનુવાદ ગુજરાતી અનુવાદોમાં પ્રથમ સ્થાનનો અધિકારી છે. ઉદાહરણ તરીકે શ્લોક ૧૯ तन्मध्येच०

તે મધ્યે છે મણિફલકનો બેસવા હેમથંભ,
કુંભી કીધી લીલમથી, કુંળા વાંસની જ્યોતિ નીથી,
ત્યહાં ચ્હડી બેસે તુજ સુહૃદ તે મોરલો દિન વીત્યે,
ચારુ કંકણ રણકી નચવે તાળી લઇ મ્હારી કાન્તા.

શ્લોક ૨૩ तन्वी श्यामा०

નાજુક યૌવન ઉગતી અધરે બિમ્બ શા, નાભિ ઉંડી,
દાડમી દન્તો ચકિત મૃગી શી દૃષ્ટિ, કટિ પાતળીને,
સ્તન બોલે કંઇ નમો લસડતી ચાલ નિતમ્બ ભારે,
એવી છે ત્યાં યુવતિ સૃજતાં, સર્જીવિધિએ શું પ્હેલી !

મૂળના ભાવને બરાબર રજૂ કરે છે. છંદ શૈથિલ્ય પ્રમાણમાં કંઇક વધારે છે. "લસડતી" ને બદલે "મલપતી" મૂકી શકાયું હોત. શ્લોક ૨૩માં "परिमित कथा" નું "થોડ બોલી" અને શ્લોક ૨૬માં "निक्षिप्य" નું "નાંખી" કર્યું છે. તેને બદલે "મુકી" થઇ શકત. "धात्वर्थ" જોતાં નાંખી બરાબર છે. પણ વીણા નાંખવાની નહીં પણ મૂકવાની વસ્તુ છે. તે જોતાં મૂળ અર્થનું સ્વારસ્ય સચવાતું નથી. શ્લોક ૩૦ पादानिन्दो०

જાળી માર્ગે અમૃત શીતળાં ચંદ્રનાં રશ્મિ આવે,
તે ભણી જુની, પ્રીતથી જતી ત્યહાં, પાછી વાળેલ દૃષ્ટિ,
નેત્રો ભરિયાં જળથી ઢળતી પાંપણે છાઇ દેતી,
જાણે મેઘલ દિન કમલિની ના પ્રફુલ્લી ન બીડી.

શ્લોક ૩૯ भर्तुर्मित्रम्०

સોહાગણ ! હું ધંન હું પતિનો મિત્ર વ્હાલો હું જાણ,
ને આવ્યો હું તુ સમીપ ધરી તેહ સંદેશ હૈયે,
વ્હાલીકેરી વિરહ લટને છોડવાને અધીરા,
પંથી વૃંદો ગંભીર ગરજી, થાકતાં પ્રેરું પંથે.

તથા શ્લોક ૪૪ श्यामास्वङ्गं०

પેખું હું કંઇ ચકિત મૃગીની દૃષ્ટિમાં દૃષ્ટિ ચોટ,
ચંદ્રે છાયા મુખની શિખિના પીંછ ભારે સુકેશો,
ભ્રુલીલા ઝીણી નદી લ્હરમાં અંગે પ્રિયંગુ વેલે,
કો એકેમાં નથી - નથી ખરે ! ચંડિ સાદૃશ્ય ત્હારૂં.

તેમજ શ્લોક ૫૦ नत्वात्मानं०

વિચારીને વળી વળી જ હું આત્મથી આત્મ ધારું,
તો કલ્યાણિ, તુંય પણ હવે કંઇ નહીં ભીરૂ થાય,
કોને લાધ્યાં અનહદ સુખો? દુઃખવા એકલું યે! અરે!
નીચે ઊંચે ફરતી જ દશા, ચક્રઆરાની પેર.

એ બધા શ્લોકોના અનુવાદ સારા થયા છે. હકીકતમાં શું પસંદ કરવું એ નહીં પણ કેટલું પસંદ કરવું અને કેટલું નહીં એ પ્રશ્ન છે. અત્યાર સુધીમાં થયેલા અનુવાદોમાં આ અનુવાદ સૌથી વધારે સંતર્પક છે. છંદવિષયક એક વિગતને બાદ કરતાં ભાષાંતર સરળ, પ્રવાહી, પ્રસાદયુક્ત અને મૂળના ધ્વનિને વધારે માં વધારે વફાદાર લાગે છે. મહાનકવિ ન્હાનાલાલ કવિકુલગુરૂ કાલિદાસની પ્રતિભાને બરાબર સમજે છે. એક મહાન કવિ ભારતના રાષ્ટ્રકવિના આ મનોહર અને અમર કીડાકાવ્યને ગુજરાતી દેહ આપી રહયા છે, એમ લાગે છે. કાલિદાસ ગુજરાતીમાં લખત તો કદાચ આની જ નજીકનું લખ્યું હોત. કાલિદાસની અર્થભરપૂર અને ધ્વનિ ગર્ભ "બાની"ને ગુજરાતીમાં ઉતારવાનું ઘણું મુશ્કેલ છે. પણ કવિશ્રી ન્હાનાલાલ અને કિલાભાઇ ઘનશ્યામ એની વધારે માં વધારે નજીક જઇ શક્યા છે. આ ભાષાંતર તેથી યોગ્ય રીતે જ ~~અત્યન્ત~~ આદર પામ્યું છે. તેથી જ છંદવિષયક કવિશ્રીએ લીધેલી છૂટપણ વધારેમાં વધારે કઠે છે. કવિશ્રીની Second Language સંસ્કૃત ન હતી, એ યાદ કરતાં તો આનંદ આશ્ચર્ય ઓર વધી જાય છે.

: ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ :

આ ભાષાંતર સાક્ષર વર્ય બલવંતરાય ક. ઠાકોરની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવનામેળવવા ભાગ્ય શાળી થયું છે. પ્રસ્તાવના ઉપરાંત નિવેદનમાં અનુવાદક કહે છે: –

સંસ્કૃત ભાષાની સામાસિક અર્થઘનતાને સમશ્લોકી ગુજરાતીમાં ઉતારતાં ક્લિષ્ટતા વધે છે અને ગુર્જરભાષા રમણીને કોઇ ખુલ્લા બગીચાના સુખાસન ઉપરથી ઉઠાડીને પ્રાચીન જમાનાની પ્રાચીન સાંગામાંચીમાં બેસાડવા જેવું લાગે છે. એટલે ઉંચાનીચા તરંગોની પેઠે હીંચોળા ખાતો પ્રવાહી ઝૂલણા પસંદ કર્યો છે. મંદાક્રાન્તાના સંસ્કૃત ચરણનો પૂરતો અર્થ પ્રગટ કરવા ગુજરાતીમાં ઝૂલણાનું સ્મરણ ખૂબ અનુકૂળ જણાયું છે. એ છંદની એક બીજી પણ એ સુગમતા છે કે તે ચારણી કવિત કે છંદના ઢાળથી લઇને સંગીતના મધુરા આરોહઅવરોહ સુધી પહોંચી શકે છે. વળી માત્રામેળ યતિ સુગમ હોવાથી તેમાં મનગમતાં સ્વરલય આણી શકાય છે."

સમશ્લોકી ભાષાંતર વિષે ઘણાએ તે ગુજરાતીને અનુકૂળ નથાય એવો મત ઉચ્ચાર્યો છે, એવો જ આપણ છે. તેમાં કંઇક તથ્ય હોય તો પણ કવિશ્રી ન્હાનાલાલ, કિલાભાઇ જેવાનાં સારા ભાષાંતરો જોતાં, અને ઘણા સમય પહેલાં શ્રી ભીમરાવ ભોળાનાથ દિવેટીઆએ મન્દાક્રાન્તમાં જ ભાષાંતર કર્યું છે તે જોતાં, આ વિધાન ચિંત્ય લાગે છે. ઝૂલણા મંદાક્રાન્તા કરતાં પ્રસ્તારી છંદ છે. મૂળમાં ન હોય તેવા અંશો તેમાં ઉમેરવા પડે છે, તે ને તેટલે અંશે ભાષાંતર શિથિલ બને છે. સમયજતાં અનુવાદનો આદર્શ એવો થતો ગયો છે કે મૂળને બરાબર વફાદાર રહેવું. ન વધારે કહેવું, ન ઓછું. ક્યારેક મૂળમાં જે ધ્વનિથી સૂચવાયું હોય તે આવા દીર્ઘ છંદમાં ભાષાંતર કરતાં શબ્દોથી સૂચવવું પડે તેવું બને છે અને તેટલે અંશે મૂળની ચારુતા ઓછી થાય છે.

અનુવાદ ચિત્રોથી સુંદર બન્યો છે. શ્લોક ૨

तस्मिन्नद्रौ०

સ્ત્રી વિયોગ તહીં એહ પ્રેમી તણાં,
કૃશથયાં અંગ સંકોચ પામી,
કનક કલ્લી સર્યે હાથ અડવો અરે!
એમણે મુદત માસોની વામી,
શૃંગ ઉખેડતો ત્યાંહી દંતૂશૂળે,
જેમ મદમસ્ત માતંગ રમતો,
રમ્ય એવો ગિરિ શિખરને ભેટતો,
મેઘ આષાઢિ દિઠો ઉગમતો.

રેખાંકિત પંક્તિ વધારાની છે. મૂળમાં તો તે ધ્વનિથી જ સમજવાનું છે. "आषाढस्य प्रथम दिवसे-" ને "આષાઢિ"માંજ સમાવવું પડ્યું છે. 'એમણે મુદત માસોની વામી"- વર્ણસગાઇ વાળું છે છતાં ફિક્કું લાગે છે. તે છંદને કારણે આવતી મર્યાદાનું સારું ઉદાહરણ છે.

શ્લોક ૩માં कौतुकाधानहेतोः નું "અભિલાષના જનક" કરવું પડ્યું છે. "અનુચરો"ને બદલે "યક્ષ" મૂક્યું છે. અનુચર હોવાથી તે પરવશ છે તેથી તેની આ દશા થઇ છે. એ ધ્વનિ ચાલ્યો જાય છે. "પ્રણિયિનિ"નો અનુવાદ "પ્રેમીલો" કર્યો છે. શ્લોક ૪માં "સન્મુખે જોઇએ મેઘ ચઢતો નભે, એવી ઇચ્છા ઉગી અંતરંગે" માં प्रत्यासन्ने नभसि સિવાય બીજું ઉમેરોજ છે. कुटज कुसुमैः નો અર્થ ઇંદ્રયવનાં પુષ્પ કર્યો છે.

શ્લોક ૫ धूमज्योतिः०

વીજળી પવનને જલકણોનો અરે!
મેઘ ક્યાં ધૂમ્રના ગોટ જેવો,

ક્યાં અરે મર્મ સંદેશના જેહછે,
ચતુર જનને મળયા યોગ્ય તેઓ,
એહ ચાતુરપણાથી નહિ પ્રીછતો,
મેઘને થાય તોય યક્ષ તોય,
જીવ નિર્જીવના ભેદનું ભાનના,
કામ વિહ્વળ તેનો ચિત્ત હોય

માં "સંનિપાતનું" "ગોટ" – કરવું પડયું છે. ન્હાનાલાલ કે કિલાભાઈના ભાષાંતર સાથે સરખાવી જોવાથી શિથિલતા સ્પષ્ટ થઈ જાય છે.

શ્લોક ૧૦ मन्दं मन्दं०

પવન પ્રેરી રહયો મન્દ મન્દ તને,
જેમ અનુકુળતા થાય તેમ,
વામ ભાગે દિસે ટેરતા મદ ભર્યું,
ચાતકો પિયુ પિયુ મધુરું એમ,
ગર્ભધારન તણો દિવસ મંગલ લહી,
બગલિઓ હારની હાર થાશે,
નકકી એ સેન નેત્ર વલ્લભ હોને સેવવા,
ઉડતી વ્યોમને પંથ ધાશે.

રેખાંકિત ઉમેરા છે. તે ઉપરાંત જોડણીની ઉચ્ચાર પ્રમાણે પદ્ધતિ રાખતાં જે અવદશા થાય છે તેનું આ સુંદર ઉદાહરણ છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

મણિતણી કાન્તના રમ્ય મિશ્રણસમો,
સંમુખે પેખવા યોગ્ય જે છે,

તેહ આ રાફડા ઉપરથી નીકળતો,
ઇન્દ્રધનુખંડ એ ઉદ્ભવે છે,
એહની કાંતિથી કાંતિ ધરશે મહા,
શ્યામળી કાય આ મેઘ! ત્હારી,
શોભશે જેમતું ગોપના વેશમાં,
ઝળકતાં મયૂર પિચ્છે મુરારિ.

થોડા ઉમેરાના કારણે શિથિલતા આવી છે "વિષ્ણુ" નો પર્યાય "મુરારિ" મૂકવો પડ્યો છતાં ભાષાંતર એકંદરે સારું છે.

શ્લોક ૨૧ नीपं दृष्ट्वा

જોઇ અધાં ખિલ્યાં કેસરોથી લીલાં,
પુષ્પ શામળ પિળાં સ્થળ કદંબે,
જળભરી ભૂમિમાં કદળીની કળી,
ઉગતી પ્રથમ ચરતા ઉમંગે,
મ્હેંકતી અધિકવન ભૂમિને સુંઘતા,
આમ સારંગ ત્રણેય પોતે,
ભ્રમર હરિણો અને હાસ્તઓ સૂચવશે,
પંથવૃષ્ટિતણો તાહરો જે.

અહીં છંદને લીધે મૂળના ત્રણે અર્થ વ્યક્ત કરવાનું સરળ બન્યું છે તે તેના ગુણ પક્ષે નોંધવું ઘટે છે.

શ્લોક ૨૮ वक्रःपन्थाः

ત્યાંથી ઉત્તર ભણિ મેઘતારો હશે,
યદ્યપિ વાંક લઇ પથ જાતો,
તોય ઉજ્જૈનની ગૃહ અટારી તણા,
પરિચયે તું નહીં વિમુખ થાતો,
ચમકતી વેલ વિદ્યુત થકી ચમકિને,
ચકિત નેત્રે થતી નગરનારી,
રમિશ ની એહ ચંચળ કટાક્ષે નહીં,
તો ગયો સમજજે દૃષ્ટિહારી.

રેખાંકિત પ્રસ્તાર હોવાછતાં એકંદરે સારું ભાષાંતર છે.

શ્લોક ૩૫

કેશને વાસના ધૂપબળી થકી,
પ્રસરતાં તારું તન પુષ્ટિધરશે,
બંધુ પ્રેમેકરી મયૂર ધરનારહીં,
નૃત્યથી તુજસત્કાર કરશે,
લાલ પડયાં ચરણનાં ચિહ્ન જ્યાં,
લલિતવનિતા તણાં રમ્ય રાજે,
પુષ્પ પરિમલવડે, ભભકતા મ્હેલએ,
જોઇ વૈભવ ભેર્યાં થાક ભાંજે.

રેખાંકિત अध्वखेदं नयेथा: નું ભાષાંતર છે. બાકી મુલાનુસારી અને સારો અનુવાદ છે.

શ્લોક ૩૯. અજિનભય તજિ તને સ્વસ્થતા નિરખતાં
રિઝવ ભક્તિ વડે તું ભવાની

दृष्टभक्तिर्भवान्या० નો અનુવાદ શિથિલ છે. શ્લોક ૪૬ અને ૪૭ના અનુવાદ સારા છે. શ્લોક ૪૬ तत्रस्कंदं०

નિત્યએ ગિરિવસ્યા સ્કંદને પૂજવા,
પુષ્પના મેઘનું રૂપ ધરજે,
વ્યોમગંગાતણા જલકણે આર્દ્ર તું,
પુષ્પધારાથિ અભિષેક કરજે.
અમર અધિરાજના સૈન્યને ચૂરિ થકી,
રક્ષવા કારણે શંકરે જે,
અનલમુખમાં ધર્યું બિંબ તે એજ છે,
સકલ આદિત્યથી અધિક તે જે.

માં બિંબ – तेजः એમ કરવું પડયું છે. "સકલ" ઉમેરો છે. ૪૭માં પણ ક્યાંક એકાદ શબ્દ ઉમેરવો પડે છે. પણ તે ઉમેરા સ્વારસ્ય વિરોધી નથી. છંદના લયમાં ભળી જાય છે. અથવા મૂળના અર્થને સ્પષ્ટ કરવામાં સહાય કરે છે.

શ્લોક ૫૩ तस्माद् गच्छेः०

ત્યાંથિજા જહનવી જેહ કનકખલકને,
શૈલરાજ હિમાલય ઉપરથી
સગરપુત્રોત્રણી સ્વર્ગની નિસરણી.
વહિરહી અવનિતલપર ઉતરતી,
પાર્વતીની ચડી ભ્રુકુટિવાંકીપરે -
ફીણનાં હાસ્ય કરિ જે વિહસતી,
ઝાલતીએ જટાજૂટ ધૂર્જટિ તણું.
ઇંદુને અડિ રહયાં ઉર્મિકરથી.

અધોરેખિત ઉમેરા છે. છંદને કારણે કરવા પડ્યા છે. શ્લોક ૫૯

शब्दायन्ते० મધુર રવકરિ રહી કિચક કુંજવાળી
સુસવતો પવન છિદ્રે પુરાતી,
સ્વર મિલાવે ત્યહાં કિંનરીઓ મળી.
ત્રિપુર વિજયી મહાસ્તોત્રગાતાં,
ગિરિ ગુહા ગજવતું તારું ગર્જન દિસે,
વાજતું જેમ ઘેરું મૃદંગ,
એમ સંગીતના સાજ પશુપતિતણા,
ત્યાં થશે એકઠા સર્વઅંગ.

માં મૂળનો અર્થ ક્યાંક કંઇક બદલાય છે. બાકી અનુવાદ સારો થયો છે.

ઉત્તર મેઘ શ્લોક ૧ विद्युत्वन्तं०

ચપલચપલા તને, લલિત વનિતા તહાં,
ઇંદ્રધનુ તુજ કને, ચિત્ર તહાં તો,
ઘેરું ગંભીર ગર્જન વળી તુજ કને,
ગાજતાં ત્યાં મૃદંગે સુગીતો
ઝળહળે જળ તુંમાંહ્યાં, ત્યાંહિ મણિમય ધરા,
ઉચ્ચતું, તો ગગન ચુંબિ એ છે.

એમ ત્યાં વિવિધ વૈભવ થકી વિલસતા,
તુજ સમા પૂર્ણ પ્રાસાદીએ.

तुलयितुमलं० નો અનુવાદ "તુજસમા"થી કરેલો છે. કંક વિસ્તાર પણ દેખાય છે. છતાં ભાષાંતર સ્પષ્ટ અને સરલ થયું છે.

શ્લોક ૧૧, ૧૯ અને ૨૨ માના અનુવાદ પણ સારા છે. ૨૨માનો અનુવાદ કરતાં કેટલાક અનુવાદકોને મુશ્કેલી પડી છે. કેટલાકે બે કડી કરી છે. પણ અહીં તે એકજ કડીમાં સારી રીતે મૂકી શકાયો છે.

અધર ફળ બિંબ સમ, દંતકૂપળ સમા,
પાતળે અંગ ભર યૌવના એ,
ચકિત હરિણી દૃગે, મધ્યમાં કૃશવળી,
નાભિ ગંભીર ઉંડી જણાયે
સ્તનતણા ભારથી સ્હેજ ઝૂકી રહી,
મલપતી ચાલતી શ્રોણિ ભારે
યુવતિ એવી હશે ત્યાં પહેલી ઘડી-
અનુપ વિધિએ રચી નાર ત્યારે.

પક્વ અને શિખરિનો અર્થ બરાબર ઉતર્યો નથી. ગંભીર અને ઉંડીમાં પુનરુક્તિ છે. બાકી સારું.

શ્લોક ૪૪ श्यामास्वङ्गं०

દીસતું પ્રિયંગુ માં તુજવપુ,
ચકિત હરિણી દૃગે દૃષ્ટિ દીસે,
કાન્તિ મુખની દીસે ચંદ્રમાં, દિસતાં
~~દિસતાં~~, કેશ તુજ મોરના પિચ્છ વિષે-
સરિત જળની ઝિણી ઝીણી લહરી વિષે,
ભ્રકુટિના હું વિલાસો નિહાળું,
પણ ન દીસે અરે! વસ્તુ એકેયમાં,
માનિની! સર્વ સાદૃશ્ય તારું.

એકંદરે સારું ભાષાંતર છે.

શ્લોક ૫૦ नत्वात्मानं०

ચિત્ત ચિંતન કરી ફરિફરીને પ્રિયા,
હું મને આત્મસ્વરૂપે જ ધારું,
તો પછી તુંય કલ્યાણિ કાયરપણું,
છેક નવ અંતરે ધરિશ વારું.
જગતમાં કોણ છે, મૂળજ સઘળું મળ્યું,
કે મળ્યું એકલું દુઃખ કોને?
જેમ નીચે ઉંચે ચક્ર આરા ફરે,
એમ ફરતી દશા સર્વ કોને.

છંદને કારણે અધોરેખિત ઉમેરા કરવા પડયા છે. તેવા ઉમેરાને બાદ કરતાં – જ્યાં મૂળનો ધ્વનિ કંઈક શિથિલ કે સ્પષ્ટ બને છે, – આ અનુવાદને જે સરળ સુવાસ અનુવાદ તરીકે જે પ્રતિષ્ઠા મળી છે તે યોગ્ય જ છે.

નટવરલાલ ભાઈશંકર જાની

"આપણા મહાકવિ કાલિદાસની પ્રતિભા અને ભાવના જીવંતરહે અને વેશપરિધાન સવાંગી ગુજરાતી હોય એવા ભાવાનુવાદની આવશ્યકતા હતી જ." એમ પ્રસ્તાવનામાં લેખક કહે છે. તેમછતાં આ મન્દાક્રાન્તામાં થયેલો સમશ્લોકી અનુવાદ સંસ્કૃતમય છે. બીજી રીતે ગુજરાતી વેશપરિધાન તરીકે કશો વિશેષ ભાગ્યેજ જણાય છે. આ અનુવાદ પર પુરોગામીઓની છાયા પડી છે. તેનો ઋણ સ્વીકાર પણ કર્યો છે. વસ્તુતઃ અનુવાદકોએ પોતાના પુરોગામીઓએ કરેલા અનુવાદો જોયા તો હોય જ.

શ્લોક ૧ कश्चित्कान्ता०

સેના ભુલ્યે વરસ ભરના પત્ની વ્રેહે અસહ્ય,
સ્વામી શાપે વિગત મહિમા જેહનો એહ યક્ષે
સીતા સ્નાને પુનિત જલના ચિત્રકૂટાશ્રમોમાં
વાસો કીધો જહીં તરુવરો, સ્નિગ્ધ છાયાળ દીસે,

અધોરેખિત શબ્દો ઉમેર્યા છે. બાકી મુલાનુસારી છે. પણ શબ્દો અને શબ્દખંડોનો ક્રમ બદલાય છે. તેથી મૂળની રસવાહી પ્રાસાદિકતામાં કૈંક ઉણપ આવે છે.

શ્લોક ૨૦ तस्मिन्नद्रौ० માં कनकवलय भ्रंशरिक्त प्रकोष्ठः નું "કલ્લી કનકમયને હાથથી નીચી આવી" કર્યું છે. ૩-૪ પંક્તિમાં વપ્રક્રીડા પરિણત નો અર્થ આવતો નથી. શબ્દો જાણે એ અર્થની આસપાસ ફર્યા કરે છે.

શ્લોક ૫ धूमज्योतिः०

ધૂમજ્યોતિ જળપવનના મેળશો મેઘ ક્યાં ને?
ક્યાં સંદેશા નિપુણમનના માનવીથી વહાતા?
એ ઔત્સુક્યે મન અવગણી યાચતો યક્ષ એને,
કામાર્તોને જીવ અજીવના ભેદ ના કૈં સ્વભાવે

રેખાંકિત શબ્દોમાં મૂળનો અર્થ સુષ્ઠુ રીતે ઉતરતો નથી. છેલ્લી પંક્તિથી પણ અસંતોષ થાય છે.

શ્લોક ૭ संतप्तानां० નું "સીંજેલા"નું કર્યું છે. પંક્તિ ૪માં "हरशिरः चंद्रिका" નું "શર્વની ચંદ્રિકા"એ "એવું" જૈ છે.

શ્લોક ૯ અને ૧૦નો ક્રમ ઉલટ સુલટ કર્યો છે. मन्दं मन्दं નો "આસ્તે આસ્તે" અનુવાદ કર્યો છે તેને બદલે "ધીરે ધીરે" વધારે શોભત. चातकः માં એક વચનને બદલે બ. વ. કર્યું છે. " नयन सुभगं " ને "લાડીલા નેત્રના ઓ!" સંબોધનમાં ફેરવી નાખ્યું છે. नूनमाबद्धमालाः નું "હારેહારોવળી" કર્યું છે. આમ આ શ્લોકનો અનુવાદ અસંતોષકારક છે.

શ્લોક ૯ના અનુવાદમાં ૩-૪ પંક્તિનો અનુવાદ:

સ્નેહી હૈયાં ફુલ સરીખડાં નારીનાં શીઘ્રઢળતાં,
પ્રાય: એતો વિરહઋતુમાં, આશ બન્ધે ટકી રહે.

શ્લોક ૧૧મો સારો છે. संपत्स्यन्ते० નો "થશે સાથીતવ નભ વિષે, રાજહંસોરૂપાળાં" માં ઊડવાનો અર્થ આવતો નથી. શ્લોક ૧૪ रत्नच्छायाo सरस निचुलात् નો "લીલનિંદ્રે" અનુવાદ સુભગ છે. શ્લોક ૧૫ रत्नच्छाया०

શું ગુંથેલો રતનકિરણે ઈંદ્રનો ચાપ ખંડ,
વલ્મીકાગ્રે ગગનપ્રકટે સન્મુખે રમ્ય એહ,
તેથી સૌંદર્ય અતિશય ધરે, શ્યામળી કાયતારી
સ્હોએ જાણે મયૂર પિંછથી વિષ્ણુ શી ગોપ વેશે!

માં પંક્તિ ત્રીજીમાં યતિભંગ છે.

શ્લોક ૧૭ त्वामासार० પ્રથમ પંક્તિનું બીજી પંક્તિમાં "ઠાર્યો છે તે વનદવ ઝડી મારથી આપ્રકૂટે" કર્યું છે. ત્યાં પ્રશમિત અને આસારનો અર્થ છે.

શ્લોક ૨૦ तस्यास्तिक्तैः પંક્તિ ૩-૪.

અંત: સારી ધન! પવનના જોરથી ના ચળે તું
આપેલું સૌ લઘુ ગુરુ બની રાજતું તે ભરેલું રिक्त:

નો અર્થ બરાબર આવતો નથી. છેલ્લીપંક્તિનો અનુવાદ અસંતોષકારક છે.

શ્લોક ૨૮ वक्रः पन्था:०

વાંકી વાટો તુજ પથિકની ઉત્તરે જવું જોકે,
ઉજ્જૈનીના અવગણીશના મ્હેલની નોખી પ્રીત્યો,
ચોંકે લા વીજ ચમકથી પૌરાંગનાના કટાક્ષો
જોડે તું એ રમીશ નહીં તો જીવવું વ્યર્થ જાણ.

રેખાંકિત અનુવાદ મૂલાપસારી છે. યતિભંગ પણ બે સ્થળે છે.

શ્લોક ૩૦ वेणी भूत० માં "વિભ્રમ"નો "ચેનચાળા"અર્થ નથી. છેલ્લી પંક્તિનો લાધે જો વદન ભરતી માત્ર એ સાધ્યતારું" અસુંદર લાગે છે. શ્લોક ૩૩માં પરવાળાં ને માટે "પરવળ"

શબ્દ વાપર્યો છે. શ્લોક ૩૧ शेषैः पुण्यैः हृतमिव दिवः कान्तिमत्० નો "બાકી પુણ્યે નકી જગ ખિલ્યો સ્વર્ગનો એક ખંડ". સંતોષકારક નથી. "હૃત" નો અર્થ 'ખિલ્યો" નથી/ન/કરાય.

શ્લોક ૩૬ भर्तुः कंठच्छवि०

સંમાનારો ગણ/ગાનથી શંભુના કંઠ શોભું,
આજે તું તો ત્રિભુવનગુરુ નાથના પુણ્ય ધામે
વારી ક્રીડા રતયુવતિનાં સ્નાનને ઉત્પલોથી
વાગો જ્યાંના પ્રમદ/સુગંધથી એ નદીની.

માં પંક્તિ ૩-૪નું ભાષાંતર બરાબર થઇ શક્યું નથી. એવું જ પહેલી પંક્તિનું પણ થયું છે. "भर्तुः ના કંઠની છબિ જેવો હોઇને તું ગણોથી આદર પૂર્વક જોવાશે" એ ભાવ આવતો નથી.

શ્લોક ૩૮ રત્નેછાયી ઘુંઘરી ઘમકે પાદની ચાલચીલે,
દાંડીવાળાં લલિતઢળતાં, ચામરો હાથ થાક્યે,
તાજે છાંટે નખલીઝુલતાં ત્યાં બધી નર્તકીઓ,
તુંને લાંબો ભમરસરશાં મારશે કટાક્ષો.

માં "રત્નછાયી" નો સંબંધ ચામરો સાથે છે. તેને ઢાળવાથી હાથ થાક્યા છે. તે સ્પષ્ટ થતું નથી. "કટાક્ષો મારવા" એ પ્રયોગ અસુભગ છે. "કટાક્ષપૂર્વક જોશે કે કટાક્ષ ફેંકશે" એમ હોવું જોઇએ. મૂલાનુસારી થવાને બદલે આખા શ્લોકનો અર્થ અસ્પૃષ્ટ અને દુર્બોધ બને છે.

શ્લોક ૩૯માં બીજી પંક્તિનો અનુવાદ કે
"ધારી રાતું વળી અણજપ્યા પુષ્પ શું સાંધ્ય તેજ,"
માં प्रति नवाजपा पुष्परक्तं दधानः નો અર્થ આવતો નથી. "જાસૂદ/જપા" ને બદલે "અણજપ્યા" કર્યું છે. તે તો તદ્દન ખોટું છે.

શ્લોક ૪૬ तत्रस्कन्दम्०

~~"જ્યાં" ને બદલે "આણજયા" કર્યું છે તે તો તદ્દન ખોટું છે.~~

~~શ્લોક ૪૬ तत्र स्कन्दम्०~~

અંતેવાસી બની ધન ત્યહાં પુષ્પના સ્કંદને તું,
સ્વર્ગંગાનાં કુસુમ ઝડીએ, અંજલિભીની દેઇ,
રક્ષાકાજે અમર પતિ સેનાતણી શંભુ દેવે
મૂક્યું શર્વે હુતવહ મુખે સૂર્યથી તેજ મ્હોટું.

રેખાંકિત પદો પુનરુક્તિ છે. આખું યે ભાષાંતર અન્વયને કારણે મૂળના અર્થને સ્પષ્ટ અને સરળ બનાવવાને બદલે ગુંચવે છે.

"ત્હારી જાતને પુષ્પનો મેઘ બનાવી, વ્યોમ ગંગાના જળથી, આર્દ્ર પુષ્પધારાઓથી એમને, નિયત રહેલા દેવને – અભિષેક કરજે" એ મૂળનો અર્થ સ્પષ્ટ થતો નથી.

શ્લોક ૫૦ પંક્તિ ત્રીજી परिचित भ्रूलता विभ्रमाणां નો "ડોકીલાં નેત્રવાળી" અર્થ કર્યો છે તે બરાબર નથી.

શ્લોક ૫૧ "मुखानि" નો શિર અનુવાદ બરાબર નથી.

શ્લોક ૫૩ तस्माद् गच्छेः०

ત્યાંથી જાજે કનખલકને, જાહ્નવી ઉતરે જ્યાં,
હિમાદ્રિથી સગરસુતની સ્વર્ગસીડી સરીખી,
ગૌરી રહે રે ભ્રકુટિ પડીશું, ફીણ હાસે ઉવેખી,
ઝીલી ઊર્મિ કરથી શશીજે ઝાલતો શંભુ કેશ.

અહીં शशी: ચંદ્ર-શંભુનું કેશ ગ્રહણ કરતો નથી, ગંગા કરે છે.

શ્લોક ૫૫ પંક્તિ ૪

"શોભા ધોળા શિવવૃષભથી નાંખિયા પંકશી એ" બરાબર નથી.

શ્લોક ૫૭

તારામાર્ગે નડતા શરભો મારી ક્રોધે ઉછાળા
જવા કૂદી ત્વરિત તુજને જે ધસે સ્વાંગ ભાંગી,

થાતું નાકો પરિભવી જગે, આદરી મોઘ યત્નો.
" मुंगताधूवानं " નો અર્થ આવતો નથી. परिभवपद्मं
નો અર્થ "પરિભવી" કર્યો છે.
શ્લોક ૬૦મો लास्कान्विशेषान् નો અર્થ "ચારુ દૃશ્યો" કર્યો
છે. भृगुपतियशो० નો "પરશુયશનો" અર્થ બરાબર નથી.
શ્લોક ૬૧ "त्रिदशवनिता दर्पणस्य" નો "આયનો દેવીઓ"નો
અર્થપૂર્ણ યોગ્ય ધ્વનિ રજૂ કરતો નથી.

ઉત્તરમેઘ શ્લોક ૧ : "विद्युत्वन्तं०

વામાઓ ત્યાં, સુરધનુષતો, વીજળીને સુચિત્રો
ધરાનાદો ગભીરસ્તવદ્, તાલ ત્યાંતો મૃદંગો
હૈયેવારિ, મણિમયભૂમિ, ઉચ્ચ એ અભ્રસ્પર્શી,
પ્રાસાદો ત્યાં નવલનવલા મેઘ તારા સમા સૌ

રેખાંકિત અર્થ ઘટન બરાબર નથી. " संगीतायप्रहतमुरजाः "
નો અર્થ આવતો નથી.
શ્લોક ૨ हस्ते लीला कमल " નો અર્થ "હાથે શોભે" માં
આવતો નથી. "ગૌરીમુખો" અર્થ કર્યો છે. ત્યાં "લોધ્રરજથી
મુખની શોભા ગૌર બને છે" એ અર્થ છે.
શ્લોક ૨૨ तन्वी श्यामा०

ઓષ્ટબિંબો, પક્વધરતી, શ્યામરંગી નવોઢા
ધોળાદંતો, ચકિત મૃગનેણી, ઊંડી નાભિવાળી
આછી કેડે, સ્તનથી ઝુલતી, કૈંક નિતંબ ભારે
ધીમીચાલે, પ્રથમ કૃતિશી એહ પ્રજ્ઞાતણીશું.

રેખાંકિત ખંડો મૂળના ભાવ અને સૌન્દર્યને બરાબર રજૂ કરતા
નથી. "પક્વ" "કવ" ને બદલે ખરાબ લાગે છે. "યુવતિવિષયે"
નો અર્થ જ છોડી દીધો છે.

શ્લોક ૨૩માં પંક્તિ ચોથીમાં "અથિતા" નો અર્થ
"ચીમળી" થી કર્યો છે તે પ્રયોગ સુભગ નથી. શ્લોક ૨૪ પંક્તિ

ચોથી त्वदनु सरणान् - "નો તુજ શું સરતા" અર્થ પણ યોગ્ય નથી. શ્લોક ૨૭ सव्यापारामू નો અર્થ "સકામ" કર્યો છે. "સકામ" પદ બીજા અર્થમાં વપરાય છે. પંક્તિ બીજીમાં "વિરહનવરી" પદનો પ્રયોગ પણ ખરાબ છે"સૌધવાતાયન" નો અર્થ"ગોખલો" ખોટો છે. શ્લોક ૩૪ "અન્યભાવ" નો અર્થ "ડંફાસ" કરેલો છે. શ્લોક ૩૬માં ઉત્પ્રેક્ષા સ્પષ્ટ નથી થતી નથી.

શ્લોક ૪૪ श्यामास्वंगं०

જોઉં છું હું ચકિત હરિણી નેણના દૃષ્ટિપાતો
ચંદ્રે છાયા ભર, મયૂર સૌ, પીંછભારે, ભ્રૂભંગો
લ્હેરે ધીમી નદી મહીં પ્રિયંગુલતામાં વળી જો
ક્યાંયે ના છે, અહ! શરીર આ સુદૃશ્ય તારું.

રેખાંકિત ભાગ અસ્પષ્ટ છે. મૂળને અનુસરતો નથી. મૂળના श्यामा स्वंगं० वक्त्रच्छायां शशिनि शिखिनां बर्ह भारेषु केशान्, प्रतनु वीचिषु, हन्त, कस्मिन् ० નો અર્થ આછો જ ઉતરે છે. તેથી અનુવાદ ધૂમિલ અને દુર્બોધ બને છે.

શ્લોક ૫૧માં ૪થી પંક્તિ:

"સ્વપ્ને જોયો અવર શું તને ખેલતો રંગમાં મેં" માં कामपि रमयन् નો અર્થજ બદલાઇ જાય છે. થોડા નમૂના લઇને ભાષાંતરનો આ રીતે વિચાર કરતાં લાગે છે કે લેખકની મહેચ્છા પૂરી પડી નથી. યતિભંગનો દોષ અહીં મોટા પ્રમાણમાં છે. શ્લોક ૨૩-૨, ૨૪-૩, ૨૮-૩, ૨૯-૨, ૩૦-૩, ૩૪-૪, ૪૬-૩, ૬૪-૧, ઉ. મે ૨-૪, ૬. ૩, ૧૦. ૧, ૧૨. ૧, ૧૪-૩, ૧૫-૨-૩, ૧૬-૧-૪, ૨૦-૧, ૨૭-૧, ૨૮-૩, ૩૧-૩-૪, ૩૨-૪, ૩૩-૧-૪, ૩૪-૧, ૩૫-૪, ૩૬-૨-૩, ૩૭-૪, ૩૮-૪, ૪૧-૪, ૪૨-૪, ૪૭-૩ વગેરે સ્થાને તે આવે છે. સમશ્લોકી ભાષાંતરમાં અસામાન્ય સંયોગોને લીધે બે ચાર સ્થળે તે આવે તેને કદાચ

નિવાર્હ્ય ગણી શકાય. પણ આતો અનિવાર્હ્ય જ ગણાય. સ્થળે સ્થળે આવતા અર્થવિપર્યય, અર્થની અપૂર્ણ સમજ કે ખોટી સમજ પણ અનુવાદની ગુણવત્તાને અસર કરે છે. વધારે વિચારણા, અર્થને સમજવાનો વધારે પ્રયત્ન, થોડી વધારે કાળજી, આદિથી અનુવાદ વધારે સારો થઇ શકત. સ્થળે સ્થળે વિપર્યાસ પામેલો અર્થ ખેદ ઉપજાવે છે.

શ્રી દુર્ગાપ્રસાદ શુક્લ સં. ૧૯૯૦ના જેઠના પ્રસ્થાનમાં પૃ. ૧૭૯-૮૦ પર છપાયેલો આ અનુવાદ "પૂર્વમેઘ - ભાષાન્તરનો એક નમૂનો" એ રીતે રજૂ થયો છે. તે માત્ર પહેલા ૧૦ શ્લોકોનો છે. ઇંદ્રવજ્રા, મંદાક્રાન્તા, વિપરીતપૂર્વા, અનુષ્ટુપ, શિખરિણી અને આર્યા પ્રયોજ્યાં છે.

શ્લોક -૧

કાન્તા વિયોગે અતિદુ:ખદાયી,
સ્વામી તણા શાપથી વર્ષ ભોગ્ય,
છે ગ્રસ્ત જેનો મહિમા સમગ્ર
કો યક્ષ એવો અધિકારભ્રષ્ટ,
સીતાજીના સ્નાન થકી પવિત્ર
પાણી ભરેલાં સર જ્યાં સુરમ્ય,
વૃક્ષોતણી જ્યાં ઘન ઝાડીઓ ત્યાં
વસી રહ્યો રામનગાશ્રમોમાં.

રેખાંકિત ૧ ગુરુણા ૨: अस्तंगमितमहिमा
૩: स्निग्धच्छायातरुषु ૪: रामगिर्याश्रमेषु
માટે છે. છંદ બદલતાં ફેરફાર કરવો પડ્યો છે. ને મૂળનું સૌન્દર્ય ઓછું જ ઉતરે છે તે દેખાઇ આવે છે.

શ્લોક ૨માં મંદાક્રાન્તા છ પંક્તિ કરી છે.

વ્હાલીના એ વિરહદવના દાહ માંહે જ યક્ષે
ગાળ્યા માસો અતિ દુ:ખથકી અષ્ટ જ્યાં વર્ષ કેરા.
ગાત્રો તેના ગલિત થઈને શુષ્ક કૈં દીસતાં ને
સોનેરું જે વલયભુજમાં તે સર્યું છેક નીચે,
વર્ષાનાં ત્યાં પ્રથમ દિવસે મેઘને જોઈ શૃંગે.
વપ્રક્રીડા મહીં રસ ભર્યા મત્ત માતંગ ઢંગે.

तस्मिन्नद्रौ છોડયું છે. રેખાંકિત ૧ कतिचित् માટે છે. બીજી પંક્તિનો વિસ્તાર કર્યો છે. ત્યાં "છેક નીચે" શબ્દો "રિક્ત"નો અર્થ આપતા નથી. બાકીનાં અનુક્રમે आषाढस्य, आश्लिष्टसानुं અને प्रेक्षणीयम् માટે છે તે યે એવાં જ છે.

શ્લોક ૩માં स्थित्वा, कथमपि, अनुचरो, राजराजस्य, किंपुनर्दूरसंस्थे છોડયાં છે. મૂળનો અર્થ આછો જ ઉતર્યો છે. अन्यथावृत्ति चेतः નું "ભિન્નવૃત્તિ બને છે" કર્યું છે.

શ્લોક ૪ प्रत्यासन्ने०

વિયોગદુ:ખે ઝૂરતી પ્રિયાનું,
સંદેશથી જીવન રક્ષવાને,
તેં કિંનરે કોમળ પુષ્પવીણી
સ્નેહે બહુ સ્વાગત કીધું તેનું.

સંક્ષિપ્ત અને છૂટા હાથનો અનુવાદ છે. યક્ષને "કિંનર" કહે છે. તે ખોટું છે. મૂળ છે:

"શ્રાવણ માસ પાસે આવ્યો ત્યારે પત્નીના જીવનના અવલંબનના હેતુથી તે મેઘ સાથે પોતાના કુશળ સમાચાર કહેવરાવવા માટે નવાં કુટજપુષ્પોથી તેને અર્ઘ્યઆપી પ્રસન્ન થઈ, પ્રેમપૂર્વક સ્વાગત વચન કહેવા લાગ્યો."

શ્લોક ૫માં પંક્તિ ૧-૨નો અનુષ્ટુભમાં અને ૩-૪નો ઈંદ્રવજ્રામાં કર્યો છે.

જલજ્યોતિ અને ધુમ વાયુ કેરો સમુહ ક્યાં
સંદેશા ચેતનો દ્વારા મોકલાતા ખરે જ ક્યાં.
ઔત્સુક્યથી ના જરીએ વિચારી
વિત્તેશ તે મેઘભણી જ બોલ્યો,
કામાર્ત જીવો નવ ભેદ ભાળે,
નિર્જીવને ચેતન સૃષ્ટિમાંહી.

રેખાંકિત મૂળની બીજી પંક્તિનો નિર્બળ આછો પડઘો પાડે છે. રેખાંકિત ૨-૩ गुह्यकः અને ययाचे માટે છે. પંક્તિ ૪નો પડઘો યે એવો જ. શ્લોક ૬-૭-૮ના અનુવાદ પ્રસ્તારી છે. ૮નો શિખરિણીમાં છે ત્યાંયે મૂળનું ઘણું છોડવું પડ્યું છે. તેથી મૂળના સૌન્દર્યનો આછો જ પડઘો પડ્યો છે. શ્લોક ૯ને (કાલેની આવૃત્તિ). ૧૦મો અને ૧૦માને નવમો ગણ્યો છે. ૧૦માનો અનુવાદ

દિવસો કેરીગણના કરતી તે મુજ પતિવ્રતાસ્ત્રીને,
નિશ્ચય ભાઈ નિશાળીશ વ્યર્થ જશેના પ્રયત્ન કંઈ તારો
આશા કેરો બંધ કુસમ કોમલ પ્રિયાતણા દિલને
ઝૂરતા સ્વાર્થી વિયોગે રક્ષણ અર્પે કંઈ અનેરૂં.

આ અનુવાદ પણ ખંડિત અને નિર્બળ પડઘો પાડે છે. પછીના શ્લોકમાં अनुकूल: અને सगन्धः છોડયા છે.

આમ જુદા જુદા છંદોમાં અનુવાદ કરવાનો આ પ્રયોગ "અવોજ" છે. કાલિદાસ જેવા કવિની કૃતિમાં છંદવિષયક પ્રયોગ શોખ અને અમુક પદોને છોડી દેવાથી જે હાનિ થાય તેનો તે નમૂનો છે.

શ્રી પૂજાલાલ ર. દલવાડી એ પૂર્વમેઘનો અનુવાદ ઇ. ૧૯૩૯માં કરેલો તે ૧૯૪૫ના જુલાઇ સપ્ટેમ્બરના બુદ્ધિપ્રકાશમાં પ્રગટ થયો છે. ઉત્તરમેઘનો અનુવાદ ત્યારપછી તેમાંજ પ્રગટ થયો છે. એટલે એ પણ આ કાવ્યનો પૂરો અનુવાદ આપે છે.

શ્લોક ૧ कश्चित्कान्ता०

સેવા ચૂકે વરસભરના વ્હાલી વ્રેહે અસહ્ય,
સ્વામી શાપ વિગત મહિમાવંત કો એક યક્ષે,
વાસો કીધો તરુવર જહીં સ્નિગ્ધ·છાયાળ એવાં,
સીતા સ્નાને પુનિત જળના રામગિર્યાશ્રમોમાં.

અનુવાદ એકદરે સારો છે. જો કે અન્વય જરા અવ્યવસ્થિત છે. રેખાંકિત અનુક્રમે स्वाधिकारात्प्रमत्त: માટે અને છઠ્ઠીના અર્થમાં "ના" વાળું માટે વાપર્યાં છે. તે નિર્બળ ગણાય.

શ્લોક ૨ तस्मिन्नद्रौ०

વ્હાલી કેરા વિરહ મહીંએ અદ્રિમાં કામીએ એ,
કાઢ્યા માસો કંઇ, સરી ગઇ હાથથી હેમકલ્લી,
ત્યાં આષાઢી પ્રથમ દિવસે મેઘ શૃંગે નમેલો,
દીઠો એણે સુભગ ગજશો ખોદ – ખેલે મચેલો.

રેખાંકિત અનુક્રમે कनकवलयभ्रंश रिक्तप्रकोष्ठ: માટે છે. प्रेक्षणीयम् માટે અને वप्रक्रीडा માટે છે તે સંતોષકારક નથી. પહેલામાં અર્થ કૈક બદલાય છે. वलय માટે "કલ્લી" નબળું જ. તેવું જ वप्रक्रीडा માટેના પર્યાયનું પણ છે.

શ્લોક ૫ धूमज्योति:०

ધૂમજ્યોતિ જળ પવનના જૂથશો મેઘ ક્યાંને,
ક્યાં સંદેશા સબળ કરણી પ્રાણીઓથી વહાતા,
ઔત્સુક્યે એ મન અવગણી યક્ષ યાચંત એને,
કામાર્તોને મન ન જડને ચેતનોનો વિવેક.

રેખાંકિત૧. सन्निपातः માટે છે. ૨. पटुकरणैः માટે નિર્બળ છે. ૩. प्रापणीयाः માટે વહાલા પણ એવું જ. ૪. प्रकृतिकृपणाः નો અર્થ આપી શકતું નથી.

બાકી શ્લોક-૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૮, ૨૧, ૩૯, ૪૧, ૪૪, ૪૫, ૪૭, ૬૩થી ૬૬ વગેરેના અનુવાદ સારા છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

ગૂંથી જાણે રતન કિરણે એવી આ રાફડાથી,
ફૂટે દેવાધિપધનુ તણી રમ્ય નાની કમાન,
એથી શ્યામ સ્વરૂપ તવ સૌંદર્યધારી અનેરું,
સ્હોશે રૂડા મયૂર પિછથી જેમ ગોપાળ કેરું

એમાં રેખાંકિત ૧. માટે प्रभवति ૨. માટે प्रेक्ष्य માટે રમ્ય કર્યું છે. धनुःखण्डमाखण्डलस्य માટેનો અનુવાદ પણ નિર્બળ છે. અર્થાત બીજી પંક્તિનો અનુવાદ નિર્બળ છે. पुरस्तात् છોડયું છે. છેલ્લું રેખાંકિત गोपवेशस्य विष्णोः માટે નિર્બળ છે. એકદરે અનુવાદ અસંતોષકારક લાગે છે. મૂળની ચારુતા પ્રગટતી નથી. અર્થ આવે છે, પણ મૂળ શ્લોકમાં શબ્દ અને અર્થનો રમ્ય ધ્વનિ છે તે ન આવતાં કૈંક ખૂટતું લાગે છે.

શ્લોક ૨૦ तस्यास्तिक्तै:

તેના તીખા વનગજમદે મ્હેકતું જંબુકુંજે,
વ્હેતાં ખાળ્યું જળપી વધજે વર્ષી ખાલી થયેલો,
અંત: સારી ધૂન હલવતાં ના તને ફાવશે વા,
નિ:સારી સૌ લઘુ, ગુરુ બની રાજતું સારપૂર્ણ.

: ત્રીજી પંક્તિનું ભાષાંતર - અંત: સારી ધન! નહિ ચળે વાયરાને બળેતું :
રેખાંકિત ૧. जम्बुकुञ्जप्रतिहतरयम् માટે નિર્બળ છે. ૨. પણ અસંતોષકારક છે. ૩. पूर्णता गौरवाय માટે પણ એવું જ અનુવાદ પૂરો સંતોષ આપતો નથી. પર્યાયપસંદગી બરાબર નથી.

જ્યોતિર્લેખે ખચિત ખરતાં પિચ્છ જેનું ભવાની,
પુત્ર પ્રેમે કુવલયદલ ત્યાગી કાને પહેરે,
શુભ્રપાંગી હરશશિકરે સ્કંદના મોરને એ,
કેકે રહાકે બઢત પડઘે ગર્જી નર્તાવજે તું.

રેખાંકિત ૧. वलयि માટે. ૨. પછી માટે, ૩. અસુભગ પ્રયોગ છે. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૬૪ हित्वातस्मिन्०

સર્પો કેરાં વલય તજી દે શંભુ તે હાથ ઝાલી.
ગૌરી ક્રીડાગિરિ પર પગે ચાલતાં નીકળે તો,
ઠારી અંતર્જલ વહન તું ધારી સોપાન રૂપ
ઊભો રહે જે મણિતટ ચડાવે જઇને અગાડી

રેખાંકિત પ્રયોગ એવો જ છે. છતાં અનુવાદ સારો છે. પર્યાયપસંદગીનો પ્રશ્ન કવિને ઠેર ઠેર નડયો છે.

શ્લોક ૩માં कौतुकाग्रधानहेतोः માટે "ઝંખાજનક" चिरं दध्यौ માટે દીર્ઘચિંત્યું, सुखिनः માટે "સંયોગી", अन्यथा वृत्तिचेतः માટે "વિહવળા" कण्ठाश्लेषप्रणयिनिजने માટે "પ્રેહી" પ્રયોગો નિર્બળ છે. તેમાં મૂળનું લાલિત્ય આવતું નથી. શ્લોક ૧૧માં उच्छिलींध्राम् માટે "છત્રકોને ઉગાડી, શ્લોક ૧૨માં मेखला માટે "ચડાવે" શ્લોક ૧૬ ~~૧૬~~માં त्वय्यायत्तम् कृषिफलमिति માટે 'ત્હારી મ્હેરે કૃષિફલલહી' "૧૭માં आसारप्रशमित ~~वनोपप्लवम्~~ (वनदव) માટે 'ઠાર્યો જેનો વનદવ ઝડીમારથી', ૧૯માં ~~मूर्तिम्~~ માટે "ભીલડીઓ" मूर्तिम् માટે "શૃંગારવેલી" ૨૨માં अम्भोबिन्दुग्रहणचतुरान् માટે "વર્ષાજળ ઝીલણ/માં ચાતુરી" ૨૬માં क्षणपरिचितः માટે "ક્ષણ પરિચયી" ૨૮માં लोचनैर्वञ्चितोऽसि માટે તો "જીવ્યુ સર્વ એળે" શ્લોક ૩૦માં कार्श्यं येन त्यजति विधिना માટે "લાધે એને બદન ભરતી", શ્લોક ૪૪માં मुक्ता માટે "કથળ્યું" ૪૬માં स्नपयतु માટે "સ્નપિત કરેજે" જેવા પર્યાયો કોઇને કોઇ રીતે મૂળનું શબ્દ કે અર્થનું લાલિત્ય સુભગરીતે રજૂ કરી શકતા નથી. તેથી તેટલે અંશે અનુવાદ ઊણો ઉતરે છે.

પુજાલાલ ર. દલવાડી
બુદ્ધિપ્રકાશ જાન્યુ. માર્ચ – ૧૯૪૬

ગુજરાતના આ પ્રથમ પંક્તિના કવિએ ~~માત્ર ઉત્તરમેઘનો જ~~ અનુવાદ કર્યો છે. શ્લોક ૧ विद्युत्वन्तम्०

તારે વિદ્યુત્સુરધનુષ ત્યાં, સુંદરીઓ સુચિત્રો,
ઘેરા ઘોષ સરસ તવ ત્યાં, તાલ દેતાં મૃદંગો,
તારે હૈયે જળ, મણિમયી, ભૂમિ ત્યાં, તુંગ તું એ,
અભ્રસ્પર્શી, તુજ સમીબધી, રીત પ્રાસાદ ત્યાંના:

રેખાંકિત ભાગોમાં ધ્વનિ કૈંક બદલાય છે. ભાષાંતર સારું છે. અન્વય રચના સરળ છે. શ્લોક ૯ यत्रस्त्रीणां०

જ્યું તંતુજાળે જહીં લટકતા ચંદ્રકાન્તો નિશીથે,
બાધા તારી દૂર થઇ જતાં ઓપતી ચંદ્રિકાના,
સ્પર્શે બિંદુ દ્રવી પિયુતણા પાશમાંથી છૂટેલી,
શ્યામાઓની સુરત જનમી અંગ ગ્લાનિ નિવારે.

રેખાંકિત ખંડોમાં અનુવાદ મૂળનો ધ્વનિ બરાબર રજૂ કરતો નથી. "છૂટેલી" શબ્દ બરાબર નથી. શ્લોક ૧૬ પં. ૪માં યતિભંગ છે.

શ્લોક ૧૮ तन्मध्ये च०

એ બે વચ્ચે સ્ફટિક ફલકે થાંભલી હેમની છે,
કુંભી એની લીલમમણિની કુમળા વાંસ વર્ણી,
બેસે તેની પર દિન નમ્યે મોરલો મિત્ર તારો,
કાંતા મારી વલય રણકે રમ્યતાલે નચાડે.

રેખાંકિત ખંડો અનુવાદમાં મૂળનો ધ્વનિ આછો પ્રગટાવે છે. "વાસના રંગ જેવા રંગ વાળા મરકતમણિ" એ સબંધ જોડ્યો છે કુંભી સાથે. "દિવસ વિગમે" નું દિન નમ્યે કર્યું છે. "નચાડે"ને

બદલે "નચાવે" વધારે સારું થાત.

શ્લોક ૨૨ तन्वी श्यामा

ત્યાં બ્રહ્માની પ્રથમકૃતિશી જે સુતન્વી નવોઢા,
ઓષ્ઠે બિંબો પક્વ ધરતી કોટિયાળા સુદંતો
કેડે આછી, તરલ મૃગનેણી, ઉંડી નાભિ વાળી,
ઝૂકેલી કૈં સ્તનથી, ગતિએ મંદ ભારે નિતંબે.

રેખાંકિત બીજી પંક્તિ બરાબર નથી. ઓઠપર "પક્વ" બિંબો ધરવાનાં હોતાં નથી. બાકી અનુવાદ સાધારણ. "શિખરિદશના"નું "કોટિયાળા" પણ "તેવું"જ. ચોથી પંક્તિ પહેલી લીધી છે. "ત્યાં યુવતિવિષયે" છોડવું પડ્યું છે. શ્લોક ૨૩ પંક્તિ ૧માં યતિભંગ છે. "શિશિરમથિતા"નું "હિમવિપદથી" કર્યું છે. શ્લોક ૨૪માં વરણ પલટાવ્યો એમાં યતિભંગ છે. क्लिष्टकान्ते: નો "મલિનદીસતાં" અનુવાદ સુભગ ન ગણાય. સમશ્લોકી અનુવાદ કરવા જતાં ક્યાંક અન્વયમાં મૂળના પ્રત્યયો અધ્યાહાર રહે છે, કે તે દુરાકૃષ્ટ બની જાય છે.

શ્લોક ૨૮-૨માં

રાતે થાતાં નવરી વિરહે જેટલી ઝૂરતી એ.

માં રેખાંકિત ભાગ સારો નથી. શ્લોક ૨૯-૩૦નો અનુવાદ સારો છે.

જાળીવાટે અમૃત શીતળી આવતી ચંદ્રિકાને,
જૂની પ્રીતે ચક્ષ નિરખવા જાય તેવાંજ વારી,
ઢાંકી દેતી જળભરનમી પાંપણો ખિન્નતાથી,
ઘેરાં દહાડે સ્થળકમલિની શી ન ખુલ્લી ન બંધ.

રેખાંકિત અનુવાદ કૈંક નબળો છે.

શ્લોક ૪૪ श्यामास्वंगम्०

જોઉં એવા તવ શરીરને હું પ્રિયંગુલતામાં
દૃષ્ટિપાતો ચકિત હરિણી - નેણમાં, ચંદ્રમામાં
કાંતિ, કેશો મયૂર પિછભારે, ભ્રૂભંગો નદીની
મંદી લ્હેરે, એમ કહીયે ચંડી/સાદૃશ્ય/તારું-

સારો અનુવાદ છે.

શ્લોક ૫૧ પંક્તિ ૪માં

"દીઠો સ્વપ્ને શઠ અવર શું, રંગમાં મ્હેં તને હા!"

બરાબર નથી. रमयन् कामपि નો અર્થ આવતો નથી.

એકંદરે આ અનુવાદ સરળ અને પ્રાસાદિક છે. કવિએ શબ્દ પસંદગીમાં ઠીક ઠીક કાળજી રાખી છે. મૂળનો અર્થ ઊતારવામાં કવિ ઘણે અંશે સફળ થયા છે, પણ કેટલેક સ્થળે તે સંતોષકારક નથી.

રાજવૈદ્ય જીવરામ કાલીદાસ શાસ્ત્રી

:૧૯૫૬:

શરૂઆતમાં આ વિદ્વાન સંપાદકે ૧૦૪ પૃ.ની વિસ્તૃત પ્રસ્તાવના આપી છે. તેમાં મેઘદૂતની લોકપ્રિયતા, તેનાપર રચાયેલી ટીકાઓ, તેનાં અનુકરણો, કાલિદાસનો શૃંગાર, મેઘદૂત પાછળ રામાયણની અસર નથી એવો અભિપ્રાય, કાલિદાસના પરંપરામાન્ય સમયને સાચો માનવાનું વલણ વગેરે બાબતોની વિગતે ચર્ચા કરી છે. સંખ્યા તે પછી સં. ૧૧૩૫માં લખાયેલી એક, તથા સં. ૧૫૧૭થી ૧૮૮૦ સુધીમાં લખાયેલી તેમજ ગોંડળના શ્રી ભુવનેશ્વરી વિદ્યાપીઠમાં સંગ્રહાયેલી નવેક હસ્તપ્રતોનો વિગતે પરિચય આપ્યો છે. તેમાંના પાઠભેદોનો

વિચાર કર્યો છે. મેઘદૂતની વાચનાનો વિચાર કરતાં તેને ૧૨૭ શ્લોકોનું કાવ્યગણવાનું વલણ ધરાવે છે. તેમાંના ૪ શ્લોકોને તો ઘણા વિદ્વાનોએ પ્રક્ષિપ્ત ગણ્યા પણ છે. તે તેમને મૂળ કવિના હોવાનું માને છે. છેવટે આશીર્વચનનો શ્લોક ઉમેરેલ છે. તેમની દલીલો વિસ્તૃત હોવા છતાં પ્રતીતિકર લાગતી નથી.[૨૭]

ત્યારપછી મેઘદૂતમાં આવતા પૌરાણિક ઉલ્લેખો વિશે વિગતે માહિતી આપી છે. તેમાં વિસ્તાર ઘણો છે. રામગિરિ વિશે વાત કરતાં શ્રી રામકથા, શ્રીરામ અને તેમના રાજ્યવિષે વિગતે લખ્યું છે. નિચુલ, દિઙ્ગનાગ, ગોપાલવેશધારી, વિષ્ણુ, પ્રદ્યોત, ઉદયન, પ્રયાગ, હિમાલય, શિવ, પરશુરામ, કુબેર, અલકા, હનુમત્સંદેશ વગેરે પર ખાસ્સો વિસ્તાર કર્યો છે. :પૃ. ૧૦ સુધી: વિવિધ પ્રતોના પાઠોની તુલના:પૃ. ૮૫: સુધી: કરી છે. સં. ૧૬૧૨, ૧૬૮૫, ૧૭૧૪, ૧૭૧૬ની હસ્તપ્રતોની ફોટો નકલનાં એક પૃષ્ઠ આપ્યાં છે. આ બધામાં અનુવાદકનો અભિનિવેશ તથા શ્રમ જણાય છે. મૂળ શ્લોક, તેનાપર સંસ્કૃતમાં ટીકા ગુજરાતી પદ્યાનુવાદ અને વિસ્તૃત તથા સમજૂતી જેવો ગદ્યાનુવાદ – એ ક્રમમાં પછી શ્લોકો આપ્યા છે. શ્લોક –૧

कश्चित्कान्ता० કોઇ કાન્તા, વિરહ વિકળો, સ્વાધિકારે ચૂકેલો,
સ્વામી શાપે વરસ સહવા માનભંગે હણાયો
સીતા સ્નાને પુનિત જળનાં રામગિર્યાશ્રમોમાં,
ઘાટી છાયા તરુવરતણી ત્યાં વસ્યો યક્ષ દુઃખી.

રેખાંકિત ૧–૨ विरहगुरुणा ની પૂર્તિ છે. ૨–૩–૫માં અનુસ્વાર નકામા છે. તે સૌરાષ્ટ્રની બોલીની અસર છે. તેવું આ અનુવાદમાં અનેક સ્થળે જોવા મળે છે. શિષ્ટ અનુવાદમાં તે

૨૭: પૃ. ૧૭ સુધી

અનિર્મૂલ્ય છે. રેખાંકિત ૧માં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ "વાળા"ના અર્થમાં કર્યો છે. અન્વય અસ્વસ્થ છે. તેથી, અનુવાદ સામાન્ય છે. જ.

શ્લોક ૨માં "કનકવલયે છે તજાયા/જ્યાં પોંચા" કર્યું છે તે "કનક વલય સરી જવાથી ખાલી કાંડાવાળો" એ અર્થ નિર્બળ રીતે રજૂ કરે છે.

શ્લોક ૫ धूमज्योतिः०

> ધુમ જ્યોતી જળપવનનો મેળ ક્યાં શુન્ય મેઘ,
> ક્યાં સંદેશા ચતુરમનના પ્રાણિયોએ ઝીલાતા,
> ઉત્સાહે એ ન સમજી કંઇ પૂછતો યક્ષ એને,
> કામાંધો છે પ્રકૃતિદુઃખિયા ચેતનોમાં જડોમાં.

રેખાંકિત ૧ ज्योतिः માટે છે. ૨. संनिपातः માટે છે. ૩. पटुकरणैः प्राणिभिः માટે છે. તે નિર્બળ છે. "પ્રાણીઓ લેજવાતા" વધારે સારું થાત. औत्सुक्यात માટે ઉત્સાહે પણ એવું જ ત્યાં" એ ઔત્સુક્યે નહિ જ ગણતાં" વધારે સારું થાય. कृपणाः માટે દુઃખિયા અસુભગ છે. ચેતનો માટે "ચેતના" કરે છે. એકંદરે અનુવાદ "નબળો" છે.

શ્લોક ૯-૧૦નો ક્રમ ઉલટાવ્યો છે. શ્લોક ૧૧ कर्तुं यच्च०

> માંદકુંનુંની સફળ કરતું છત્રીઓથી મહીને
> સુણીતારું ગરજન મધુ માનસોત્કંઠિતાએ
> ખાતાં નામ્યાં કમળદળનાં ઠેઠ કેલાસસાથ,
> થાશે આભે સફળ તમને રાજહંસો સહાય,

રેખાંકિત ૧-૨માં બહુવચનમાં સોરઠી અસર છે. ૩. मधुरं માટે છે. ૪. પ્રયોગ શુષ્ક છે. ૫. વધારાનું છે. મૂળનું લાલિત્ય ઓછું જ ઊતરે છે.

શ્લોક ૧૪ પં. ૩-૪

આ સ્થાનેથી સરસ નિપિના ઉપરે ઉડય આજે,

દિક્પાળોના પથ તજી હજી સૂળ સૂંઢયું વડે તે,

રેખાંકિત ૧ निचुल માટે એવું જ. બાકી સોરઠી

અસરનાં ઉદાહરણ છે. અનુવાદ ફિક્કો લાગે છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

રત્નચ્છાયા વ્યતિકર સમું સન્મુખે દૃશ્ય આતે

વલ્માકેથી નિકળતું ધનુ પ્રાંડ આ ઇન્દ્રનું છે,

તેથી કાળું વપુ અતિશયે શોભશે કાંતિવાળું,

નાનારંગી મયૂર પિંછથી કૃષ્ણ શાગોપવેશે.

રેખાંકિત ૧-૨માં જોડણી અને ભાષામાં કાઠિયાવાડી અસર છે. ૩. માં જોડણી છંદાનુસારી છે. ૪. વિષ્ણુ વધારે મુલાનુસારી શબ્દ છે.

શ્લોક ૧૬માં ૧. માં યતિભંગ છે. ૨માં પ્રાંતીય બોલીની અસર છે. मालक्षेत्र નો અર્થ માળવા કરે છે. શ્લોક ૧૭ त्वामासारो०

ધારાઓથી પ્રશમિત વનાગ્નિગિરી આમ્રકૂટ,

થાકેલોને અતિથિગણિને ધારશે ટોચમાથે

જૂના પાડ સ્મરિ ગરિમનો પ્રીતથી આશરો ધૈ

સ્નેહી આવ્યે વિમુખ શું બને હોય મોટો મનુષ્ય,

રેખાંકિત ૧ થી ૩ જોડણી ખરાબ છે. ૧માં યતિભંગ છે. ૫-૬ માં જોડણી છંદાનુસારી છે. ૪માં પ્રાંતીયબોલીની અસર છે. ૭. નકામું છે. પ્રાંતીય બોલીની અસરતો ઘણે સ્થળે, લગભગ એકેએક શ્લોકના અનુવાદમાં દેખાય છે.

શ્લોક ૨૦ स्थित्वा तस्मिन्०

ત્યાં બેસીને વનચર વધૂ ભોગ્ય ભાગે ફરી તું
વર્ષીપાણી દ્રુતગતિ થઇ માર્ગ ઉલ્લંઘી બીજે,
જોશે મોરો રેવા વિષમપથરે વિસ્તરી વિંધ્યમૂળે
હાથી ડિલે જ્યમ ચિતરમાં શ્વેતપટ્ટા જ શોભે

રેખાંકિત ૧. कुंज ને બદલે ભોગ્ય કરે છે. ૨. विशीर्ण માટે છે. ૩. विशीर्णा માટે છે. બાકીનો પણ એવો જ છે. શુદ્ધ ભાષાની દૃષ્ટિએ તે અસુભગ છે.

ત્યાં થોભીને વનવરવધૂ મુક્ત કુંજે જરાતું,
પાણી વર્ષી દ્રુતતરગતિ માર્ગઓળંગી જાજે,
એશે રેવા વિષમપથરે વિંધ્યપાદે વિશીર્ણ,
હસ્તીદેહે જ્યમ સરજિયા શ્વેતપટ્ટા જ શોભે.

વધારે સારો અનુવાદ થાય. શ્લોક ૧,૪ રેચે સર્વે હળવું બનતું પૂર્ણ આરોગ્ય માટે/ – તે બદલે ખાલી સર્વે હળવું બનતું પૂર્ણ તે ગૌરવાર્થ/ વધારે સારો અનુવાદ થાય. પોતે વૈદ હોઇ રિક્તનો અર્થ રેચ – જુલાબ કરે છે. તેમાં અહીં કાંઇ સ્વારસ્ય નથી, ઉલટી હાસ્યાસ્પદ સ્થિતિ થાય છે.

શ્લોક ૨૪–૨૫નો અનુવાદ નીરસ છે. અર્થ પૂરો ઉતરતો નથી. શ્લોક ૩૨ અને ૩૪ને ક્ષેપક ગણતા નથી.

શ્લોક ૨૮ वक्रः पन्थाः

વાંકોરસ્તો યદપિ તમને ઉત્તરે ચાલતાને,
તુંનાથાજે પ્રણય વિમુખો હર્મ્ય ઉજ્જૈનનાથી,
વિદ્યુત્શેડ્યું સ્ફુરિતચકિત શહેરની એ સ્ત્રીયોના,
નેત્રો સાથે નરમિશ તો છેતરાણો ગણાશે.

રેખાંકિત ૧–૩–૭ કાઠિયાવાડી અસર છે. ૨. અસુભગ છે. ૪–૫–૬ જોડણી બરાબર નથી: છંદ માટે તેમ કર્યું છે, પણ મૂળ જોડણી નિશાનીથી સૂચવી શકાત. અનુવાદ નબળો છે.

શ્લોક ૩૦માં आयाम् છોડયું છે. શ્લોક ૩૨, ૩–૪,
થોડી બાકી સુકૃત ફળથી સ્વર્ગિયો ભૂમિ આવ્યા

બાકી પુણ્યૈ વિરચિતપુરી સ્વર્ગનો ભાગ જાણે,
ને બદલે
થોડાં બાકી સુકૃત ફળથી સ્વર્ગિયો ભુમિલાવ્યા
બાકી પુણ્યે વિરચિત ભૂમિ સ્વર્ગનો રમ્યખંડ.
વધારે સારો અનુવાદ થઇ શકે.

શ્લોક ૩૩ हारास्तारान्०

હીરાહારો તરલ મણકા, સૂતના શંખ છીપો,
ઘેરાલીલા મરકતમણી શોભતા છે કરોડો,
પર્વાળાના નિરખિ ઢગલા જે પુરીનાં ~~બજારે,~~ ધામાં
જાણે પેશી સલિલ જ રહયાં સાગરોનો જણાય.

तारान्, उन्मुखूखप्ररोहान्, शंगान् આ હેમાંશ

આવતા નથી. રેખાંકિત ૧-૨ અસુભગ છે. ૩. માં અર્થવિપર્યય છે. "જાણે સાગરોમાં માત્ર જળ બાકી રહયું હોય એમ જણાય છે". તે અર્થ પં. ૪માં આવતો નથી. શ્લોક ૩૫ जालोद् गीर्णैः

ડીલે થાતો બહુ નિકળતા કેશસંસ્કાર ધૂપે
સત્કારાતો ભવનશિખિનાં નૃત્યથી બંધુ ભાવે,
માર્ગે થાક્યો કુસુમસુરભી ભવ્યહર્મ્યો વિષે તું,
વીસામો લે ચતુરયુવતીનાં પગે ત્રાજવાં ત્યાં

રેખાંકિત ૧-૨-૩- પ્રાંતીય અસર છે. ૪. માટે "લલિતવનિતા યાદ રાખી જ આંક્યાં" વધારે સારું અને મૂલાનુસારી થાય. પદ રંગ અને ત્રાજવાં :ત્રોફાવેલાં: બે જુદી જ વસ્તુઓ છે. ત્રાજવાં જીવનમાં એક જ વખત ત્રોફાવવાં પડે છે. તે રાગલીલાં હોતાં નથી, જેનો રંગ ભવનોમાંલાગે, અર્થ જ ખોટો અને ભ્રમ ઉપજાવે તેવો છે.

શ્લોક ૪૦ पश्चादुच्चै:

ઉંચા હાથો તરુવનસમામાં પછી લીન થાતો
સંધ્યા ટાણે દ્યુતિનવજપા પુષ્પ જેવી ધરીને,
નૃત્યારંભે અજિન શિવનું પૂર્ણ ઇચ્છાબજાવી,
જોશે તું નિસ્થરનયનથી પાર્વતી ભક્તિવાળો,

રેખાંકિત માં છંદ તૂટે છે. અર્થપણ પં. ૪નો નબળો છે. મૂળ છે: નૃત્યારંભે ભગવાન શિવની આર્દ્ર ગજચર્મની ઇચ્છાને પૂરી કરજે જેથી ઉદ્વેગ શાંત થતાં સ્થિર દૃષ્ટિએ ભવાનીભરી ભક્તિને જોશે. તે અર્થ બરાબર ઉતરતો નથી. શ્લોક ૪૩, પં. ૩-૪ નો પણ અવો જ ઉતરે છે. कनकनिकषस्निग्ध માટે "વિજળીઝબકારે" પણ એવું જ નિર્બળ છે.

શ્લોક ૪૭ ज्योतिर्लेखा०

પીછું જેનું સરતું ગિરિજા તેજરેખા રૂપાળું,
પુત્રપ્રેમે કમલદલથી શ્રેષ્ઠ કાને ધરે છે,
ધોળાં નેત્રો શશિજલવો સ્કંદના મોરલાને,
પડછંદાથી બહુનચાવજે ગર્જનાથી ગિરીના.

પં. ૩-૪ને બદલે

ધોયાં અંગો હરશશિરુચિ સ્કંદના મોરલાને
પહાડે ઝીલ્યા વિપુલ ધ્વનિથી નૃત્ય આપજે કરાવ.

વધારે મુલાનુસારી થઇ શકત.

:કાલે: શ્લોક ૬૩ :અહીં ૬૪:

છોડી સર્પો કર ઉપરથી ત્યાં શિવે આપિ ટેકો
ગૌરી ક્રીડા ગિરિતટ વિષે જે ફરે ત્યાં પગેથી
થંભાવીને જળ બરફના ત્યાં થજે તું પગથિયાં,
અગ્રે ચાલી ઉપર ચડવા રત્નના ખાંતરોની

રેખાંકિત ખંડો સંતોષકારક નથી. પ્રાંતીય અસર તો છે જ. પં. ૪નો અર્થ નબળો છે.

શ્લોક ૬૮ : ઉ. મે. ૧: विद्युत्वन्तम्०

વિદ્યુત્વતીનો સહિત યુવતી યુક્ત તું ઈંદ્ર આપે,
ચિત્રાળા છે, ધ્વનિ મુરજના ગર્જતો તું મધુર,
પાણીથી તું નિભૃત, મણિની લાદિયુંથી જડેલા,
તું ઉંચો એ પણ નભ અડતા તોરૂશેમ્હેલતુંને

પં. ૧માં અન્વય અસરળ – અસ્વસ્થ છે. પુનરૂક્તિ છે. પં. ૨માં સંક્ષેપ છે. ભાષા પણ અશુધ્ધ છે. तुलयितुमलं માટે રેખાંકિત બરાબર નથી. મેઘ અને અલકાનો એક એક વિશેષ લઈને કરેલા નિરૂપણમાં સામ્યધર્મનો જ ભાવ છે. તોળવા–ઉંચકવાનો નથી.

શ્લોક ૬૯માં वप्रश्यामाः ને બદલે श्यामाः પાઠ લઈને કાળા ઘોડા અર્થ કરે છે તે ખોટું છે. તેજ રીતે प्रतिदशमुखम् ને બદલે प्रतिदशमुखं પાઠ લીધો છે. ત્યાંના યોધ્ધા રાવણ સામે પણ નિર્ભયખડા રહીને તેના ચંદ્રહાસ ખડગના ઘા ઝીલતા અને તેનાં નિશાનથી ભૂષણોથી શોભે તે કરતાં વધારે શોભતા એ અર્થ માટે આ પાઠ બંધબેસતા નથી. શ્લોક ૭૯નો અનુવાદ કંઈક સારો છે.

શ્લોક ૮૫ रक्ताशोक०

રક્તાશોકે ચપળ કુમળો ટૂંકડો છે બકુલ,
વીંટયાવાડયે મરૂબકતણી માધવી માંડવાની,
તેમાં પહેલોનવસખિતણો ઇચ્છતો પાદ ડાબો,
બીજો તેની વદન મદિરા દોહદ છદ્મ માટે.

कान्त શબ્દ છોડ્યો છે. ૨. અસુભગ છે. ૩. પ્રાંતીય અસર છે. ૪. कुरबक માટે ખરાબ ૫. નકામું. અર્થ આછો જ ઉતરે છે.

શ્લોક ૮૬ तन्मध्ये च०

બેનો વચ્ચે સ્ફટિકમણિની હેમની થાંભલી છે,
પાયે ચોડયાં રતન તરુણ વાંસની કાંતિ જેવાં,

મારી સ્ત્રીના વલયરણકા રે નચાવ્યો મયૂર,
સાંજે બેસે પ્રિય સુહૃદ એ થાંભલીને મથાળે.

રેખાંકિત ૧ માટે તેની, ૨. માટે ફલકે, ૩. માટે કુમળાં, ૪. માટે કાન્તા વધારે સારા શબ્દ થાય. ૫. શિંજિત વલયસુભગૈ: માટે છે, તે છોડયું છે. નિર્બળ અનુવાદ છે.

શ્લોક ૮૯ तन्वी श्यामा०

દાંતોતીણાં સરસ તરૂણી પક્વબિંબાધરાળી,
ઉંડી નાભી હરિણનયની પાતળી કેડયમાંથી,
કુલા ભારે હળવિગતિની કૈં સ્તનોએ નમેલી,
જે ત્યાં હોયે યુવતી વિધિએ સર્વ પે'લા ઘડેલી.

રેખાંકિત ખંડો અનુક્રમે शिखरिदशना, तन्वी श्यामा, चकितहरिणीप्रेक्षणा અને श्रोणीभाराद् માટે છે. તે અસુભગ અને અસંતોષકારક છે. तन्वी છોડીને ઉત્પ્રેક્ષા જતી કરી છે. મૂળની તુલનામાં અનુવાદ ઘણો નીરસ છે.

શ્લોક ૯૨ (गालोंके सौंदर्य) પંક્તિ ૧માં "સ્તવન કરતી" વધારાનું છે. શ્લોક ૧૦૯નો અનુવાદ અલલિત છે. भर्तुर्मित्रम्०

સ્વામી મિત્ર પ્રિય સમજ હું મેઘ સૌભાગ્યશાળી,
તારો સંદેશ ધરિમનમાં, તું સમીપેજ આવ્યો
ધીમા મીઠા ધ્વનિથી પુરૂષો માર્ગમાં થાકખાતા
પ્રેરે જવા ઘર ઝટ રમાવેણીને છોડવાને.

રેખાંકિત ૧ विद्धि માટે છે. તે બરાબર નથી. ૨. त्वत्संदेश અર્થ થઇ જાય. મૂળ છે 'તારે માટેનો સંદેશ' તે વધારે સારો પાઠ છે. અહીં પણ તારે માટેનો એવો જ અર્થ કરવો પડે છે. પંક્તિ ૩-૪ માટે મૂળ છે. "જે માર્ગમાં થાકેલા પ્રોષિતોના વૃંદને મંદ સ્નિગ્ધ ગર્જનાથી અબલાઓની વેણીને છોડવાને ઉત્સુક બનાવી ઉતાવળ કરાવે છે. "રમા" પ્રયોગ પણ એવો જ. જોડણી પણ ખરાબ છે.

શ્લોક ૧૧૧ श्यामास्वङ्गं० માં શ્યામા માટે "સામો" ધાન્ય કરે છે. મૂળમાં પ્રિયંગુલતા અર્થ છે. સ્ત્રીઓને તેની સાથે સરખાવવાનો કવિસંપ્રદાય છે. સંસ્કૃતમાં ટીકા રચી શકે એવા વિદ્વાન આ ભૂલ કરે તે અસહ્ય છે. સામાના નાનાકણોમાં યક્ષ પોતાની પ્રિયતમાને શી રીતે જોઇ શકે? અનુવાદ અલલિત પણ છે. શ્લોક ૧૧૯માં

પૂર્વે મારે વળગી જ સૂં આપણેસાથ સૂતાં,

માં રેખાંકિત સ્થળ છંદ તૂટે છે. તેનો શુદ્ધિપત્રકમાંયે ઉલ્લેખ નથી. " તને તારી પ્રિયા વિદ્યુતસાથે આવો વિયોગ ન થાઓ' એ આશીર્વચન આગળ જ કાવ્ય પૂરૂં થયું ગણવું જોઇએ. અનુવાદક ૧૨૪-૨૭ શ્લોકો જે ક્ષેપક છે તેને મૂળ કાવ્યના ભાગ તરીકે ગણવાનો આગ્રહ રાખે છે. તેમની દલીલો પ્રતીતિકર નથી. સંવતના ૧૭મા શતકમાં લખાયેલી કેટલીક હસ્તપ્રતોમાં તે છે એ કારણ પૂરતું નથી. કવિ કાલિદાસે મેઘને મૌન રાખ્યો છે તેમાં ઔચિત્ય છે. કાવ્યને સુખાંત જોવા ઇચ્છતા આગ્રહીઓ તે ભૂલી જાય છે અને પ્રા. જી. સી. ઝાલા કહે છે તેમ One Pound of Flesh નો આગ્રહ રાખે છે, તે બરાબર નથી. ઉપર બતાવ્યા છે તે ઉપરાંત ૧૬-૧, ૩૫-૧, ૫૩-૩, ૫૬-૪, ૮૨-૨, ૮૩-૩, ૧૦૦-૧, ૧૦૬-૨, ૧૨૦-૨ વગેરે સ્થળે પણ યતિભંગ છે.

પ્રયોગોમાં કાઠિયાવાડી અસર ઘણી છે. પ્રત્યેક શ્લોકમાં પ્રાયઃ તે જોવા મળે છે. તેવાં થોડાં ~~થોડાં~~ ઉદાહરણ નોંધ્યાં છે. શ્લોક ૨૨માં દઝધારણ્યે ને બદલે દઝધારણે છે. अनुकच्छम् છોડયું છે. 'હાર્યું બંધી,' શ્લોક ૩૮માં पटह માટે નગારૂં, पादन्यासैः માટે "પગેનીધ્રુવકચે" શ્લોક ૪૯માં शखणभवम् માટે શિવતનુજનેજ્જ્વલનવર્ગ્યે

માટે જળભયથકી, આશ્રો લેજે, શ્લોક ૫૦માં વ્હેણ માટે "વેન", ૮૭માં द्वारोपान्ते માટે ખડકિયાં, "આજી" વગેરે પ્રયોગો કરે છે. આમ આ કૃતિમાં :૧: શ્લોકસંખ્યા માટેનો સંપાદકનો આગ્રહ પ્રતીતિકર થતો નથી. અનુચિત પાઠ સ્વીકારને કારણે ઘણે સ્થળે મુશ્કેલી થાય છે:

:૨: કાલિદાસનાં સર્જનોના અનુવાદમાં The full import of words અને લાલિત્યનો ખ્યાલ રાખવો સર્વત્ર આવશ્યક છે. તેના ધ્વનિમર્મ સહેતુક લલિત અને વર્ણસંગીતવાળા સર્જનમાંથી તે તત્ત્વો ઉડીજાય તો તો ખાલી ખોખું જ રહે. તેથી જ આવા અનુવાદોને પુનઃ પુનઃ સુધારવામઠારવાની આવશ્યકતા રહે છે. તેના અભાવે, અહીં અનુવાદ નીરસ અને દુષિત બને છે. ક્યાંક અપૂર્ણ છે. ક્યાંક વિપર્યય થયો લાગે છે. તળપદી અસર, જોડણીની અશુદ્ધિ, વિભક્તિ પ્રત્યયોપરનો શિષ્ટ લેખનમાં ન વપરાતો અનુસ્વાર વિશેષ, અને છંદનું – સારી જોડણી તેને નીરસ, અલલિત અને અસંતોષકૃષ્ટ બનાવે છે.

શ્રી હીરાચંદ ક. ઝવેરી – ૧૯૫૮

મેઘદૂતનો આ અનુવાદ ૧૯૫૮ના બુદ્ધિપ્રકાશના ઓગષ્ટ સપ્ટેંબરના અંકમાં પ્રગટ થયો છે. શ્લોક:૧

પામ્યાતી કાન્તા વિરહ વસમો યક્ષકો આત્મદોષે,
કીધો શાપે વિરહ ભરનો તેજહીનો ધનેશે,

સીતા સ્નાને પુનિત જળન્યાં રામગિર્યાશ્રમે
છાયા દેતાં ઘન તરૂતળે જે વસ્યો દીનભાવે.

રેખાંકિત ૧. स्वाधिकारात्प्रमत्तः માટે છે. ૨. अस्तंगमितमहिमा માટે, ૩. स्निग्धच्छाया तरुषु માટે છે. તે આશ્રમોનું વિશેષણ છે. તે સંબંધ અહીં દૂરનો બને છે. ૪. વધારાનું છે. મૂળનું લાલિત્ય આવતું નથી. શ્લોક ૨ नीत्वामासान्०

કાઢયા કષ્ટે વ્યથિત વિરહી કામીએ કૈંક માસ,
સોનાકેરું કડું સરી જતાં શૂન્ય દેખાય હાથ
ચોમાસાના પ્રથમ દિવસે જોઇ શૃંગે ઘનોને,
દંતાઘાતે ગિરવર કરી ખેલતો ભવ્યજાગે,

રેખાંકિત प्रशरिक्तप्रकोष्ठः માટે છે. ૨. आषाढस्य માટે છે, ૩. मेघमाश्लिष्टसानु નું અને ૪. वप्रक्रीडा परिणतगज० માટે છે. પ્રેક્ષણીયને બદલે ભવ્ય કરવું પડયું છે. અનુવાદ સાધારણ જ. શ્લોક ૪ પં. ૪માં "આવવું તે વધાવે"માં स्वागतं व्याजहारનો અર્થ બરાબર આવતો નથી. શ્લોક ૫ धूमज्योतिः

ક્યાં ધુમ્રાગ્નિ પવન સલિલે મિશ્ર ઉદ્ભુત મેઘ,
ને સંદેશા વહનક્ષમ ક્યાં સેંદ્રિય પ્રાણીથી જ,
ઉત્કંઠામાં વિસરી વદતો યક્ષ ત્યાં દીનવાણી,
દેખે ના કૈં જડ અજડમાં ભેદ કામાર્તપ્રાણી.

પંક્તિ ૧માં મેઘનાં ઘટક તત્ત્વોનો ક્રમ બદલ્યો છે. રેખાંકિત ૧-૨ નિર્બળ પર્યાયો છે. ૩. "ઉત્કંઠાથી" વધારે સારૂં થઇ શકત. સેંદ્રિયપણું એવું જ. રેખાંકિત ૪ માટે અવગણીને જોઇએ. "નગણી" છંદમાં આવી શકે છે. અવગણવું અને વિસરવું એમાં

ભેદ છે. તેમાં એકમાં આવ્યાં છતાં "નગણવાનો ભાવ હોય છે, "વદતો દીનવાણીમાં " તે तें मयाचे નો ભાવ પણ આવતો નથી. જે સ્વસ્થતા વધારેસારા અનુવાદ માટે જોઈએ તે અહીં દેખાતી નથી.

ધુમજ્યોતિ સલિલનજનો મેળ ક્યાં એહ મેઘ,
ને સંદેશા પટુ કરણનાં પ્રાણીઓ લૈ જવાતા,
ઔત્સુક્યે એ અવગણી રહ્યો યાચીને યક્ષ તેને,
કામાર્તો/મા જડ અજડમાં ભેદ લેખે સ્વભાવે -

વધારે સારો અનુવાદ થઈ શકે.

શ્લોક ૯ मन्दं मन्दं०

ધીમો વાયે પવન તુજને પ્રેરતો સાનુકુળ,
ડાબી બાજુ કલરવ કરે ગર્વથી ચાતકોને,
ગર્ભાધાન ક્ષણ અનુભવી હારની હાર થઈને,
સાથી વ્યોમ તુજની બગલીઓ થશે નેત્રપ્રિય.

રેખાંકિત ૧ नदति માટે છે, ૨. परिचयात् માટે, ૩. नूनमाबद्धमाला: માટે છે. ૪. માં યતિભંગ છે.

શ્લોક ૧૦-૧માં अविहतगति: માટે "સતત ગમને" છે. ત્યાં ત્રીજી ભક્તિનો ભાવ છે. મૂળ તે મેઘનું વિશેષણ છે.

શ્લોક ૧૪-૧ માં

જો શું ના પવન હરતો અદ્રિનું તુંગશૃંગે

માં જ્યાં જ્યાં ઉત્પ્રેક્ષા હોય ત્યાં જો આમ/ના કરતો હોય એમ તેને વ્યક્ત કરે છે. તેનો નમૂનો છે. ત્યાં "આ" પણ મૂકી શકાત. રેખાંકિત ૨. તૃતીયા અથવા સાતમીનું પદ હોય એવો ભ્રમ થાય છે. તે છે તો દ્વિતીયાનું પદ. શ્લોક ૨માં તેમજ અહીં શૃંગ અને મેઘ એકવચનમાં હોવા છતાં બહુવચનમાં મુક્યાં છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

ગૂંથી છાયા મણિકિરણની શું ન સામે સુપ્રેક્ષ્ય,
વલ્મિકેથી શરૂ થતું જણાશે તને ઈંદ્રચાપ,
તેથી કાંતિ અતીવ ધરશે શામળી કાય તારી
જાણે શોભે મયૂર પીંછે વિષ્ણુએ ગોપવેશી.

રેખાંકિત ૧ એકાળી ખોટી છે. ૨માં धनुःखण्ड ને બદલે બાણ કર્યું છે તે નબળું છે, ખોટું છે. ગૂંથ

ગૂંથી ધ્યા મણિકિરણની એવું સામે સુપ્રેક્ષ્ય,
વલ્મીકાગ્રે પ્રગટતું દીસે ઇન્દ્રનું ચાપખંડ,
જેથી શોભા અતિશ ધરશે શામળી કાય તારી,
જાણે શોભે મયૂર પિંછથી વિષ્ણુએ ગોપવેશે.

- વધારે સારો અનુવાદ થઇ શકે. શ્લોક ૧૬, ૩માં "માલક્ષેત્ર" નો અર્થ "માળવા" કરેલ છે.

શ્લોક ૧૮ छन्नोपान्तः

છાયો આંબાવનથી ગિરિએ સાખ તેજેથી પીળો,
વેણી જેવી સુરુચિ ધરશે સામળો તું ચઢયેથી,
એવાજેવું સુરયુગલને દૃશ્ય થાશે અવર્ણ્ય,
મધ્યે કાળી સ્તનસમધરા બાકી વિસ્તાર શ્વેત.

રેખાંકિત ૧. નબળો અનુવાદ છે. મૂળમાં स्निग्ध वेणीसवर्ण મેઘનું વિશેષણ છે. શિખર શબ્દ છોડયો છે. ૨. ઉમેરો છે. ૩. शेषविस्तारपाण्डु: માટે છે. તેમાંય અર્થ બરાબર ઉતરતો નથી. અનુવાદમાં લાલિત્ય ઓછું હોઇ તે અસંતોષકારક છે.

શ્લોક ૧૯ स्थित्वा तस्मिन्०

રોકાઇ ત્યાં ઘડીક ભીલડીઓ રમી જે નિકુંજે
વાર્યે થાશે ત્વરિત ગતિ તું માર્ગકાપી પછીનો,

છેદાયેલી વિષમખડકે વિંધ્યપાદે તું જોશે,
રેવાજાણે ચિતરી નવલી વેલ ના હસ્તિ અંગે,

રેખાંકિત અંશો અસંતોષકારક છે.

શ્લોક ૨૦માં जम्बुकुंजे० માટે "જાંબુ ક્યારે" કરે છે. પણ તેને ક્યારા હોય નહીં. કુંજે જ વધારે સારું છે. પં. ૩માં............ "ભવનતાં વા ~~અચલ~~ ચળાવી શકે ના"ને બદલે............ "ન તોળી શકે જ." વધારે સારું છે. મૂળમાં તોળવા ઉંચકવાનો ભાવ છે. ચળાવવાનો નહીં. તે મૂળઅર્થ જ વધારે સારો લાગે છે. શ્લોક ૨૧નો અનુવાદ સારો છે. ૨૨,૩ માં બાઝશે ને બદલે "ભેટશે" વધારે સારો શબ્દ છે. સંભ્રમ શબ્દ છોડ્યો છે. શ્લોક ૨૮ वक्रः पन्थाः०

જો કે વાંકો તુજ પથ ઉદીચીજવા ઉપડેલ
ઉજ્જૈનીના ભવનતલને ના ઉવેખીશ ઉચ્ચ,
વીજસ્ફુરે ચકિત નયના અંગના એ પુરીની
નેત્રો સાથે રમિશ નહિ તો જાણ જે છેતરાયો.

રેખાંકિત ૧માં યતિભંગ છે. ૨માં "ના" જોઇએ કેમકે ભવન નપુંશબ્દ છે. ૩. सौधोत्संग માટે નિર્બળ છે. ૪.માં "સ્ફુર્યે વધારે સારો થાત. ૫. "કેરાં નેત્રે" વધારે સારો અન્વય આપી શકે તેમ છે. મૂળ અર્થ અસ્વસ્થ રીતે રજૂ થાય છે. તેથી અનુવાદ અસંતોષકારક. રે. ૬ નો અનુવાદ એવો જ છે.

શ્લોક ૨૯–૪

'પ્રેમી જોતાં નયન નચવે પ્રેમઘેલી પહેલી 'નિર્બળ છે. તેને બદલે 'સ્ત્રીઓ કેરૂં પ્રણયવચન પ્રેમી શું વિભ્રમો છે.' વધારે સારું થાય. શ્લોક ૩૮ पादन्यासै०

વાગી ઠેકે ઘુઘરી, પગના રત્નમાં જડેલા,
થાક્યાં વીંઝયે કર સુલટકે ચામરો દાંડીવાળાં.

વર્ષા છાંટે નવ, પદ નખો નર્તકીના રૂપાળા,

એશે મૂકી અલિસરસમાં, એ કટાક્ષોથી લાંબા.

પં. ૧માં છંદ તૂટે છે. મૂળ છે : પદન્યાસથી રણઝણતી રશનાવલ્લી, રત્નોના તેજથી વીંટાયેલા, દાંડાવાળાં અને લીલાપૂર્વક હલાવેલાં ચામરોથી થાકેલા હાથવાલી, વારાંગનાઓ નખક્ષી તને સુખકર વર્ષાના પ્રથમ બિંદુઓ પામીને તારા તરફ ભ્રમરની હાર જેવા દીર્ઘ કટાક્ષો કરશે. – છે/ અનુવાદમાં રેખાંકિતખંડ બરાબર ઊતરતો નથી.

શ્લોક ૪૭ ज्योतिर्लेखा॰

જેનું પીછું ખરિયું નભભામંડલેથી ભવાની

પુત્રપ્રેમ નીલકમલ કાઢી પ્હેરેજ કાને,

શ્વેતાક્ષીઓ હરશશીસમા સ્કંદના મોરનેએ

વાધંતી જે ગિરિપ્રતિસુરે ગર્જનાથી નચાવ.

રેખાંકિત ૧ ज्योतिर्लेखावलयि માટે છે. ૨. कुवलयदलप्रापि कर्णे માટે છે. ૩. धौतापाङ्गम् માટે છે. ૪. अद्रिग्रहणगुरुभिः માટે છે. તેનો અનુવાદ બરાબર કે સ્પષ્ટ નથી. પં. ૧–૨માં યતિભંગ છે. "નભભામંડલ" શાને માટે છે તે સ્પષ્ટ થતું નથી. "જ્યોતિર્લેખાવલય" સાથે તેને સંબંધ નથી. અનુવાદ તદ્દન નીરસ અને અસંતોષકારક છે.

શ્લોક ૬૩ हित्वातस्मिन्॰

ક્રીડાશૈલે તજી ભુજગકલ્લી મહેશે દીધેલા,

ટેકે ગૌરી ભ્રમણ કરવા નીકળે પાય ચાલી,

રોકી અંતર્જળ પગથિયાં શી કરી કાય તે તું,

સીડીરૂપે શિખર ચઢવા થા વહેલો જઇને.

૧. तस्मिन् છોડ્યું છે. ૨. वलय માટે છે. યતિભંગ પણ છે. ૩. दत्तहस्ता માટે છે. મૂળનો શ્લોક

સુંદર છે. રેખાંકિત પ્રયોગો અસુભગ છે. તે ઉપરાંત मणितहारोहणायाग्रयायी નો અર્થ શિખર ચડવામાં આવતો નથી. અનુવાદ નીરસ છે.

ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तम्०

તું વીજે ને સુરધનુ સહે એ, રમાવૃન્દ ચિત્રે
ત્યાં ઢોલોના ધ્વનિ સરસને તું કને ઘોષ ફેરો,
ભૂ ત્યાં રત્ને મઢી તું જ ઉરે નીર, ને તું ય ઉંચો
મ્હેલો ત્યાંના ગગનચુમતા સર્વથા તું સમાન.

પંક્તિ ૧માં અનુવાદે કે મેઘ અને મહેલોનાં બબ્બે વિશેષણો સાથે લીધાં છે. રેખાંકિત ૧. सुरजनों પર્યાય નથી. ૨.માં स्निग्धगंभीरघोषम् નો અર્થ પણ એવોજ ઉતર્યો છે. મૂળમાં અર્થાનુસારી રવ પણ અહીં નથી. ૩.માં मणिमयभुवः નો અર્થ પણ એવો જ ઉતરે છે. ૪માં તારીસાથે સ્પર્ધા કરી શકે છે" તે અર્થ પણ "એવોજ" ઉતરે છે. શ્લોક ૨માં चारु માં लीला નો ભાવ આવતો નથી. બાકી અનુવાદ સારો છે. શ્લોક ૬-૪માં अमर प्रार्थिताः માટે "દેવમાંગી" પર્યાય પણ નિર્બળ જ છે.
શ્લોક ૯ यत्रस्त्रीणाम्० तन्तुजालावलम्बाः માટે "જાળીઓમાં જડેલાં" કરે છે તે બરાબર નથી. બાકી અનુવાદ સારો. શ્લોક ૧૧નો પણ સારો છે. શ્લોક ૧૨માં वासश्चित्रम् માટે ભાતીવસ્ત્રો, અને लाक्षाराग માટે "મેંદી" કેરા'કરે છે તે નિર્બળ અર્થ પણ બદલાય છે. શ્લોક ૧૪માં प्रतिदिशमुखम् પાઠ લે છે. મૂળ દશમુખને રાવણસાથે અને ચંદ્રહાસ ખડગસાથે સંબંધ છે તેનો છેદ ઉડીજાય છે.

યક્ષધામ વર્ણનના સુંદર સ્વભાવોક્તિ મુક્તશ્લોકોનો અનુવાદ બહુધા સારો છે, છતાં ક્યાંક ક્યાંક પર્યાય પસંદગી નિર્બળ છે. શ્લોક ૧૭ तस्याः तीरे० ~~તેને કાંઠે મનહર~~

~~શનિથી-રહયો-ભવ્યશૃંગ,~~

તેને કાંઠે મનહર શનિની થી રહયો ભવ્યશૃંગ,
એવા જેવો ગિરિકનક કેળોથી ઘેર્યો ક્રીડાદ્રિ
પાસે વીજે સ્ફુરિત તુજને પેખી હૈયે અધીરો,
ભાઇ, થાયે સ્મરણ પ્રિયએ શૈલ મારી પ્રિયાને.

મરકત શનિગ્રહના રત્ન તરીકે જાણીતો છે, જે કેટલાકે તેને માટે "શનિ" શબ્દ વાપર્યો છે. છતાં તે સુભગ પસંદગી નથી. રેખાંકિત ૨-૩માં પુનરુક્તિ છે. ૪માં चेतसा कातरेण નો અર્થ પૂરો ઉતરતો નથી. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૨૨ तन्वी श्यामा०

દાંતોમોતીસમ યુવતિઓ પાતળી હોઠરાતા,
ઊંડીનાભિ કૃશ કટિ નિહાળે બીધેલી મૃગીશી,
ઝૂકી થોડી સ્તનથી ગતિ છે ધીમી નિતંબભારે,
એવી એ ત્યાં યુવતિસૃજને આદ્યસર્જી વિધિએ.

રેખાંકિત ૧. शिखरिदशना માટે ૨. पक्वबिम्बाधरोष्ठी માટે ૩. चकितहरिणीप्रेक्षणा માટે અને ૪. अलसगमना માટે છે. પં.૪માં इव છોડયો છે. અનુવાદ સામાન્ય છે.

શ્લોક ૪૪ श्यामास्वङ्गम्०

દૃષ્ટિ એઉં ચકિત હરિણે, દેહ પ્રિયંગુ વેલે,
કેશો ગુચ્છે મયૂર પિંછના, મુખ છાયા શશીમાં
આછી લ્હેરે સરિત જળની ભમ્મરોના વિલાસો,
એકે સ્થાને કહીં મળે ચંડિ સાદૃશ્યતાડું.

રેખાંકિત નિર્બળ. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૫૩ एतस्मान्मां०

આ ચિહ્નોથી કુશળ મુજને જાણજે શ્યામનેત્રી
ના મારામાં જનવચનથી લાવતી લેશ શંકા,
કહે છે પ્રેમ ક્ષય વિરહમાં થાય, કિન્તુ ન માણ્યે,
વાંછિતે તો રસ વધી વધી એ બને પ્રેમપુંજ.

રેખાંકિત "શ્યામનેત્રી" ઉમેરો છે. ૨. ગૌલીનાદ્ માટે નબળું છે. પં. ૪નું "વાંછે લો અરિસ..........." વધારે સારૂં થઇ શકે. શ્લોક ૫૫ અને ૫૬ના અનુવાદ સારા છે.

અનુવાદકને બે ત્રણ બાબતનો વિશેષનડી છે. યતિભંગનાં ઉદાહરણો સંખ્યાબંધ છે. આપ્યાં છે તે ઉપરાંત શ્લોક ૯-૪, ૧૪-૩, ૨૭-૧, ૪૭-૧, ૪૯-૨, ૫૦-૪, ૫૨-૩, ૫૩-૧-૨, ૬૦-૨, ૬૩-૧, ૬૫-૩, તથા ઉત્તરમેઘના અનુવાદમાં ૪-૪, ૫-૨, ૮-૪, ૧૨-૪, ૧૩-૨, ૧૪-૧-૨, ૧૫-૩, ૧૬-૧, ૩૧-૧-૩, ૩૩-૧ :પાઠાંતર: ૩૮-૧, ૪૩-૧, ૪૫-૨, ૪૬-૨, ૪૭-૩ વગેરેમાં તે દેખાય છે. મોટે ભાગે તે શબ્દદેહમાં જ હોઇ કઠે છે.

૨: છંદની બાબતમાં પણ ક્યાંક ક્યાંક અવ્યવસ્થા છે. શ્લોક ૪૬માં

પુષ્પો રૂપે વીર! જલદ થઇ તું........

માં રેખાંકિત શબ્દ વધારાનો છે., તો ઉત્તરમેઘમાં ૨૯-૧માં "દુબળી પડખે..........એક ભૂમિજ સૂતી" માં ખાલી જગામાં શબ્દો જ નથી. મૂળની જોડણી જો સામાન્ય પણે અનુસરે છે પણ કેટલેક સ્થળે છંદ માટે છૂટ લીધી છે.

પર્યાય પસંદગીના મહત્ત્વના પ્રશ્ને પણ તેમને ઠીક ઠીક કસોટીઓ ચઢાવ્યા છે. કેટલાંક સ્થાનો જોયાં છે. તે ઉપરાંત પણ ઘણે સ્થળે તે સુભગ નથી. શ્લોક ૬માં ઇન્દ્રનો કામરૂપ પ્રકૃતિપુરુષ ને માટે "સ્વચ્છારૂપી સુરપતિગણે મુખ્ય" કરે છે. સંદેશ માટે વાતાં, ધનપતિના કોપને માટે યક્ષ કોપ, ધૌત માટે ધોળ્યાં, પંથી માટે માંથી, उपक्षित માટે દુભવે, બિસકિસલય માટે કમલટીસી, મેખલા માટે તટ

विशीर्णां माटे छेदायेली, अने भक्तिच्छेदैरिव विरचिताम् भूतिम् माटे "चीतरी नवली वेल", कामुकत्वने माटे कामीना, प्रथयति माटे पोकारे, मधुरस्वाळो माटे मधुरवो, उपचितवपुः माटे "वाधी", " निश्चयो " माटे निश्चयी, नभसरित नेमाटे नभभरित, अभ्यवर्षन् माटे उडाड्यां, पूरो थाशे ने माटे " तो पुराशे", प्रतिदिन माटे" "चोपासे," "होय भ्रीलवस्त्र" माटे "होयना नीलवस्त्र", पिसलय माटे डूंख, विधिः माटे काळजेवा प्रयोगो करे छे, जे कांतो शुष्क छे के पछी कोईने कोई कारणे असंतोषकारक छे. तेथी अनुवाद सामान्य छे. कंक असंतोषकारक पण बने छे. छंद, पदयोजना, लालित्य, लाघव अर्थ गौरव तेमज मूळनी यथातथ छबी रजू करवानी बाबतमां ते ऊणो रहे छे. पूर्वमेघना शरूआतना श्लोको करतां पछीना श्लोकोनो अनुवाद सारो बनतो जाय छे. जेम जेम अनुवादक अनुवाद करता गया छ तेम तेम हाथ जमतो गयो होय एम लागे छे. प्रसादगुण पण काव्यनी एक महत्त्वनी आवश्यकता छे. पदोनो त्याग के उमेरो, अन्वयनी अस्वस्थता के पर्यायनी अनुचितताने कारणे ते सधातो नथी. तेथी केटलेक स्थळे अर्थ अस्पष्ट या क्लिष्ट बने छे.

શંભુચંદ્ર રામચંદ્ર નાન્દી – ૧૯૫૮

શ્લોક ૧ कश्चित्कान्ता०

સ્વામી શાપે નિજપદમદે આત્મશક્તિ ગુમાવી,
વૈદેહીની સ્વપ્નકૃતિથી વાસ જ્યાં પુણ્યપાણી,
૨ યક્ષે કીધો અલઘુવિરહી પત્નીના વર્ષ માટે,
ઘાટાં છાયાતરૂ પણ વળી રામશૈલાશ્રમોમાં.

આ શ્લોકનો અનુવાદ અનુવાદકના વિશેષ ગુણદોષનો ખ્યાલ આપી દે છે. રેખાંકિત ૧ शापेनास्तंगमितमहिमा
૨. वर्षभोग्येण , ૩. स्नान , ૪. रामगिर्या०
ને માટે છે. ૨ નિશાનીવાળાં પદો જુદી જુદી પંક્તિમાં મૂક્યાં છે. અન્વય અસુભગ છે. અર્થને સરળ પ્રાસાદિક રીતે સમજવામાં તેથી મુશ્કેલી પડે છે. स्नान માટે 'સ્વપન' અપરિચિત પ્રયોગ છે. તેને બીજો અર્થપણ છે. સંસ્કૃત ભાષાની રચનામાં શબ્દ ગમે તે સ્થળે મૂક્યો હોય તોય તેનો અર્થ સમજવામાં મુશ્કેલી પડતી નથી, એવો તેનો પ્રત્યયાદિના કારણે, સ્વભાવ છે. તે ગુજરાતીમાં નથી. એટલે અનુવાદ — ભાષાંતરને પ્રાસાદિક બનાવવામાટે રચના ઉપર ખાસ ધ્યાન આપવાની આવશ્યકતા રહે છે. શ્રી નાન્દીએ એ તરફ ધ્યાન ઓછું જ આપ્યું છે.

શ્લોક ૨માં कनकवलय भ्रंशरिक्तप्रकोष्ठः ને બદલે અહીં "એવું" ઢીલું વલયરમતું હાથમાં" કરે છે તે ખોટું છે. "પ્રથમ દિન આષાઢનાએ" નમેલા" માં યતિભંગ પણ છે.

શ્લોક ૫ धूमज्योति:०

જ થ્યો ધુંવો જલપવનનો મેઘ ક્યાં જ્યોતિ કેરો?
સંદેશા ક્યાં પટુ અવયવી પ્રાણિથી મોકલ્યાના?

તેને પ્રેમે વિકલમનથી યાચિયો તેહ યક્ષે
કામે પીડયાં જડ અજડમાં ભેદ ના લે સ્વભાવે,
રેખાંકિત ૧. ગુજરાતીમાં આ રીતે વપરાય ભોગ્યાં. ૩. માટે "મોકલાતા" વધારે સારું થાત, ૨. पटु માટે છે. ૪. ઓત્સુક્યાદ માટે છે. ૫. प्रकृतिकृपणा: માટે છે.
ચોથી પંક્તિનો અનુવાદ નિર્બળ છે.

શ્લોક ૧૦ मन्दं मन्दं નવમો લીધો છે.

ધીમો ધીમો પવન તુજને સાનુકૂળે વહેશે
ડાબાશે મધુર સ્વરથી ચાતકે ને સગર્વે
ગર્ભગ્રાહી ક્ષણપરિચયે ગોળ આકારથી સૌ,
સેવાદેશે નયનપ્રિય આ કાશમાં તે બલાકા.
રેખાંકિત ૧માં नुदति ને બદલે વહેશે કરે છે. ૨. "સગર્વ" ચાતક માટે છે. ૩. नूनमाबद्धमाला: માં "ગોળ" અર્થ નથી. ૪માં યતિભંગ છે. અન્વય તો અસ્વસ્થ છે જ.

શ્લોક ૧૦માં अविहतगतिः નો "વણગતિસંક્યો" સુભગ અન્વય નથી. શ્લોક ૧૧ कर्तुंयच्च० પૃથ્વીને જે ફળવતી કરે ગર્જના કદલીથી,
નેજે તારી શ્રવણપ્રિય છે તે સુણી રાજહંસો,
સાથી થાશે તક તલસતા સૌ જવા માનસે એ,
ભાથે બાંધી સરસિજ તણાં છેદ કૈલાસ સાથે.
शिलिंध्रः માટે કદલી ખોટું છે. ગર્જના સાથે જોડાયેલાં "શ્રવણપ્રિય" "તેસુણી" પદો છૂટાં પડી ગયાં છે. રેખાંકિત સમાસ मानसोत्का: માટે અયોગ્ય. અન્વય ગૂંથાઈ ગયો છે.

શ્લોક ૧૩ मार्गं तावत्०

મારો ભાખ્યો શ્રવણ કરતું માર્ગ જે ફાવતો છે,
સંદેશો ને જલદ પ્રિય છે કાનને લે પછીથી

થાક્યો પાક્યો નગ ઉપરતું થાકૅ તો થાક્યે તો જ,
પીજે પાણી ઝરણ હલકું ખૂબ સૂકાય ત્યાં તું.

અન્વય ખરાબ છે. ઉપરાંત રેખાંકિત ૧. प्रयाणानरूपं માટેછે, ૨. "થોભતો થોભતો જ" વધારે સારું થાત. ૩. "ક્ષીણ જ્યાં થાય ત્યાં તું" વધારે સારું બનત.

શ્લોક ૧૫ रत्नच्छाया०

તારી સામે ટૂટક ધનુ એ ટેકરીને મથાળે,
ભાસે જાણે રતન ઝળકે મિશ્ર સૌ ઇન્દ્ર કેરું,
તેથી તારું અસિતવપુએ વિષ્ણુ શું શોભશે તે,
બર્હી કેરાં અતિચમકતાં પીંછમાં ગોપ જેવું.

આ અત્યંત સુંદર શ્લોકનો અનુવાદ અસ્વાસ્થ અન્વય અને અનુચિત પર્યાય પસંદગી માટે ગૂંથાઇ ગયો છે.

શ્લોક ૧૬ स्थित्वा तस्मिन्०

થોભી થોડો વનચરવધૂથી મણાયેલ કુંજે,
પાણી વાક્યે જલદ ગતિથી માર્ગ ઓળંગતો ત્યાં,
એશે ક્રેવા તુટક ખડકે વિંધ્યપાદે વહેતી,
હાથી કેરા તન ઉપરની જેમ રેખા અનોખી,

ને બદલે

થોભા એવી વનચર વધૂ માણી કુંજે જરાક,
પાણી વામ્યે ત્વરિત ગતિથી માર્ગઓળંગતો ત્યાં,
એશે રેવા તુટક ખડકે વિંધ્યપાદે વહન્તી
હસ્તી કેરા શરીર ઉપરે જેમ રેખા રૂપાળી.

વધારે સારું થઇ શકે.

શ્લોક ૩૩-૩૪ ને ક્ષેપક ગણીને છોડયા છે.

શ્લોક ૩૫ जालोद्‌गीर्णै:०

જાળી વાટે સુરભિસરતા કેશ સંસ્કારથી તે,
તારું નૃત્યે તનુ વિકસશે મોરના આવકારી,
ફોરો થાજે કુસુમસુરભે મ્હેલના ત્યાં ઝરૂખે,
ચિહ્નો જોઇ લલિતલલના પાદરંગે થયેલાં.

મૂળમાં છે : "જાળીમાંથી આવતા કેશ સંસ્કાર માટેના ધૂપથી પુષ્ટ તનુવાળો થઇ બંધુ પ્રીતિથી ભવનના મયૂરોએ જેને ઉપહાર આપ્યો છે એવો તું, પુષ્પ સુવાસિત અને લલિત લલનાઓના પદરંગથી અંકિત ત્યાંના મહેલોનું સૌન્દર્ય જોતો થાક ઉતાર જે." આમાં ઘણું છૂટી ગયું છે. કેટલોક અર્થ વિપર્યય થયો છે, અને અન્વય અસુભગ છે, તેથી ગોટાળો થાય છે. એવું જ भर्तु: कण्ठ० વાળા શ્લોકમાં પણ થયું છે.

શ્લોક ૩૮ : અહીં ૩૫: पादन्यासै: ०

નાચંતાં ત્યાં પગરમણથી મેખલાના જ નાદે,
વેશ્યા રત્ને જડિત ચમરો હાથ થાકે હલાવી,
ઝીલે પાણી જલકણ નવાં ન્હોરવાળાં જ અંગે,
તારા પ્રત્યે મધુકરતણી હાર જેવાં કટાક્ષો.

મ! लीलावधूतै:, वलिभि:, नखपदसुखान्
પદોનો અર્થ આવતો નથી. તુલનામાં "બીજા શ્લોકોના અનુવાદ કરતાં ઠીક.

શ્લોક ૪૬ : ૪૩: तत्रस्कन्दं०

ને ત્યાં દેજે નિયત વસતા/વૃષ્ટિનું પુષ્પ રૂપે,
ભીંજેલાં તે શરજનમને વ્યોમગંગા જલેથી
પુષ્પોકેરી નવશશિધરે ઇંદ્રનાસૈન્યકેરી,
રક્ષાર્થે ને હુતવહમુખે તેજ ને તેજ રાખ્યું

રેખાંકિત પદો એકસાથે ક્યાં જોઇએ. અન્વય ખરાબ છે. अत्यादित्यं છોડયું છે. છેલ્લા રેખાંકિત ખંડમાં કેટલુંક બિનજરૂરી પણ છે.

શ્લોક ૪૮ त्वय्यादातुम्०

નીચો થાતાં સલિલભરવા કૃષ્ણનો રંગ ચોરી,
જેશે મોટું ઝરણ લઘુ તે દૂરથી તે નદીનું,
આંખો ઐંચી નભવિહરતાં સર્વ નિશ્ચે જડેલી
માલા જાણે ધરણી વચમાં તું સમાઈ-ઇન્દ્રનીલે.

અન્વયની અસરળતાથી અર્થ જાણે ગુંગળાય છે. તેને બદલે

નીચો થતાં સાલલગ્રહણે વિષ્ણુનાવર્ણચોર,
જે છે મોટું વહનનદીનું દૂરથી અલ્પ ભાસે,
દૃષ્ટિનાંખી નભવિચરતાં સર્વ નિશ્ચે જડેલી;
જેશે માલા ધરણી તણીશું તું સમાઈ-ઇન્દ્રનીલે.

વધારે સારું થઈ શકત.

શ્લોક ૫૩ तस्माद्गच्छेः०

ત્યાંથી જાજે કનખલ વહે શૈલરાજ તણી જ્યાં,
ગંગાપુત્રી સગરસુતના સ્વર્ગની જેમ સીડી,
આવી ફીણે ભ્રકુટિચઢતાં પાર્વતીની હસે જે,
મોજાં હસ્તે શશિનિકટના શંભુના કેશ ઝાલી.

इन्दुलग्नोर्मिहस्ता નો અનુવાદ નબળો છે. પંક્તિ રમાં "જેમ" ને બદલે "જેહ" કર્યું હોત તો રૂપક સચવાઈ રહેત.

શ્લોક ૬૩ हित्वा तस्मिन्०

કાઢીનાંખી કડું ભુજગનું શંભુના હાથ આપ્યે
ક્રીડાશૈલે હિમનગસુતાં ચાલતાં જો જણાયે,
પાકી પંક્તિ તન ઘન કરી વારિનો ઓઘરોકી,
સામે ચાલી મણિતટ જવા તું થજે પાસસીડી.

માં રેખાંકિતને બદલે "શંભુએ હાથ આપ્યે" હિમગિરિસુતા, સામેજને, કે અગ્રેજને, વધારે સારા પ્રયોગો બની શકે તેમ છે.

ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तम्०

ત્યાં છે હર્મ્યો રતન જડિયા ઉચ્ચ આકાશચુંબી
ગાવા કાજે મુરજ ધ્વનિને, સુંદરી ચિત્રવાળા
તું છે પાણી વીજ મધુરને સાદ [illegible] ભરેલો,

તારી સાથે સરસ ઇંથવા ઇંદ્રઆવી બધુ છે.

મૂળનું ભવ્યલલિતચિત્ર, શબ્દમાધુર્યની મોહિની, પરસ્પર સંતુલિત લક્ષણોનું ઔચિત્ય – જેમાં એક લક્ષણ મેઘનું અને એક લક્ષણ, તેની સાથે સંતુલિત, અલકાનું મૂક્યાં છે, તે સુંદર યોજના જાળવવાને બદલે અહીં તો અન્વયમાં ગંભીર ફેરફારને કારણે આખો શ્લોક નિરાશાજનક અને અવ્યવસ્થિત બની ગયો છે.

શ્લોક ૮ नेत्रानीता:०

દોરાયેલા પવનગતિથી તું સમાજ્યાં અગાશી
સચિત્રોને સ્વજલવરસીને બગાડી પછીથી
વહીને જાણે જલકણ રૂપે નીકળીને ગવાક્ષે
ધુંવા પેઠે અનુકૃતિ કરી સૂક્ષ્મ પાછા પડે છે.

અનુવાદ મૂળનો યોગ્ય ખ્યાલ આપતો નથી. રેખાંકિત પદો અસુભગ છે.

શ્લોક ૯ यत्रस्त्रीणाम्०

જ્યાં ગુંથેલાં સ્ફુટ જલકણે ચંદ્રકાન્તો સરીને
તું વેરાતાં વિમલ કિરણો ચંદ્રનાં મધ્યરાત્રે
તંતુ જાલે પ્રિયતમ ભુજાલિંગનેથી છૂટેલી
સ્ત્રીઓ કેરા સુરતશ્રમનો અંગનો થાક કાઢે,

ભાષાંતર નબળું છે. રેખાંકિત ૧ त्वत्संरोधोपगम માટે છે. ગુજરાતીમાં થાક ઉતારવો પ્રયોગ છે. "થાક કાઢવો નથી".

શ્લોક ૧૬ वापीचास्मिन्०

છે વાવીમાં મરકત શિલાથી ચણ્યા પાદ માર્ગો,
ત્યાં સોનેરી કમલ મુકલો વ્યાપ્ત વૈદૂર્યનાળે

પાણીમાં જે વસતિકરતા હંસ પાસે છતાંયે
ભાગો દુઃખો ખચિત તુજને માનસે જોઇભુલે.

પંક્તિ ૨માં "વ્યાપ્ત"ને બદલે "સ્નિગ્ધ" વધારે સારું છે. બાકી त्वमगतच्च नो અનુવાદ અસુભગ છે.

શ્લોક ૨૨ तन्वी श्यामा०

શ્યામા ત્યાં જે કૃશ, તનુકટી પક્વબિમ્બાધરોષ્ઠી
દાંતો જેના અવિષમટશે નાભિ ઊંડી, નમેલી,
શ્રોણી ભારે, ચકિતહરિણી દૃષ્ટિની, ચાલ ધીમી,
વક્ષે નમ્રા, પ્રથમ પુતળી સૃષ્ટિમાં સ્ત્રી તણી તે.

રેખાંકિત ૧. शिखरिदशना માટે છે. નમેલી પછી અલ્પવિરામ ન જોઇએ. છેલ્લું રેખાંકિત અસંતોષકારક અને અસુભગ છે.

શ્લોક ૨૬-૨૭ના અનુવાદમાં થોડા ફેરફાર કરતા અનુવાદ વધારે સારો થઇ શકે તેમછે. ઘણા શ્લોકોના અનુવાદને વિષે આ વાત સાચી છે. નમુના તરીકે શ્લોક ૨૬ उत्सङ्गे वा० કે ત્યાં જોશે મલિનવ અને અંકવીણાધરીને

ગાવા ઘતી રચિતપદ જે નામમારૂ બતાવે
તારો ભીના નયનજળથી આર્દ્ર કેમે સમારે
વારે વારે સ્વરચિત છતાં મૂર્છના ભૂલતી તે.

ને બદલે

ઉત્સંગે વા મલિનવસને, મિત્ર, વીણા ધરીને,
ગાવા ચાહે રચિત પદને નામ મારે ખચિત,
ભીના તારે નયન જળથી તે સમારે પરાણે,
વારે વારે સ્વરચિત છતાં મૂર્છના ભૂલતી તે.

કંઇક વધારે સારું થાત.

શ્લોક ૩૯ मर्तुर्मित्रम्०

ભર્તાકેરો, પ્રિય જલદ હું, મિત્ર સૌભાગ્યવંતી,
તારી પાસે તવ હ્રદયમાં ધારી સંદેશ આવ્યો,
વાટે થાક્યાં ત્વરિત કરતો વૃંદને પ્રોષિતોનાં
ગર્જી ધેરું મૃદુ જ અબલાવેણિ છોડયે અધીરાં.

રેખાંકિત ૧-૨-૪માં અનુસ્વાર જોઈએ. ૨ માટે મધુર વધારે સારું છે.

શ્લોક ૪૪ श्यामास्वङ्गम्०

શ્યામા માંહે તનુ, વદનની ચંદ્રમાં કાંતિ શોધું,
બીધેલી કો નજર હરિણીની મહીં દૃષ્ટિ, વેણી,
મોજાં માંહે સરિત જલના, ભ્રુવિલાસો ક્યાંમાં
નાવે, કોમાં કંઇ સમપણું ચંડિ મોરો તણીમાં

રેખાંકિત પદો એક જ વિચાર સાથે સંકળાયેલાં છે. તેને ત્રણ જુદી જુદી પંક્તિઓમાં મૂક્યાં છે. પંક્ત ત્રીજીનો અને સામાન્ય રીતે આખા શ્લોકનો અર્થ આછો ઉતર્યો છે.

શ્લોક ૪૯ नन्वात्मानम्०

મારા તો હું બહુ ગણી ગણી પ્રાણને હું ટકાવું,
તો કલ્યાણી કંઇપણ નહીં રાખતી બીક તું યે,
કોણે માણ્યું સુખ અગર તો દુ:ખ તો એકલું જો,
નીચે જાયે ઉપર જ દશા ચક્ર આરા પ્રમાણે.

થોડો ફેરફાર કરતાં આ અનુવાદ છે. તેથી વધારે સારો થઇ શકે.

આત્માથી હું, ~~બહુબહુ~~ બહુબહુ ગણી પ્રાણમારા ટકાવું,
તો કલ્યાણી તું પણ બનતી ગાભરીના જરાએ,
કો પામ્યું છે સુખ અગર તો એકલું દુ:ખ નિત્યે,
નીચે જાયે ઉપર જ દશા ચક્રઆરા પ્રમાણે.

શ્લોક ૫૫ जेतत्कृत्वा०

સ્નેહે કિંવા વિરહજ દયાથી જતું મૈત્રી કેરા,
કીધા કેડે મમ અઘટતું કામ મારું જ જાતે,
ઇચ્છાપ્રેર્યો જલદ લઇને શોભના સૌ વૃષાની
આવી રીતે પ્રિયન બનતાં વીજળીથી વિખૂટો.

રેખાંકિત માટે મિત્ર કેરી, માગ્યું, કરી શકાય. રેખાંકિત ૩. અસુભગ છે. અંતિમ પંક્તિ માટે "આવી રીતે તવ નવથજે વિજળીથી વિયોગ" વધારે સારું થઇ શકે. પંક્તિ ૩નું રેખાંકિત તો સુધારવું યે મુશ્કેલ છે.

પર્યાયપસંદગીમાં અનુવાદક સ્થળે સ્થળે વધારે કાળજી રાખીને અનુવાદને સુધારી શક્યા હોત. શ્લોક ૨ના અનુવાદમાં "વધુ વિરહ" ને બદલે "વધૂ વિરહ" વિવક્ષિત છે. શ્લોક ૨૦ માં રૂકિત ને બદલે સ્થગિત, જલિત ને બદલે જવલિત, વધારે સારાં થાત. શ્લોક ૨૯માં "લેજે સુભગપગલાં" ભાષાંતર ગલાળવું અને છાપાળવું પણ થઇ જાય છે. શ્લોક ૪૦માં ગંભીરાનાં જળને "હૃદયખુશશાં" કહે છે. ત્યાં પ્રસન્ન શબ્દ વિશદતા – સ્વચ્છતાને અર્થ બતાવે છે. તે ખુશમાં નથી આવતો. શ્લોક ૫૩માં "વાયા" "વાહ્યું" માટે વાપરે છે. ત્યાં "વાયું' શબ્દ જ વધારે સુભગ છે. ચાલે એવો ય છે. ત્યાં તણાવા માટે તનાય અને દુ:ખ શમવવા માટે "દુ:ખજ શમવા" વાપરે છે. તેય અસુભગ લાગે છે. – ઉત્તરમેઘમાં શ્લોક ૬–૧માં "વાયુ ખાતિ" માટે "વાયુસેવે" વધારે સારું થઇ શકે. શ્લોક ૧૭માં चेतसा कातरेण માટે "પ્રેમે મુજ હરખથી" તો તદ્દન ઉલટોજ અનુવાદ-અર્થ આપે છે. શ્લોક ૨૭–૨માં

મૂકી ભોંયે કુસુમ ગણતી ઉંબરે જે મૂકેલાં" માં

પહેલામાં રાખી, ફેંકી ચાલે અને બીજામાં ધરાવ્યાં કે ધરેલાં

પણ ચાલે. તો પુનરુક્તિ થાય છે તે ટાળી શકાય, અને અર્થ પણ વધારે સુભગ થાય. શ્લોક ૪૧માં "જાતને માન દેવા" આત્મનશ્ચો પર્યાપ્તુમ્ નો ઉલટો અર્થ આપે છે.

આમ સાહિત્યશોખીન પર પ્રાંતીય અનુવાદકે કરેલો આ અનુવાદ સંતોષકારક નથી. સાવ સાધારણ છે. તેમાં :૧: બેડણીની અવ્યવસ્થા છે. :૨: પર્યાયપસંદગી ઘણે સ્થળે અસુભગ છે. થોડી જ કાળજીથી તેને વધારે સારી બનાવી શકાત અને પરિણામે અનુવાદ વધારે સારો થઈ શકત એમ તો સ્થળે સ્થળે લાગે છે, ને તેનો કેટલેક સ્થળે નિર્દેશ પણ કરેલો છે. :૩: મૂળનું અર્થગૌરવ અને મોહક છંદ – શબ્દ, સંગીત કે કલ્પનાદિની ચારુતા થોડાં જ ઉતર્યાં છે. :૪: ગુજરાતી વ્યાકરણના નપુંસકલિંગ નામોનાં બહુવચનમાં અનુસ્વારની આવશ્યકતા હોય છે. તે બાબતમાં પણ શિથિલતા છે. :૫: અન્વયની બાબતમાં વધારે ધ્યાન રાખ્યું હોત તો પણ ઘણો ફરક પડત.

શ્રી કૃપાશંકર બહેચરલાલ પંડિત –૧૯૬૩.

લેખક પ્રસ્તાવનામાં નોંધે છે:

"ગુર્જર ગિરામાં પ્રસિદ્ધ થતું આ સમશ્લોકી ભાષાંતર વર્ષોઉપર તૈયાર થયેલું હતું પણ પ્રતિકૂળ સંયોગોને કારણે અપ્રસિદ્ધ અવસ્થામાં પડી રહેલું હતું." :પૃ. ૧૦: તેને સ્વ. દિ. બ. કે. હ. ધ્રુવ અને અન્ય વિદ્વાનોએ સાંભળેલું અને સંતોષ વ્યક્ત કરેલો, એમ પણ પ્રસ્તાવનામાં નોંધ્યું છે:

શ્લોક ૧ कश्चित्कान्ता०

કોઇ યક્ષ સ્ખલિતધરમે વર્ષનો પામી શાપ,
થાતાં કાન્તા વિરહથી ધીખ્યો નિજ સામર્થ્ય ભ્રષ્ટ,
સીતા સ્નાને પુનિત જળવ્યાં ને શિવ છાયાવાળાં
વૃક્ષો છાતાં તહિં જઇ વસ્યો રામગિર્યાશ્રમોમાં.

રેખાંકિત પદો અનુક્રમે स्वाधिकारात्प्रमत्तः, गुरुणा, अस्तंगमितमहिमा तथा वसतिं चक्रे માટે મૂળનો આછો પડઘો પાડે છે. લાલિત્ય અને અર્થની દૃષ્ટિએ.

શ્લોક ૨માં अवलाविप्रयुक्तः માટે "પ્રિયવિરહી" કરે છે.

ને આષાઢે પ્રથમ દિવસે ભોંકી દંતુ ક્રીડંત
હસ્તી શો ત્યાં રમણીય દીઠો શૃંગભેટેલ મેઘ –

માં રેખાંકિત અનુવાદ નિર્બળ છે. વપ્રક્રીડામાટે નમેલા હસ્તી જેવો પ્રેક્ષણીય મેઘ જોયો એવો મૂળ અર્થ છે.

શ્લોક ૫ धूमज्योति:०

વાયુજ્યોતિ સલિલ ધૂમનાં વૃંદ તે વાદળાં ક્યાં,
ક્યાં સંદેશા કરણ સબળા પ્રાણીથી લઇ જવાતા,
ઔત્સુક્યે એ નવગણી કશું યાચતો યક્ષ એને
સાચે કામી દીન પ્રકૃતિના જીવનિર્જીવ માંહે.

રેખાંકિત પદો संनिपात:, मेघ:, पटुकरणै:, प्रकृतिकृपणा: માટે છે. તે નિર્બળ છે. મેઘ આ બધાનો સમવાય છે. ટોળું નથી. તેમાં આ બધી વસ્તુઓ મિશ્ર થઇ જાય છે. પટુ એટલે સબળ નહીં પણ કુશળ, કૃપણ એટલે અહીં દીન નહિ પણ ધ્યાનમાં ન રાખનારા.

શ્લોક ૯ : કાલે માં ૧૦: मन्दं मन्दं०

મંદો મંદો અનુકૂળ તને વાયુ પ્રેરંત માગ્યો,
તારે વામે મીઠું વદત આ ચાતક સ્નેહી તારો,
હારે હારે ઉડી બગલીઓ ગર્ભધાર્યાની હોંશે
સાચે વ્યોમે નયન મધુરાં તુજને સેવી રહેશે.

રેખાંકિત ૧ માટે "ધીરે ધીરે" વધારે સારું થાત. ૨. વધારાનું છે. ૩. મૂળમાં સગર્વનો અર્થ છે. ૪ મધુરાં અનુસ્વાર બિનજરૂરી છે. અનુવાદ સામાન્ય. શ્લોક ૧૧ પંક્તિ ૪માં "સાથી" માટે "સંગ" વાપરે છે.

શ્લોક ૧૩ मार्गं तावत्०

રસ્તો તારો કહું હવે જે પ્રયાણનું રૂપ
સંદેશો તું મુજ ધન પછી સુણશે કર્ણ પેય,
જ્યાં જ્યાં થાકે ગિરિપર મૂકી પાદ બેશે તું આગે
જ્યાં જ્યાં થાયે ક્ષીણ તું હળવું પાણી ઝર્ણાનું પીજે.

પંક્તિ ૧માં ખાલી જગા છે. ત્યાં એક શબ્દ છાપવો રહી ગયો લાગે છે. રેખાંકિત પદો માટે સુણજે, બેજે, વધારે સારા પ્રયોગો થઇ શકત. "ઝર્ણા" એક વચનમાં છે તે બહુ વચનમાં જોઇએ.

શ્લોક ૧૫ रत्नच्छाया०

પેલું સામે વિવિધમણિની મિશ્ર દીપ્તિ શું રમ્ય
વલ્મીકાગ્રે સ્ફુરી નીકળતું ઈંદ્રનું ખંડચાપ,
જેને લેને તુજ વપુ વધુ શામળું શોભી રેશે.
જેવું રૂડા મયુર પિછથી વિષ્ણુનું ગોપવેશે.

રેખાંકિત પદમાં स्फुरितरुचिनां" નો અર્થ આછો જ
આવ્યો છે. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૧૯ स्थित्वा तस्मिन्०

તે શૈલે જ્યાં વનચરવધૂ કેરી માણેલ કુંજે
વર્ષેલો ત્યાં ઝરી તરી રહી વાધતાં ત્યાંથી દોડયો,
જેશે રેવા વિષમ પથરે વિંધ્યપાદે છવાતી
હસ્તી અંગે વિવિધ ચીતરી ભસ્મશી જે સુહાગી.

રેખાંકિત ૧ ને બદલે "વર્ષી ને " કરી શકાત. ૨. द्रुततरगतिः
માટે અસુભગ છે. ૩. भूति ને માટે છે. ભસ્મને બદલે
વેલ વધારે સારું લાગત. ૪. "विशीर्णां" માટે છે.

શ્લોક ૨૮ वक्र: पन्था:०

જો કે જતાં અવળું પડશે ઉત્તરોન્મુખ તારે,
હર્મ્યોત્સંગે સુખ વિમુખ તું ના થતો ઉજ્જયીની,
વિદ્યુત્સ્ફુર્યે પુરરમણીના ત્રસ્ત વીંઝયા કટાક્ષ
ભાળાં નેત્રે સ્મરણ ન કર્યું તો વૃથા જન્મ જાણ.

રેખાંકિત પદો અનુક્રમે वक्र:पन्था:, प्रणयविमुखो,उज्जयिन्या:,
लोलापांगै:, लोचनै: वंचितोऽसि
માટે અસંતોષકારક અનુવાદ છે.

શ્લોક ૩૮ पादन्यासै:०

બ્હેકે છોળી ચમરી મણિથી દીપતી ડાંડીઓની
થાક્યા હસ્તો રણત રસના મુક્તાં યાદ એવી,
નર્તિકાઓ નખક્ષીત શીળાં બિંદુ લે તુજતાનાં,
દેશે લાંબા અલિતટરશા કૂક કટાક્ષો તને ત્યાં.

રેખાંકિત "અવાજ" અંશ નિર્બળ છે. પહેલું અસંતોષકર છે. રમાં "કુવણત" થઇ શકત. 3. "સુખદ"નો અર્થ આવતો નથી. ૪. "સટર" નો અર્થ શો?

શ્લોક ૪૧ तांकस्यांविद्०

છાઇ પુરી જહીં નિરવતા કોક એ મ્હેલ છાજે
રહે તે રાત્રે શ્રમિત વિલસ્યે વીજળી પત્ની સાથે,
પાછોલેજે દિવસ ઉગતાં પંથ બાકી તું મિત્ર,
માથે વ્હોરી સુહૃદકૃતિમાં કોઇના થાય મંદ.

"જેમાં કબુતરો સૂઇ ગયાં છે" ને બદલે રેખાંકિત અંશ છે.
૨. "પાંખે" વધારે સારું હતું. 3. સુહૃદ વિનતી" પણ એજ અર્થ આપત અને વધારે સારું થાત.
શ્લોક ૪૬-૪૭નું સારું છે. એકાદ બે ફેરફારથી વધારે સારું થઇ શકત.

શ્લોક ૫૦ तामुत्तीर्य०

તે ઓળંગી પરિચયભરી ભુલતા વિભ્રમોની,
પક્ષ્મોસ્ફુ થૈ ઉંચી વિલસતી કાળીધોળી પ્રભાની,
કોડે સ્ફુર્તિ મધુપભ્રમતા ડોલતા ડોલરેથી,
શોભો દૃષ્ટિ દશપુરસ્ત્રીની અનું અંગે સુહાવી.

રેખાંકિત ૧ માટે "વતી" વધારે સારું, વાળીના અર્થમાં
૨. "થીના" અર્થમાં અહીં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ છે.
3. કુંદને ડોલર કહે છે તે બરાબર નથી. દૃષ્ટિ માટે "દૃષ્ટે" કર્યું હોત તો તૃતીયાનો અર્થ વ્યક્તથાત અને છંદની દૃષ્ટિએ પણ વધારે સારું થાત.

શ્લોક ૫૧ ब्रमृहTवर्तम्०

બ્રહ્માવર્તે પછી જનપદે સંચરી છાયરૂપે,
ક્ષત્રિયોનાં યુધ્ધ સૂચવતું તે કુરુક્ષેત્ર જાજે,
ધારાપાતે જ્યમ તું કમળો, તેમ ગાંડીવધન્વા,
લાખો તીણા શરથી નૃપના શીર્ષવર્ષાવતો ત્યાં.

રેખાંકિત માટે, વધ, તીણાં, મુખ, વધારે યોગ્ય અનુવાદ આપી શકત.

ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तम्०

જે વિદ્યુતશો લલિતવનિતા, મેઘનું ચારુચિત્ર,
ગર્જે મીઠો ગભીર, બજતાં સંગીતાર્થે મૃદંગ,
અંતર્વારિ ચહિ મણિભૂમિ, જે ઉંચો, વ્યોમચુંબી, ચુંબી,
પ્રાસાદો જ્યાં વિવિધ વિષયે આમ તે તુજ સ્પર્ધી.

એકંદરે સારો અનુવાદ છે.

અલકા અને યક્ષધામના વર્ણનનો અનુવાદ વધારે સારો થયો છે. પર્યાયપસંદગી અને ઔચિત્યભાન વધ્યાં છે. શ્લોક ૧૪ થી ૨૦નો અનુવાદ એકંદરે સંતોષકારક છે. ક્યાંક એકાદ પદ બદલીને હજુયે વધારે સારું કરી શકાય.

શ્લોક ૧૯ तन्मध्ये च०

ને ત્યાં વચ્ચે સ્ફટિક ફલકે હેમના વાસસ્તંભે,
કુણાવેણું સમશીલમની કુંભી જેની દીપી રહે,
સ્વપ્રિયાએ વલયરણક્યા મિષ્ટ તાલે નચાવ્યો,
તે મોર ત્યાં બેસે દિવસ વીતતાં મોરલો મિત્ર ત્હારો.

માં પ્રિયાએ, વલયરણકે, વધારે સારાં થાત. અનુવાદ સારો છે.

શ્લોક ૨૨ तन्वी श्यामा०

તન્વંગીને મૃદુલ ઉમરે જોબના ઉંડી નાભિ,
દાંતોતીણા ચકિત મૃગીશી દૃષ્ટિએ બિંબઓષ્ઠી.

શ્રોણીભારે ધીરીધીરી જતી કાંઇ નામી સ્તનોએ,
એ પ્રજાના યુવતી સૃજને આદ્યશી ત્યાં હશે તે

સારો અનુવાદ. વિરામચિહ્નોનો ઉપયોગ કર્યો નથી.

શ્લોક ૩૦ पादानिन्दोः०

ગોખે આવ્યાં અમૃતશીતળા ચંદ્રના રશ્મિસામી
નાખી પૂર્વે પ્રીતિથી તદપી નાખી તેવી જ ખેંચી,
અભ્રછાયા દિનની ન ખીલી ના બીડી પદ્મિનીશી,
અંતર્દુઃખે સલિલથી ભરી પાંપણે દૃષ્ટિ છાતી.

રેખાંકિત પદોમાં છેલ્લે અનુસ્વાર જોઇએ. તે વ્યાકરણદુષ્ટ બને છે.

શ્લોક ૩૯ भर्तुर्मित्रम्०

સોહાગિણી પ્રિયજલદ હું મિત્રતારા પિયુનો
આવ્યો ત્હારા સમીપ હૃદયે ધારી સંદેશ તેનો,
માર્ગે આવ્યા અધીર કરવા વ્હાલીની વેણી છૂટી,
પંથે પ્રેરું જલદીથી જવા મીઠું ગંભીર ગર્જી.

સારો છે. પણ રેખાંકિતને બદલે અનુક્રમે પતિનો, ત્હારી, પથી - કર્યાં હોત તો વધારે સારો થાત. "શ્લોક ૪૪નો અનુવાદ સારો છે. એ પંક્તિ ૩માં ઊર્મિ લ્હેરે ને બદલે "નાની લ્હેરે" કર્યું હોત તો પુનરુક્તિ ટળત અને વધારે મૂલાનુસારી બનત.

શ્લોક ૫૦ नन्वात्मानं०

આવું વ્હાલી કંઇ કંઇ કરી ધારું હું મારી જાત,
તો કલ્યાણી! ધરીશ ન તુંયે ચિત્તમાં ઝાઝી બીક,
કોને હોયે સુખ સુખસદા! કે સદા દુઃખ દુઃખ
નીચે ઊંચે ફરી રહી દશા ચક્રનેમિક્રમે જ.

એકંદરે સારો અનુવાદ. પણ રેખાંકિત પદોને બદલે અનુક્રમે ગણી,

ધારું છું જાત પોતે (કે આપે): સુખ જ સુખ કે દુ:ખ ને દુ:ખ-નિત્ય - વધારે સારો અનુવાદ આપી શકત.

પ્રણ ક્ષેમ: શ્લોકોને યે અનુવાદ કર્યો છે. પર્યાય પસંદગીમાં વધારે ધ્યાન રાખ્યું હોત તો હજી વધારે સારો અનુવાદ થઈ શકત. જેમ કે अन्यत्र वृत्तिचेत: માટે "ચલિત મન"ના અને स्वकुशलमयीम् માટે "ખબર ખુશીની" છે. તે યોગ્ય નથી. શ્લોક ૧૬ પં. ૩માં "ક્ષેત્રે" અને આણ્યે ને બદલે આવ્યે વધારે સારાં થાત. શ્લોક ૨૩ માં उत्पश्यामि માટે માનું છું, ૨૪-૩માં શ્યામને માટે કરું નીલું છે તે પ્રસ્તાર છે. ૨૬-૨માં "કાઢવો થાક ત્હારે" અસુભગ છે: "થાક ઉતારજે તું" ચાલત. એ પ્રયોગ ગુજરાતીમાં પ્રચલિત જ છે. ૩૦-૪માં મૂળ છે "કાર્શ્ય" તેને માટે "શોષ્યું" વિશેષણ તરીકે વાપર્યું છે. શ્લોક ૩૫માં उपचितवपु: ને માટે "ફાલી" કર્યું છે. પંક્તિ ૪ માં "વિશ્રામે જે ત્યાં" છે તેને બદલે "વિશ્રામ લે જે" વધારે સારું થાત. ૩૭-૪માં "ધીરું ધીરું" વધારે સારું બનત. ૪૨-૪માં "ભારી વિદ્વેષ થાશે" અને ૪૩માં "પ્રસન્ન"ને માટે "હર્ષિત" કરે છે. પ્રસન્નનો અર્થ અહીં કરવાનો છે "સ્વચ્છ". આ બધા પ્રયોગો નિર્બળ છે. તેમજ ૪૫-૧ માં તારા વર્ષે જેને માટે "તારે વર્ષ્યે" આવશ્યક છે: "વાશે મંદો" માટે "વાશે ધીરે", "વનોનાં" માટે વનોના, "રવિથીય ચઢ્યું" ને બદલે "રવિથી ચઢતું" વધારે સુભગ લાગે છે. ૫૭માં "ભંગ થાવા સ્વઅંગ" ને બદલે "સ્વાંગના ભંગ કાજે" શોભત. શ્લોક ૫૮માં परियाः છે તેનો અર્થ "પ્રદક્ષિણા કરજે" એવો છે તેને બદલે "ફેરી ફરજે" કરે છે. શ્લોક ૬૫માં યતિભંગ છે. શ્લોક ૩ : ઉત્તરમેઘ: માં "ઝંખવાયાં" ને બદલે "ઝંખાણા", શ્લોક ૫-૩માં "પ્રણયકલહ" માટે "રૂઠણે" ૭-૪માં "ઝંખી" માટે "જંખી", ૯-૪ માં "શંકાયુક્ત"ને માટે "શંકાતા", ૧૦-૧માં "ત્હારા ઘેરા" ને બદલે "તારીછાયા" ૧૦-૩માં "દૃઢ ભીડી"ને બદલે

"ભીડી ભીડી" ૧૬–૪માં ""માસ જતાં" ને બદલે "માસ વાગ્યે" ૧૭–૩માં "ભીત" ને બદલે "ભીંત" ૨૦–૪માં "રમ્યરૂપે" ને બદલે "રમ્યતાથી" આદિ પ્રયોગો બદલ્યા હોત તો અનુવાદ વધારે સારો થાત.

આમ અનુવાદ, અનુવાદક જણાવે છે તે પ્રમાણે તો વર્ષો પહેલાં થયેલો :અહીં" "તેનાપ્રકાશન વર્ષ પ્રમાણે ક્રમ મૂક્યો છે., તે ધ્યાનમાં લેતાં, નોંધપાત્ર અને સારો છે. મહાકવિ કાલિદાસના અમર કેલિકાવ્યના આકર્ષણે પ્રેર્યો છે. સમશ્લોકી અને સમવૃત્ત અનુવાદોમાં નાનાલાલ, કિલાભાઇ, ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, નવલરામ, વિહારી વગેરેના સારા ગણાય તેવા અનુવાદોમાં સ્થાન પામે તેવો છે. શરૂઆતમાં છાપ ભૂલો ઘણી છે, કચાશ પણ વરતાય છે, પણ જેમ અનુવાદ આગળ વધતો જાય છે તેમ હથોટી જામતી જાય છે. કેટલાક શ્લોકોના અનુવાદ ખરેખર સારા છે.

દિ. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

મેઘદૂતના આખ્યાન શૈલીમાં અનુવાદ કરવાના બે પ્રયત્ન થયા છે, તેમાં આ પહેલો છે. દિ. બ. સંસ્કૃતના રસિક અને વ્યુત્પન્ન વિદ્વાન હતા, તે સુજ્ઞાત છે. તે લખે છે :

"મહાકવિ કાલિદાસ પ્રત્યેની ભક્તિને લીધે આ કાવ્ય પચીસેક વર્ષપર હાથમાં લીધું હતું અને તે પ્રેમાનંદની શૈલીમાં લખવાનો વિચાર હતો. એ ત્રીજા કડવાથી અધૂરું મૂક્યું છે." પહેલું કડવું "રાગકેદારો"માં છે. શરૂઆત મંગળાચરણથી કરી છે. તે પાંચકડી સુધી ~~ચા~~ ચાલે છે. પછી પહેલા શ્લોકની છાયા શરૂ થાય છે.

રાજે રૂડો રામગિરી કરી ડુંગર દક્ષિણમાંહી,
સીતાજીના સ્નાને પુરણ પાવન ઝરણાં જ્યાંહી. ૬
~~છાઇ-શીળી~~ ત્યાં ફળ ફુલે લચેલ તરુની કુંજો ઝુમે અનેક,
છાઇ શીળી છાયાનીલી યક્ષ રહે તહીં એક. ૭
ચુક પડતાં કોપી કુબેરે, રાખ્યો પૃથ્વીમાંહ્ય,
પ્રતાપ પર્યેહરી પડેલપ્રેમી પરિપૂરણ પીડાય, ૮
પળભર વિરહ સહેલ ન તેને પ્રણયીને વળી સાઠ,
દિન જુગ જેવા લાંબા તેવા, દેવે વાળ્યો દાટ ૯

રેખાંકિત ખંડોપરથી, કવિએ માત્ર મૂળનો વાર્તાતંતુ લીધો છે. અને તેને પોતાની રીતે બહેલાવ્યો છે, એ દેખાઇ આવે છે. જેમ પ્રેમાનંદાદિ આખ્યાન કવિઓ માત્ર વાર્તાનું ખોખું જ મૂળમાંથી લઇને તેમને વિસ્તારે બહલાવે છે તેવું જ અહીં પણ કર્યું છે, એટલે એ અનુવાદ છે એમ કહેતાં પણ સંકોચ થાય એમ છે. વિષયતંતુને આધારે છુટ્ટેહાથે રચના કરતાં કવિ અહીં દેખાદે છે. તેજસ્વી અભ્યાસથી વિકસિત શક્તિ અને રસિકતાનો આ ચમત્કાર

અનુવાદ નહીં પણ મધ્યકાલીન આખ્યાન રચના આપતો દેખાય છે.
શ્લોક ૨ तस्मिन्नद्रौ०

ક્ષણ ક્ષણ ક્ષીણ થતું તન ચાલ્યું, લાગ્યાં વિરહનાં બાણ,
જેથી કરથી કડુંકનકનું સરી પડયું નિર્વાણ. ૧૦
એ વિધ એ ગિરિપર વિરહીએ કાઢયા કષ્ટેગાઢ,
મહિનાપાંચ અને ત્રણતેવે આવ્યો ધોરીઅષાઢ. ૧૧
ગજ જ્યમ ગિરિપર કેરી કરાડશું લેતો ટક્કર હોય,
તેવો મેવલિયો તવ સન્મુખ ઉન્મુખ પ્રેમી એવું. ૧૨

આ કડીઓમાં વિસ્તાર છે પણ મૂળને ન જાણનાર સામાન્ય વાચકપણ રસપૂર્વક માણી શકે એવી કલા અને કથનછટા છે. પંક્તિઓનું નાદ સંગીત પ્રેમાનંદની યાદ આપે છે. શબ્દાલંકાર, વર્ણસગાઇ "મેવલિયો" જેવા કે, કડી ૧૨માં છે તેવા "ઉન્મુખ સન્મુખ" માં સંતુલિત અંતપ્રાસનો ધ્વનિ આનંદદાયક બને છે.

પહેલા કડવાની ૧૮ કડી સુધીમાં ચાર શ્લોક એ રીતે ગુંથ્યા છે. વલણપણ આપ્યું છે. તેમાં યક્ષનાં વિશેષણ નોંધપાત્ર છે. ધન્યાશ્રી રાગમાં રચેલું બીજું કડવું પાંચમા શ્લોકથી ચાલુ થાય છે. પહેલા કડવાને "મેઘદર્શનનું" અને બીજાને "પ્રણય વચનમ્" નામ આપ્યાં છે, તેમાં પ્રેમાનંદી રણકો સંભળાય છે. બીજા કડવામાં શ્લોક પમો છોડી દીધો છે. છઠ્ઠાથી શરૂઆત કરી છે. શ્લોક ૬ ~~મેઘરાજ! અહો ભલે~~

મેઘરાજ! અહો ભલે આવ્યાજી, દિવ્યરૂપ! મને મનભાવ્યાજી,
તમે પુષ્કરાવર્તક કેરાજી, કુળમંડન વંશ વડેરાજી ૧
ધન્યધન્ય એ કુળ પાવનજી, જેને જાણે ચૌદ ભુવનજી,
સ્વામી વિશ્વતણા મહેન્દ્રજી, તેના માનીતા તમે ધનેંદ્રજી ૨
મોટા માનકરી તમે કહાવોજી, સઉ સૃષ્ટિમાં સુખ વરસાવોજી
ધરોરૂપ તમે નિત્ય નાનાજી, ફરો સ્થાનકમાં મન માન્યાજી

એમ જાણી પારે તમારેજી, આવ્યો છું જુઓ જરી મ્હેરેજી,
હતભાગ્ય વિયોગીની વાતજી, ધરો આઈ ઉરે ભલી ભાતજી. ४
જાચવું તો ઉત્તમનેજ જી, ફળ હોય ન હોય ભલેજ જી,
જન નીચ કને એડી પાણીજી, હીણીહાણથી લેવી અલ્હાણીજી,. ५
અથવા
ઉચ્ચ હોય જે જાચવું તેનેજી, ફળ હોય ન હોય ભલેનેજી,
અર્થ સારવો દીનતા આણીજી, હીણો નીચેને એડી પાણીજી.

છઠ્ઠા શ્લોકનો અર્થ રજૂ કરતાં ખંડ ઉપરથી કવિએ મૂળ વસ્તુને પોતે રચવા ધારેલ શૈલીને અનુકૂળ બનાવવા કેવી રીતે બહલાવી વિસ્તારી છે તેનો ખ્યાલ આવે છે.

શ્લોક ૯

સોહે મંગળ લગ્ન મેઘવલિયાજી! ભોળાભાવ શુકનના ભળિયાજી,
વાયુ વાય મધુર મધુરજી, સુખરૂપ સમો ભરપુર જી. ૧૪
વામસામ બપૈયો બોલેજી, મસમોટે મદે ભર્યો ડોલેજી,
તમો આવ્યા સમો શુભ જોતીજી, થાવા પુત્રવતીને પનોતીજી ૧५
બગલી ઘેલાતી ધાયેજી, પુર ફૂલાવી મલકાયેજી,
સોહે જુક્તિ જેની જેવાજેવીજી, મોતીમાળ સજી હોય તેવીજી ૧૬

બીજું કડવું ૨૨ કડીનું છે. તેમાં બારમા શ્લોક સુધીનું વસ્તુ આવી જાય છે. આગળ કહ્યું છે તેમ આ અનુવાદ નથી, રૂપાંતર છે. તેમ આખ્યાન શૈલીનું અને અધુરૂં પણ છે. પ્રેમાનંદની કલાનું ઉત્તમ પરિશીલન કરી, તેનો કુશળ વિનિયોગ કરવાની અનુવાદકની શક્તિ તેમાં ઝળકી ઊઠે છે. તે પૂરૂં થયું હોત તો ગુજરાતીને આયુગમાંયે મધ્યકાલીન આખ્યાન રચનાનું એક સુંદર ઉદાહરણ પ્રાપ્ત થાત.

મનહરરામ મહેતા – શારદા, મે ૧૯૪૩ થી

કવિ પ્રસ્તાવનામાં કહે છે:– "પણ એટલું મારે કહયા વગર ચાલતું નથી કે સંસ્કૃત અને ગુજરાતી એ બે ભાષાની પ્રકૃતિ ભિન્ન હોવાથી સંસ્કૃત શ્લોકોનું ગુજરાતીમાં સમશ્લોકી ભાષાંતર કરવું એ તેનું "ખુન" કરવા બરાબર છે. એમ કહેવું તે બિલકુલ અતિશયોક્તિ ભરેલું નથી. આ વાત પ્રાચીન કવિઓ બરાબર સમજ્યા હતા. અને તેથી એમણે પોતાનાં કાવ્યો દેશી અથવા માત્રામેળ છંદોમાંજ રચ્યાં છે."

"આ પ્રાકૃતિક પ્રતિકૂળતાને લઇને શ્લોકમાં ઉતારેલી પ્રાકૃતકાવ્ય રચના વિશેષ અપવાદો સિવાય નિ:શંસ્ય કઠિન, કર્કશ અને ક્લિષ્ટ જ હોય છે અને તેમાં પણ જો એ પ્રાસમુક્ત હોય છે ત્યારે તો ક્રુતિભંગની પરાકાષ્ઠા જ થાય છે. આજ કારણસર, હું માનું છું કે હાલમાં થોકડા બંધ લખાતાં શ્લોકબધ્ધ કાવ્યો લોકપ્રિય નથી થતાં"

"ઉપરાંત ભાષાંતરની ખરી પરીક્ષા એ છે કે વાંચનાર પોતે ભાષાંતર વાંચે છે એમ લાગવું ન જોઇએ. "ઉપર્યુક્ત અને એનેજ લાગતાં ઇતર કારણોસર મેઘદૂત કાવ્યને જેમ બને તેમ શુધ્ધ ગુજરાતી કાવ્યનું સ્વરૂપ આપવા પ્રયાસ કર્યો છે. તેમ કરવામાં કાવ્યનું નામ ફેરવ્યું છે તથા તેને કડવા બધ્ધ કર્યું છે."

પૂર્વમેઘને ખંડ ૧ કહે છે. તેમાં ૧૩ કડવાં છે. પહેલું કડવું માત્ર મંગળાચરણનું છે. તેમાં અનુવાદકની શક્તિ પુરેપુરી ખીલી ઉઠે છે.:

કાલિદાસ કવિ સમ્રાટ, જેનું નામ જગત વિખ્યાત,
એની એક કૃતિ અદ્ભુત, એતો કાવ્યમહા મેઘદૂત,
એને ઉતારું ગુર્જર ભાષા, એવી વર્ષોની મુજ અભિલાષા,
પૂર્ણ એ અભિલાષા કરજો, આ દેવ આટલું ધ્યાને ધરજો.

પ્રભુ ક્યાંએ કવિવર ગરવો, મારે નાવડે સાગર તરવો,
ક્યાંએ વાચાતણો અધિપત્ય, અને અલ્પ ક્યાં મારીગત્ય.
એની સંસ્કૃત પ્રૌઢ રસાળ, મારી ગુર્જરી પ્રાકૃત બાળ,
વાક્વિદમાં એ સર્વ સમર્થ, ભારે ભરતો લાઘવમાં અર્થ,
એતો કવિઓમાં છે આદિત્ય, એનું અદ્દભુત પદલાલિત્ય.
એની ઉપમાને ઉડતા તરંગો, એની રચનાના સુંદર રંગો,
એના વ્યંજન ધ્વનિને શ્લેષ, ગાઉં, ગુણ તો બીજા શું વિશેષ.
એના સૂક્ષ્મ ને શુધ્ધ વિલાસ, માનવ જીવનના ઉલ્લાસ,
એનો મંદાક્રાન્તા છંદ કીધી યુવતિને શું વાણી બંધ
જાણે લલિતા એ પરમ રસાળ, ગજગામી ચાલે ધીમી~~ધીમી~~ ચાલ.
એના સૌન્દર્યના ચમકાર, મારે ચપળ નયનના માર,
એનો વર્ણ સંગીતનો રણકો, જાણે કંકણ ચૂડીનો ખળકો.
એની વાણી નાજુક ને નમણી, મીઠી બોલી રહી શું રમણી.
એના માધુર્યે મોહિત કીધા, કૈંક રસિકોનાં હૃદયો વીંધ્યાં,
આવું કપરું ઉપાડ્યું કામ, પ્રભુ સહાયમાં તારું નામ.
વગેરે – અંતે વલણ છે.

બીજા કડવાથી કાવ્યનો મૂળભાગ શરૂ થાય છે. પહેલા શ્લોકને રજૂ કરવામાં દશ પંક્તિ લીધી છે. તેમાં જે છંદ વાપર્યો છે, તેનું નામ આપ્યું નથી. તેનું બંધારણ આવું છે:

૨ ૧૨૧૧ ૨ ૨૧ ૧૨૧ ૧૧ ૨૧ ૨ ૨ ૧ ૨
શ્રી હિમાલય માં એક શહેર, અલકાપુરી નામ છે

એ તો યક્ષોના રાજા કુબેર, ધનેશનું ધામ છે.
૨ ૨ ૧૨ ૨ ૨ ૧ ૧૨૧ ૧૨૧૨ ૨ ૧ ૨

૧૬મી માત્રાએ યતિ આવે છે. પહેલી પંક્તિ ૨૮ અને બીજી ૨૭ માત્રાની છે. અનુવાદ ચુસ્ત નથી. મોટા ભાગના શ્લોકોનો મુદ્દો તેમાં આવી જાય છે. આખ્યાન કાવ્યની જેમ ક્યાંક

વિસ્તાર તો ક્યાંક સંક્ષેપ પણ એવા મળે છે.

શ્લોક ૧ कश्चित्कान्ता०

શ્રી હિમાલયમાં એક શહેર, અલકાપુરી નામ છે
એતો યક્ષોના રાયકુબેર, ધનેશનું ધામ છે.
ત્યાં તો રાજસેવક એક યક્ષ, પ્રિયાના સંગમાં,
રહી ચૂક્યો કરવાનું કામ, રતીના રંગમાં.
તેથી દીધો કુબેરે દંડ, દ્વાદશ માસનો,
વ્હાલી વિરહથી અધિક બનેલ, વિકટ ~~નવ~~ વનવાસનો.
ઘેર છોડી યક્ષે નિજમાન, આમ ગુમાવીને,
રામગિરિપર આશ્રમ એક, વસ્યો ત્યાં આવીને.
છે આ આશ્રમ રમ્યને શીત, તરૂવર છાયથી,
ત્યાંના જળ તો થયાં છે - પુનિત, સીતાજીની કાયથી.

પહેલી ચાર પંક્તિમાં યક્ષનો અને તેના અપરાધનો પરિચય છે.
તેમાં स्वाधिकारात्प्रमत्त: એટલો જ ખંડ આવે છે.
रामगिर्याश्रमेषु ને બદલે પંક્તિ ૮મીકરી છે, અને
નવમાં એક "આશ્રમ"ની વાત કરી છે.

શ્લોક ૨માં तस्मिन्न् ० છોડયું છે. પંક્તિ ૩-૪નું

એવે આવ્યો તે માસ, આષાઢ, નજરે મેઘ પડયો,
બાઝી શૈલ શિખર ગજરાજ, રસિક રમતે ચડયો

માં અર્થ ઘણી શિથિલ રીતે મૂળનો ખ્યાલ આપે છે. શ્લોક ૩ની ૩-૪ પંક્તિઓ ...... જલદ દેખાય છે.

ત્યારે સુખી જનનાં પણ ચિત્ત કેવાં ચળી જાય છે
પ્રેમી જનનું તે શું કહેવાય, વળગવા આતુરને.
નિકાન્તાને કોમળ કંઠ, પડયો વળી દૂર જે,

આમ ઉમેરા અને વિસ્તાર થયે જાય છે. સરળતાની દૃષ્ટિએ કાલિદાસની અર્થ ઘનતા અને ધ્વનિમયતાનો નિર્વાહ કરવામાં આ કંઇક કામ પણ લાગે છે. પણ અનુવાદના આજના ખ્યાલ પ્રમાણે તો આ અનુવાદ નહીં પણ રૂપાંતર બને છે. પ્રાચીન આખ્યાન કારોના જેટલી તો નહીં પણ જેવી છૂટ તો

અનુવાદક લે છે. દરેક કડવાંને વલણ છે પણ બધાં કડવાંને મુખબંધની યોજના નથી. બીજા ખંડનાં કડવાં ૧–૩ ને જ છે. ત્યાં મુખબંધ તરીકે તેને છુટ્ટાં પાડયાં નથી. કાવ્યબંધ મુખ્યત્વે એક જ પ્રકારનો છે. કાવ્યના અંતમાં બીજા ખંડના અંતે પાંચમાં કડવામાં ફલશ્રુતિ, ઉપદેશ, કાવ્યનો કવિ, રચનાર, રચ્યા સંવત, અને રચનાસ્થળ આપ્યાં છે. ત્યાં જ બંધ જુદો પડે છે. ત્રીજા કડવામાં શ્લોક ૪થો:

માથે શ્રાવણ આવતાં, અંતર થયો ઉચાટ,
વ્હાલીના જીવતર વિષે, ગુહયક વિચારે વાત
મેઘ સાથે મોકલું એ, મુજ કુશળ સમાચાર
સંતોષ મેળવશે સખી, મળવા સમો નિરધાર
તેથી કડાનાં નવ કુસુમનો અર્ઘ્ય દઈને વાર,
વચન એ મીઠાં વદો, દઈ પ્રેમથી સત્કાર.

શ્લોક ૫મો

ધુમ જ્યોતજળવાનું ક્યાં, આદળ વાદળ નામ,
ક્યાં સંદેશા પ્રેમના જે, ચતુરજનોનાં કામ.
ઉત્સુક થઈને યાચતો, રાખી ન યક્ષ વિવેક,
પ્રીછે ન કામાતુર કહીએ, જીવનિર્જીવના ભેદ.

વલણ

ભેદ જીવ નિર્જીવ તણા, પ્રીછે ન કામાતુરરે
મીઠા વચન તે યક્ષે ઉચ્ચર્યાં, પ્રેમથી ભરપૂરરે. માં

પણ એવી છૂટ લીધેલી દેખાય છે. શ્લોક ૯ ~~मन्दं मन्दं~~ લીધો છે.

મંદ મંદા પવનની લ્હેર, અનુકૂળ આવશે,
કાળે મધુરંગીત સર્ગવે ચાતક લલકારશે.
પેલી નયન સુભગ્આ મેઘ! આધાનની આશમાં,
બગલી સેવશે બાંધી હાર તને આકાશમાં.

वामश्चास्मं० છોડેલું છે. વર્તમાન કાળને બદલે ક્રિયાપદો ભવિષ્યકાળમાં મુક્યા છે. શ્લોક ૧૧માં विसकिसलयच्छेद० નું "કમળનાં કંસલાં" કર્યું છે. ૧૨મામાં श्रोत्रपेयम् નું "પીવા જેવો કાનથી". શ્લોક ૧૪ स्थानादस्मात्०

જતાં ઉત્તરે લીલાં છમ, નિચુલનાં સ્થાનથી,
બચતો માર્ગે દિગ્ગજ કેરી પ્રચંડ, શુંડના પ્રહારથી,
હરી જાય પવન ગિરિશૃંગ, ભોળી એવું ધારતી,
જોતી ચકિત તે સિધ્ધોની નાર, ઉંચે મીંટ માંડતી,

માં શ્લોકોની પંક્તિઓનો ક્રમ બદલ્યો છે. અર્થ આછો જ ઉતર્યો છે.

શ્લોક ૧૫ रत्नच्छायाक्षा०

રંગ મેળવ્યો રુચિકર મેળ, વિવિધ રત્નેન્દ્રનો,
એવો ચડશે તે તારી સમીપ, ચાપ મહેન્દ્રનો
તેથી દીપશે શ્યામલદેહ અધિક કાંતિ ભર્યો,
મોરપિચ્છતણ ગોપવેશ શ્રીકૃષ્ણે શું ધર્યો.

અનુવાદ સરળ છે. પણ वल्मीकाग्रात् અને स्फुरित रुचिना० છોડ્યાં છે. "ચાપ" પુલિંગમાં મુક્યું છે. શ્લોક ૧૭માં

વિસરે નીચલા ન કીધા ગુણ, તો શું ઉંચી જતશું,

માં પંક્તિ ૩-૪ સમાવી લીધી છે.

શ્લોક ૨૧ ની છ પંક્તિ કરી છે. કંદલીનો અર્થ "કેળ" કર્યો છે. પાદટીપ પરથી લાગે છે કે સારંગનો અર્થ "હરણ" અભિપ્રેત છે. બીજા અર્થો લીધા નથી. શ્લોક ૨૫ પંક્તિ ત્રીજીનો મૂળ અર્થ "નદીનું પાણી તીર સાથે અથડાવાથી ગાજીને સુભગ બને છે" તેને બદલે "ઉભો રહીને એ સરિતાને, તીર મીઠું મીઠું ગાજજે" એમ કર્યું છે.

શ્લોક ૨૮ वक्रः पन्थाः०

ઋઋ+

આડો પંથ ઉત્તરથી એ સૌમ્ય! છતાં એ નવ મૂકતો

ઉંચા ઉજ્જનના આવાસ મળ્યાનું ન ચૂકતો.

વીજ ચમકથી ચંચળ નેન, જેનાં ચમકી રહ્યાં

નારી ના નખરાથી જો ન રમીશ, વરસ એળે ગયાં.

लोचनै: ० નો અનુવાદ ૩૯ પ્રયોગથી કર્યો છે.

શ્લોક ૨૯ની ૮ પંક્તિ કરી છે. છેલ્લીનો અનુવાદ

જ્યારે લેવો સ્ત્રીજનને હોય, પ્રીતમને દાવમાં,

ત્યારે પ્રથમ પ્રણયનાં વેણ, છૂટે હાવભાવમાં.

સુભગ નથી. શ્લોક ૩૦માં ૮ પંક્તિ અને ૩૧માં ૧૦ પંક્તિ કરી છે. તેમાં પહેલી ૪ પંક્તિમાં ઉદયન કથાનો વિસ્તાર છે.

ત્રીજી ચોથી પંક્તિ :-

શુભકર્મના યોગથી લોક, સ્વર્ગ મહીં રહી

દિવ્ય દેશનાં ખૂટતાં સુખ, વળ્યા પાછા અહીં

બાકી રહેલું ભોગવવાનું પુણ્ય, લાવ્યા સંગાતએ

દિવ્યલોકનો ઉત્તમ ખંડ, જાણે સાક્ષાત એ.

એમ છે. તેમાં ફેરફાર કરેલો છે. શ્લોક ૩૨માં दीर्घीकुर्वन् ० નો અર્થ આવતો નથી. કાલેની આવૃત્તિના શ્લોક ૩૩-૩૪ને ક્ષેપક ગણ્યા છે. પણ જુદા આંક આપીને અનુવાદ કર્યો છે. શ્લોક ૩૫માને ૩૩મો ગણ્યો છે. તેથી શ્લોક ૩૭મો अप्यन्यस्मिन्० ને ૩૫મો ગણ્યો છે.

શ્લોક ૩૮ पादन्यासै:० નો

પગના ઠમકાથી કરતાં નાચ, ઘુઘરી શી ધમકતી,

રત્નજડિત બંગડીઓની જ્યોત, થકી ચમકાવતી.

રૂડી ચમરીઓ ફેરવી હાથ, શ્રમિત જેના થયા

જેના અંગ ઉપર આઘાત, નખોના પડી રહ્યા.

એવી ગણિકાઓ ઉપર બુંદ, પ્રથમ તું પાડશે
ત્યારે મધુકરની હાર સમાન, કટાક્ષો મારશે.
અનુવાદ સરળ છે. પણ રેખાંકિત ખંડો બરાબર નથી.
શ્લોક ૩૯માં प्रतिनवजपापुष्परक्तं० નો અનુવાદ
"તાજાં" જાસુસ પુષ્પ સમાન, રુધિર રંગાઈને " – છે. બાકી
છપંકિતમાં અનુવાદ સરળ છે. રેખાંકિત પ્રયોગ ખોટો છે.
શ્લોક ૪૬ तत्रस्कन्दं०
મહાદેવે મુક્યું નિજ તેજ, તેજસ્વી સૂર્યથી,
અગ્નિ મુખમાં ઉપન્યો, બળવાન, સુરોનો સેનાપતિ,
એવા કાર્તિક સ્વામીનું નિત્ય વસતનું સ્થાન છે.
પુષ્પ થઇ પોતે કરજે, પૂજન મહાપુણ્ય વાન છે,
વળી વ્યોમ ગંગા જળે, પુષ્પ ઝબોળી લાવજે,
અને વરસાવીને વરસાદ, સ્નાન કરાવજે,
રેખાંકિત પ્રયોગ સુષ્ઠુ નથી. શ્લોક ૪૯ : અહીં કડી ૪૭:
માં ઘણું છોડ્યું છે.
ઘનશ્યામના રંગનો ચોર, સુંદર શ્યામળા,
જોશે ગગન વિહારી લોક, તને હરખાવતાં,
લેશે નીર ચંબલને તીર, નમીને જે ઘડી
મુક્તાયામેં લટકાવ્યું હોય, જાણે નીમળ મણિ.
पृथुमपितनुम् दूरभावात्प्रवाहम् નો અર્થ આવતો નથી.
તેજ રીતે नूनमावर्ज्य दृष्टी: નો પણ.
શ્લોક ૫૩ तस्माद् गच्छे:०
જજે ત્યાંથી તું કનખલ ગામ, પડે જ્યાં હિમાળથી,
સીડી સ્વર્ગની સગરના પુત્ર, ની ભાગીરથી,
વાંકી ગૌરીની ભમ્મર જોઇ, હસી ફીણ કાઢતી,
પકડી ચંદ્રશેખરના કેશ, તરંગે લાડતી.

રેખાંકિત ૩માં "હસે" જોઇએ. તે ગંભીર ભુલ છે. વળી
इन्दुज्योत्नोमिलिता નો અર્થ આવતો નથી.

શ્લોક ૬૧

ઉંચો ગિરિપર પરમ પ્રસિદ્ધ, પુનિત કૈલાસ છે,
જાણે શિવનું એકત્ર કરેલ, ખડખડ હાસ છે.
એનાં વિશદ કુમુદ શાં શૃંગ, ગગનમાં ફેલાય છે,
દેવપત્નીના દર્પણ સમાન, સુંદર સોહાય છે.
ઉભો તોડીને રાવણ રાય, ના અભિમાનને,
કરજે એનો આતિથ્ય સ્વીકાર, સ્નેહલ મ્હેમાનને.

માં અર્થનો થોડો વિપર્યાય થયો છે. ઉત્તરમેઘ ખંડ બીજો
કડવું પહેલું, શ્લોક ૧

જેનો સ્વામી છે સ્વતંત્ર કુબેરજી, ધનવૈભવ જ્યાં ઠેર ઠેરજી
આનંદોત્સવ છે ઘેર ઘેરજી, રંગરાગ સદા લીલાલ્હેરજી,
જેવી વીજળી તારે ઓ મેઘ, લલિત ત્યાં અંગના,
તારા ગર્જન ગંભીર ઘોષ, તેવા ત્યાં મૃદંગના.
તારે અંતરમાં જળ જેમ, મણિમય ભુમ ત્યાં,
ઉંચા શિખર જે તારા સમાન, ગગનને ચૂમતા.
તારે ઈંદ્રધનુષ તેમ ચિત્ર, ત્યાં રંગ ધરાવતાં,
ત્યાંના વૈભવવંતા મહેલ, તારી તોલે આવતા.

પ્રથમ ચાર પંક્તિઓ વધારાની છે, તે મુખબંધ છે. ઉત્તરમેઘમાં
પણ આવી સરળ પ્રવાહી પ્રાસાદિક ઢબે અનુવાદ ચાલે
છે. અલકા વર્ણન, યક્ષધામનું વર્ણન, આદિ લેવા ભાગ છે. એકે
ક્યાંક એકાદ ખંડ છોડી પણ દીધો છે. થોડા નમૂના જોઇએ.

શ્લોક ૯ यत्रस्त्रीणाम्०

તેમાં છપર પલંગની જાળમાંહી ગુંથેલ જે,
ચંદ્રકાન્તમાંથી જળબુંદ, ઝીણા ઝમેલ જે.

રમતાં પ્રિયતમ સાથે સુધ્ધ, વિવિધ રતિરંગનાં,
યક્ષયુવતીને લાગેલા થાક, ઉતારે અંગના.
કાલેની આવૃત્તિના ૧૩મા શ્લોકને ક્ષેપક ગણ્યો છે. અલકા
વર્ણન સાથે પહેલું કડવું પૂરું થાય છે. શ્લોક ૧૪માંથી
યક્ષધામનું વર્ણન શરૂ થાય છે. ત્યાં મૂળની સમૃધ્ધ કલ્પનાનો
સરળ પડઘો સારો પડયો છે. દરેક શ્લોકની છકે આઠ
પંક્તિ થાય છે.
શ્લોક ૧૫ वापी चास्मिन्०
મારી આવાડીમાં એક કુંડ, સરસ બાંધેલ છે,
તેની સીડીએ નીલમના પાટ, સુરમ્ય જડેલ છે.
એનાં ખીલ્યાં કનકનાં પદ્મથી આવરેલ છે,
જેની દાંડી ચમકતી શુધ્ધ, વિદુરથી બનેલ છે.
એના વિમળ જળે સુખી હંસ, ન પાંખ ચઢાવતાં
જવા પાસે માનસને તીર, તને જોઇ આવતા.
માં મૂળની કેટલીક કલ્પના છોડી છે.
શ્લોક ૧૮ तन्मध्ये च०
આ બે વૃક્ષોની વચ્ચે પીઠ, કનકની સોહામણી,
મૂકી કરતી અંપર ચમકાર, કનકની થાંભલી.
એનું તળિયું બનાવ્યું રંગીન, રૂચિર લીલા રંગનું,
કુણાં વાંસ સમાલીલાં છમ, લીલમનાં નંગનું.
દિન આથમે ઝળું ઝળું થાય, પડે સામી સાંજતો,
અહીં આવીને આપણો મિત્ર મોર વિરાજતો.
તેને નચવે આપીને તાલ, બે હાથની તાલીએ,
કરતી કંકણનો ઝણકાર, રસિક મારી વાલીએ.

એમાં મૂળના અર્થને અવિરોધી અને કાવ્યલયમાં ઝટ
ન પરખાઇ આવે એવી રીતે કરેલો થોડો વિસ્તાર છે.
રેખાંકિત શબ્દો મૂળથી કંઇક જુદો અર્થ બતાવે છે. ત્રીજા
કડવામાં યક્ષપત્નીની વિરહદશા અને તેનાં ~~વિનોદન~~ વિનોદન
કાર્યોનું નિરૂપણ કરતા શ્લોકો લીધા છે. શ્લોક ૨૨ तन्वी श्यामा०

: કડવું ત્રીજું:

નાજુક અંગની અલબેલડી, વલ વલતી એ વિરહ ઘેલડી,
જેવી મોર વગરની ઢેલડી, સૂર્ય વગર કમળની વેલડી–સાહેલડી
એ મારી રે– એ મુખબંધ પછી, –
ત્યાં છે નાજૂક અંગની નાર, કટી એની પાતળી,
એનાં ચકિત હરણશાં નેન, અણિયલ દંતાવલી,
એના લાલ અધર જે હોઠ, પાકાં બિંબ છે,
એતો મલપતી ચાલે ચાલ, એવાં નિતંબ છે.
એનું નાભિકમળ સોહાય, સુરેખ કૃશોદરે,
એવી નમણી છે કોમળ, કાય પીન પયોધરે,
એવી બેશે તું મારે ઘેર, સુઘડ અલબેલડી,
વિધિએ ઘડતાં યુવતીની જાત, પ્રથમ એને ઘડી." માં
ઉમેરા છે. મૂળનો निम्न नाभि: માંનો निम्न શબ્દનો
અર્થ છૂટી ગયો છે. શ્લોક ૩૩માં ઘણું છોડ્યું છે. પણ
અનુવાદ સરળ અને પ્રવાહી છે.

કેશ લટથી રૂંધાયેલ નેન, કોરાં વણ આંજણે,
તજતાં મધુ ભૂલી ભ્રમર વિલાસ, જતાં તું બારણે,
કરતી શુકન ફરક શે વામ, મૃગાક્ષીની આંખડી,
હાલે મીનના હલનથી જેમ, કમળની પાંખડી.

શ્લોક ૩૮થી મેઘનો સંદેશ અને અંતસુધીનો ભાગ કડવા
ચોથામાં સમજાવ્યો છે.

શ્લોક ૪૩નું   श्यामास्व गमू०

દેખી તારાં હું નાજુક અંગ, પ્રિયંગુની વેલમાં,
તારા લોચનનો ચમકાર, ચકિત મૃગ નેનમાં.
તારા મુખનું કાંતિમય બિંબ, ચંદામાં હું ભાળતો.
તારો સુંદર કેશ કલાપ મયૂરમાં નિહાળતો.
નદી લ્હેરમાં ભ્રૂનાવિલાસ, "છનકારી" દેખતો
પણ તારી હું મૂર્તિસમસ્ત - કે એના પેખતો.

ચં૦ઠ૦નો અનુવાદ સુભગ નથી. बर्हभारेषु   અને प्रतनुषु છોડયાં છે.

શ્લોક ૪૮ : મૂળ ૪૯:

મારા આત્મના બળને યોગ, જીવન હું ગાળતો,
તું નકામો નકરતી ઉચાટ, અંતરને બાળતો.
જગમાં સુખના તેમ દુ:ખના દિન, આખર વહી જાય છે,
ક્રમવાર દશાનું ચક્ર, ઉંચું નીચું થાય છે." માં મૂળનો અર્થ

આછો જ ઉતર્યો છે. ૩-૪ પંક્તિઓનો અર્થપણ તદ્દન આછો જ આવે છે. લાક્ષણિક રીતે આખ્યાન શૈલીનું સ્મરણ કરાવતું પાંચમું કડવું ઉપસંહારનું છે. તેમાં કાવ્યનો ઉપદેશાત્મક બોધ કવિતારવે છે. મૂળમાં નથી.

વાંચીને આ કાવ્ય મનુષ જે, સમજે તેનો સારજી,
રચ્યો પચ્યો વિષયાશક્તિમાં, નહીં રહે નિરધારજી.
ભ્રષ્ટ થઇને કર્તવ્ય થકી, કદિ નહીં ગુમાવે માનજી,
દંડપાત્ર દૂરદેશ જઇ, નહિ રહે એકલ વાનજી.
વિરહ દશામાં કામાતુર થઇ, ખોશે નહીં નિજ સાનજી,
જીવનિર્જીવના ભેદન સમજે, ભૂલે ન એવું ભાનજી,
શ્રીમંતોને પ્રભુ આપે ધન, માત્ર નહીં મોજ કરવાજી,
સંચેલા ધન મહાપુરુષનાં, દુ:ખ દુ:ખીનાં હરવાજી,

અલબેલીમાં મુંબાઇમાં, સુંદર સાંતાક્રૂઝ નિવાસેજી,
પુણ્ય પર્વણી સુદ અગીઆરસ, ઉત્તમ આષાઢ માસેજી,
સંવત ઓગણીસસે અઠ્ઠાણું, વાર રૂડો ભૃગુવારરે,
પૂર્ણ થયું આ કાવ્ય મનોહર, જય જય જગદાધાર રે.

છેલ્લી પંક્તિમાં કવિનું નામ શ્લેષથી ગૂંથી લીધુ છે. કાવ્યનું નામ यक्षाख्यान આપ્યું છે. પ્રેમાનંદ ના આખ્યાનોના સ્વરૂપને ધ્યાનમાં રાખ્યું છે. તેમ કરવામાં તેમને સારી સફળતા મળી છે. ગુજરાતીકરણ દેખાતું નથી. સર્વત્ર એક સરખો છંદ રાખ્યો છે. તે કાવ્યવિષયને રજૂ કરવામાં અનુકૂળ છે. કવિમન પર પડેલી સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યની છાપ અને કાલિદાસવિષયક અભિપ્રાયની દૃષ્ટિએ પ્રથમ અને અંતિમ કડવાનો વાણીવૈભવ પણ બતાવે છે. આખ્યાન કાવ્યપ્રકાર અને કવિનો હેતુ એતાં થોડા ફેરફાર, ઉમેરા, કે કેંક છોડયું છે, તે સ્વાભાવિક લાગે છે, એ કે અનુવાદ તરીકે મૂળનો ધ્વનિ ઉતારવાની દૃષ્ટિએ તો તે ઉણપજ ગણાય. લલિતે મેઘદૂતનો અનુવાદ કર્યો હોવાનું સ્વ. કિલાભાઇ ધનશ્યામ તેમના મેઘદૂતના અનુવાદમાં પ્રસ્તાવનામાં નોંધે છે.[૨૯] પરંતુ કવિ લલિતજીનાં બધાં જ કાવ્યોનો એક સંગ્રહ "લલિતનો લલકાર" : ઇ.સ. ૧૯૫૧, પ્રથમ આવૃત્તિ: નામે થયો છે, તેની અંદર એનો સમાવેશ નથી. સ્વ. પ્રા. શંકરલાલ ગં. શાસ્ત્રીએ "લલિત વિશે" "સ્મિતાક્ષરા" નામે લેખ તેમાં આપ્યો છે, તેમાં તેમનાં નાનાં મોટાં કાવ્યો, લેખ આદિનો પરિચય છે. તેમાં તેમના ઉપર મેઘદૂતની અસર છે. એમ જણાવે છે, પણ તેમણે મેઘદૂતનું અનુવાદકર્યાનું નોંધ્યું નથી.[30]

૨૯: મેઘદૂતનો અનુવાદ પૃ. ૧૦

30: લલિતનો લલકાર: પ્રસ્તાવના પૃ. ૭

આમ મેઘદૂતના અનુવાદોનો અભ્યાસ કરતાં કેટલાક મુદ્દા સ્પષ્ટ થાય છે.

: ૧: મહાકવિ કાલિદાસના આ નવીન પ્રકારના મનોહર કેલિકાવ્યની મોહિની જુના તેમજ હાલના સમયમાં ઓસરી નથી. જગતની વિવિધ ભાષાઓમાં – ખાસ કરીને ભારતીય ભાષાઓમાં અને ગુજરાતીમાં, તેના અનુવાદ થયા છે, અને થતા રહેશે. અંગ્રેજોના સંપર્ક અને સંસ્કૃત ભાષાના અભ્યાસથી એના રસાસ્વાદને વેગ મળ્યો છે, તે વાત તેના અનુવાદો કરવાના વારંવાર થતા પ્રયત્નોથી સિદ્ધ થાય છે. કાવ્યના વિષયની રુચિ કરતા અને સર્વસ્પર્શિતાનું એ પ્રમાણ છે. આ બધામાં નવલરામ, કિલાભાઇ, બુલાખીરામ પંડયા, ન્હાનાલાલ, શ્રી ત્રિભુવન વ્યાસના અનુવાદો સૌથી વધુ આકર્ષક છે. તો આખ્યાન પદ્ધતિએ થયેલા અનુવાદોમાં દિ. બ. કેશવ હ. ધ્રુવ તથા મનહરરામ મહેતાના પ્રયત્ન તેવા છે. સ્વ. ધ્રુવનો પ્રયત્ન ખાસ તેવો છે. તેને અનુવાદ કહેવા કરતાં રૂપાંતરનો પ્રયાસ કહેવો તે વધારે યોગ્ય લાગે છે, પણ તે અધૂરો છે. તેથી વિશેષ કંઇ કહેવાજેવું લાગતું નથી. શ્રી મનહરરામ મહેતાનો અનુવાદ પૂરો છે. તેને આખ્યાન કાવ્યના બધા ગુણદોષ લાગુ પડે છે. છતાં તેમાં તેમનો અભિનિવેશ અને તે અનુવાદ સમશ્લોકી ન કરતાં આ રીતે કેમ કર્યો તે વિશેનું તેમનું કથન, બેઉ નોંધપાત્ર છે. મધ્યકાલીન આખ્યાનમાં કવિઓ મૂળ વિષયમાં જે વધારાઘટાડા કરતા, ગુજરાતી તત્ત્વો ઉમેરતા અને ત્યાં પૌરાણિક પાત્રોને અન્યાય થતો એવું આમાં કાંઇ નથી. શ્રી કિલાભાઇ ઘનશ્યામ અને કવિવર ન્હાનાલાલના અનુવાદોમાંથી કેટલાક શ્લોકો લઇ તેમની તુલના કરીએ. એ બે અનુવાદો આ બધામાં મૂળને

વધારેમાં વધારે નજીક પહોંચી શકે છે. શ્લોક ૫
ધૂમજ્યોતિ જળ પવનના, મેઘ આ ક્યાં બનેલા,
ક્યાં સંદેશા સમજણભર્યા, પ્રાણિથી લઇજવાતા
એવું કાંઇ ન લહિ અધીરો યાચતો યક્ષએને,
કામી નિશ્ચે જડ સજીવમાં ભેદના કૈં પ્રમાણે – કિલાભાઇ
ધૂમજ્યોતિ જળ પવનનું માળખું મેઘ ક્યાંને?
ક્યાં સંદેશા નિપુણ ધૃતિના લોકેથી લૈજવાતા?
ઉત્સુકતાથી કંઇ ન લહી તે યાચતો યક્ષ એને
કામાતુરો જીવ સજીવના ભેદ ભુલે સ્વભાવે – ન્હાનાલાલ
આ બેઉ અનુવાદો સારા છે. સમશ્લોકી અને એક એક
કડીમાં જ કરેલા છે. ન્હાનાલાલ "નિપુણધૃતિના" કરે છે.
ત્યાં કિલાભાઇ "સમજણ ભર્યા" કરે છે. મૂળ पटुकरणैः
છે. બેઉમાં મૂળનો ભાવ આછો જ ઉતરે છે. છતાં
ન્હાનાલાલનું ભાષાંતર મધુર લાગે છે" ઉત્સુકતાથી
"અધીરો' કરતાં વધારે મૂલાનુસારી છે. "કામાતુરો" અને
સ્વભાવે પણ "કામીનિશ્ચે" કરતાં વધારે સારું છે.
શ્લોક ૧૦ मन्दं मन्दं०
કિo ધીરે ધીરે અનુકૂલ થતો વાયુ પ્રેરે તને આ,
ડાબે પાસે હરખી ઉચરે ચાતકો શબ્દ મીઠા,
ગર્ભાધાનોત્સવથી રિઝવા સેવશે તારી પાસે,
પંક્તિરૂપે થઇ બગલીઓ, આવી આકાશ માર્ગે.
ન્હાo ધીરા ધીરા અનુકૂળતને જોઇતા વાય વાયુ,
ડાબે પાસે ધડકી મધુરું વદતા, ચાતકો આ સગર્વ,
ગર્ભાધાન ઘડી સ્મરવતા, નેત્ર વ્હાલા તને તો,
હારો હારો મળી બગલીની, સેવશે વ્યોમ સાથે.

બેઉ "ચાતક"નું બહુવચન કરે છે. ન્હાનાલાલમાં રેખાંકિત પદોમાં પુનરુક્તિ થાય છે. કિલાભાઇ क्षणपरिचयात् નો અર્થ છોડે છે. नयनसुभगं નો "નેત્રવ્હાલા" અર્થ ન્હાનાલાલ કરે છે. તે કિલાભાઇમાં આવતો નથી. એકંદરે ન્હાનાલાલનો અનુવાદ વધારે સારો છે.

શ્લોક ૧૫ रत्नच्छाया०

કિ૦ જુદાં જુદાં કિરણ મણિનાં હોય સંમિશ્ર એવું,
પેલા શૃંગે દિસતું અડધું, આપ આ ઇન્દ્ર કેરું,
તેથી તારું શરીર રૂડું, આ, શ્યામળું શોભો રે શે.
ધારી આવ્યા મયૂર પિચ્છે કૃષ્ણ શું ગોપવેશે.

ન્હા. રત્નછાયા ગુંથી શું ગગને સન્મુખે રમ્ય એવો,
આ વલ્મીકના તટથી પ્રગટે, ઇન્દ્રનો ચાપખંડ,
તેથી કાન્તિ અતીશ ધરશે, શ્યામળી દેહતારી,
જાણે ઝબકે મયૂર પાંછડે, ગોપવેશે શું વિષ્ણુ.

કિલાભાઇનો અનુવાદ કંઇક નબળો છે. ન્હાનાલાલે "શું ગગને" ઉમેર્યું છે. પણ પ્રથમ પંક્તિનું વર્ણ સૌન્દર્ય અને સંગીત આકર્ષક છે. વર્તમાન કાળ બરાબર સચવાયો છે.वल्मीकाग्रात् ઈંદ્રનો ચાપખંડ અને છેલ્લી પંક્તિના અનુવાદ સરસ છે. શ્લોકનો અનુવાદ મૂળાનુસારી અને સુંદર છે.

શ્લોક ૨૧ नीपं दृष्टवा०

કિ૦ રાતાંભૂરાં નિરખી અડધાં, લીલું ફૂટયાં કદંબ,
ભોને કાંઠે પ્રથમ ફૂટતિ કેળની ખાઇ ડૂંખો,
સિંચાયેલી જળથી ભુમિનો, વાસલેતાં વનોમાં,
સારંગોના યુથ ઘન તને માર્ગ દેખાડશે ત્યાં.

ન્હા૦ ભાળી લીલાં ભૂખર અડધાં રેખફૂટ્યાં કદંબ,
ચરીને મ્હોરી પ્રથમ કળીએ, કંદલી કચ્છ તીરે,

બાળથાં વનમાં મધુ ભભકતાં સૂંધી પૃથ્વીસુગંધ
સારંગો ત્યાં પથ સૂચવશે, વારી વર્ષેલ ત્હારા.
કિલાભાઇ કંદલીનો અર્થ કેળ કરે છે તે બરાબર નથી. તે
એક પ્રકારનો છોડ છે તેમ ન્હાનાલાલ નોંધમાં કહે છે તે
ખરૂં છે. કિલાભાઇમાં ત્રીજી પંક્તિનો અર્થ શિથિલ છે.
ન્હાનાલાલમાં "વારિવર્ષેલ" કરવું પડ્યું છે, તે કરે છે, છતાં,
"સૂચવશેમાં" અર્થ બરાબર ઉતર્યો છે. કિલાભાઇનો અનુવાદ
તેની તુલનામાં નબળો છે. "સારંગો"ના ભ્રમર, હરણ, અને હાથી
એત્રણે અર્થો ત્રિભુવન અનુવાદમાં સ્પષ્ટ કરી શકે છે. –
છંદની અનુકૂળતાને કારણે – છંદના લાઘવને કારણે, ન્હાનાલાલ
તેમ કરી શકતા નથી. પણ નોંધમાં એ વાત સ્પષ્ટ કરે છે.
ન્હાનાલાલનો અનુવાદ વધારે સારો છે. શ્લોક ૨૮

કિ૦ રસ્તો વાંકો યદપિ બહુ છે, ઉત્તરે મેઘ જતાં,
તોયે ઉંચા ભવનપર જે, બેસજે ઉજ્જનીનાં,
વિદ્યુત્તે જે નયન મિચતી નાગરીનાં કટાક્ષો,
એતો ત્યાં તું રમિશ નહીં તો જાણ જે રે ઠગાયો.

ન્હા૦ ઉત્તરપંથી તુજ પથિકને વાંકી છે વાટ ત્હોયે,
મ્હેલોત્સંગની વણપ્રીત કર્યો રહેશ મા ઉજ્જનીનો,
વીજળી ચમક્યે, ચકિત નખરે, ઘેલી પુરસુંદરીની
આંખડલીથી રમીશ નહીં ત્યાં વ્યર્થ તો જીવ્યું ત્હારું.

કિલાભાઇમાં " सौधोत्संग० નો અર્થ ગોળગોળ જ ઉતરે
છે. ~~ન્હાનાલાલ~~ "જાણજે રે ઠગાયો" કરે છે, ત્યાં મૂળનો
અર્થ બરાબર ઉતરતો નથી. બાકી બેઉ અનુવાદ સારા
છે. શ્લોક ૩૮ पादन्यासैः०

કિ૦ દેખાયે છે, ત્રિવલી ઉદરે જેની રત્નપ્રભાથી
એવાં તેજે જળહળી રહયાં, ચામરો હાથ ઝાલી,

લીલાથી ત્યાં ચમરી શિવને, ઢોળતાં હાથ થાકે,
નૃત્યે જેના પગ ઠમકતાં, મેખલા ઝીણી વાગે.
પાયે દુઃખે ધસઇ નખિયાં, અંગુઠે તાલ આપી,
તેને જ્યારે નવ જલકણે મેઘ તું દેશ શાંતિ,
ત્યારે તારા ભણિ મુખકરી ત્યાંની વારાંગનાઓ,
જોશે નાંખી મધુકરતણી શ્રેણી જેવા કટાક્ષો.
-હાo પગને ઠમકે ઘૂઘરી ધમકે રત્ન ઝલકે જડેલી,
દાંડીવાળાં લલિત વિંઝણે, ચમ્મરો હાથ થાકી,
નર્તકીઓ ત્યાં નખલી રૂઝતા પામી નવબિંદુ ત્હારાં,
તું ભણી લાંબાં, ભ્રમર સરશાં છોડશે કૈં કટાક્ષો.
કિલાભાઇ અનુવાદ બે કડીમાં કરે છે. એક કરતાં તેમને
ક્લિષ્ટતાનો સંભવ લાગ્યો હશે, પણ તેમ કરતાં મૂળમાં નથી
એવું ઘણુંક ઉમેરવું પડ્યું છે. પ્રથમ પંક્તિના અધોરેખિત ભાગનો
મલ્લિનાથે અને ન્હાનાલાલે જુદો જ અર્થ કર્યો છે. આ અર્થ
બરાબર લાગતો નથી. કેમકે મૂળમાં "ઉદર ત્રિવલી"નો
ઉલ્લેખ નથી. ચમરી "શિવને" ઢોળવાનો યે ઉલ્લેખ નથી.
"મેખલા.....વાગે." પણ મૂળમાં નથી. બીજું પણ પ્રસ્તારી
છે. ન્હાનાલાલમાં એકજ કડીમાં મૂળનું અનુસરણ વધારે સારું
છે. જો કે नखपद सुखान् प्राप्य નું "નખલી
રૂઝતાં" કરવું પડ્યું છે.
શ્લોક ૩૯ पश्चादुच्चैः०
કિo નૃત્યારંભે કર શિવતણા મંડલાકાર ધેરી,
*પાઠાં-(નૃત્યારંભે તરુવન સુણી- શંભુના હાથ ધેરી)
રાતું સંધ્યાગું ગગનમાં પુષ્પ શું તેજ પામી,
તું હસ્તીના રૂધિર ગમતા, ચર્મરૂપે થવાથી,
ભક્તિ તારી સ્થિર નયનથી, જોઇ રહેશે ભવાની.

ન્હા૦ ને પછી ઉગ્રએ ભુજતરુવને મંડલાકાર ઝુકી,
નવખીલ્યાં શું ધરી રતુંબડું, જાસુદ સાંધ્યા તેજ,
મૂરજે ભીના ગજ અજિનનો, તાંડવે શંભુ ભાવ,
થંભા આંખે ભય શમીગયે, ભક્તિ જોશે ભવાની.

કિલાભાઇએ પહેલી પંક્તિમાં પાઠાંતર કર્યું છે તે પોતાને સંતોષ ન થવાથી જ. તેમાં सान्ध्य तेज: નો અર્થ જુદી રીતે ઉતરે છે. हर पशुपते:० નો અનુવાદ શિથિલ છે. નો અર્થ પણ આવતો નથી. પ્રવાહી હોવા છતાં, આથી ભાષાંતર મૂળનો નિર્બળ પડઘો પાડે છે. ન્હાનાલાલમાં મૂળનો ભાવ વધારેમાં વધારે સારી રીતે ઉતરે છે. અને કવિના વક્તવ્યને લાઘવ પૂર્વક વધારેમાં વધારે ન્યાય તે આપી શક્યા છે. (જુઓ ત્રીજી પંક્તિ) ભાષાંતર વધારે પ્રવાહી પણ લાગે છે. तत्र स्कंदं०

કિ૦ ત્યાં તું પુષ્પોરૂપે બની જઇ, વ્યોમ ગંગા પ્રવાહે,
ભીનાંપુષ્પો વરસી વસતા સ્કંદને પૂજજે, જે,
રક્ષા માટે ધર્યું શિવજીએ ઇંદ્ર સેનાની એહ,
અગ્નિ કેરામુખ મહીં મહા સૂર્યથી ઉગ્ર તેજ.

ન્હા૦ ત્યાં ફુલવાદળી બનીતું રહીને નિત્યવાસી જ સ્કંદ,
સ્વર્ગંગાના જળ ભીની અભિષેકજે પુષ્પઝડીએ,
રક્ષાકાજે અમરપતિના સૈન્યની શંભુ દેવે,
અગ્નિ મુખમાં રવિથી વધુતે તેજ તેતો મૂક્યું છે.

કિલાભાઇમાં नियतवसति નો અર્થ ઉતરતો નથી. બાકીનો અનુવાદ સારો છે. ન્હાનાલાલમાં પંક્તિ બીજી અને ત્રીજીમાં યતિભંગ આવે છે. ચોથી પંક્તિ કિલાભાઇની પંક્તિ કરતાં નબળી છે.

શ્લોક ૫૩ तस्माद् गच्छे:०

કિ૦ જાજે ત્યાંથી કનખલ જ્યહાં શૈલ રાજેથી આવી,
વ્હે છે ગંગા સગર સુતના, સ્વર્ગના માર્ગ જેવી,
જાહ્નુ કાઢે હસિ ફીણ વડે, ગૌરીની ભ્રૂ ચઢેલી,
વીચિહસ્તે ધરિ શશિકલા, શંભુના કેશ ઝાલી.
ન્હા૦ ત્ય્હાંથી જાજે કનખલ કને, જાહ્નવી ઊતરે જ્યહાં,
હિમાળેથી સગર સુતની, સ્વર્ગ સ્હીડી સરોણી,
ગૌરી મુખડે પડી ભ્રૂકુટિશું, ફીણ હાસે ઉવેખી,
ઝીલી ઊર્મિ કરથી શશી, જે શંભુના કેશઝાલે.
બેઉ અનુવાદ સારા છે.
શ્લોક ૬૩ हित्वा तस्मिन्०
કિ૦ કાઢયાં કેડે ભુજગવલયો શંભુનો હાથ ઝાલી,
(પાઠાં- આપેલો લે શિવકરકડાં સર્પનાં કાઢી નાખી:)
ક્રીડા શૈલે કદિ વિચરતાં હોય ત્યાં ગૌરી ચાલી,
તો અભ્રોને જળ નવ ગળે તેમ તું ગોઠવીને,
થાજે અગ્રે મણિતટ જવા સારું સોપાન માર્ગે.
ન્હા૦ ને સર્પોનાં વલય તજીને, શંભુ દીધ હાથ ઝાલી,
તે ક્રીડાને શિખર વિહરે, ગૌરીએ પાય ચાલી,
તો થંભાવી જળપુરરચ્યો ભાગી રેખાનું રૂપ,
ચ્હડવા આગે જઈ પગથિયાં માંડજે રત્ન ઘાટે.
કિલાભાઈએ પ્રથમ પંક્તિનો અનુવાદ બે રીતે કર્યો છે. પણ
એકે ન્હાનાલાલના અનુવાદ જેટલો સંતોષકારક બન્યો નથી.
પંક્તિ ૩-૪માં પણ ન્હાનાલાલનો અનુવાદ પ્રવાહી છે, ચઢિયાતો
છે. તે મૂળને વધારેમાં વધારે અનુસરે છે. શબ્દની કારીગરીમાં
પણ વધારે સારો અને અસરકારક છે.
ઉત્તરમેઘ શ્લોક ૧ विद्युत्वन्तम्०

કિ૦ તું વિદ્યુતવાન લલિતવનિતા વૃંદથી એ ભરેલા
તારે જેવું સુરધનુ, રૂડાં ચિત્ર ત્યાં ચીતરેલાં,
તારી જેવી ગભીર મધુરાં થાય છે ગર્જનાઓ,
સંગીતોમાં ધિરિ ધિરિ રૂડી વાગતી ત્યાં મૃદંગો.
છે તારો આ વિષદ જલથી, વાદળીઓ ભરેલી,
તેવી ત્યાં છે મણિમય ભૂમિ, નિર્મળા કાચ જેવી,
તું છે ઉંચો શિખર થકીએ આભને થોભદેતા,
એવા તારી સરસાઇ કરે, તેમ છે મ્હેલ એના.

ન્હા. ત્હારેવીજ, ત્યાં લલિત લલના, ઇન્દ્રધનુ, ચિત્ર છે ત્યહાં
ત્હારે ગર્જન ધીરગભીર, ત્યહાં ગીત ગાજ્યાં મૃદંગ,
હૈયે પાણી, મણિમય ભૂમિ, ઉચ્ચ, એ અભ્ર ચુંબે
ત્યહાંના મ્હેલો વિભૂતિ વિવિધે, ત્હારી તુલ્યેજ પૂરા.

કિલાભાઇએ બે કડીમાં અનુવાદ કર્યો છે. તેથી સરળતા આવી છે તો પ્રસ્તાર ઘણો વધ્યો છે. રેખાંકિત પદો તેવા ઉમેરા છે विषद શબ્દ તેમણે વાપર્યો છે તેનો અર્થ વિષ દેનાર થાય. તે સંસ્કૃતના સારા વિદ્વાન હતા છતાં આમ બન્યું છે. મૂળ કાવ્યમાં કવિ બીજી અને પહેલી વિભક્તિ વાળાં પદો વાપરીને અને તેવાં જ વિશેષણો યોજીને ગાગરને સાગરમાં ભરવાનો સફળ પ્રયત્ન કરી શક્યા છે. તેમાં સંસ્કૃત ભાષાની વિશેષતા પણ ફાળો આપે છે. તેવા પ્રયત્નોમાં ગુજરાતીમાં કવિ નાનાલાલ બહુધા સફળ થયા છે. ઉમેરો તો છેજ નહીં. બધા અનુવાદોને મૂંઝવે અને કસોટી રૂપ બને એવા શ્લોકની આ કસોટીમાં કવિશ્રી વધારેમાં વધારે સફળતા પામ્યા છે. શ્લોક ૯ यत्रस्त्रीणां०

કિ૦ દેખાવાથી કિરણ શશીનાં મેધ વેરાઇ જાતાં,
ધીમે ધીમે જલટપકતાં ગુંથિયા તંતુઓમાં,

ટાળે છે જ્યાં શ્રમ સુરતનો રાત્રિએ ચંદ્રકાન્તો
આલિંગાતાં દૃઢ ભુજ ભીડે, હાંફતી નારીઓનાં.
ન્હા૦ તુજ ઘેરાવો ફીટી ઝગમગી ચંદ્ર જ્યોતે ઝગન્તા,
તંતુ જાળે લટકી શિકરો છાંટતા ચંદ્રકાન્તો,
ત્યાં મધરાતે સુરત જન્મ્યાં અંગના થાક ટાળે,
પ્રીતમ કેરે દૃઢ ભુજ ભીડી, હાંફતી સુંદરીના.
કિલાભાઇના અનુવાદમાં રેખાંકિત ઉમેરો છે. બાકી બેઉ
અનુવાદ સારા છે. તેથી ન્હાનાલાલનો વધારે સારો.
શ્લોક ૧૯ तन्मध्ये च०
કિ૦ કુંભીમાંહિ નિમણિજડી લીલુડા વાંસ જેવા,
સોના સ્તંભે, સ્ફટિકનું ઘડી મૂક્યું છે પાંજરું જ્યાં,
વાલી કેરા વલય રણકે, તાલથી નાચી નાચી,
બેસે છે જે, દિવસ વીતતાં મિત્ર તારો કલાપી.
ન્હા૦ તેમધ્યે છે મણિફલકનો બેસવા હેમથંભ,
કુંભીકીધી લીલમથી કુળા વાંસની જ્યોતિ નાથી,
ત્યાંહાં ચડીબેસે, તુજ સુહૃદતે મોરલો દિનવીત્યે,
ચારૂ કંકણ રણકી નચવે તાળી દઇ મારી કાન્તા,
કિલાભાઇમાં तन्मध्ये च० નો અર્થ આવતો નથી.
બાકી સારું છે. છતાં મૂળ ના વૈભવશાળી વર્ણનનો આ
અનુવાદ પૂરો સંતોષ આપતો નથી. ન્હાનાલાલ અહીંપણ
મૂલાનુસારી અને વર્ણસંગીતમય સારો અને સુભગ અનુવાદ આપે
છે.
શ્લોક ૨૨ तन्वी श्यामा०
કિ૦ શ્યામાવેશે, નહિ નિચિ ઉંચી, ફૂટડા ગાત્રવાળી,
ધાટે ન્હાની હરિણી સરખાં નેત્રવાળી રૂપાળી,

હારે હારે દશન કળિયો રત્ન જેવી જણાતી,
શોભે ઝીણી કવિ અધરની બિંબ શી રાતી રાતી.
ઉંડી નાભિ ઉપરવિલસે, પાતળી કેડ જેની,
ભારે ઉંચા સ્તનથી કટિમાં, સ્હેજ નીચી નમેલી,
શ્રોણી ભારે મલપતીરૂડી, ચાલતી ધીમી ચાલે,
નારીરૂપે પ્રથમ વિધિએ, હોય નિર્મેલી જાણે.
ન્હાo નાજુક યૌવન ઉગતી અધરે બિંબશો, નાભિ ઉંડી,
દાડમીદંતો, ચકિત મૃગીશી દૃષ્ટિ, કટી પાતળીને,
સ્તન ઝોલે કંઇ નમી લસડતી ચાલ નિતમ્બ ભારે,
એવી હશે ત્યાં યુવતિ સૃજતાં, સર્જી વિધિએશું પ્હેલી.

કિલાભાઇને બે કડી કરતાં ઘણું ઉમેરવું પડયું છે. રેખાંકિત તેમાં ધ્યાન ખેંચે છે. વળી અન્વય પણ મૂળની તુલનામાં અસ્વસ્થ થયો છે. તન્વી માટે "ઘાટે ન્હાની" તો કર્યું જ છે. ઉપરાંત "નહીં નીચી ઉંચી" કરવું પડયું છે. તે પુનરુક્તિ છે. "शिखरिदशना" માટે આખી ત્રીજી પંક્તિ છે. "અરનીકળી" કહેવું પડયું છે. ચોથી પંક્તિનો અર્થ સારો છે. તોય એકંદરે શિથિલ અને અસંતોષકર છે. ન્હાનાલાલના અનુવાદથી પણ પૂરો સંતોષ થતો નથી. મૂળનો ક્રમ ફેરવવો પડયો છે. शिखरिदशना માટે "દાડમી દંતો" એવું જ. "સ્તનઝોલે" માં "ઝોલે" શબ્દ મૂળની ખૂબીને પૂરી ભાગ્યેજ રજૂ કરે છે. अलसगमना માટે "લસડતી" વિશેષણનો પ્રયોગ એવોજ. ચોથી પંક્તિનો સુ અનુવાદ સારો. બેમાં ન્હાનાલાલનું સારું લાગે છે. શ્રી ત્રિભુવન વ્યાસ અનેઅનુવાદ સારો આપે છે.

શ્લોક ૨૬ उत्सङ्गे वा०

કિ૦ ઝાંખાં અંગે વસન ધરિને અંકમાં રાખિ વીણા,
મારા નામે પદરચી હશે, ઇચ્છતી સૌમ્ય! ગાવા,
તંત્રીભીનાં નયન જળથી, લૂંછી નાખે પરાણે,
આરંભીને વળી ઘડી ઘડી, મૂર્છના ભૂલી જાયે.

ન્હા૦ કે ખોળામાં મલિન વસને નાંખી વીણા ગૂંથીને,
મ્હારું ગોત્રજ રચિયું પદ તે, ગીતો ગાવા જતી ત્યાં,
કેમે કરીને નયન જળથી, ભીંજી તંત્રી સમારી,
વારે વારે નિજની જ રચી મૂર્છનાયે ભૂલતી.

કિલાભાઇએ "મલિન"નું ઝાંખાં કર્યું છે. મેલથી ઝાંખાં અર્થ લેવો પડે છે. તે પૂરતું સંતોષજનક નથી. "ઉદ્ગાતું" નું માત્ર "ગાવા" કર્યું છે. ત્રીજી પંક્ત સારી છતાં કંઇક કર્ણકટુ લાગે છે. "લૂંછી" શબ્દ નબળો છે. स्वयमपिकृताम् નો અર્થ આવતો નથી. ન્હાનાલાલે निक्षिप्य નું નાંખી કર્યું છે. શબ્દાર્થની દૃષ્ટિએ બરાબર છે. પણ વીણા ખોળામાં મૂકવાની વસ્તુ છે. નાંખવાની નહીં! મૂકી - પણ ત્યાં ચાલત. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૩૦ पादानिन्दोः०

કિ૦ ચંદ્ર જ્યોત્સ્ના અમૃત સરખી આવતી જાળીમાંથી,
એવા પ્રીતિ કરી નજર જે નાખતી પાછી ખેંચી,
ખેદે આંખો જળ થકી ભરી પાંપણે ઢાંકી દેતી,
જાણે ઝાંખા દિનની નલિની ના ઉઘાડી નમીંચી.

ન્હા૦ જાળી માર્ગે અમૃત સરખાં ચંદ્રનાં રશ્મિઓને,
તેભણી જૂની પ્રીતથી જતી ત્યાં પાછી વાળેલ દૃષ્ટિ,
ખેદે ભરિયાં જળથી ઢળતી, પાંપણે છાઇ દેતી,
જાણે મેઘલ દિન કમલિની, ના પ્રફુલ્લી ન બીડી.

બેઉ અનુવાદ સારા છે. કિલાભાઇમાં "સ્થળ"નો અર્થ આવતો નથી. ન્હાનાલાલમાં પંક્તિ ૨-૩નો અનુવાદ કંઇક નબળો છે.

શ્લોક ૩૯ भर्तुर्मित्रम्०

કિ૦ હું છું તારા પ્રિયતમ તણો મિત્ર સૌભાગ્યવતી,
સંદેશો લઇ જલધરરૂપે આવિયો પાસ તારી,
માર્ગે થાતા અધિર અબળાવેણીને છોડવાને,
પ્રેરું છું હું ગરજી મધુરું થાકતાં પાંથિકોને.

ન્હા. સોહાગણ! હું ઘન છું પતિનો મિત્ર વ્હાલો છું જાણ,
ને આવ્યો છું સમીપ ધરી, તેહ સંદેશ હૈયે,
વ્હાલીકેરી વિરહ લટને છોડવાને અધીરા
પન્થીવૃંદો, ગભીર ગરજી, થાકતાં પ્રેરું પંથે

આ શ્લોકના નકારાત્મક શબ્દ अविधवे ની ન્હાનાલાલે ટીકા કરી છે. પણ છંદમાં બીજો શબ્દ બેસાડવો મુશ્કેલ છે તેનો પતિ જીવંત છે એમ નકારથી ભારપૂર્વક કહેવા માટે ય કવિએ તે વાપર્યો હોય. "અંબુવાહ" માં મેઘમાં જળવહનની તેમજ સંદેશ વહનની શક્તિ છે, એમ સૂચન છે. તે કોઇ અનુવાદમાં ઉતરતું નથી. તે જગતને ઉપકારક છે તે ધ્વનિ પણ અનુક્ત જ રહે છે. કિલાભાઇનો અનુવાદ સારો છે. પણ ક્યાંક મૂળધ્વનિ નિર્બળ બને છે. ન્હાનાલાલનો પ્રથમ પંક્તિનો અનુવાદ નિર્બળ છે. તો બાકીનો સારો છે. એકંદરે ન્હાનાલાલનો અનુવાદ વધુ સારો લાગે છે.

શ્લોક ૪૪ श्यामा स्वङ्गं०

કિ૦ કાન્તિ ત્હારા મુખની શશિમાં અંગ શ્યામા લતામાં,
દૃષ્ટિ બ્હીતી હરિણી નયને કેશ બર્હિકલામાં,
તારા ઝીણા નદી લહરીમાં ભ્રૂવિલાસો નિહાળું,
એકે સ્થાને જડતું નથી હા! ચંડિ! સાદૃશ્ય તારું.

ન્હા૦ પેખું છું કંઇ ચકિત મૃગીની દૃષ્ટિમાં દૃષ્ટિચોટ,
ચંદ્રે છાયા મુખની, શિખીના પીંછ ભારે સુકેશો,
ભ્રૂલીલા ઝીણી નદી લહરીમાં અંગ પ્રિયંગુ વેલે,
કો એકેકેમાં નથી – આથી ખરે! ચંડિ! સાદૃશ્ય ત્હારું.

બેઉ સારાં. ન્હાનાલાલનું વધારે સારું લાગે છે.

શ્લોક ૫૦ नत्वात्मनात्मम्०

કિ૦ તોયે આશા કંઇ કંઇ ધરી, પ્રાણને હું નિભાવું
માટે એવું સમજી સુભગે, ગાભરી ના થતી તું,
કોને નિત્યે સુખ નભી રહ્યું, એકલું દુઃખ કોને,
નીચે ઉંચે ફરી રહી દશા, ચક્રધારા પ્રમાણે.

:પાઠાન્તર – પં. ૨ :૧: ના અધીરી થતી તું, :૨: આકરી ના થતી તું. :૩: માટે એવું સમજી સુભગે, ના હવે બ્હી જતી તું.:

ન્હા૦ વિચારીને વળી વળી જ હું આત્મથી આત્મધારું,
તો કલ્યાણિ તું પણ હવે કંઇ નરી ભીરુ થા મા,
કોને લાધ્યાં અનહદ સુખો દુઃખવા એકલુંયે,
નીચે ઉંચે ફરતી જ દશા ચક્રઆરા પ્રમાણે.

બેઉ અનુવાદ સારા છે. કિલાભાઇની પંક્તિ ત્રીજીમાં "નભી રહ્યું" ને બદલે "ન્હાનાલાલનું 'લાધ્યું' વધારે સારું છે. પ્રવાહીપણામાંય તે ચડે.

અંતમાં, થોડા નમૂના લઇને આ ચર્ચા કરી છે. નવલરામનો અનુવાદ ગુજરાતી પ્રથમ અનુવાદ તરીકે ધ્યાનખેંચે તેવો છે. એ એનો વિચાર કરતાં નોંધ્યું છે. ત્રિભુવનને પણ છંદને કારણે ક્યાંક પ્રસ્તાર નડ્યો છે, તો કોઇ કોઇ સ્થળે મૂળના ધ્વનિને વધારે સારી રીતે ઉતારી પણ શક્યા છે. એ બેઉ ગણનાપાત્ર અનુવાદો છે. ઉપરાંત કૃપાશંકર પંડિતનો અનુવાદ પણ પાંત્રીસેક શ્લોક પછી નોંધપાત્ર રીતે સારો છે. શ્રી બુલાખીરામ પંડ્યાનો પણ ગણનાપાત્ર છે. ન્હાનાલાલનો અનુવાદ આ રીતે વિચારતાં મૂળની વધારેમાં વધારે નજીક લઇ જાય છે. પણ તેને વિષે બે બાબતો કહેવા જેવી છે.

એકતો, એક મહાકવિની કૃતિનો બીજા મહાકવિએ કરેલો આ અનુવાદ મૂળનો વધારેમાં વધારે ખ્યાલ આપે છે. છતાં તે તેની બરાબરી કરી શકે તેમ નથી. ઉપરાંત તેમણે પોતાના છંદમાં ગુરુ લઘુ વિષયક અભિપ્રાયને કારણે જે છૂટ લીધી છે, તે કઠે છે. સંસ્કૃત જેવી ભાષાના શબ્દોનો ધ્વનિ ગુજરાતીમાં ઉતારવામાં રહેલી મુશ્કેલી પણ છે જ. કિલાભાઇના અનુવાદને મળેલી પ્રતિષ્ઠા પણ સકારણ છે. તેમનું સંસ્કૃતનું જ્ઞાન, તેનો શોખ અને તેમણે આપેલી વિદ્વત્તા ભરી ફૂટનોટો, તેની ઉપયોગિતા અને ગુણવત્તામાં ઉમેરો કરે છે. ફૂટનોટોમાં ક્યાંક વિવિધ સ્થળેથી સરસ અને પ્રસ્તુત અવતરણો આપ્યાં છે. "વિહારી" નો અનુવાદ પણ પ્રમાણમાં સારો છતાં આ બેથી ઊતરતો લાગે છે. તેમણે અને ન્હાનાલાલે પુરોગામી ~~કિલસ્ત~~ અનુવાદકોનો લાભ ઉઠાવ્યો છે. અને ઋણ સ્વીકાર પણ કર્યો છે. બીજા અનુવાદકોને પણ તેનો લાભ મળ્યો હશે, એ સમજી શકાય એવું છે. શ્રી જાનીનો અનુવાદ આ પુરોગામીઓનું કાર્ય તેમની સમક્ષ પડેલું હોવા છતાં ભાગ્યે જ સારી છાપ પાડી શકે છે. તે તેમની બેદરકારીને કારણે. થોડાક વિચારપૂર્વકના ફેરફારો કરી કર્ણકટુ પ્રયોગો અને યતિભંગ નિવારાયાં હોત તો તે વધારે સારો બની શકત. પૂજાલાલે ~~માત્ર ઉત્તરમેઘનો~~ અનુવાદ કર્યો છે, તેય એક સારો અનુવાદ છે.